# શતકસંદોહ

વૈરાગ્યશતક

સમાધિશતક

દેશનાશતક

ઇન્દ્રિયપરાજયશતક

વૈરાગ્યરસાયણશતક



ધ્યાનશતક

યોગશતક

સામ્યશતક

સમતાશતક

વૈરાગ્યશતક

પ્રેરક-સંશોધક
પ.પૂ. આચાર્યદેવ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજ

પૂ.પં. પદ્મવિજયજીગણિવર જૈનગ્રંથમાળાપુષ્પ-૪૪

# શતકસંદોહ

પ્રેરક - સંશોધક

ધર્મતીર્થપ્રભાવક સિદ્ધાંતસંરક્ષક અખંડબાલબ્રહ્મચારી પ.પૂ.
આચાર્યદેવ શ્રીમદ્‌વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મ.

સંપાદક

પૂ. મુનિરાજ શ્રીભવ્યદર્શનવિજયજી મહારાજ
પૂ. મુનિરાજ શ્રીજયરત્નવિજયજી મહારાજ

**પ્રકાશક :**

પૂ.પં.શ્રીપદ્મવિજયજીગણિવર જૈનગ્રંથમાળા ટ્રસ્ટ

C/o અશોકકુમાર હિંમતલાલ શાહ

એચ. એ. મારકીટ, ત્રીજે માળે,

કપાસિયાબજાર, અમદાવાદ- ૩૮૦ ૦૦૨. ગુજરાત

**પ્રકાશન :**

**પૂ.મુ. શ્રીભવ્યદર્શનવિજયજી મ.નો ગણિપદવી દિન**

સં. ૨૦૫૬, માગ.સુદ-૫, તા. ૧૩-૧૨-૯૯ સોમવાર

**નકલ :** ૨૦૦૦

**પ્રાપ્તિસ્થાન :**

(૧) પ્રકાશક ટ્રસ્ટ

(૨) સરસ્વતી પુસ્તક ભંડાર હાથીખાના, રતનપોળ,
અમદાવાદ- ૩૮૦૦૦૧

**કિંમત :** રૂપિયા ૬૦-૦૦

**લેસર ટાઈપ સેટીંગ**

**શાઈન આર્ટ કોમ્પ્યુગ્રાફીક્સ**

રાજનગર, પાલડીં, અમદાવાદ-૭ ફોન નં.૬૬૩૯૨૩૨

**મુદ્રક :**

**ધરણિધર પ્રિન્ટર્સ**

અમદાવાદ, ફોન નં. ૬૬૩૧૦૭૪

# અ... નુ... ક્ર... મ... ણિ... કા...


૧. વૈરાગ્યશતક ........................................ ૧

૨. ઈન્દ્રિયપરાજયશતક ........................................ ૨૩

૩. વૈરાગ્યરસાયણશતક ........................................ ૪૪

૪. દેશનાશતક ........................................ ૬૮

૫. યોગશતક ........................................ ૯૨

૬. ધ્યાનશતક ........................................ ૧૨૦

૭. સામ્યશતક ........................................ ૧૪૪

૮. સમતાશતક ........................................ ૧૭૭

૯. સમાધિશતક ........................................ ૧૯૯

૧૦. વૈરાગ્યશતક ........................................ ૨૨૭

## પ્રાક્કથન

सज्झाय समो नत्थि साहणा पहो ।

સ્વાધ્યાય જેવો સાધના - આરાધનાનો બીજો કોઈ માર્ગ નથી અર્થાત્ સ્વાધ્યાય એ જ ઉંચામાં ઉંચો (શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ) સાધનાનો માર્ગ છે.

પ્રભુ શ્રીમહાવીરદેવને શ્રીગૌતમ ગણધરમહારાજાએ પૂછ્યું - ભગવન્ ! સ્વાધ્યાયથી જીવ શું લાભ પામે ?

પ્રભુ શ્રી મહાવીરદેવે કહ્યું : 'ગૌતમ ! સ્વાધ્યાયથી જીવ જ્ઞાનાવરણીયાદિ સકલ કર્મનો ક્ષય કરે છે.'

આ સંવાદ ઉપરથી આપણે એક પ્રકારના ચોકકસ નિર્ણય ઉપર આવ્યા છીએ કે, જીવને આંધળો બનાવનાર, દુઃખી કરનાર, મોહ મૂઢ બનાવનાર, રસ્તે રખડતા ભિખારી જેવો બનાવનાર... કર્મોનો ક્ષય કરવાનું ધારદાર શસ્ત્ર સ્વાધ્યાય છે.

આ શતકસંદોહ ગ્રંથમાં દશ શતકોનો સમાવેશ થાય છે. તેના સ્વાધ્યાયથી પ્રાપ્ત થનારા આનંદ-પરમાનંદનું વર્ણન તો કોઈ કેવળજ્ઞાની મહાપુરુષ કદાચ કરી શકે. સ્વાધ્યાયયોગી ભવ્ય જીવો એનો આનંદ અનુભવવા છતાં મૂંગા માણસની જેમ એનું કશું જ વર્ણન ન કરી શકે. સંસારથી વિરક્તિ, વિષયોની અનાસક્તિ, સંવેગની વૃદ્ધિ, બોધિની દુર્લભતા, યોગની સિદ્ધિ, ધ્યાનની મગ્નતા, સમતા અને સમાધિરસનો અનુભવ અને છેલ્લે વૈરાગ્યરસનું પાન કરાવતા દશ શતકોના સંચયરૂપ ગ્રંથનું સંકલન કરવાની ઘણા સમયથી ઈચ્છા હતી. કારણ કે આ ગ્રંથોનું વારંવાર પઠન, પાઠન, ચિંતન પરિશીલન કરવાથી આત્મા આત્મરમણતા કરી શકે છે. અનુભવજ્ઞાનનું અમૃતપાન કરી શકે છે. તેથી એના વિનિયોગની એક શુભેચ્છા-મહેચ્છા જાગી હતી તે આજે પૂર્ણ થઈ.

**લિ. વિજયમિત્રાનંદસૂરિ**

# વૈરાગ્યશતક

આ શતક એના નામ પ્રમાણે રાગ-દ્વેષનું ઝેરઉતારી, ભવ્યજીવોનાં અંતરમાં વૈરાગ્ય પલ્લવિત કરવાનું અદ્ભુત કાર્ય કરે છે. વર્તમાનકાળે પણ મોટાભાગના દીક્ષાર્થી-મુમુક્ષુજીવો આ વૈરાગ્યશતક ગ્રંથ કંઠસ્થ કરી, એના અર્થને વાગોળી-વિચારી વૈરાગ્યરસનું મધુરપાન કરી રહ્યા છે.

ત્રણે પ્રકારના રાગને તથા વિવિધપ્રકારના દ્વેષને ખતમ કરવાનું સામર્થ્ય એની એક-એકથી ચઢિયાતી ગાથાઓમાં રહેલું છે. ગાથાઓનું શુદ્ધીકરણ તેમજ અર્થઘટન કરવામાં ખૂબ કાળજી લેવામાં આવી છે.

---

આ **શતકસંદોહ** ગ્રંથના પ્રકાશનમાં અમદાવાદ - વિજયનગરના 'શ્રી મહાવીરસ્વામી શ્વે. મૂ. જૈનસંઘે' સ્વેચ્છાએ રૂપિયા ૩૧૦૦૧નો જ્ઞાનખાતામાંથી લાભ લઈ જ્ઞાનભક્તિ પ્રદર્શિત કરી છે. શ્રીસંઘને અમે શતશઃ ધન્યવાદ આપીએ છીએ.

લિ. પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવર
જૈન ગ્રંથમાળાટ્રસ્ટનું ટ્રસ્ટીમંડળ

# વૈરાગ્યશતક

संसारंमि असारे, नत्थि सुहं वाहि - वेअणापउरे ।
जाणंतो इह जीवो, न कुणइ जिणदेसियं धम्मं ॥ १ ॥

શારીરિક વ્યાધિ અને માનસિક વેદનાથી ભરપૂર આ અસાર સંસારમાં સુખ નથી - એમ જાણવાં છતાં જીવ ભગવાન જિનેશ્વરદેવોએ ફરમાવેલા પરમતારક ધર્મની આરાધના કરતો નથી. ૧.

अज्जं कल्लं परं परारिं, पुरिसा चिंतंति अत्थसंपत्तिं ।
अंजलिगयं व तोयं, गलंतमाउं न पिच्छंति ॥ २ ॥

આજે કે કાલે પરમદિવસે કે તે પછી ધનની પ્રાપ્તિ થશે; એમ પુરુષો વિચાર કરે છે, આશાના તાંતણે બંધાયેલા રહે છે; પરંતુ હથેળીમાંથી ટપકતા પાણીની જેમ રોજ ઓછા થઈ રહેલા આયુષ્યને જોતા નથી. ૨

जं कल्ले कायव्वं, तं अज्जं चिय करेह तुरमाणा ।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ ३ ॥

જે કાર્ય કાલે કરવાનું છે તે જલદી આજે જ કરવું જોઈએ. પાછલા પ્રહરની પણ રાહ ન જોવી જોઈએ, કારણ કે એક મુહૂર્ત (બે ઘડી જેટલો સમય) પણ ઘણા વિઘ્નોથી ભરેલો છે. ૩

ही संसारसहावं, चरियं नेहाणुरागरत्तावि ।
जे पुव्वण्हे दिट्ठा, ते अवरण्हे न दीसंति ॥ ४ ॥

ઓહ ! સંસારનો આ કેવો સ્વભાવ ? આ કેવું ચરિત્ર ? જે સ્નેહીઓ સવારે સ્નેહના અનુરાગથી યુક્ત દેખાતા હતા તે જ સ્નેહીઓ સાંજે તેવા અનુરાગી દેખાતા નથી. ૪

मा सुयह जग्गिअव्वे, पलाइअव्वंमि कीस वीसमेह।
तिन्नि जणा अणुलग्गा, रोगो अ जरा अ मच्चू अ॥ ५ ॥

હે જીવો ! જાગતા રહેવાના અવસરે સૂઈ ન રહો, અને જ્યાંથી ભાગી છૂટવા જેવું છે ત્યાં શાને આરામથી બેઠા છો ? કારણ રોગ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ - આ ત્રણ દુશ્મનો તમારી પાછળ પડ્યા છે. ૫

दिवसनिसाघडिमालं, आउसलिलं जिआण घित्तूणं ।
चंदाइच्चबइल्ला, कालरहट्टं भमाडंति ॥ ६ ॥

ચંદ્ર અને સૂર્ય- આ બે બળદો દિવસ અને રાત્રિ રૂપી ઘડિમાળ દ્વારા જીવોનું આયુષ્યરૂપી પાણી ભરીને કાળરૂપી રેંટને ભમાડ્યા જ કરે છે. ૬

सा नत्थि कला तं नत्थि, ओसहं तं नत्थि किंपि विन्नाणं ।
जेण धरिज्जइ काया, खज्जंति कालसप्पेणं ॥ ७ ॥

એવી કોઈ કળા નથી, એવી કોઈ દવા નથી, એવી કોઈ વિદ્યા નથી કે જેનાથી કાળસર્પના મોઢામાં ખવાતી આ કાયાને બચાવી શકાય ! ૭

दीहरफणिंदनाले, महिअरकेसर-दिसामहदलिल्ले ।
ओपीअइ कालभमरो, जणमयरंदं पुहविपउमे ॥ ८ ॥

શેષનાગરૂપ નાલ ઉપર ઊભેલા, પર્વતરૂપ કેશરાવાળા, દિશારૂપી મોટા પાંદડાવાળા, પૃથ્વીરૂપી કમળના માનવ-મકરંદને (પુષ્પરસને) કાળરૂપી ભમરો નિરંતર પી રહ્યો છે. ૮

छायामिसेण कालो, सयलजीआणं छलं गवेसंतो ।
पासं कहवि न मुंचइ, ता धम्मे उज्जमं कुणह ॥ ९ ॥

સર્વ જીવોનું છિદ્ર શોધતો કાળ, પડછાયાના બહાને પીછો છોડતો નથી. માટે જ ધર્મ આરાધનાનો ઉદ્યમ કરો ! ૯

कालंमि अणाइए, जीवाणं विविहकम्मवसगाणं ।
तं नत्थि संविहाणं, संसारे जं न संभवइ ॥ १० ॥

અનાદિ કાળથી ચાલ્યા આવતા આ સંસારમાં એવું કોઈ સંવિધાન (એકેન્દ્રિયપણું વિગેરે) નથી કે જે કર્મને વશ પડેલા જીવોએ પ્રાપ્ત કર્યું ન હોય ! ૧૦

बंधवा सुहिणो सव्वे, पियमाया पुत्त भारिया ।
पेअवणाउ निअत्तंति, दाऊणं सलिलंजलिं ॥ ११ ॥

બંધુઓ કે મિત્રો, માતા કે પિતા, પુત્ર કે પત્ની બધા જ અંતે તને જળની અંજલિ આપીને સ્મશાનથી પાછા ફરે છે. ૧૧

विहडंति सुआ, विहडंति बंधवा वल्लहा य विहडंति ।
इक्को कहवि न विहडइ, धम्मो रे जीव जिणभणिओ ॥ १२ ॥

રે આત્મન્ ! પુત્રો છૂટા પડે છે, બંધુઓનો વિયોગ થાય છે અને સગાં-વહાલાં પણ વિખૂટા પડી જાય છે, પરંતુ એક જિનેશ્વરદેવોએ કહેલો ધર્મ કદી વિખૂટો પડતો નથી, સાથ છોડતો નથી. ૧૨

अडकम्मपासबद्धो, जीवो संसारचारए ठाइ ।
अडकम्मपासमुक्को, आया सिवमंदिरे ठाइ ॥ १३ ॥

આઠ કર્મનાં બંધનથી બંધાયેલો જીવ સંસારની જેલમાં વસે છે અને આઠ કર્મનાં બંધનથી મુક્ત થયેલો જીવ શિવમંદિરમાં વસે છે. ૧૩

विहवो सज्जणसंगो, विसयसुहाइं विलासललियाइं ।
नलिणीदलग्गघोलिर, जललवपरिचंचलं सव्वं ॥ १४ ॥

વૈભવ, સ્વજનોનો સમાગમ અને વિલાસભર્યાં સુંદર વિષય સુખો - આ બધું જ કમળનાં પાંદડાં ઉપર રહેલા જળબિંદુની જેમ વિનશ્વર (ચંચળ) છે. ૧૪.

तं कत्थ बलं तं कत्थ, जुव्वणं अंगचंगिमा कत्थ ।
सव्वमणिच्चं पिच्छह, दिट्ठं नट्ठं कयंतेण ॥ १५ ॥

તે બળ ક્યાં ગયું ? તે યૌવન ક્યાં ગયું ? તે શરીરનું સૌંદર્ય ક્યાં ગયું ? તે જોયેલું શરીર બળ, યૌવન અને સૌંદર્ય યમરાજાએ નષ્ટ કરી નાખ્યું. ખરેખર આ બધું જ અનિત્ય છે, એમ સમજ. ૧૫

घणकम्मपासबद्धो, भवनयरचउप्पहेसु विविहाओ ।
पावइ विडंबणाओ, जीवो को इत्थ सरणं से ॥ १६ ॥

કર્મનાં મજબૂત બંધનોથી બંધાયેલો જીવ ભવનગરના ચોરે અને ચૌટે વિવિધ વિડંબણાઓ પામી રહ્યો છે. હે જીવ ! તને અહીં કોણ શરણરૂપ છે ? ૧૬

घोरंमि गब्भवासे, कलमलजंबालअसुइबीभच्छे ।
वसिओ अणंतखुत्तो, जीवो कम्माणुभावेणं ॥ १७ ॥

કલમલ (ગર્ભમાં પ્રથમના સાત દિવસની પ્રવાહી સ્થિતિ)ના કાદવની અશુચિથી બિભત્સ એવા ઘોર ગર્ભાવાસમાં કુટિલ કર્મના યોગે જીવ અનંતીવાર વસ્યો છે. ૧૭

चुलसीइ किर लोए, जोणीणं पमुहसयसहस्साइं ।
इक्किक्कम्मि अ जीवो, अणंतखुत्तो समुप्पन्नो ॥ १८ ॥

ચૌદરાજ લોકમાં જીવને ઉત્પન્ન થવાનાં ૮૪ લાખ સ્થાન (યોનિ) છે. એમાંની ૧-૧ યોનિમાં જીવ અનંતીવાર જન્મ્યો છે. ૧૮

माया-पिय-बधूहिं, संसारत्थेहिं पूरिओ लोओ ।
बहुजोणिनिवासीहिं, न य ते ताणं च सरणं च ॥ १९ ॥

સંસારમાં અનેક યોનિમાં વસતા માતા-પિતા અને સ્નેહીજનોથી સમગ્ર લોક ભરેલો છે. છતાં તેઓ તારા રક્ષક કે આશ્રયદાતા બની શકતા નથી. ૧૯

जीवो वाहि-विलुत्तो, सफरो इव निज्जले तडप्फडइ ।
सयलो वि जणो पिच्छइ, को सक्को वेअणाविगमे ॥ २० ॥

રોગોથી પીડાતો જીવ, પાણી વગરની માછલીની જેમ તરફડિયાં મારે છે. આજુબાજુ બેઠેલા લોકો એને જુવે છે, છતાં વેદનાથી કોઈ એને છોડાવી શકતું નથી. ૨૦

मा जाणसि जीव ! तुमं पुत्तकलत्ताइ मज्झ सुहहेउ ।
निउणं बंधणमेयं, संसारे संसरंताणं ॥ २१ ॥

હે આત્મન્ ! પુત્ર-પત્ની આદિ સ્વજનો મારા સુખના કારણ છે, એમ તું માનીશ નહિ. એ તો ઊલટા સંસારમાં ભટકતા તારા આત્માનાં ગાઢ બંધનો છે. ૨૧

जणणी जायइ जाया, जाया माया पिया य पुत्तो य ।
अणवत्था संसारे, कम्मवसा सव्वजीवाणं ॥ २२ ॥

કર્મની વિચિત્રતાને કારણે સંસારમાં સર્વજીવોની વિચિત્ર અવસ્થાઓ સર્જાય છે. જીવની કોઈ નિશ્ચિત એક અવસ્થા નથી. માતા મરીને પત્ની થાય છે અને પત્ની મરીને માતા થાય છે, તેમજ પિતા મરીને પુત્ર અને પુત્ર મરીને પિતા થાય છે...! ૨૨

न सा जाइ न सा जोणी, न तं ठाणं न तं कुलं ।
न जाया न मया जत्थ, सव्वे जीवा अणंतसो ॥ २३ ॥

આ સંસારમાં એવી કોઈ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એવું કોઈ કુલ નથી, એવું કોઈ સ્થાન નથી કે જ્યાં દરેક જીવો અનંતીવાર જન્મ્યા ન હોય અને મૃત્યુ પામ્યા ન હોય. ૨૩

तं किंपि नत्थि ठाणं, लोए वालग्ग-कोडिमित्तंपि ।
जत्थ न जीवा बहुसो, सुहदुक्खपरंपरा पत्ता ॥ २४ ॥

ચૌદરાજલોકમાં વાળના અગ્રભાગના કરોડમાં ભાગ જેટલી પણ જગ્યા નથી કે જ્યાં જીવ અનંતીવાર સુખ-દુઃખની પરંપરા ન પામ્યો હોય ! ૨૪

सव्वाओ रिद्धीओ, पत्ता सव्वे वि सयणसंबंधा ।
संसारे ता विरमसु, तत्तो जइ मुणसि अप्पाणं ॥ २५ ॥

સંસારમાં સર્વ પ્રકારની ઋદ્ધિ - સમૃદ્ધિ અને સર્વપ્રકારના સ્વજન - સ્નેહિઓના સંબંધો આ જીવ પ્રાપ્ત કરી ચૂક્યો છે. તેથી હવે જો આત્માને તું સમજતો હોય તો (તને આત્મજ્ઞાન થયું હોય તો) એ બધાથી તું વિરામ પામ ! ૨૫

एगो बंधइ कम्मं, एगो वह - बंध - मरण - वसणाइं ।
विसहइ भवंमि भमडइ, एगुच्चिअ कम्मवेलविओ ॥ २६ ॥

જીવ એકલો જ પોતે કર્મ બાંધે છે, વધ-બંધ, મરણ વગેરેનાં દુઃખો એકલો જ સહન કરે છે અને કર્મથી પ્રેરાયેલો જીવ એકલો જ આ સંસારમાં ભટકે છે. ૨૬

अन्नो न कुणइ अहिअं, हियंपि अप्पा करेइ न हु अन्नो।
अप्पकयं सुहदुक्खं, भुंजसि ता कीस दीणमुहो ॥ २७ ॥

હે આત્મન્ ! બીજો કોઈ તારું અહિત કરતું નથી. હિત કે અહિત કરનાર તું પોતે જ છે. સુખ દુઃખ પણ તારાં કરેલાં જ તું ભોગવે છે. તો પછી શા માટે તું દીનમુખવાળો બને છે ? ૨૭

बहुआरंभविढत्तं, वित्तं विलसंति जीव ! सयणगणा ।
तज्जणियपावकम्मं, अणुहवसि पुणो तुमं चेव ॥ २८ ॥

હે જીવ ! તેં ઘણાં આરંભ સમારંભનાં પાપથી ઉપાર્જેલાં ધન ઉપર તારો સ્વજન પરિવાર મોજ- મજા ઉડાવશે. પરંતુ એ ધન મેળવવા પાછળ બાંધેલાં પાપકર્મનું કટુફળ તો તારે એકલાએ જ ભોગવવું પડશે! ૨૮

अह दुक्खियाइं तह भुक्खियाइ, जह चिंतियाइ डिंभाइं ।
तह थोवंपि न अप्पा, विचिंतिओ जीव ! किं भणिमो ॥ २९॥

"મારાં છોકરાં દુઃખી છે, ભૂખ્યાં છે..." એવી તારાં બાળકોની તેં ચિંતા કરી છે પરંતુ એવી થોડી પણ ચિંતા તેં તારા આત્માની કરી નથી. અરે જીવ ! તને શું કહેવું ? ૨૯

खणभंगुरं सरीरं, जीवो अन्नो अ सासयसरूवो ।
कम्मवसा संबंधो, निब्बंधो इत्थ को तुज्झ ॥ ३० ॥

શરીર ક્ષણભંગુર છે, આત્મા શરીરથી જુદો, શાશ્વત સ્વરૂપવાળો છે. કર્મના યોગે શરીર અને આત્માનો સંયોગ થયો છે. તો તે શરીરમાં તને આટલી મૂર્ચ્છા શી ? ૩૦

कह आयं कह चलियं, तुमंपि कह आगओ कहं गमिही ।
अन्नुन्नंपि न याणह, जीव ! कुडुंबं कओ तुज्झ ॥ ३1 ॥

હે આત્મન્ ! તારું આ કુટુંબ ક્યાંથી આવ્યું અને ક્યાં ચાલ્યું જશે ? તું પણ ક્યાંથી આવ્યો અને ક્યાં જઈશ ? પરસ્પર બન્ને એક બીજાને નથી જાણતા, તો પછી એ કુટુંબ તારું ક્યાંથી ? ૩૧

खणभंगुरे सरीरे, मणुअभवे अब्भपडलसारिच्छे ।
सारं इत्तियमेत्तं, जं कीरइ सोहणो धम्मो ॥ ३२ ॥

શરીર જ્યારે ક્ષણભંગુર. છે અને માનવભવ જ્યારે વાદળના સમૂહ જેવો અસ્થિર છે ત્યારે સાર માત્ર એટલો જ છે કે- સુંદર રીતે ધર્મની આરાધના કરી લેવી. ૩૨

जम्मदुक्खं जरादुक्खं रोगा य मरणाणि य ।
अहो दुक्खो हु संसारो, जत्थ कीसंति जंतुणो ॥ ३३ ॥

જન્મનું દુઃખ છે, વૃદ્ધાવસ્થાનું દુઃખ છે, રોગ અને મૃત્યુનું મહાદુઃખ છે.... અહો ! આખો સંસાર જ દુઃખરૂપ છે, જ્યાં જીવો ક્લેશને પામે છે. ૩૩

जाव न इंदियहाणी, जाव न जरारक्खसी परिप्फुरइ ।
जाव न रोगविआरा, जाव न मच्चू समुल्लिअइ ॥ ३४ ॥

જ્યાંસુધી ઈન્દ્રિયોની શક્તિ ક્ષીણ થઈ નથી, જરા રાક્ષસી એનું બળ બતાવતી નથી, જ્યાંસુધી રોગના વિકારો જાગ્યા નથી અને જ્યાં સુધી મૃત્યુ આવ્યું નથી ત્યાંસુધી હે જીવ ! ધર્મની આરાધના કરી લે. ૩૪

जह गेहंमि पलित्ते, कूवं खणिउं न सक्कए कोइ ।
तह संपत्ते मरणे, धम्मो कह कीरए जीव !॥ ३५ ॥

ઘરમાં આગ લાગે ત્યારે કૂવો ખોદવો શક્ય નથી, તેમ મૃત્યુ નજીક આવે ત્યારે ધર્મ કઈરીતે કરી શકાય ? અર્થાત્ ધર્મ કરવો શક્ય નથી. ૩૫

रुवमसासयमेयं, विज्जुलयाचंचलं जए जीअं ।
संझाणुरागसरिसं, खणरमणीअं च तारुण्णं ॥ ३६ ॥

गयकण्णचंचलाओ, लच्छीओ तिअसचावसारिच्छं ।
विसयसुहं जीवाणं, बुज्झसु रे जीव ! मा मुज्झ ॥ ३७ ॥

રૂપ અશાશ્વત છે, જીવન વીજળીના ચમકારા જેવું ચંચળ છે અને યૌવન સંધ્યાના રંગ જેવું ક્ષણિક સૌંદર્યવાળું છે. લક્ષ્મી હાથીના કાન જેવી ચંચળ છે. જીવોને મળતું વિષયસુખ ઈન્દ્રધનુષ્ય જેવું છે; માટે હે જીવ ! તું બોધ પામ. આમાંની કોઈપણ વસ્તુમાં તું મોહ ધારણ ન કર. ૩૬-૩૭

जह संझाए सउणाणं, संगमो जह पहे अ पहिआणं ।
सयणाणं संजोगो, तहेव खणभंगुरो जीव ! ॥ ३८ ॥

હે જીવ ! જે રીતે સંધ્યા સમયે પક્ષીઓનો અને માર્ગમાં મુસાફરોનો સંયોગ-સમાગમ ક્ષણિક છે; તેમ સ્વજન-પરિવારનો સમાગમ ક્ષણિક છે. ૩૮

निसाविरामे परिभावयामि, गेहे पलित्ते किमहं सुयामि ।
डज्झंतमप्पाणमुविक्खयामि, जं धम्मरहिओ दिअहा गमामि ॥३९॥

રાત્રિના વિરામ સમયે જાગતો એવો હું વિચાર કરું છું કે - બળતા ઘરમાં હું કેમ સૂઈ રહ્યો છું ? દાઝી રહેલા આત્માની હું કેમ ઉપેક્ષા કરી રહ્યો છું અને ધર્મરહિત દિવસો કેમ ગુમાવી રહ્યો છું ? ૩૯

जा जा वच्चइ रयणी, न सा पडिनियत्तइ ।
अहम्मं कुणमाणस्स, अहला जंति राइओ ॥ ४० ॥

જે જે રાત્રિઓ પસાર થાય છે, તે પાછી આવતી નથી. અધર્મ કરનાર આત્માઓની રાત્રિઓ નિષ્ફળ જાય છે. ૪૦

जस्संत्थि मच्चुणा सक्खं, जस्स वत्थि पलायणं ।
जो जाणे न मरिस्सामि, सो हु कंखे सुहेसिया ॥ ४१ ॥

જેને મૃત્યુ સાથે મિત્રતા છે અથવા જે મૃત્યુથી ભાગી છૂટીશ એમ માને છે અથવા હું મરીશ નહીં એમ જાણે છે; તે જ સુખશીલિયાપણું ઈચ્છી શકે. ૪૧

दंडकलिअं करिंता, वच्चंति हु राइओ य दिवसा य ।
आउसं संविलंता, गयावि न पुणो नियत्तंति ॥ ४२ ॥

દંડ દ્વારા કોકડી ઉપરથી દોરાને ચાકડા ઉપર વીંટાળવાની જેમ દિવસ અને રાત્રિઓ આયુષ્યને ઓછું કરે છે. એ ગયેલા દિવસો

કે રાત્રિઓ પાછાં ફરતાં નથી. ૪૨

जहेह सीहो व मियं गहाय, मच्चू नरं णेइ हु अंतकाले ।
न तस्स माया व पिया व भाया, कालंमि तंमि सहरा भवंति ॥ ४३ ॥

આ લોકમાં જેમ સિંહ હરણને પકડીને લઈ જાય છે, તેમ અંત સમયે મૃત્યુ માણસને પકડીને લઈ જાય છે તે વખતે માતા-પિતા કે ભાઈ કોઈ જ સહાયક બનતા નથી. ૪૩

जीअं जलबिंदुसमं, संपत्तीओ तरंगलोलाओ ।
सुमिणयसमं च पिम्मं, जं जाणसु तं करिज्जासु ॥ ४४ ॥

જીવન પાણીના બિંદુ જેવું છે, સંપત્તિ જળતરંગ જેવી છે અને સ્નેહ સ્વપ્નતુલ્ય છે; આવું જાણ્યા પછી તને જે ઠીક લાગે તે કર. ૪૪

संझरागजलबुब्बुओवमे, जीविए य जलबिंदुचंचले ।
जुव्वणे य नइवेगसंनिभे, पावजीव ! किंमियं न बुज्झसे ? ॥ ४५ ॥

જીવન સંધ્યાના રંગ જેવું છે, પાણીના પરપોટા જેવું છે, પાણીના બિંદુ જેવું ચંચળ છે અને યૌવન નદીના ધસમસતા પૂર જેવું છે છતાં હે પાપાત્મન્ ! તું કેમ બોધ પામતો નથી ? કેમ સમજતો નથી ? ૪૫

अन्नत्थ सुआ अन्नत्थ, गेहिणी परिअणो वि अन्नत्थ ।
भूअबलिव्व कुडुंबं, पक्खित्तं हयकयंतेण ॥ ४६ ॥

નિર્દય યમરાજાએ, ભૂતને બલિબાકળા નાખે તેમ તારા કુટુંબને ફેંકી દીધું છે, પુત્રને ક્યાંક ફેંકી દીધો છે, પત્નીને ક્યાંક ફેંકી દીધી છે અને પરિવારને પણ ક્યાંક બીજે ફેંકી દીધો છે. ૪૬

जीवेण भवे भवे, मिल्हियाइ देहाइ जाइ संसारे ।
ताणं न सागरेहिं, कीरइ संखा अणंतेहिं ॥ ४७ ॥

સંસારમાં આ જીવે ભવોભવ જે શરીરો છોડ્યાં છે તે, બધાં

શરીરોની સંખ્યા સાગરોપમથી પણ ન ગણી શકાય એટલી છે. ૪૭

नयणोदयंपि तासिं, सागरसलिलाओ बहुयरं होइ ।
गलिअं रुअमाणीणं, माऊणं अन्नमन्नाणं ॥ ४८ ॥

અનેક ભવોમાં થયેલી સ્વાર્થથી ખોટું ખોટું જુદીજુદી રડતી માતાઓની આંખનાં આંસુઓનું પાણી, સમુદ્રનાં પાણીથી પણ અનેકગણું છે. ૪૮

जं नरए नेरइया, दुहाइं पावंति घोरणंताइं ।
तत्तो अणंतगुणियं, निगोअमज्झे दुहं होइ ॥ ४९ ॥

तंमि वि निगोअमज्झे, वसिओ रे जीव ! विविहकम्मवसा ।
विसहंतो तिक्खदुहं, अणंतपुग्गलपरावत्ते ॥ ५० ॥

નરકમાં નારકીઓ જે ઘોર ભયંકર અનંત દુ:ખો પ્રાપ્ત કરે છે, તેના કરતાં નિગોદમાં અનંતગણું દુ:ખ છે, તે નિગોદમાં વિવિધ કર્મોને વશ થઈ હે જીવ ! ઘણાં દુ:ખને સહન કરતો તું અનંત પુદ્‌ગલ-પરાવર્તકાળસુધી ત્યાં વસ્યો છે. ૪૯-૫૦

निहरीअ कहवि तत्तो, पत्तो मणुअत्तणंपि रे जीव ! ।
तत्थवि जिणवरधम्मो, पत्तो चिंतामणिसरिच्छो ॥ ५१ ॥

હે જીવ ! ત્યાંથી કેમે ય કરીને નીકળીને તું મનુષ્યપણું પામ્યો છે ને તેમાંય ચિંતામણિરત્ન સમાન જિનેશ્વરપ્રભુનો ધર્મ તને પ્રાપ્ત થયો છે. ૫૧

पत्ते वि तंमि रे जीव ! कुणसि पमायं तुमं तयं चेव ।
जेणं भवंधकूवे, पुणो वि पडिओ दुहं लहसि ॥ ५२ ॥

આવો ધર્મ પ્રાપ્ત થવા છતાં પણ હે જીવ ! તું એના એ જ પ્રમાદને સેવી રહ્યો છે, કે જે પ્રમાદથી સંસારના અંધારીયા કૂવામાં પડીને ફરીવાર ઘોર દુઃખને પામીશ. ૫૨

उवलद्धो जिणधम्मो, न य अणुचिण्णो पमायदोसेणं ।
हा जीव ! अप्पवेरिअ, सुबहुं परओ विसूरिहिसि ॥ ५३ ॥

હે જીવ ! શ્રીજિનધર્મ મળ્યો પરંતુ પ્રમાદ દોષથી એનું સેવન તેં ન કર્યું, હે આત્મવૈરી જીવ ! પરલોકમાં તું અત્યંત ખેદને પામીશ, ઝૂરીઝૂરીને દિવસો પસાર કરીશ. ૫૩

सोअंति ते वराया, पच्छा समुवट्ठियंमि मरणंमि ।
पावपमायवसेणं, न संचिओ जेहिं जिणधम्मो ॥ ५४ ॥

પાપરૂપ પ્રમાદને આધીન થઈને જેઓએ જિનધર્મનો સંચય નથી કર્યો, તે બિચારા આત્માઓ મૃત્યુ ઉપસ્થિત થતાં ભારે શોક કરે છે. ૫૪

धी धी धी संसारं, देवो मरिऊण जं तिरी होइ ।
मरिऊण रायराया, परिपच्चइ निरयजालाहिं ॥ ५५ ॥

સંસારને ધિક્કાર છે ! ધિક્કાર છે ! ધિક્કાર છે ! જ્યાં દેવો મરીને તિર્યંચ થાય છે અને રાજાધિરાજ પણ મરીને નરકની જ્વાળાઓમાં શેકાય છે. ૫૫

जाइ अणाहो जीवो, दुमस्स पुप्फं व कम्मवायहओ ।
धणधन्नाहरणाइं, घर-सयण-कुडुंबमिल्लेवि ॥ ५६ ॥

કર્મરૂપી પવનથી હણાયેલો જીવ, પવનથી ખરી ગયેલા પુષ્પની જેમ ધન, ધાન્ય, આભૂષણ, ઘર, સ્વજન અને કુટુંબને મૂકીને અનાથ બનીને ચાલ્યો જાય છે. ૫૬

वसियं गिरीसु वसियं, दरीसु वसियं समुद्दमज्झंमि ।
रुक्खग्गेसु य वसियं, संसारे संसरंतेणं ॥ ५७ ॥

देवो नेरइउत्तिय कीडपयंगुत्ति माणुसो एसो ।
रुवस्सी य विरुवो, सुहभागी दुक्खभागी अ ॥ ५८ ॥

राउत्ति य दमगुत्ति य, एस सवागुत्ति एस वेयविऊ ।
सामी दासो पुज्जो, खलोत्ति अधणो घणवइत्ति ॥ ५९ ॥

नवि इत्थ कोवि नियमो, सकम्म विणिविट्ठसरिसकयचिट्ठो ।
अन्नुन्नरुववेसो, नडुव्व परिअत्तए जीवो ॥ ६० ॥

હે જીવ ! સંસારમાં પરિભ્રમણ કરતાં તારો નિવાસ પર્વત પર થયો છે, ગુફામાં થયો છે, સમુદ્રમાં થયો છે, વૃક્ષના અગ્રભાગ ઉપર થયો છે. તું દેવ, નારક, કીડો, પતંગિયો, મનુષ્ય, રૂપી, અરૂપી, સુખી અને દુ:ખી પણ બન્યો છે. તું રાજા અને રંક પણ બન્યો છે. ચંડાલ અને વેદનો જાણકાર (બ્રાહ્મણ)બન્યો છે. સ્વામી અને સેવક બન્યો છે, પૂજ્ય અને દુર્જન બન્યો છે, નિર્ધન અને ધનવાન થયો છે. સંસારની રખડપટ્ટીમાં એવો કોઈ જ નિયમ નથી, કેમકે પોતે કરેલાં કર્મોના અનુસારે ચેષ્ટા કરતો જીવ નટની જેમ ભિન્ન ભિન્ન રૂપ અને વેષ ધારણ કરીને પરિવર્તન પામે છે. ૫૭-૫૮-૫૯-૬૦

नरएसु वेयणाओ, अणोवमाओ असायबहुलाओ ।
रे जीव ! तए पत्ता, अणंतखुत्तो बहुविहाओ ॥ ६१ ॥

देवत्ते मणुअत्ते, पराभिओगत्तणं उवगएणं ।
भीसणदुहं बहुविहं, अणंतखुत्तो समणुभूअं ॥ ६२ ॥

तिरियगइं अणुपत्तो, भीममहावेयणा अणेगविहा ।
जम्मणमरणरहट्टे, अणंतखुत्तो परिब्भमिओ ॥ ६३ ॥

રે જીવ ! તેં સાતે નરકનાં દુ:ખથી ભરપૂર અને જેને કોઈ ઉપમા ન આપી શકાય તેવી અનેક પ્રકારની વેદનાઓ અનંતીવાર પ્રાપ્ત કરી છે. દેવભવમાં અને માનવભવમાં પરાધીનતાને પામીને

અનેક પ્રકારનાં ભીષણ દુઃખો તેં અનંતીવાર અનુભવ્યાં છે. તિર્યંચગતિમાં પણ અનેક પ્રકારની મહાભયંકર વેદનાઓ પામીને ત્યાં જન્મ-મરણના રહેંટમાં અનંતીવાર તું ભમ્યો છે. ૬૧-૬૨-૬૩

जावंति के वि दुक्खा, सारीरा माणसा व संसारे ।
पत्तो अणंतखुत्तो, जीवो संसारकंतारे ॥ ६४ ॥

હે જીવ ! સંસારમાં જે કોઈ શારીરિક કે માનસિક દુઃખો છે તે સઘળા દુઃખો ભવાટવીમાં ભમતાં તેં અનંતીવાર પ્રાપ્ત કર્યા છે. ૬૪

तण्हा अणंतखुत्तो, संसारे तारिसी तुमं आसी ।
जं पसमेउं सव्वो-दहीणमुदयं न तीरिज्जा ॥ ६५ ॥

સંસારમાં અનંતીવાર એવી તરસ તને લાગી કે જે સર્વસમુદ્રનાં પાણીથી પણ ન છીપાય ! ૬૫

आसी अणंतखुत्तो, संसारे ते छुहा वि तारिसिया ।
जं पसमेउं सव्वो, पुग्गलकाओ न तीरिज्जा ॥ ६६ ॥

સંસારમાં અનંતીવાર ભૂખ પણ તને એવી લાગી કે દુનિયાભરના આહારનાં બધાં જ પુદ્‌ગલો મળવા છતાં એ શાંત થાય નહિ ! ૬૬

काऊणमणेगाइं, जम्ममरणपरिअट्टणसयाइं ।
दुक्खेण माणुसत्तं, जइ लहइ जहिच्छियं जीवो ॥ ६७ ॥

જન્મમરણનાં સેંકડો પર્યટનો કર્યાં પછી મહામુસીબતે જીવ ઈચ્છિત મનુષ્યભવને પ્રાપ્ત કરે છે. ૬૭

तं तह दुल्लहलंभं, विज्जुलयाचंचलं च मणुअत्तं ।
धम्मंमि जो विसीयइ सो काउरिसो न सप्पुरिसो ॥ ६८ ॥

હે જીવ ! તેવા પ્રકારના દુર્લભ અને વીજળી જેવા ચંચળ માનવ જન્મને પામી ધર્મકાર્યમાં ખેદ અનુભવે છે, તે ખરેખર કાપુરુષ (નિંદનીય) છે, સત્પુરુષ નથી. ૬૮

माणुस्सजम्मे तडिलद्धयंमि, जिणिंदधम्मो न कओ य जेणं ।
तुट्टे गुणे जह धाणुक्कएणं,हत्था मलेव्वा य अवस्स तेणं ॥ ६९ ॥

જેમ સુભટને ધનુષ્યની દોરી તૂટી ગયા પછી અવશ્ય હાથ ઘસવા પડે છે તેમ સંસારસાગરના કિનારારૂપ મનુષ્યજન્મને પામીને જે જૈનધર્મને સેવતો નથી તેને અવશ્ય હાથ ઘસવા પડે છે અર્થાત્ પશ્ચાત્તાપ કરવો પડે છે. ૬૯

रे जीव ! निसुणि चंचलसहाव, मिल्हेविणु सयलवि बज्झभाव ।
नवभेय - परिग्गहविविहजाल, संसारि अत्थि सहु इंदयाल ॥ ७० ॥

રે જીવ ! સાંભળ. ચંચળ સ્વભાવવાળા સઘળાય બાહ્યભાવોને તથા નવપ્રકારના પરિગ્રહની જંજાળને મૂકીને જવાનું છે માટે સંસારમાં સઘળું ઈન્દ્રજાળ જેવું છે. ૭૦

पिय पुत्त मित्त- घर घरणिजाय, इहलोइअसव्व नियसुहसहाय ।
नवि अत्थि कोइ तुह सरणि मुक्ख, इक्कल्लु सहसि तिरिनिरयदुक्ख॥ ७१ ॥

હે મૂર્ખ જીવ ! આ લોકમાં પિતા-પુત્ર, મિત્ર, ઘર, પત્ની આદિનો સમુદાય પોતાના જ સુખનો અર્થી છે. ભવાંતરમાં તિર્યંચ અને નરક ગતિનાં દુઃખો તું એકલો જ સહન કરીશ. બીજા કોઈ તને શરણરૂપ નહીં થાય. ૭૨

कुसग्गे जह ओसबिंदुए, थोवं चिट्ठइ लंबमाणए ।
एवं मणुआण जीविअं, समयं गोयम ! मा पमायए ॥ ७२॥

જેમ ડાભના (ઘાસના) અગ્રભાગ ઉપર રહેલ ઝાકળનું બિંદુ થોડો સમય જ ટકે છે; તેમ મનુષ્યનું જીવન પણ થોડો સમય જ

ટકે છે, માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરીશ નહિ. ૭૨.

संबुज्झह किं न बुज्झह, संबोही खलु पिच्च दुल्लहा ।
नो हु उवणमंति राइओ, नो सुलहं पुणरवि जीवियं ॥ ७३ ॥

બોધ પામો ! તમે કેમ બોધ પામતા નથી ? મૃત્યુ પછી પરલોકમાં સંબોધિ (બોધ) મળવી દુર્લભ છે. ગયેલી રાત્રિઓ પાછી આવતી નથી અને માનવજીવન પણ સુલભ નથી. ૭૩.

डहरा बुड्ढा य पासह, गब्भत्था वि चयंति माणवा ।
सेणे जह वट्टयं हरे, एवमाउक्खयंमि तुट्टइ ॥ ७४ ॥

બાળકો - વૃદ્ધો કે ગર્ભમાં રહેલા મનુષ્યો પણ મરી જાય છે. બાજપક્ષી જેમ તીતરને લઈ જાય છે, એમ આયુષ્યનો ક્ષય થતાં જીવન તૂટી જાય છે. ૭૪

तिहुअणजणं मरंतं, दट्ठूण नयंति जे न अप्पाणं ।
विरमंति न पावाओ, धी धी धीट्ठत्तणं ताणं ॥ ७५ ॥

ત્રણભુવનના લોકોને મૃત્યુ પામતાં જોઈને જેઓ આત્માને ધર્મમાર્ગમાં જોડતા નથી, પાપથી પાછા હઠતા નથી; તેઓની ધિટ્ઠાઈને ધિક્કાર છે, ધિક્કાર છે. ૭૫

मा मा जंपह बहुयं, जे बद्धा चिक्कणेहिं कम्मेहिं ।
सव्वेसिं तेसिं जायइ, हिओवएसो महादोसो ॥ ७६ ॥

જેઓ ચીકણાં કર્મોથી બંધાયેલા છે, તેમને વધુ કહેવાનું રહેવા દો, કેમકે તેઓને બધો જ હિતોપદેશ મહાદોષનું કારણ બને છે. ૭૬

कुणसि ममत्तं धणसयण - विहवपमुहेसु अणंतदुक्खेसु ।
सिढिलेसि आयरं पुण, अणंतसुक्खंमि मुक्खंमि ॥ ७७ ॥

અનંત દુઃખસ્વરૂપ ધન, સ્વજન, વૈભવ આદિમાં તું મમત્વ કરે છે અને અનંત સુખસ્વરૂપ મોક્ષમાં આદરને શિથિલ બનાવે છે. ૭૭

संसारो दुहहेऊ, दुक्खफलो दुसहदुक्खरुवो य ।
न चयंति तंपि जीवा, अइबद्धा नेहनिअलेहिं ॥ ७८ ॥

આ સંસાર દુઃખનો હેતુ છે, દુઃખ ફલક છે અને દુસ્સહ દુઃખરૂપ છે. છતાં સ્નેહની મજબૂત સાંકળથી બંધાયેલા જીવો તેને છોડતા નથી. ૭૮.

नियकम्म- पवण-चलिओ, जीवो संसारकाणणे घोरे ।
का का विडंबणाओ, न पावए दुसहदुक्खाओ ॥ ७९ ॥

સંસારરૂપી ઘોર જંગલમાં પોતાના કર્મરૂપી પવનથી પ્રેરાયેલો જીવ અસહ્ય વેદનાઓથી ભરેલી કઈ કઈ વિડંબણાઓ પામતો નથી ? ૭૯

सिसिरंमि सीयलानिल- लहरिसहस्सेहि भिन्नघणदेहो ।
तिरियत्तणंमि रण्णे, अणंतसो निहणमणुपत्तो ॥ ८० ॥

गिम्हायवसंतत्तोऽरण्णे छुहिओ पिवासिओ बहुसो ।
संपत्तो तिरियभवे, मरणदुहं बहु विसूरंतो ॥ ८१ ॥

वासासु रण्णमज्झे, गिरिनिज्झरणोदगेहि वज्झंतो ।
सीयानिलडज्झविओ, मओसि तिरियत्तणे बहुसो ॥ ८२ ॥

एवं तिरियभवेसु, कीसंतो दुक्खसयसहस्सेहिं ।
वसिओ अणंतखुत्तो, जीवो भीसणभवारण्णे ॥ ८३ ॥

તિર્યંચગતિમાં જંગલમાં શિયાળાની ઋતુમાં ઠંડાગાર પવનના સુસવાટાથી તારું શરીર ભેદાયું છે અને તેથી તું અનંતીવાર મૃત્યુ પામ્યો છે. ગ્રીષ્મના (ગ્રીષ્મઋતુના) તાપથી સંતપ્ત બનેલો ભૂખ અને તરસને સહન કરતો અને ખેદ પામતો તું મરણનાં દુઃખો પામ્યો છે. વર્ષાઋતુના કાળમાં ગિરિઝરણાંનાં પાણીથી તણાતો હિમ જેવા ઠંડા

પવનોથી દાઝેલો અનેકવાર મૃત્યુ પામ્યો છે. એવી રીતે તિર્યંચના ભવોમાં લાખ્ખો દુઃખોથી પીડાતો જીવ અનંતીવાર ભીષણ ભવજંગલમાં વસ્યો છે. ૮૦-૮૧-૮૨-૮૩

दुट्ठट्ठकम्मपलया- निलपेरिउ भीसणंमि भवरण्णे ।
हिंडंतो नरएसु वि, अणंतसो जीव ! पत्तो सि ॥ ८४ ॥

सत्तसु नरयमहीसु, वज्जानलदाहसीयवेयणासु ।
वसिओ अणंतखुत्तो, विलवंतो करुणसद्देहिं ॥ ८५ ॥

હે આત્મન્ ! દુષ્ટ એવા આઠ કર્મરૂપી પ્રલયકાળના પવનથી પ્રેરાઈને ભીષણ ભવઅટવીમાં ભટકતા સાતે નરકમાં પણ તું અનંતીવાર જઈ ચૂક્યો છે. જ્યાં વજ્રના અગ્નિ જેવો દાહ છે અને અતિશય ઠંડી છે, તે સાતે નરકપૃથ્વીમાં કરુણ શબ્દોથી વિલાપ કરતો તું અનંતીવાર વસ્યો છે. ૮૪-૮૫.

पियमायसयणरहिओ, दुरंतवाहीहि पीडिओ बहुसो ।
मणुअभवे निस्सारे, विलाविओ किं न तं सरसि ॥ ८७ ॥

નિસ્સાર મનુષ્યભવમાં માતા-પિતા અને સ્વજનોથી રહિત અને દુઃખદાયી રોગોથી પીડાતો તું કરુણ વિલાપ કરતો હતો, તેને કેમ યાદ કરતો નથી ? ૮૬.

पवणुव्वगयणमग्गे, अलक्खिओ भमइ भववणे जीवो ।
ठाणट्ठाणंमि समुज्झिऊण, धणसयणसंघाए ॥८७॥

હે જીવ ! આ ભવાટવીમાં દરેક ઠેકાણે ધન અને સ્વજન પરિવારને મૂકી મૂકીને, પવન જેમ આકાશમાં અદૃશ્યપણે ફરે છે, તેમ તું ભ્રમણ કરી રહ્યો છે. ૮૭.

विद्धिज्जंता असयं, जम्मजरामरणतिक्खकुंतेहिं ।
दुहमणुहवंति घोरं, संसारे संसरंत जिआ ॥ ८८ ॥

तहवि खणंपि कयावि हु, अन्नाणभुयंगडंकिया जीवा ।
संसारचारगाओ, न य उव्विंज्जंति मूढमणा ॥ ८९ ॥

સંસારમાં પરિભ્રમણ કરી રહેલા જીવો જન્મ, જરા અને મરણના તીક્ષ્ણ ભાલાથી અનેકવાર વીંધાય છે અને ઘોર દુઃખો અનુભવે છે; છતાં પણ અજ્ઞાનરૂપી સર્પથી ડસાયેલા મૂઢ મનવાળા જીવો ક્યારેય સંસારની જેલથી કંટાળતા નથી. ૮૮-૮૯.

कीलसि कियंतवेलं, सरीरवावीइ जत्थ पइसमयं ।
कालरहट्टघडीहिं, सोसिज्जइ जीविअंभोहं ॥ ९० ॥

જેમાંથી કાળરૂપી રેંટ પ્રતિસમય આયુષ્યરૂપી પાણી ઉલેચી રહ્યો છે, એવી આ શરીરરૂપી વાવડીમાં તું કેટલો સમય ક્રીડા કરીશ ? ૯૦.

रे जीव ! बुज्झ मा मुज्झ, मा पमायं करेसि रे पाव ! ।
किं परलोए गुरुदुक्ख-भायणं होहिसि अयाण ? ॥ ९१ ॥

રે જીવ ! બોધ પામ ! મૂઢ ન બન ! હે પાપાત્મન્ ! પ્રમાદ ન કર... હે મૂર્ખ ! શા માટે પરલોકમાં મહાદુઃખનું ભાજન બની રહ્યો છે ? ૯૧.

बुज्झसु रे जीव ! तुमं, मा मुज्झसु जिणमयं पि नाऊणं ।
जम्हा पुणरवि एसा, सामग्गी दुल्लहा जीव ! ॥ ९२ ॥

હે જીવ ! બોધ પામ ! જિનમતને જાણીને વિષયસુખમાં મુંઝાઈશ નહીં કારણ કે ફરીથી આવી સામગ્રી મળવી દુર્લભ છે. ૯૨.

दुलहो पुण जिणधम्मो, तुमं पमायायरो सुहेसी अ ।
दुसहं च नरयदुक्खं, कह होहिसि तं न याणामो ॥ ९३ ॥

જિનધર્મ ફરી ફરી મળવો દુર્લભ છે, તું પ્રમાદમાં તત્પર અને સુખશીલીઓ છે. નરકનું દુઃખ દુઃસ્સહ છે. અમે નથી જાણતા કે તારું શું થશે ! ૯૩.

अथिरेण थिरो समलेण, निम्मलो परवसेण साहीणो ।
देहेण जइ विढप्पइ, धम्मो ता किं न पज्जत्तं ? ॥ ९४ ॥

અસ્થિર, મલિન અને પરાધીન એવા આ શરીરથી જો સ્થિર, નિર્મળ અને સ્વાધીન એવો ધર્મ કરી શકાતો હોય તો શું એટલું પર્યાપ્ત નથી ? ૯૪

जह चिंतामणिरयणं, सुलहं न हु होइ तुच्छविहवाणं ।
गुणविहववज्जियाणं, जीयाण तह धम्मरयणं पि ॥ ९५ ॥

તુચ્છ વૈભવવાળાને ચિંતામણિરત્ન મળવું જેમ સુલભ નથી, તેમ ગુણના વૈભવથી હીન આત્માઓને ધર્મરત્ન મળવું પણ સુલભ નથી. ૯૫.

जह दिट्ठीसंजोगो, न होइ जच्चंधयाण जीवाणं ।
तह जिणमयसंजोगो, न होइ मिच्छंधजीवाणं ॥ ९६ ॥

જન્મથી અંધજીવોને જેમ કોઈ પણ પદાર્થનું દર્શન થઈ શકતું નથી, તેમ મિથ્યાત્ત્વથી અંધજીવોને જિનશાસનનો સંયોગ થઈ શકતો નથી. ૯૬.

पच्चक्खमणंतगुणे, जिणिंदधम्मे न दोसलेसो वि ।
तहवि हु अन्नाणंधा, न रमंति कयावि तंमि जिया ॥ ९७ ॥

જિનધર્મમાં પ્રત્યક્ષ અનંતગુણ છે, દોષનો લેશ પણ નથી છતાં અજ્ઞાનથી અંધ જીવો કેમેય કરીને એમાં રમતા નથી. ૯૭.

मिच्छे अणंतदोसा, पयडा दीसंति न वि य गुणलेसो ।
तहवि य तं चेव जिया, ही मोहंधा निसेवंति ॥ ९८ ॥

મિથ્યાત્ત્વમાં પ્રત્યક્ષ અનંત દોષો દેખાય છે, ગુણનો એક લેશ પણ નથી, છતાંય મોહાન્ધ જીવો તે જ મિથ્યાત્ત્વનું સેવન કરે છે. ૯૮

धी धी ताण नराणं, विन्नाणे तह गुणेसु कुसलत्तं ।
सुहसच्चधम्मरयणे, सुपरिक्खं जे न जाणंति ॥ ९९ ॥

તે મનુષ્યોના વિજ્ઞાન અને ગુણોની કુશળતાને ધિક્કાર છે, કે જેઓ શુભ અને સત્ય એવા ધર્મરત્નની પરીક્ષા કરી જાણતા નથી. ૯૯

जिणधम्मोऽयं जीवाणं, अपुव्वो कप्पपायवो ।
सग्गापवग्गसुक्खाणं, फलाणं दायगो इमो ॥ १०० ॥

સ્વર્ગ અને અપવર્ગના સુખરૂપ ફળને આપનારો આ જિનધર્મ એક અપૂર્વ કલ્પવૃક્ષ જેવો છે. ૧૦૦

धम्मो बंधू सुमित्तो य, धम्मो य परमो गुरु ।
मुक्खमग्गपयट्टाणं, धम्मो परमसंदणो ॥ १०१ ॥

ધર્મ એ બંધુ છે, સન્મિત્ર છે, પરમગુરુ છે અને મોક્ષમાર્ગના મુસાફરો માટે શ્રેષ્ઠ રથ સમાન છે. ૧૦૧.

चउगइणंतदुहानल - पलित्तभवकाणणे महाभीमे ।
सेवसु रे जीव ! तुमं, जिणवयणं अमियकुंडसमं ॥ १०२ ॥

મહાભયંકર સંસારઅટવીમાં ચાર ગતિનાં અનંત દુઃખથી દાઝેલા હે જીવ ! અમૃતના કુંડ સમાન જિનવચનનું સેવન કર ! ૧૦૨.

विसमे भवमरुदेसे, अणंतदुहगिम्हतावसंतत्ते ।
जिणधम्मकप्परुक्खं, सरसु तुमं जीव सिवसुहदं ॥ १०३ ॥

અનંત દુઃખરૂપી ગ્રીષ્મઋતુમાં તાપથી સંતપ્ત અને વિષમ એવા આ સંસારરૂપી મરુધરદેશમાં મોક્ષના ફળને આપનારા જિનધર્મનો હે જીવ ! તું આશ્રય કર. ૧૦૩.

किं बहुणा ? जिणधम्मे, जइअव्वं जह भवोदहिं घोरं ।
लहु तरियमणंतसुहं, लहइ जीओ सासयं ठाणं ॥ १०४ ॥

વધારે શું કહેવું ? ઘોર એવા સંસારને જલદીથી તરીને અનંત સુખસ્વરૂપ શાશ્વતસ્થાનને જીવ પ્રાપ્ત કરે તે રીતે જિનધર્મની આરાધનાનો પુરુષાર્થ કરવો જોઈએ. ૧૦૪.

# ઇંદ્રિયપરાજય શતક

આ શતક એના નામ પ્રમાણે ગુણ ધરાવનારું છે. અનાદિકાળથી જીવો પાંચ ઇન્દ્રિયોના વિષયોને પરવશ બની, એ વિષયોના ગુલામ બની, એની નાગચૂડમાં ફસાઈને પરાજય પામી રહ્યા છે. ઇન્દ્રિયોની ગુલામીમાંથી મુક્ત કરાવનારું આ ઇન્દ્રિયપરાજયશતક અત્યારસુધીમાં કદાચ હાથમાં નહિ આવ્યું હોય અથવા હૈયે નહિ સ્પર્શ્યુ હોય, એમ સંભવે છે. કારણ હજી જીવો ઇન્દ્રિયોને પરાધીન જીવન જીવી રહ્યા છે.

ઇન્દ્રિયોને પરવશ, વિષયોના ગુલામ અને એના કારણે તાપ-સંતાપ અને પરિતાપ પામી રહેલા જીવો જો આ શતકનો સ્વાધ્યાય, એકતાન બનીને, એકરસ થઈને કરશે તો તેઓ વિજયી બન્યા વગર નહિ રહે !

સહુને આ શતક કંઠસ્થ કરી ચિંતન, મનન અને પરિશીલન દ્વારા હૃદયસ્થ-આત્મસ્થ બનાવી જીવનને દિવ્ય બનાવવા ખાસ ભલામણ છે. આ શતક અજ્ઞાતકર્તૃક છે.

---

વયોવૃદ્ધા, ધીર, ગંભીર, સુવિનીતા, સુશીલા પૂ. સાધ્વીજીશ્રીસુમંગલાશ્રીજી મ.સા.ની શુભનિશ્રામાં થયેલ જ્ઞાનખાતાની ઉપજમાંથી રૂપિયા ૧૦,૦૦૦ ત્યાંના કાર્યકરો તરફથી મળ્યા છે. તેમને આભાર સાથે ધન્યવાદ પાઠવીએ છીએ.

લિ.-પૂ.પં.શ્રીપદ્મવિજયજી ગણિવર જૈન
ગ્રંથમાળા ટ્રસ્ટનું ટ્રસ્ટીમંડળ

# ઇંદ્રિયપરાજય શતક

सुच्चिअ सूरो सो चेव, पंडिओ तं पसंसिमो निच्चं ।
इंदियचोरेहिं सया, न लुंटिअं जस्स चरणधणं ॥ १ ॥

જેનું ચારિત્રધન ઈન્દ્રિયચોરો કદી નથી લૂંટી શક્યા તે જ આત્મા શૂરવીર છે અને તે જ પંડિત છે. તેની જ અમે સદા પ્રશંસા કરીએ છીએ. ૧.

इंदियचवलतुरंगो, दुग्गइमग्गाणुधाविरे निच्चं ।
भाविअभवस्सरूवो, रुंभइ जिणवयणरस्सीहिं ॥ २ ॥

દુર્ગતિને માર્ગે સદા દોડતા ઈન્દ્રિયરૂપી ચપળ અશ્વને ભવસ્વરૂપનો જ્ઞાતા જિનવચનરૂપી લગામથી રોકી રાખે છે. ૨

इंदियधुत्ताणमहो, तिलतुसमित्तंपि देसु मा पसरं ।
जइ दिन्नो तो नीओ, जत्थ खणो वरिसकोडिसमो ॥ ३ ॥

રે આત્મન્ ! ધૂર્ત એવી ઈન્દ્રિયોને તલના ફોતરા જેટલોય અવકાશ ન દઈશ. જો દીધો તો, જ્યાં એક ક્ષણ ક્રોડો વર્ષ સમાન છે; તે સ્થાનમાં તું દોરાયો સમજ. ૩

अजिइंदिएहिं चरणं, कट्ठं व घुणेहिं किरइ असारं ।
तो धम्मत्थीहिं दढं, जइअव्वं इंदियजयंमि ॥ ४ ॥

કીડાઓ વડે જેમ લાકડું અસાર કરાય છે, તેમ નહીં જિતેલી ઈન્દ્રિયોથી ચારિત્ર અસાર થાય છે. માટે ધર્માર્થીએ ઈન્દ્રિયોના વિજય માટે દૃઢ પુરુષાર્થ કરવો જોઈએ. ૪.

जह कागिणीइ हेउं, कोडिं रयणाण हारए कोइ ।
तह तुच्छविसयगिद्धा, जीवा हारंति सिद्धिसुहं ॥ ५ ॥

કાકિણી માટે ક્રોડ રત્ન જેમ કોઈ માનવી હારી જાય, તેમ તુચ્છ વિષયોમાં આસક્ત જીવો સિદ્ધિસુખને હારી જાય છે. ૫

तिलमित्तं विसयसुहं, दुहं च गिरिरायसिंगतुंगयरं ।
भवकोडिहिं न निट्ठइ, जं जाणसु तं करिज्जासु ॥ ६ ॥

વિષયસુખ તલમાત્ર છે, દુઃખ ગિરિરાજના શિખરથી પણ ઊંચુ (મોટું) છે. તે દુઃખ ક્રોડો ભવે પણ પૂર્ણ થતું નથી. હવે તને જેમ યોગ્ય લાગે તેમ કર ! ૬.

भुंजंता महुरा, विवागविरसा किंपागतुल्ला इमे,
कच्छु कंडुअणं व दुक्ख-जणया दाविंति बुद्धिसुहं ।
मज्झण्हे मयतिण्हिअव्व सययं मिच्छाभिसंधिप्पया,
भुत्ता दिंति कुजम्मजोणिगहणं, भोगा महावेरिणो ॥७॥

આ મહાન વૈરી ભોગો કિંપાકફળની જેમ ઉપભોગ સમયે મધુર પરંતુ પરિણામે વિરસ છે, ખરજ ખંજવાળવાની ક્રિયાની જેમ દુઃખજનક હોવા છતાં, તે કાલ્પનિક સુખ આપે છે. મધ્યાહ્ન કાળની મૃગ તૃષ્ણિકાની જેમ સતત મિથ્યા કલ્પના કરાવનાર વિષયભોગોના ઉપભોગથી અનિષ્ટ યોનિમાં જન્મ ગ્રહણ થાય છે. ૭

सक्का अग्गी निवारेउं, वारिणा जलिओ वि हु ।
सव्वोदहिजलेणावि, कामग्गी दुन्निवारओ ॥ ८ ॥

અગ્નિ પ્રજ્વલિત હોવા છતાં પાણીથી નિવારી શકાય છે, પરંતુ સર્વ સમુદ્રોના પાણીથી પણ કામાગ્નિ દુર્નિવાર્ય છે. ૯

विसमिव मुहंमि महुरा, परिणामनिकाम - दारुणा विसया ।
कालमणंतं भुत्ता, अज्जवि मुत्तुं न किं जुत्ता ? ॥ ९ ॥

પ્રારંભમાં મધુર અને પરિણામે અત્યંત ભયંકર વિષ સમાન વિષયોનો અનંતકાળસુધી ઉપભોગ કરવા છતાં શું તેનો ત્યાગ હજુએ ઉચિત નથી ? ૯

विसयरसासवमत्तो, जुत्ताजुत्तं न जाणइ जीवो ।
झुरइ कलुणं पच्छा, पत्तो नरयं महाघोरं ॥ १० ॥

વિષયરસ રૂપી મદિરાથી મત્ત બનેલો આત્મા યોગ્ય અયોગ્ય કશું જાણતો નથી. પરંતુ પછી મહાનરક પામીને કરુણ રીતે ઝૂરે છે. ૧૦

जह निंबदुमुप्पन्नो, कीडो कडुअंपि मन्नए महुरं ।
तह सिद्धिसुहपरुक्खा, संसारदुहं सुहं बिंति ॥ ११ ॥

લીમડાના વૃક્ષમાં ઉત્પન્ન થયેલ કીડો કટુ રસને પણ જેમ મધુર માને છે, તેમ સિદ્ધિસુખથી પરોક્ષ જીવો સંસારદુઃખને સુખ માને છે. ૧૨

अथिराण चंचलाण य, खणमित्तसुहंकराण पावाणं ।
दुग्गइनिबंधणाणं, विरमसु एआण भोगाणं ।। १२ ॥

અસ્થિર, ચંચળ, ક્ષણમાત્ર સુખદાયી, પાપી અને દુર્ગતિના કારણભૂત એવા ભોગોથી વિરામ પામો. ૧૨.

पत्ता य कामभोगा, सुरेसु असुरेसु तह य मणुएसु ।
न य जीव तुज्झ तित्ती, जलणस्स व कट्ठनियरेण ॥ १३ ॥

ઈચ્છિત ભોગો સુરલોકમાં, અસુરલોકમાં તેમજ મનુષ્યલોકમાં પ્રાપ્ત થયા, છતાંય કાષ્ઠના સમૂહથી જેમ અગ્નિ તૃપ્તિ ન પામે, તેમ હે જીવ ! તને તૃપ્તિ ન થઈ ! ૧૩

जहा य किंपागफला मणोरमा, रसेण वन्नेण य भुंजमाणा ।
ते खुट्टए जीविय पच्चमाणा, एओवमा कामगुणा विवागे ॥ १४ ॥

જેમ કિંપાકના ફળો રસે, રંગે અને ઉપભોગે મનોરમ હોવા છતાં પાચન પછી જીવિતનો ક્ષય કરે છે, તેમ આત્માના નાશમાં પરિણમતા કામગુણો કિંપાકફળની ઉપમાને યોગ્ય છે. ૧૪

सव्वं विलविअं गीअं, सव्वं नट्टं विडंबणा ।
सव्वे आभरणा भारा, सव्वे कामा दुहावहा ॥ १५ ॥

ગીત માત્ર જ્યારે આત્માને વિલાપરૂપ લાગે, નૃત્ય વિટંબણારૂપ જણાય, આભરણો ભારરૂપ લાગે અને વિષયો દુઃખદાયી લાગે, ત્યારે આત્મા અપૂર્વ ઉચ્ચસ્થિતિએ વિરાજી રહ્યો હોય. જગતનું બધું જ સુખ એને તૃણવત્ જણાય. સુરનરસુખને દુઃખ માનનાર સમ્યગ્દૃષ્ટિ આત્માની ઉચ્ચકક્ષાએ તે પહોંચી ચૂક્યો હોય, સંગીત એનું દિલ ન ડોલાવે, નૃત્ય એને મંત્રમુગ્ધ ન કરે, અલંકારો એને ન આકર્ષે, વિષયો એને ન ખેંચે. ૧૫

देविंदचक्कवट्टित्तणाइं, रज्जाइं उत्तमा भोगा ।
पत्ता अणंतखुत्तो, न य हं तत्तिं गओ तेहिं ॥ १६ ॥

ઐશ્વર્યયુક્ત દેવપણું તથા સાર્વભૌમત્વ અને રાજ્ય વગેરે ઉત્તમ ભોગસુખો અનંતવાર પ્રાપ્ત થયા તો પણ હું એથી તૃપ્ત ન થયો. ૧૬

संसारचक्कवाले, सव्वे वि य पुग्गला मए बहुसो ।
आहारिआ य परिणामिया य, न य तेसु तित्तो हं ॥ १७ ॥

સંસારચક્રવાલમાં સર્વ પુદ્ગલો બહુવાર મેં આહાર રૂપે ગ્રહણ કર્યાં અને પરિણમાવ્યાં પરંતુ તેથી હું તૃપ્ત ન થયો. ૧૭.

उवलेवो होइ भोगेसु, अभोगी नोवलिप्पइ ।
भोगी भमइ संसारे, अभोगी विप्पमुच्चइ ॥ १८ ॥

ભોગસુખોમાં લિપ્તતા હોય છે, જ્યારે અભોગી અલિપ્ત હોય છે. ભોગી સંસારમાં પરિભ્રમણ કરે છે અને અભોગી તેથી મુક્ત બને છે. ૧૮.

अल्लो सुक्को अ दो छूढा, गोलया मट्टिआमया ।
दो वि आवडिआ कूडे, जो अल्लो तत्थ लग्गइ ॥ १९ ॥

एवं लग्गंति दुम्मेहा, जे नरा कामलालसा ।
विरत्ता उ न लग्गंति, जहा सुक्के अ गोलए ॥ २० ॥

માટીના બે પિંડ, એક ભીનો અને એક સૂકો, ભીંત સાથે જ્યારે અફાળવામાં આવે ત્યારે માત્ર ભીનો પિંડ ભીંત સાથે ચોંટી જાય છે. તે જ રીતે દુર્બુદ્ધિ અને વિષયલાલચુ મનુષ્યો વિષયોમાં લિપ્ત બને છે. જ્યારે વિરાગી આત્માઓ અલિપ્ત રહે છે. ૧૯-૨૦.

तणकट्ठेहि व अग्गी, लवणसमुद्दो नईसहस्सेहिं ।
न इमो जीवो सक्को, तिप्पेउं कामभोगेहिं ॥ २१ ॥

જેમ તૃણ અને કાષ્ઠથી અગ્નિ અને હજારો નદીઓથી લવણસમુદ્ર તૃપ્ત થતો નથી; તેમ કામભોગોથી આ આત્મા તૃપ્ત ન જ થઈ શકે. ૨૧

भुत्तूण वि भोगसुहं, सुरनरखयरेसु पुण पमाएणं ।
पिज्जइ नरएसु भेरव, कलकलतउतंबपाणाइं ॥ २२ ॥

સુરલોકમાં, નરલોકમાં અને વિદ્યાધરોના સ્થાનમાં ભોગસુખનો અનુભવ કરીને પણ ફરી પ્રમાદને પરિણામે, પ્રાણી ભયંકર નરકને વિષે ઉકળતા સીસાના અને ત્રાંબાના રસનું પાન કરે છે. ૨૨

को लोहेण न निहओ, कस्स न रमणीहिं भोलिअं हिअयं।
को मच्चुणा न गहिओ, को गिद्धो नेव विसएहिं ? ॥ २३ ॥

લોભથી કોણ નથી હણાયું ? રમણીએ કોનું હૃદય નથી ભોળવ્યું ? મૃત્યુથી કોણ અગૃહીત રહી શક્યું છે ? વિષયસુખોમાં કોણ લુબ્ધ નથી બન્યું ? ૨૩.

खणमित्तसुक्खा बहुकालदुक्खा, पगामदुक्खा अनिकामसुक्खा ।
संसारसुक्खस्स विपक्खभूआ, खाणी अणत्थाण उ कामभोगा ॥ २४ ॥

કામભોગો ક્ષણમાત્ર સુખદ અને દીર્ઘકાળ દુઃખદ છે. એ અત્યંત દુઃખદાયી અને અલ્પ સુખદાયી છે. સંસારથી મુક્ત થવામાં તે વિપક્ષભૂત છે તથા અનર્થોની ખાણરૂપ છે. ૨૪.

सव्वगहाणं पभओ, महागहो सव्वदोसपायट्टी ।
कामग्गहो दुरप्पा, जेणभिभूअं जगं सव्वं ॥ २५ ॥

સર્વ ગ્રહોનો ઉત્પાદક અને સર્વ દોષોનો પ્રકાશક મહાગ્રહ રૂપ કામગ્રહ એવો દુરાત્મા છે કે, જેનાથી સમગ્ર વિશ્વ દબાયું છે. ૨૫.

जह कच्छुल्लो कच्छुं, कंडुअमाणो दुहं मुणइ सुक्खं ।
मोहाउरा मणुस्सा, तह कामदुहं सुहं बिंति ॥ २६ ॥

ખરજ રોગથી ગ્રસિત જેમ ખરજને ખણતી વખતે દુઃખને સુખરૂપ માને છે, તેમ મોહાતુર મનુષ્યો કામદુઃખને સુખ કહે છે. ૨૬.

सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।
कामे अ पत्थेमाणा, अकामा जंति दुग्गइं ॥ २७ ॥

વાસનાઓ શલ્ય છે, વાસનાઓ એ વિષ છે, વાસનાઓ આશીવિષસર્પ સમાન છે. વિષયની ઇચ્છામાત્રથી, તૃપ્તિ તો દૂર રહી પણ જીવો અનિચ્છાએ દુર્ગતિમાં જાય છે. ૨૭.

विसए अवइक्खंता, पडंति संसारसायरे घोरे ।
विसएसु निरविक्खा, तरंति संसारकांतारे ॥ २८ ॥

વિષયની ઇચ્છાવાળા જીવો ઘોર સંસારસાગરમાં ડૂબે છે. વિષયનિરપેક્ષ આત્માઓ સંસારઅટવીને તરે છે. ૨૮.

छलिया अवइक्खंता, निरावइक्खा गया अविग्घेणं ।
तम्हा पवयणसारे निरावइक्खेण होअव्वं ॥ २९ ॥

વિષયની અપેક્ષા રાખતા આત્માઓ ઠગાયા છે, જ્યારે વિષયથી નિરપેક્ષ જીવો પરમપદને પામ્યા છે, તેથી નિરપેક્ષ બનવું એ જ પ્રવચનનો સાર છે. ૨૯.

विषयाविक्खो निवडइ, निरविक्खो तरइ दुत्तरभवोहं ।
देवी- दीवसमागय भाउअ - जुअलेण दिट्ठंतो ॥ ३० ॥

વિષયની અભિલાષા સેવતો આત્મા ભવસમુદ્રમાં ડૂબે છે, જ્યારે વિષયનિરપેક્ષ આત્મા દુસ્તર ભવોદધિને પણ તરી જાય છે. રત્નાદેવીના દ્વીપ ઉપર ગયેલા બે ભાઈઓના દૃષ્ટાંતથી તે જોઈ શકાય છે. ૩૦.

जं अइतिक्खं दुक्खं, जं च सुहं उत्तमं तिलोअंमि ।
तं जाणसु विसयाणं, वुड्ढिक्खयहेउअं सव्वं ॥ ३१ ॥

સકલ જગતમાં જે અતિતીક્ષ્ણ દુઃખ અને જે અત્યુત્તમ સુખ છે, તે બધું જ વિષયોની વૃદ્ધિ તથા ક્ષયનું પરિણામ છે એ સમજ. ૩૧.

इंदियविसयपसत्ता, पडंति संसारसायरे जीवा ।
पक्खिव्व छिन्नपक्खा, सुसीलगुणपेहुणविहुणा ॥ ३२ ॥

છેદાયેલી પાંખોવાળા પક્ષીઓની જેમ સારી શીલગુણરૂપ પાંખો વિનાના અને ઇંદ્રિયોના વિષયમાં આસક્ત આત્માઓ સંસારસાગરમાં પડે છે. ૩૨.

न लहइ जहा लिहंतो, मुहल्लियं अट्ठिअं जहा सुणओ ।
सोसइ तालुअरसिअं, विलिहंतो मन्नए सुक्खं ॥ ३३ ॥

महिलाण कायसेवी, न लहइ किंचिवि सुहं तहा पुरिसो ।
सो मन्नए वराओ, सयकायपरिस्समं सुक्खं ॥ ३४ ॥

જેમ શ્વાન નથી જાણતો કે પોતાના જ મુખથી આર્દ્ર થયેલ અસ્થિને ચાટતાં પોતાના જ તાલુને તે સૂકવી રહ્યો છે અને તે અસ્થિ ચાટતાં સુખ માને છે; તેમ સ્ત્રીસેવનમાં કશું ય સુખ ન મળવા છતાં નારીદેહને સેવતો પામરપુરુષ સ્વદેહના પરિશ્રમને જ સુખ માને છે. ૩૩-૩૪.

सुट्ठु वि मग्गिज्जंतो, कत्थ वि कयलीइ नत्थि जह सारो ।
इंदियविसएसु तहा, नत्थि सुहं सुट्ठु वि गविट्ठं ॥ ३५ ॥

સારીરીતે શોધતાં કેળમાં ક્યાંય સાર જણાતો નથી, એજ રીતે ઇંદ્રિયોના વિષયોમાં સારીરીતે શોધવા છતાં સુખ જણાતું નથી. ૩૫.

सिंगारतरंगाए, विलासवेलाइ जुव्वणजलाए ।
के के जयंमि पुरिसा, नारीनइए न बुड्डंति ॥ ३६ ॥

શૃંગાર જેના તરંગો છે, વિલાસ જેનો કિનારો છે અને યૌવન જેનું જળ છે, તે નારીનદીમાં જગતના કયા કયા આત્માઓ નથી ડૂબતા ? ૩૬.

सोअसरी दुरिअदरी, कवडकुडी महिलिया किलेसकरी ।
वइरविरोयणअरणी, दुक्खखणी सुक्खपडिवक्खा ॥ ३७ ॥

સ્ત્રી શોકની સરિતા છે, દુરિતની ગુફા છે, કપટની કુંડી છે, ક્લેશકારી છે, વૈરાગ્નિને ઉત્પન્ન કરવામાં અરણી છે, દુઃખની ખાણ છે અને સુખને રોકનારી છે. ૩૭.

अमुणिअ मणपरिकम्मो, सम्मं को नाम नासिउं तरइ ।
वम्महसरपसरोहे, दिट्ठिच्छोहे मयच्छीणं ॥ ३८ ॥

परिहरसु तओ तासिं, दिट्ठिं दिट्ठिविसस्सव्व अहिस्स ।
जं रमणिनयणबाणा, चरित्तपाणे विणासंति ॥ ३९ ॥

ચિત્તનું સંસ્કરણ જાણ્યા વિના, મૃગાક્ષીઓના કટાક્ષો રૂપી કામબાણના વિસ્તૃત સમૂહથી સારીરીતે નાસવાને કોણ સમર્થ છે ? તેથી દૃષ્ટિવિષસર્પની

દૃષ્ટિની જેમ તેની દૃષ્ટિમાં ન આવ, કારણ કે રમણીનાં નયનબાણો ચારિત્રપ્રાણોનો વિનાશ કરે છે. ૩૮-૩૯.

सिद्धंतजलहिपारंगओ वि, विजिइंदिओ वि सूरो वि ।
दढचित्तो वि छलिज्जइ, जुवइपिसाइहिं खुड्डाहिं ॥ ४० ॥

અગાધ સિદ્ધાંતસમુદ્રને પાર કરનાર, ઈંદ્રિયોનો વિજેતા, શૂરવીર કે દૃઢચિત્તવાળો આત્મા પણ યુવતીરૂપી ક્ષુદ્ર પિશાચણીઓથી ઠગાય છે. ૪૦.

मयणनवणीयविलओ, जह जायइ जलणसंनिहाणंमि ।
तह रमणि - संनिहाणे, विद्दवइ मणो मुणीणंपि ॥ ४१ ॥

અગ્નિના સાંનિધ્યમાં મીણ અને માખણ જેમ ઓગળે, તેમ સ્ત્રીના સાનિધ્યમાં મુનિઓનું મન પણ ઓગળે. ૪૧.

निअंगमाहिं सुपउराहिं, उप्पिच्छमंथरगइहिं ।
महिलाहिं निम्मगाहि व, गिरिवरगरुआ वि भिज्जंति ॥ ४२ ॥

નીચાણના ભાગમાં વહેતી અને દર્શનીય મંદગતિવાળી ઘણી નદીઓથી જેમ મહાન પર્વતો પણ ભેદાઈ જાય; તેમ દુર્ગુણોના નીચ પંથે જનારી અને મોહક મંદગતિવાળી અનેક સ્ત્રીઓથી મહાનપુરુષો પણ ચલિત થઈ જાય છે. ૪૨

विसयजलं मोहकलं, विलासबिब्बोअ, जलयराइन्नं ।
मयमयरं उत्तिन्ना, तारुण्णमहन्नवं धीरा ॥ ४३ ॥

વિષયજળથી ભરેલું, મોહકાદવથી યુક્ત, વિલાસ તથા હાવભાવરૂપી જલચરોથી આકીર્ણ અને મદરૂપી મગરમચ્છથી યુક્ત યુવાનીરૂપી મહાસાગરને ધીરપુરુષો જ તરી શક્યા છે ! ૪૩.

जइ वि परिचत्तसंगो, तवतणुअंगो तहा वि परिवडइ ।
महिलासंसग्गिए, कोसाभवणूसिय मुणिव्व ॥ ४४ ॥

સર્વસંગનો પરિત્યાગ કરવા છતાં અને તપદ્વારા દેહને કૃશ કરવા છતાં, સ્ત્રીના સંસર્ગથી સાધુનું, કોશાના ભવનમાં રહેલા મુનિની જેમ પતન થાય છે. ૪૪.

सव्वग्गंथविमुक्को, सीईभूओ पसंतचित्तो अ ।
जं पावइ मुत्तिसुहं, न चक्कवट्टी वि तं लहइ ॥ ४५ ॥

સર્વ બંધનથી વિમુક્ત, શાંત અને પ્રસન્નચિત્તવાળો આત્મા મુક્તિનું જે સુખ પ્રાપ્ત કરે છે, તે સુખ ચક્રવર્તી પણ પામતો નથી. ૪૫.

खेलंमि पडिअमप्पं, जह न तरइ मच्छिआवि मोएउं ।
तह विसयखेलपडिअं, न तरइ अप्पंपि कामंधो ॥ ४६ ॥

શ્લેષ્મમાં પડેલી માખી જેમ પોતાની જાતને પણ મુક્ત કરી શકતી નથી; તેમ વિષયરૂપી શ્લેષ્મમાં પડેલો કામાંધ આત્મા પોતાની જાતને પણ તેમાંથી મુક્ત કરી શકતો નથી ! ૪૬.

जं लहइ वीअराओ, सुक्खं तं मुणइ सुच्चिय न अन्नो ।
नहि गत्तासूअरओ, जाणइ सुरलोइअं सुक्खं ॥ ४७ ॥

જેમ દેવલોકના સુખને ગટરમાં - અશુચિમાં રહેલું ભૂંડ ન જાણે; તેમ વીતરાગપરમાત્મા જે સુખ અનુભવે છે, તે તેઓ જ જાણે છે, અન્ય નહીં. ૪૭.

जं अज्जवि जीवाणं, विसएसु दुहासवेसु पडिबंधो ।
तं नज्जइ गुरुआण वि, अलंघणिज्जो महामोहो ॥ ४८ ॥

દુઃખદાયી વિષયો પ્રત્યે હજુ પણ જીવોને જે મમત્વ છે, તેથી જોઈ શકાય છે કે- મહામોહ ભલભલાને ય અલંઘ્ય છે ! ૪૮.

जे कामंधा जीवा, रमंति विसएसु ते विगयसंका ।
जे पुण जिणवयणरया, ते भीरु तेसु विरमंति ॥ ४९ ॥

જે જીવો કામાંધ છે, તે શંકારહિત થઈને વિષયોમાં રમે છે પણ જેઓ જિનવચનમાં રક્ત રહે છે, તે પાપભીરુ આત્માઓ વિષયોથી પાછા ફરે છે ! ૪૯.

असुइमुत्तमलपवाहरूवयं, वंतपित्तवसमज्जफोफसं ।
मेयमंसबहु- हड्डकरंडयं, चम्ममित्तपच्छाइअं जुवइअंगयं ॥ ५० ॥

અશુચિ - મૂત્ર મળના પ્રવાહરૂપ, વમન-પિત્ત-નસો-ચરબી અને ફેફસા યુક્ત, તથા મેદ-માંસ અને ઘણાં હાડકાંના કરંડિયારૂપ યુવતીનો દેહ ચામડી માત્રથી જ ઢંકાયેલો છે. ૫૦.

मंसं इमं मुत्तपुरिसमीसं, सिंघाणखेलाइअ- निज्झरंतं ।
एअं अणिच्चं किमिआण वासं, पासं नराणं मइबाहिराणं ॥ ५१ ॥

માંસલ, મૂત્ર અને મળયુક્ત, લીંટ અને શ્લેષ્મ ઝરતું તથા કૃમિઓના આવાસરૂપ આ અનિત્ય શરીર, મતિરહિત મનુષ્યોને પાશરૂપ છે. ૫૧.

पासेण पंजरेण य, बज्झंति चउप्पया य पक्खीइ ।
इय जुवइपंजरेण य, बद्धा पुरिसा किलिस्संति ॥ ५२ ॥

ચાર પગવાળાં પ્રાણીઓ પાશથી અને પંખીઓ પિંજરાથી બંધાય છે; તેમ યુવતીરૂપી પિંજરથી બંધાયેલા પુરુષો ક્લેશ પામે છે. ૫૨.

अहो ! मोहो महामल्लो, जेण अम्हारिसा वि हु ।
जाणंता वि अणिच्चत्तं, विरमंति न खणंपि हु ॥ ५३ ॥

અહો ! મોહ એ મહામલ્લ છે, જેની અનિત્યતા જાણવા છતાં, અમારા જેવા પણ એ મોહથી ક્ષણ માત્ર વિરમતા નથી. ૫૩.

जुवइहिं सह कुणंतो, संसग्गिं कुणइ सयलदुक्खेहिं ।
नहि मुसगाणं संगो, होइ सुहो सह बिडालेहिं ॥ ५४ ॥

ઊંદરોને બિલાડીનો સંગ સુખ ન આપે, તેમ યુવતિઓની સાથે કરાતો સંસર્ગ સકલદુ:ખનું કારણ છે. ૫૪

हरिहरचउराणण - चंदसुर - खंदाइणो वि जे देवा ।
नारीण किंकरत्तं, कुणंति धिद्धी विसयतिण्हा ॥ ५५ ॥

વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા, ચંદ્ર, સૂર્ય અને કાર્તિકસ્વામી વગેરે દેવો પણ નારીની ગુલામી કરે છે. ધિક્કાર છે વિષયતૃષ્ણાને ! ૫૫.

सीअं च उण्हं च सहंति मूढा, इत्थीसु सत्ता अविवेअवंता ।
इलाइपुत्तं व चयंति जाइं, जीअं च नासंति अ रावणुव्व ॥ ५६ ॥

મૂઢ અને અવિવેકી આત્માઓ સ્ત્રીઓમાં આસક્ત થઈને ઠંડી અને ગરમી સહન કરે છે, ઈલાચીપુત્રની જેમ જાતિનો ત્યાગ કરે છે અને રાવણની જેમ જીવિતનો પણ નાશ કરે છે. ૫૬.

वुत्तूण वि जीवाणं, सुदुक्कराइंति पावचरियाइं ।
'भयवं जा सा सा सा-' पच्चाएसो हु इणमो ते ॥ ५७ ॥

કહેવા પણ અતિમુશ્કેલ હોય તેવા . જીવોના પાપચરિત્રો છે. "ભગવન્ ! જે તે તે તે ?" પ્રશ્નનો જવાબ પણ તે જ છે. ૫૭.

जललवतरलं जीअं, अथिरा लच्छी वि भंगुरो देहो ।
तुच्छा य कामभोगा, निबंधणं दुक्खलक्खाणं ॥ ५८ ॥

તૃણના અગ્રભાગ ઉપર રહેલા જળબિંદુ જેવું જીવિત છે, લક્ષ્મી અસ્થિર છે, દેહ ભંગુર છે તથા કામભોગો તુચ્છ અને લાખો દુ:ખોનું કારણ છે. ૫૮

नागो जहा पंकजलावसन्नो, दट्ठुं थलं नाभिसमेइ तीरं ।
एवं जीआ कामगुणेसु गिद्धा, सुधम्ममग्गे न रया हवंति ॥ ५९ ॥

કાદવયુક્ત જળમાં ખૂંચાઈ ગયેલો હાથી સ્થળને જોવાં છતાં કિનારે આવી શકતો નથી; તેમ વિષયોમાં ગૃદ્ધ જીવો સુધર્મમાર્ગમાં રક્ત બનતાં નથી. ૫૯.

जह विट्ठपुंजखुत्तो, किमी सुहं मन्नए सयाकालं ।
तह विसयासुइरत्तो, जीवो वि मुणइ सुहं मूढो ॥ ६० ॥

વિષ્ટાના સમૂહમાં ખૂંચી ગયેલો કીડો જેમ સદાકાળ એમાં જ સુખ માને છે; તેમ વિષયરૂપી અશુચિમાં રક્ત મૂઢ જીવ પણ એમાં જ સુખ માને છે. ૬૦.

मयरहरो व जलेहिं, तहवि हु दुप्पूरओ इमे आया ।
विसयामिसंमि गिद्धो, भवे भवे वच्चइ न तत्तिं ॥ ६१ ॥

પાણીથી સમુદ્ર ભરાવો જેમ મુશ્કેલ છે તેમ વિષયરૂપી માંસમાં લુબ્ધ બનેલ આ આત્માને તૃપ્તિ થવી મુશ્કેલ છે. ભવો ભવ વિષયોનો ઉપભોગ કરવા છતાં તે તૃપ્તિ પામતો નથી. ૬૧.

विसयविसट्टा जीवा, उब्भडरूवाइएसु विविहेसु ।
भवसयसहस्सदुलहं, न मुणंति गयंपि निअजम्मं ॥ ६२ ॥

વિષયવિષથી પીડાયેલા આત્માઓ સમજતા નથી કે લાખો ભવોથી દુર્લભ એવો પોતાનો જન્મ; ઉદ્ભટ રૂપ, રસ વગેરે વિવિધ વસ્તુઓના રાગમાં ચાલ્યો જાય છે. ૬૨.

चिट्ठंति विसयविवसा, मुत्तूणलज्जंपि के विगयसंका ।
न गणंति के वि मरणं, विसयंकुससल्लिआ जीवा ॥ ६३ ॥

કેટલાક આત્માઓ વિષયોને પરવશ રહે છે, જ્યારે કેટલાક લજ્જા પણ મૂકીને નિઃશંક (પાપના ભયવિનાના) બની જાય છે, વળી વિષય અંકુશથી ઘવાયેલા કેટલાય આત્માઓ મૃત્યુને પણ ગણતા નથી. ૬૩.

विसयविसेणं जीवा, जिणधम्मं हारिऊण हा नरयं ।
वच्चंति जहा चित्तयनिवारिओ बंभदत्तनिवो ॥ ६४ ॥

શ્રીચિત્રકમુનિએ રોકવા છતાં, બ્રહ્મદત્તરાજા જેમ નરકગામી બન્યો; તેમ અહા ! વિષયવિષથી પીડિત આત્માઓ જિનધર્મને હારીને નરકે જાય છે. ૬૪.

धिद्धी ताण नराणं, जे जिणवयणामयंपि मुत्तूणं ।
चउगइविडंबणकरं, पीयंति विसयासवं घोरं ॥ ६५ ॥

જે મનુષ્યો અમૃત જેવા જિનવચનને મૂકી ચાર ગતિની વિટંબણાઓ આપનાર વિષયમદિરાનું પાન કરે છે, તેમને ધિક્કાર હો ! ૬૫.

मरणे वि दीणवयणं, माणधरा जे नरा न जंपंति ।
ते वि हु कुणंति लल्लिं, बालाणं नेहगहगहिला ॥ ६६ ॥

માનયુક્ત જે માનવો મરતાં પણ દીનવચન બોલતા નથી, તેઓ પણ સ્નેહરૂપી ગ્રહથી પાગલ થઈને સ્ત્રીઓની ચાપલુસી કરે છે. ૬૬.

सक्को वि नेव खंडइ, माहप्पमडुप्फुरं जए जेसिं ।
ते वि नरा नारीहिं, कराविआ निअयदासत्तं ॥ ६७ ॥

જગતમાં જેમનું માહાત્મ્ય અને આડંબર શક્ર પણ ન ખંડી શકે તેવા પણ (મહા) માણસો પાસે સ્ત્રીઓએ પોતાનું દાસત્વ કરાવ્યું છે . ૬૭.

जउनंदणो महप्पा, जिणभाया वयधरो चरमदेहो ।
रहनेमि राईमई, रायमइंकासि ही विसया ॥ ६८ ॥

मयणपवणेण जइ, तारिसा वि सुरसेलनिच्चला चलिया ।
ता पक्कपत्तसत्ताण, इअरसत्ताण का वत्ता ॥ ६९ ॥

શ્રીનેમિનાથપ્રભુના ભાઈ, વ્રતધારી, ચરમશરીરી, યદુનંદન રથનેમિ પણ રાજીમતી પ્રત્યે રાગવાળા થયા. હા ! ધિક્કાર છે વિષયોને ! તેમના જેવા મેરુપર્વતસમાન નિશ્ચળ આત્મા પણ મદનરૂપી પવનથી ચલિત થયા પાકા પાન જેવા બીજા પામરમાનવની તો શી વાત કરવી ? ૬૮-૬૯.

जिप्पंति सुहेणं चिय, हरिकरिसप्पाइणो महाकूरा ।
इक्कुच्चिय दुज्जेओ, कामो कयसिवसुहविरामो ॥ ७० ॥

સિંહ, હસ્તિ અને સર્પાદિ મહાક્રૂર પ્રાણીઓ હજી જીતવા સહેલા છે પરંતુ શિવસુખને રોકનાર એક કામદેવ ખરેખર દુર્જેય છે! ૭૦.

विसमा विसयपिवासा, अणाइ भवभावणाइ जीवाणं ।
अइदुज्जेयाणि इंदिआणि, तह चंचलं चित्तं ॥ ७१ ॥

વિષયતૃષ્ણા વિષમ છે, જીવોની સંસારવાસના અનાદિકાળની છે, ઇંદ્રિયો અતિદૂર્જેય છે અને ચિત્ત ચંચળ છે. ૭૧.

कलमल- अरइ- असुक्खं, वाही दाहाइ विविहदुक्खाइं ।
मरणं पि अ विरहाइसु, संपज्जइ कामतवियाणं ॥ ७२ ॥

કામથી તપતા જીવોને કલમલ, અરતિની પીડા તેમ જ વ્યાધિ, દાહ આદિ વિવિધ દુઃખો પ્રાપ્ત થાય છે અને વિરહ વગેરેમાં તો મરણ પણ થાય છે. ૭૨.

पंचिंदियविसयपसंग करेसि, मणवयणकाय नवि संवरेसि ।
तं वाहिसि कत्तिअ गलपएसि, जं अट्ठकम्म नवि निज्जरेसि ॥ ७३ ॥

પાંચ ઇન્દ્રિયના વિષયોનો જો તું સંગ કરે છે., મન, વચન અને કાયાને જો તું પાપથી અટકાવતો નથી અને અષ્ટકર્મની જો નિર્જરા કરતો નથી તો તું તારા ગળાઉપર જ કાતર ચલાવે છે. ૭૩.

किं तुमंधो सि किं वा सि धत्तुरिओ,
अहव किं सन्निवाएण आऊरियो ।

अमयसमधम्म जं विसव अवमन्नसे,
विसमविस विसय अमियं व बहुमन्नसे ॥ ७४ ॥

તું શું અંધ છે ? કે શું તને ધતૂરાનો નશો ચઢ્યો છે અથવા તું શું સંનિપાતથી પીડાય છે કે જેથી અમૃતસમાન ધર્મને તું વિષની જેમ અવગણે છે અને વિષયરૂપી વિષમવિષનો તું અમૃતની જેમ બહુ આદર કરે છે. ૭૪.

तुज्झ तह नाणविन्नाण गुणडंबरो,
जलणजालासु निवडंतु जिय निब्भरो ।
पयइवामेसु कामेसु जं रज्जसे,
जेहिं पुण पुण वि निरयानले पच्चसे ॥ ७५ ॥

રે આત્મન્ ! તારો જ્ઞાન, વિજ્ઞાન અને ગુણનો ઘણો પણ આડંબર અગ્નિની જ્વાલામાં પડો કે તે હોવા છતાં પણ, જે વિષયો સ્વભાવથી જ વક્ર છે અને જેનાથી તું ફરી ફરી નરકના અગ્નિમાં પકાવાય છે, તેમાં તું આનંદ પામે છે. ૭૫.

दहइ गोसीससिरिखंडर छारक्कए, छगलगहणट्ठमेरावणं विक्कए ।
कप्पतरुतोडि एरंड सो वावए, जुज्जि विसएहिं मणुअत्तणं हारए ॥ ७६ ॥

તુચ્છ વિષયો માટે મનુષ્યભવને જે ગુમાવે છે તે રાખ મેળવવા માટે ગોશીર્ષચંદનને બાળે છે, બકરો મેળવવા માટે ઐરાવણ હાથીને વેચે છે અને કલ્પતરુ તોડી એરંડાને વાવે છે. ૭૬.

अधुवं जीविअं नच्चा, सिद्धिमग्गं विआणिआ ।
विणिअट्टिज्ज भोगेसु, आउं परिमिअमप्पणो ॥ ७७ ॥

આયુષ્ય પરિમિત જાણી, જીવિતને અસ્થિર જાણી, સિદ્ધિમાર્ગને

સમજનાર આત્માએ ભોગોથી વિરમવું જોઈએ. ૭૭.

सिवमग्गसंठिआण वि, जह दुज्जेआ जीआण पण विसया ।
तह अन्नं किंपि जए, दुज्जेअं नत्थि सयले वि ॥ ७८ ॥

મોક્ષની સાધનામાં સ્થિત આત્માઓને પણ પાંચ વિષયો જેટલા દુર્જેય છે, તેટલું સમગ્ર જગતમાં બીજું કશું દુર્જેય નથી. ૭૮.

सविडं उब्भडरुवा, दिट्ठा मोहेइ जा मणं इत्थी ।
आयहियं चिंतंता, दूरयरेणं परिहरंति ॥ ७९ ॥

પ્રગટ ઉદ્‌ભટરૂપ ધરતી જે સ્ત્રી જોવામાત્રથી દિલને મુગ્ધ બનાવે છે, તેનો આત્મહિતચિંતકો દૂરથી જ પરિહાર કરે છે. ૭૯.

सच्चं सुअं पि सीलं, विन्नाणं तह तवं पि वेरग्गं ।
वच्चइ खणेण सव्वं, विसयविसेणं जईणं पि ॥ ८० ॥

મુનિવરોનું સત્ય અને શ્રુત, શીલ અને વિજ્ઞાન, તથા તપ અને વૈરાગ્ય એ સર્વ, વિષયવિષથી ક્ષણમાત્રમાં વિનાશ પામે છે. ૮૦.

रे जीव ! मइविगप्पिय, निमेससुहलालसो कहं मूढ ! ।
सासयसुहमसमतमं, हारिसि ससिसोअरं च जसं ॥ ८१ ॥

રે મૂર્ખ જીવ ! મતિકલ્પનાના ક્ષણિકસુખનો લાલચુ થઈ અનુપમેય શાશ્વતસુખને અને ચંદ્રસમાન ઉજ્વળ યશને શા માટે હારે છે ? ૮૧.

पज्जलिअ विसयअग्गी, चरित्तसारं डहिज्ज कसिणं पि ।
सम्मत्तं पि विराहिअ, अणंतसंसारिअं कुज्जा ॥ ८२ ॥

પ્રજ્વલિત વિષયાગ્નિ ચારિત્રના સઘળાયે સારને ભસ્મીભૂત કરીને, સમ્યક્ત્વને પણ વિરાધીને, જીવને અનંતસંસારી બનાવે છે. ૮૨.

**भीसणभवकंतारे, विसमा जीवाण विसयतिण्हाओ ।**
**जीए नडिआ चउदसपुव्वी वि रुलंति हु निगोए ॥ ८३ ॥**

ભીષણ ભવાટવીમાં જીવોની વિષયતૃષ્ણાઓ વિષમ છે, કે જેનાથી પીડિત ચૌદપૂર્વધરો પણ નિગોદમાં રુલે છે. ૮૩.

**हा विसमा हा विसमा, विसया जीवाण जेहि पडिबद्धा ।**
**हिंडंति भवसमुद्दे, अणंतदुक्खाइं पावंता ॥ ८४ ॥**

જીવોના વિષયસુખો વિષમ છે ! હા વિષમ છે કે જે વિષયોના રાગમાં ફસાયેલા જીવો અનંત દુઃખોને પ્રાપ્ત કરતાં કરતાં ભવસમુદ્રમાં ભટકે છે.૮૪.

**मायींदजालचवला, विसया जीवाण विज्जुतेअसमा ।**
**खणदिट्ठा खणनट्ठा, ता तेसिं को हु पडिबंधो ॥ ८५ ॥**

માયાવી ઈંદ્રજાળ જેવા ચપળ અને ક્ષણમાં દૃષ્ટિગોચર થઈ ક્ષણમાં નષ્ટ થતાં વીજળીના ચમકારા જેવા જેવોના વિષયો છે. માટે એના ઉપર, શું પ્રીતિ કરવી ? ૮૫.

**सत्तु विसं पिसाओ, वेआलो हुअवहो वि पज्जलिओ ।**
**तं न कुणइ जं कुविआ, कुणंति रागाइणो देहे ॥ ८६ ॥**

કુપિત રાગાદિ દોષો દેહમાં જે ભયાનકતા કરે છે, તે શત્રુ, વિષ, પિશાચ, વેતાલ કે પ્રજ્વલિત અગ્નિ પણ નથી કરતો. ૮૬.

**जो रागाईण वसे, वसंमि सो सयलदुक्खलक्खाणं ।**
**जस्सवसे रागाई, तस्स वसे सयलसुक्खाइं ॥ ८७ ॥**

જે રાગાદિને આધીન છે, તે સર્વ પ્રકારનાં લાખો દુઃખોને આધીન છે, રાગાદિ જેને આધીન છે તેને સકલ સુખો આધીન છે. ૮૭.

**केवल दुहनिम्मविए, पडिओ संसारसायरे जीवो ।**
**जं अणुहवइ किलेसं, तं आसवहेउअं सव्वं ॥ ८८ ॥**

કેવલ દુઃખ જ જ્યાં નિર્માયું છે તે સંસાર-સાગરમાં પડેલો આત્મા, જે વ્યથા અનુભવે છે; તે સઘળી વ્યથા આશ્રવથી ઉત્પન્ન થયેલી છે. ૮૮.

ही संसारे विहिणा, महिलारूवेण मंडिअं जालं ।
बज्झंति जत्थ मूढा, मणुआ तिरिआ सुरा असुरा ॥ ८९ ॥

હા ! વિધિએ વિશ્વમાં સ્ત્રી રૂપી જાળ રચી છે, કે જેમાં મૂર્ખ માનવો, તિર્યંચો, દેવો અને દાનવો પણ ફસાય છે. ૮૯.

विसमा विसयभुअंगा, जेहिं डंसिया जिआ भववणंमि ।
कीसंति दुहग्गीहिं, चुलसीईजोणिलक्खेसु ॥ ९० ॥

વિષયભુજંગો વિષમ છે. તેનાથી ડંસ પામેલા જીવો ભવવનમાં ચોરાશીલક્ષ યોનિમાં દુઃખાગ્નિથી કલેશ અનુભવે છે. ૯૦.

संसारचारगिम्हे, विसयकुवाएण लुक्किआ जीवा ।
हिअमहिअं अमुणंता, अणुहवंति अणंतदुक्खाइं ॥ ९१ ॥

સંસારભ્રમણરૂપી ગ્રીષ્મઋતુમાં વિષયરૂપી ખરાબ પવનથી લૂ લાગેલા જીવો હિતાહિતને નહિ જાણવાથી અનંતદુઃખનો અનુભવ કરે છે. ૯૧.

हा हा दुरंतदुट्ठा, विसयतुरंगा कुसिक्खिआ लोए ।
भीसणभवाडवीए, पाडंति जिआण मुद्धाणं ॥ ९२ ॥

હા ! હા ! લોકમાં વિષયરૂપી અત્યંત દુષ્ટ અને કુશિક્ષિત અશ્વો મુગ્ધજીવોને ભીષણ ભવાટવીમાં પાડે છે. ૯૨.

विसयपिवासातत्ता, रत्ता नारीसु पंकिलसरंमि ।
दुहिआ दीणा खीणा, रुलंति जीवा भववणंमि ॥ ९३ ॥

વિષયપિપાસાથી તપ્ત, નારીરૂપી કાદવના સરોવરમાં રક્ત, દુઃખિત, દીન અને ક્ષીણ આત્માઓ ભવવનમાં રુલે છે. ૯૩.

गुणकारिआइं धणिअं, धिइरज्जुनियंतिआइं तुह जीव ।
निअयाइं इंदिआइं, वल्लिनिअत्ता तुरंगुव्व ॥ ९४ ॥

રે આત્મન્ ! લગામથી નિયંત્રિત અશ્વની જેમ, સંતોષરજ્જુથી નિયંત્રિત થયેલી તારી ઈન્દ્રિયો તને ખૂબ જ ગુણકારી બનશે. ૯૪

मणवयणकायजोगा, सुनिअत्ता ते वि गुणकरा हुंति ।
अनिअत्ता पुण भंजंति, मत्तकरिणुव्व सीलवणं ॥ ९५ ॥

મનોયોગ, વચનયોગ અને કાયયોગ - તે પણ સુનિયંત્રિત હોય તો ગુણકર થાય છે, પરંતુ અનિયંત્રિત થયેલા તે શીલરૂપી વનને મત્ત હાથીની જેમ ભાંગી નાંખે છે. ૯૫.

जह जह दोसा विरमइ, जह जह विसएहिं होइ वेरग्गं ।
तह तह विन्नायव्वं, आसन्नं से अ परमपयं ॥ ९६ ॥

જેમ જેમ દોષો વિરામ પામે અને જેમ જેમ વિષયોથી વિરાગ થાય; તેમ તેમ તેનું પરમપદ નજીક જાણવું. ૯૬.

दुक्करमेएहिं कयं, जेहिं समत्थेहिं जुव्वणत्थेहिं ।
भग्गं इंदिअसिन्नं, धिइपायारं विलग्गेहिं ॥ ९७ ॥

ધૃતિરૂપી કોટનો આશ્રય કરીને રહીને જે સમર્થ યુવાન આત્માઓએ ઈન્દ્રયોના સૈન્યને ભગાડી મૂક્યું છે, તેમણે દુષ્કર કાર્ય કર્યું છે. ૯૭.

ते धन्ना ताण नमो, दासो हं ताण संजमधराणं ।
अद्धच्छीपिच्छरिओ, जाण न हिअए खडक्कंति ॥ ९८ ॥

અર્ધચક્ષુથી દૃષ્ટિ ફેંકનારી સ્ત્રીઓ જેમના હૃદયમાં વસતી નથી, તેમને ધન્ય છે, તેમને નમસ્કાર હો ! તે સંયમધરોનો હું દાસ છું. ૯૮.

किं बहुणा जइ वंछसि, जीव ! तुमं सासयं सुहं अरुअं ।
ता पीअसु विसयविमुहो, संवेगरसायणं निच्चं ॥ ९९ ॥

હે આત્મન્ ! વધારે કહેવાથી શું ? રોગરહિત શાશ્વતસુખને નિત્ય તું તલસે છે, તો વિષયવિમુખ બનીને સંવેગરસાયણનું નિત્ય પાન કર. ૯૯.

# વૈરાગ્યરસાયણશતક

આ શતક, વૈરાગ્યશતક જેટલું પ્રસિદ્ધિ પામ્યું નથી... મોક્ષાર્થી-મુમુક્ષુ આત્માઓએ આ શતક પણ કંઠસ્થ કરી, હૃદયસ્થ બનાવવા જેવું છે. કેટલીક ગાથાઓ વૈરાગ્યશતકને અનુસરતી છે. કેટલીક ગાથાઓ ઉત્તરાધ્યયનના ૩૨મા અધ્યયનમાંથી ઉદ્ધૃત કરેલી છે. રાગ-દ્વેષનું ઝેર ઉતારવા, વિષય-કષાયોની પરાધીનતામાંથી છૂટવા આ શતકનો સ્વાધ્યાય પણ એટલો જ ઉપયોગી અને પ્રેરણાદાયી છે.

આ ગ્રંથના રચયિતા શ્રીલક્ષ્મીલાભ નામના મહાત્મા છે. દરેક પ્રકરણોમાં કોઈને કોઈ વિશિષ્ટ ચિંતનો હોય છે. અને તે આત્માર્થી જીવોને વૈરાગ્યના રંગોથી રંગી નાખે છે. આ શતકના સ્વાધ્યાય દ્વારા વૈરાગ્યના રસાયણનું પાન કરી આત્માનો કાયાકલ્પ કરવા જેવો છે.

---

પરમગુરુવર પ્રેમસૂરીશ્વર - ગુરુમંદિરમાં સં. ૨૦૫૫માં ચાતુર્માસ બિરાજમાન પૂ. પરમતપસ્વિની સા. શ્રીચન્દ્રિકાશ્રીજી મ. આદિ ઠા.૫ ની શુભનિશ્રામાં થયેલ જ્ઞાનખાતાની ઊપજમાંથી આ ગ્રંથપ્રકાશનમાં રૂા. ૫,૦૦૧ પ્રદાન કરી ત્યાંની આરાધક બહેનોએ શ્રુતભક્તિનો અમૂલ્ય લાભ લીધો છે.

- પૂ.પં. શ્રી પદ્મવિજયજી ગણિવર જૈન
ગ્રંથમાળા ટ્રસ્ટનું ટ્રસ્ટી મંડળ

# વૈરાગ્યરસાયણશતકં

संसारविउलसायर-निवडियजीवाण उद्धरणधीर ! ।
सिरिवीरनाहजिणवर !, पणयपुरंदर ! नमो तुज्झ ॥ १ ॥

વિશાળ એવા સંસારસાગરમાં પડેલા જીવોનો ઉદ્ધાર કરવામાં ધીર અને ઇન્દ્રોથી નમસ્કાર કરાયેલા હે શ્રીવીરજિનેશ્વર ! આપને નમસ્કાર થાઓ અર્થાત્ હું આપને નમસ્કાર કરું છું. (૧)

संवेगरयणखाणीण, पाए पणमित्तु सव्वसूरीणं ।
विरएमि पगरणमहं, वेरग्गरसायणं नाम ॥ २ ॥

સંવેગરત્નની ખાણસમા સર્વ આચાર્યભગવન્તોનાં ચરણોમાં પ્રણામ કરીને વૈરાગ્યરસાયણ નામના પ્રકરણની હું રચના કરું છું (૨)

वेरग्गं इह हवइ, तस्स य जीवस्स जो हु भवभीरू ।
इयरस्स पुणो वेरग्ग-रंगवयणं पि विससरिसं ॥ ३ ॥

આ સંસારમાં તે જ જીવને વૈરાગ્ય પેદા થાય છે, કે જે ખરેખર સંસારથી ભયભીત બની ગયો છે. બીજાને તો વૈરાગ્યના રંગથી રંગાયેલું એવું પણ વચન ઝેર સમાન લાગે છે. ૩

वेरग्गं खलु दुविहं, निच्छयववहाररूवमिह वुत्तं ।
निच्छयरूवं तं चिय, जं तिगरणभाववु(सु)द्धीए ॥ ४ ॥

આગમમાં (૧) નિશ્ચય અને (૨) વ્યવહાર રૂપ બે પ્રકારે વૈરાગ્ય

કહેવાયો છે. એમાં મન-વચન-કાયાના ભાવોની શુદ્ધિ દ્વારા થતો વૈરાગ્ય, નિશ્ચયસ્વરૂપ વૈરાગ્ય છે. ૪

ववहारवेरग्गं जं, पररंजणकयम्मि किज्जइ य ।
तं पि हु कोडाकोडी-वारं लद्धं च जीवेण ॥ ५ ॥

જે બીજાઓને ખુશ કરવા માટે (આનંદિત કરવા માટે) થતો વૈરાગ્ય (કહેવાતો એવો વૈરાગ્ય) તે વ્યવહારરૂપ વૈરાગ્ય છે આવો વૈરાગ્ય તો ખરેખર આ સંસારમાં જીવે ક્રોડો વાર પ્રાપ્ત કર્યો.૫

अहवा वि होइ दुविहं, निसग्गुवएसभेयसंभिन्नं ।
संवेगं सिवकारण-भूयं परमत्थजुत्तीए ॥ ६ ॥

અથવા તો પરમાર્થની યુક્તિથી મોક્ષના કારણભૂત એવો સંવેગ વૈરાગ્ય નિસર્ગથી અને ઉપદેશથી એમ બે પ્રકારે પણ થાય છે. ૬

निसग्गं( खलु )दुभेयं, बाहिरपच्चयं अबाहिरं चेव ।
पत्तेयबुद्धसिद्धाण, सयंसंबुद्धाण तं जाण ॥ ७ ॥

નિસર્ગવૈરાગ્ય પણ (૧) બાહ્યનિમિત્તથી અને (૨) બાહ્યનિમિત્ત વગર- એમ બે પ્રકારે થાય છે. પ્રત્યેકબુદ્ધ મહાપુરુષોને બાહ્ય નિમિત્તથી વૈરાગ્ય થાય છે. સ્વયંસંબુદ્ધ મહાપુરુષોને બાહ્યનિમિત્ત વગર વૈરાગ્ય થાય છે. ૭

उवएसं वेरग्ग-जुयभेयविसुद्धमुत्तमं सुत्ते ।
बहुसवणमबहुसवणं, सुगुरुसमीवे हवइ तं च ॥ ८ ॥

આગમોમાં વિશુદ્ધ, ઉત્તમ અને ઉપદેશથી થતો વૈરાગ્ય પણ બે પ્રકારે કહ્યો છે. (૧) સદ્‌ગુરુ પાસે ઘણો ઉપદેશ સાંભળી વૈરાગ્ય થાય તે બહુશ્રવણ વૈરાગ્ય (૨) થોડો ઉપદેશ સાંભળી વૈરાગ્ય થાય તે અબહુશ્રવણ વૈરાગ્ય. ૮

निम्मलमणपुहवी-रुहो य जिणधम्मनीरपरिसित्तो ।
सिवसुहफलभरनमिओ, संवेगतरू जये जयऊ ॥ ९ ॥

નિર્મળ મનરૂપી પૃથ્વી પર ઊગેલું, જિનધર્મ રૂપી પાણીથી સિંચાયેલું અને શિવ-મોક્ષસુખરૂપી ફળના ભારથી નમેલું સંવેગરૂપી વૃક્ષ જગતમાં જય પામો. ૯

रे जीव ! मोहपासेण, अणाइकालाओ वेढिओऽसि तुमं ।
इय नाऊण सम्मं, छिंदसु तं नाणखग्गेण ॥ १० ॥

હે જીવ ! અનાદિકાળથી આ સંસારમાં મોહ-રાગ-દ્વેષનાં બંધનથી તું બંધાયેલો છે. આ હકીકત સારીરીતે સમજીને તે બંધનને જ્ઞાનરૂપી ખડ્ગથી છેદી નાખ. ૧૦

नरखित्तदीहकमले, दिसादलड्ढे वि नागनालिल्ले ।
निच्चं पि कालभमरो, जणमयरंदं पियइ बहुहा ॥ ११ ॥

દિશાઓ રૂપી પાંદડાઓથી વિશાળ અને પર્વતરૂપી દાંડીવાળા મનુષ્યક્ષેત્રરૂપ લાંબા કમળને વિશે કાળરૂપી ભમરો મનુષ્યરૂપ મકરંદને અનેક રીતે હંમેશા ચૂસે છે. ૧૧

कोहानलं जलंतं, पज्जालंतं सरीरतिणकुडीरं ।
संवेगसीयसीयल-खमाजलेणं च विज्झवह ॥ १२ ॥

શરીરરૂપી ઝુંપડીને બાળતા ક્રોધરૂપી ભડભડતા અગ્નિને સંવેગરૂપી ઠંડીથી શીતલ થયેલા ક્ષમારૂપી પાણીથી બૂઝવી નાંખો. ૧૨

तनुगहणवणुप्पन्नं, उम्मुलंतविवेयतरुमणहं ।
मिउभावअंकुसेणं, माणगयंदं वसीकुणह ॥ १३ ॥

શરીરરૂપી ગહન વનમાં જન્મેલા વિવેકરૂપી કિંમતી વૃક્ષને ઉખેડી નાંખતા માનરૂપી હાથીને નમ્રતારૂપ અંકુશથી વશમાં રાખો. ૧૩

जा अइकुडिला डसइ, अप्पापुरिसं च विस्सदोहयरा ।
अज्जवमहोरगेणं, तं मायासप्पिणिं जिणह ॥ १४ ॥

સમસ્ત વિશ્વનો વિશ્વાસઘાત કરનારી અતિકપટભાવવાળી માયારૂપી સાપણ આત્મારૂપ પુરુષને ડંખ મારે છે એનો સરળતારૂપ મહા-સાપવડે જય કર. અર્થાત્ જીતી લે. ૧૪

सुहं देहसिरिघराओ, जीवनिवइणो य गुणगणनिहाणं ।
गिण्हंतं हो ! साहह, तण्हाचोरं महाघोरं ॥ १५ ॥

હે જીવો ! દેહરૂપી લક્ષ્મીના ઘરમાંથી સુખને અને જીવરૂપ રાજા પાસેથી ગુણના સમુદાયરૂપ નિધાનને ચોરતા એવા તૃષ્ણારૂપ મહાભયંકર ચોરને પકડી લો. ૧૫

इच्छानिरोहमुग्गर-पहारपूरेण लोहगुरुकुंभं ।
तह संचुन्नह विबुहा!, पुणोवि न जह तारिसो होइ ॥ १६ ॥

હે બુદ્ધિમાન પુરુષો ! તમે ઈચ્છાનિરોધરૂપ મુદ્ગરનો જોરદાર પ્રહાર કરી લોભરૂપ મોટા ઘડાના એવા ચૂરેચૂરા કરી નાંખો કે તે ઘડો ફરી પાછો તેવો ન થાય. અર્થાત્ લોભ પાછો માથું ન ઊંચકે. ૧૬

देहुज्जाणाओ वि य, नीहरमाणं च मोहवेयालं ।
अन्नाणजणणिपुत्तं, कीलह वेरग्गमंतेण ॥ १७ ॥

શરીરરૂપ બગીચામાંથી નીકળતા અજ્ઞાનરૂપી માતાના પુત્ર મોહરૂપ વેતાલને વૈરાગ્યરૂપ મંત્રવડે વશમાં લઈ લો અર્થાત્ બાંધી દો. ૧૭

चउव्विहकसायरुक्खो, हिंसादढमूलविसयबहुसाहो ।
जम्मजरामरणफलो, उम्मुलेयव्वो य मूलाओ ॥ १८ ॥

હિંસારૂપ અત્યંત મજબૂત મૂળિયાઓવાળા, વિષયરૂપ ઘણી શાખાઓવાળા અને જન્મ-જરા-મરણરૂપ ફળવાળા એવા ચાર પ્રકારના કષાયરૂપ વૃક્ષને મૂળમાંથી જ ઉખેડી નાંખવા જેવું છે. ૧૮

भीमम्मि भवसमुद्दे, पडिया कीसंति पाणिणो मूढा ।
न सरंति निरुयवेरग्ग-बंधवं बंधणविमुक्कं ॥ १९ ॥

ભયંકર સંસારસમુદ્રમાં પડેલા મૂઢ પ્રાણીઓ દુ:ખી થાય છે પરંતુ કોઈપણ જાતના બંધન વગરના, રોગ રહિત વૈરાગ્યરૂપ બાંધવને જરા પણ યાદ કરતા નથી. ૧૯

करुणाकमलाइन्ने, आगमउज्जलजलेण पडिपुन्ने ।
बारस- भावणहंसे, झीलह वेरग्गपउमदहे ॥ २० ॥

કરુણારૂપ કમળોથી ભરેલા આગમરૂપ ઉજ્જવલ (નિર્મળ-સુંદર) પાણીથી પરિપૂર્ણ અને બારભાવનાઓરૂપ હંસલાઓથી યુક્ત વૈરાગ્યરૂપ પદ્મસરોવરમાં તમે સ્નાન કરો ! ૨૦

कल्लोलचवलालाच्छी, सयणाणं संगमा सुविणतुल्ला ।
तडिदिव चलं वियाणह, जुव्वणदेहं जरागेहं ॥ २१ ॥

લક્ષ્મી સમુદ્રના મોજાં જેવી ચપળ છે. સ્વજનોનો મેળાપ સ્વપ્ન જેવો છે અને વિજળી જેવો ચંચળ યુવાન દેહ વૃદ્ધાવસ્થાનું ઘર છે, એમ જાણો.. ૨૧

सिद्धिपुरबारअग्गल-सरिसं उज्झिय ममत्तभावं खु ।
तण्हामहाऽहिमंतं, चिंतसु निम्ममत्तणं धीर ! ॥ २२ ॥

હે ધીરપુરુષ ! મોક્ષરૂપ નગરના દ્વારમાટે અર્ગલાસમાન મમત્વભાવનો ત્યાગ કરીને તૃષ્ણા-ઈચ્છારૂપ મહાસર્પને વશ કરવામાં

મંત્રસમાન નિર્મમત્વભાવનો તું વિચાર કર. ૨૨

इंदाइया य देवा, मरंति कालेण पीडियाऽसरणा ।
ता तुब्भ मरणकाले, होही को नाम सरणं च ? ॥ २३ ॥

પીડિત અને અશરણ એવા ઇંદ્રાદિ દેવો પણ કાળે કરીને મરણ પામે છે, માટે હે જીવ ! મરણ સમયે તને કોણ શરણ થશે, તારું રક્ષણ કરશે ? ૨૩

पियमायभायपरियण-जणेसु पासंतएसु रे जीव ! ।
जममंदिरं नीओ, अत्ताणो सकयकम्मेहिं ॥ २४ ॥

હે જીવ ! પિતા-માતા-ભાઈ વગેરે પરિવાર જોઈ રહ્યો હોય તો પણ પોતાનાં કર્મોથી અશરણ એવા જીવને યમમંદિરમાં લઈ જવાય છે. ૨૪

जइ सुत्तो ता भुत्तो, कालपिसाएण गसियलोएणं ।
मा मा वीसहसु तुमं, रागद्दोसाण सत्तूणं ॥ २५ ॥

હે જીવ ! જો તું મોહની નિદ્રામાં સૂઈ ગયો તો સમગ્રલોકને ગળી જનારા કાળપિશાચવડે તું ભોગવાઈ ગયો, એમ સમજ. અર્થાત્ કાળપિશાચ તને પણ ગળી જશે એમ સમજ. માટે રાગ-દ્વેષરૂપ શત્રુઓનો તું જરા પણ વિશ્વાસ ન કરીશ. ૨૫

गहिऊण सव्वविरइं, अणुव्वयाइं च चत्तुमिच्छेसि ।
विसयवसेण कायर !, इय लज्जा तुज्झ अइगरुई ॥ २६ ॥

હે જીવ ! વિષયસુખોની પરવશતાથી કાયર બનેલો તું સર્વવિરતિ કે દેશવિરતિ ગ્રહણ કરીને તેને છોડવા ઇચ્છે છે તે તારી મોટી શરમજનક વસ્તુ છે. ૨૬

परिहर कुमित्तसंगं, जस्स य संगाओ हवसि चलचित्तो ।
वाएण हीरमाणो, दुमुव्व कुरु साहुसंसग्गं ॥ २७ ॥

હે જીવ ! કુમિત્રના સંગનો ત્યાગ કર. કારણ કે- પવનથી ખેંચી જવાતા વૃક્ષની જેમ એ મિત્રના સંગથી તું ચંચળ ચિત્તવાળો બન્યો છે, માટે સજ્જન પુરુષોનો સંગ કર ! ૨૭

कारागिहम्मि वासो, सीसे घाओ वि होउ खग्गस्स ।
लग्गउ मम्मे बाणो, मा संगो होउ कुगुरुस्स ॥ २८ ॥

ભલે જેલમાં વસવું પડે, ભલે મસ્તક ઉપર તલવારનો ઘા લાગે, ભલે મર્મસ્થાનમાં બાણ વાગે એ બધું મને મંજુર છે પણ કુગુરુનો સંગ કોઈ સંયોગોમાં મને મંજુર નથી. ૨૮

वरनाणकिरियचक्कं, तवनियमतुरंगमेहिं परिजुत्तं ।
संवेगरहं आरुहिय, वच्चह निव्वाणवरणयरं ॥ २९ ॥

હે ભવ્યજીવો ! જ્ઞાન અને ક્રિયારૂપ બે ચક્રવાળા, તપ અને નિયમરૂપ બે ઘોડાઓથી જોડાયેલા, સંવેગરૂપ રથમાં બેસીને શ્રેષ્ઠ એવા મોક્ષનગરમાં પહોંચી જાઓ. ૨૯

दुक्खमहाविसवल्लिं, भूरिभवभमणपावतरुचडियं ।
वेरग्गकालकरवाल-तिक्खधाराहिं कप्पेसु ॥ ३० ॥

ઘણાં ભવભ્રમણનાં પાપરૂપ વૃક્ષ ઉપર ચઢેલી દુ:ખરૂપ મહા વિષ વેલડીને જોરદાર વૈરાગ્યરૂપ તલવારની તીક્ષ્ણ ધારાઓથી કાપી નાંખ. ૩૦

संवेगमहाकुंजर-खंधे चडिऊण गहिवि तवचक्कं ।
घणकम्मरायसेण्णं, निद्दलह समाहिमणुहवह ॥ ३१ ॥

સંવેગરૂપ મોટા હાથીના સ્કંધ પર ચઢીને, તપરૂપ તીક્ષ્ણ ચક્રને ગ્રહણ કરીને, ઘાતિ કર્મોરૂપ રાજાના સૈન્યનો નાશ કરો અને આત્મિક સુખનો અનુભવ કરો. ૩૧

पंचिंदियचवलतुरए, पइदिवसं कुप्पहम्मि धावंते ।
सुयरज्जुणा निगिण्हिय, बंधह वेरग्गसंकुम्मि ॥ ३२ ॥

પાંચ ઈન્દ્રિયરૂપ ચપળ ઘોડાઓ જે હંમેશ કુમાર્ગ તરફ દોડી રહ્યા છે, તે ઘોડાઓનો શાસ્ત્રજ્ઞાનના દોરડાથી નિગ્રહ કરીને તેને વૈરાગ્યરૂપી ખીલે બાંધો. ૩૨

अप्पसराओ जाए, दंसणवित्थिण्णनाणपरिकलिए ।
वेरग्गमहापउमे, समाहिभसलो झुणज्झुणउ ॥ ३३ ॥

આત્મસરોવરમાં પેદા થયેલા દર્શનરૂપ વિસ્તારવાળા અને જ્ઞાનથી શોભતા એવા વૈરાગ્યરૂપ મહાકમળને વિશે સમાધિરૂપ ભમરાઓ ગુંજારવ કરો. (અવ્યક્ત શબ્દને કરો.) ૩૩

जइ सुद्धभावणाए, जीवपुरिसेण पत्थिओ होइ ।
संवेगकप्परुक्खो, किं किं न हु वंछियं देह ॥ ३४ ॥

જીવ જો શુદ્ધ ભાવનાથી સંવેગરૂપી કલ્પવૃક્ષ પાસે પ્રાર્થના કરે તો તે સંવેગરૂપ કલ્પવૃક્ષ જીવને શું શું ઈચ્છિત ન આપે ? અર્થાત્ સર્વ ઈચ્છિત આપે. ૩૪

दोससयगग्गरीणं, विरत्तविसवल्लरीण नारीणं ।
जइ इच्छह संवेगं, ता संगं चयह तिविहेणं ॥ ३५ ॥

હે જીવો ! જો તમે સંવેગરૂપ ગુણની પ્રાપ્તિ થાય એવું ઈચ્છતા હો તો, સેંકડો દોષથી ભરેલી ગાગર જેવી અને વૈરાગ્ય ગુણમાટે

વિષની વેલડી સમાન સ્ત્રીઓના સંગનો, મન-વચન-કાયાના યોગથી પ્રયત્નપૂર્વક ત્યાગ કર. ૩૫

समए समए आऊ, सयं च विहडइ न वड्डए अहियं ।
परिअडइ कायलग्गो, कालो छायामिसेणं ते ॥ ३६ ॥

પ્રત્યેક સમયે આયુષ્ય ઘટતું જાય છે પણ વધતું નથી. તારા શરીર સાથે જોડાયેલો કાળ, પડછાયાના બહાનાથી તારી આસપાસ ફર્યા જ કરે છે. ૩૬

किं किं न कयं तुमए, किं किं कायव्वयं न अहुणा वि ।
तं किमवि कुणसु भायर !, जेणऽप्पा सिद्धिपुरमेइ ॥ ३७ ॥

અરે ભાઈ ! તારાવડે શું શું નથીં કરાયું ? હમણાં પણ તારાવડે કરવા યોગ્ય શું શું કરાયું નથી ? હજી પણ એવું કંઈક કર કે- જેથી તારો આત્મા મોક્ષનગરમાં પહોંચે. ૩૭

उअरस्स कए को को, न पत्थिओ ? इत्थ मइ निलज्जेणं ।
तं किमवि कयं न सुकयं, जेण कएणं सुही होमि ॥ ३८ ॥

લજ્જા વગરના એવા મેં પેટની ખાતર કોની કોની પ્રાર્થના કરી નથી ? ખરેખર જે કરવાવડે હું સુખી થાઉં એવું કોઈપણ સારું કૃત્ય મારાવડે નથી કરાયું. ૩૮

सव्वेसु वि जीवेसु, मित्तीतत्तं करेह गयमोहा ।
परिहरह वेरभावं, अट्टं रुद्दं च वोसिरह ॥ ३९ ॥

હે ભવ્યજીવો ! મોહરહિત બનેલા તમે સર્વજીવો પ્રત્યે હિતચિંતા રૂપ મૈત્રીભાવના કરો, વૈરભાવનો ત્યાગ કરો અને આર્ત- રૌદ્રધ્યાનનો ત્યાગ કરો. ૩૯

सयलसमाहिनिहाणं, वियरियभवियणसमूहथिरठाणं ।
पावमलवारिपूरं, सासयसंवेगं अब्भसह ॥ ४० ॥

હે ભવ્યજીવો ! સઘળીય સમાધિઓનું નિધાન, ભવ્યજીવોના સમુદાયને સ્થિરસ્થાન - મોક્ષ આપનાર અને પાપના મળને ધોવા પાણીના પૂરસમાન શાશ્વત સંવેગનો તમે અભ્યાસ કરો અર્થાત્ વારંવાર સંવેગની ભાવના કરો. ૪૦

खंतिपायारमंडिय-महिंसगोउरं तं उज्जमकवाडं ।
जीवनरिंदपमुइयं, नंदउ वेरग्गपट्टणयं ॥ ४१ ॥

ક્ષમારૂપ કિલ્લાથી શોભતું, અહિંસારૂપ દરવાજાવાળું, ઉદ્યમરૂપ બારણાંવાળું, જીવરૂપ રાજાને આનંદ આપનારું વૈરાગ્ય નામનું નગર જય પામો. ૪૧

संवेगविणा जं किंपि, पालिज्जइ वयणमणुव्वयं भाय ! ।
तं किर अहलं नेयं, ऊसरखित्तम्मि बीयं व ॥ ४२ ॥

હે બાંધવ ! સંવેગ વિના જે કાંઈપણ મહાવ્રત કે અણુવ્રતનું પાલન થાય છે, તે ખરેખર ઉખરભૂમિમાં વાવેલાં બીજની જેમ નિષ્ફળ છે. ૪૨

जइ इच्छह परमपयं, अहवा कम्मक्खयं च वा तत्तं ।
ता पालह जीवदयं, जिणसासणपुत्तिसावित्तीं ॥ ४३ ॥

હે જીવ ! જો તને પરમપદની તેમજ તાત્ત્વિક કર્મક્ષયની ઈચ્છા હોય તો જિનશાસનરૂપ પુત્રીની માતા જીવદયાનું પાલન કર. ૪૩

मा भणह अलियवयणं, सुणिऊणं वसु-वसुहवईचरियं ।
सच्चं पि य मा भासह, जं परपीडाकरं होई ॥ ४४ ॥

વસુધાપતિ વસુરાજાનું ચરિત્ર સાંભળીને અસત્ય વચન ન બોલશો અને બીજાને પીડા કરનારું થાય એવું સત્ય વચન પણ ન બોલશો. ૪૪.

लोए वि जं सुणिज्जइ, सच्चं भासंतओ गओ नरयं ।
कोसियमुणि वि सुत्तस्स, भणियं आणं तहा कुणह ॥ ४५ ॥

લૌકિકશાસ્ત્રમાં સંભળાય છે કે- સત્ય બોલતો એવો કૌશિક મુનિ પણ નરકમાં ગયો; માટે સૂત્રમાં કહેલી આજ્ઞા પ્રમાણે કરો. ૪૫

जेण परो दुम्मिज्जइ, पाणिवहो जेण होइ भणिएणं ।
अप्पा पडइ किलेसे, न हु तं भासंति गीयत्था ॥ ४६ ॥

જે બોલવાથી બીજા જીવને દુઃખ થાય, જે બોલવાથી કોઈ જીવનો ઘાત થાય અને જે બોલવાથી આત્મા સંકલેશમાં પડે તેવું વચન ગીતાર્થો કદી બોલતા નથી. ૪૬

वज्जह अदत्तगहणं, वहबंधणदायगं च अयसकरं ।
संवेगबुद्धिपत्ता, सत्ता न रमंति अत्ताहे ॥ ४७ ॥

વધ અને બંધનને કરનારા તથા અપયશને ફેલાવનારા અદત્તાદાનનો ત્યાગ કરો, સંવેગને પામેલા આત્મગુણનો ઘાત કરે એવા અદત્તાદાનનું આચરણ કરતા નથી. ૪૭

जं नियदेहं सीमंतिणीण जूहं दट्ठूण रागमुव्वहइ ।
तस्स य देहस्स पुणो, किंचिवि अहमत्तणं सुणउ तुमं ॥ ४८ ॥

જે પોતાના દેહને અને સ્ત્રીઓના સમૂહને જોઈને રાગને ધારણ કરે છે. તે જ દેહની કાંઈક અધમતાને તું સાંભળ. ૪૮

जोणीमुहनिप्फिडिए, थणगच्छीरेण वड्ढिए जाए ।
पगइए अमिज्झमए, एरिसदेहम्मि को रागो ? ॥ ४९ ॥

યોનિમાર્ગદ્વારા બહાર નીકળેલા, સ્તનના દૂધથી વધેલા, સ્વાભાવિક તે રીતે જ અશુચિમય એવા દેહમાં શુ રાગ કરવો. ૪૯

हा !! असुइसमुप्पण्णया, निग्गया य तेण चेव बारेणं ।
सत्ता मोहपसत्तया य, रमंति तत्थेव असुइदारम्मि ॥ ५० ॥

ખરેખર ખેદજનક છે કે, અશુચિમાં ઉત્પન્ન થયેલા અને તે જ દ્વારથી બહાર નીકળેલા મોહાંધ જીવો એ જ અશુચિદ્વારમાં આસક્ત બને છે. ૫૦

नो जाणंति वराया, राएणं कलिमलस्स निद्धमणं ।
तत्थेव दिंति रागं, दुगंछणिअम्मि जोणीए ॥ ५१ ॥

અપવિત્રતાનાં સ્થાનથી બહાર નીકળ્યા તે રાગની પરવશતાથી રાંકડા બનેલા જીવો જાણતા નથી, તેથી જુગુપ્સનીય એવી એ જ સ્રીયોનિમાં રાગ કરે છે. ૫૧

सोणियसुक्कोवण्णे, अमिज्झमइयम्मि वच्चसंधाये ।
रागो न हु कायव्वो, विरागमूले सरीरम्मि ॥ ५२ ॥

શોણિત અને શુક્રથી ઉત્પન્ન થયેલા, અશુચિથી ભરેલા, વિષ્ટાના સમુદાયવાળા અને એટલા જ માટે વિરાગના હેતુભૂત શરીરમાં ખરેખર, રાગ કરવા જેવો નથી. ૫૨

कागसुणगेहिं भक्खे, किमिकुलभक्खे य वाहिभक्खे य ।
देहम्मि मच्चुभक्खे, सुसाणभक्खम्मि को रागो ? ॥ ५३ ॥

કાગડાઓ અને કૂતરાઓથી ભક્ષ્ય, કૃમિ તથા કીડાઓથી ભક્ષ્ય, વ્યાધિઓથી ભક્ષ્ય, મૃત્યુથી ભક્ષ્ય અને છેલ્લે સ્મશાનવડે ભક્ષ્ય આ દેહમાં શું રાગ કરવા જેવો છે ? ૫૩

दंतमलकण्णगूहक-सिंधाणमलापुरिए दुट्ठे ।
निच्चं असासयम्मि, खणमवि मा रमह देहम्मि ॥ ५४ ॥

દાંતનો મેલ, કાનનો મેલ, નાકનો મેલ અને લાળથી ભરેલા દુષ્ટ સ્વભાવવાળા અને હંમેશા અશાશ્વત આ દેહમાં ક્ષણવાર પણ રાગ ન કરો. ૫૪

पिच्छसि मुहं सनिलयं, सविसेसं राइएण अहरेण ।
सकडक्खं सवियारं, तरलच्छिं जुव्वणारंभे ॥ ५५ ॥

યૌવનના પ્રારંભમાં વિકાર અને કટાક્ષપૂર્વક યુવાન સ્ત્રીને જુવે છે અને વિશેષ કરીને લાલ હોઠથી શોભતા સ્ત્રીના મુખને જુવે છે. ૫૫.

पिच्छसि बाहिरमट्ठं, न पिच्छसि अंतरंगमुद्दिट्ठं ।
कामेण मोहिओ तुं, हा हा !! होहिसी कथं मूढ ! ॥ ५६ ॥

એના બાહ્ય સ્વરૂપને જુવે છે પણ અંદરના અશુચિભર્યા સ્વરૂપને કામવાસનાથી મોહિત થયેલો તું જોતો નથી. હા ! હા ! મૂઢ એવા તારું શું થશે ? ૫૬.

पाडलचंपगमल्लिय-अगरुयचंदणतुरुक्कवामीसं ।
गंधं समोयरंतो, मुद्धो मन्नइ सुगंधोऽहं ॥ ५७ ॥

હે જીવ ! કમળ, ચંપો, મલ્લિકા, અગરૂધૂપ, ચંદન અને લોબાનથી મિશ્ર એવી ગંધને ધારણ કરતો, હું સુંગંધવાળો છું એમ મુગ્ધ બનેલો તું માને છે. ૫૭

अच्छिमलो कन्नमलो, खेलो सिंघाणओ अ पूओ य ।
असुईमुत्तपुरीसो, एसो ते अप्पणो गंधो ॥ ५८ ॥

આંખનો મેલ, કાનનો મેલ, કફ (શ્લેષ્મ), નાકનો મેલ, પરું, મૂત્ર, વિષ્ટા આ બધી તારી પોતાની ગંધ છે. (એમ સમજ) ૫૮

जो परगिहस्स लच्छिं, कहिंपि पासित्तु कहइऽहं धणिओ ।
सो किर सयं दरिद्दो, भासंतो कहं न लज्जेइ ? ॥ ५९ ॥

જે બીજાના ઘરની લક્ષ્મીને ક્યાંય પણ જોઈને 'હું ધનવાન છું' એમ કહે છે પણ તે પોતે દરિદ્ર છે, છતાં હું ધનાવાન છું; એમ કહેતા તેને શરમ કેમ નથી આવતી ? ૫૯

जो परधणेण सहणो, जो परगंधेण मण्णइ सुगंधोऽहं ।
तं पुरिसं गयलज्जं, हसंति वेरग्गअमियधरा ॥ ६० ॥

જે બીજાના ધનથી પોતાને ધનવાન માને છે, જે બીજાની સુગંધ વડે પોતાને સુગંધવાળો માને છે, તે નિર્લજ્જ પુરુષને જોઈને વૈરાગ્યરૂપ અમૃતને ધારણ કરનારા મહાત્માઓ હસે છે. ૬૦

जस्स य जस्स य जोगो, तस्स तस्स य हवेज्ज हु विओगो ।
इय नाऊण विरत्ता !, विसयविसं दूरओ मुयह ॥ ६१ ॥

આ સંસારમાં જેનો જેનો સંયોગ થાય છે તેનો તેનો વિયોગ અવશ્ય થાય છે. આ હકીકત જાણીને હે વિરક્ત આત્માઓ ! વિષયરૂપ ભયંકર વિષનો દૂરથી જ ત્યાગ કરો. ૬૧

अंचेइ कालो य तरंति राइओ, नयावि भोगा पुरिसाण निच्चा ।
उविच्च भोगा पुरिसं चयंति, दुमं जहा खीणफलं व पक्खी ॥ ६२ ॥

સમય પસાર થાય છે. રાત્રિઓ ચાલી જાય છે અને વળી મનુષ્યોના વિષય ભોગો પણ અનિત્ય છે. કારણ કે- જેમ પક્ષી ફળરહિત વૃક્ષનો ત્યાગ કરે છે; તેમ ભોગો પણ પુરુષને પ્રાપ્ત થાય

છે અને પાછો તેનો ત્યાગ કરે છે. ૬૨

पुत्ता चयंति मित्ता, चयंति भज्जावि णं सुयं चयइ ।
इक्को न चयइ धम्मो, रम्मो सव्वन्नु- उवइट्ठो ॥ ६३ ॥

પુત્રો પણ ત્યાગ કરે છે, મિત્રો પણ ત્યાગ કરે છે, પત્ની પણ પુત્રનો ત્યાગ કરે છે. એક સર્વજ્ઞભગવંતોએ ઉપદેશેલો મનોહર એવો ધર્મ જ ત્યાગ કરતો નથી. અર્થાત્ આપણને છોડતો નથી, સાથેને સાથે જ રહે છે. ૬૩

आहारासणनिद्दा-जयं च काऊण जिणवरमएणं ।
झाइज्जइ नियअप्पा, उवइट्ठं जिणवरिंदेणं ॥ ६४ ॥

જિનેશ્વરદેવોએ ફરમાવ્યા મુજબ આહાર-આસન અને નિદ્રાનો જય કરીને, જિનેશ્વરદેવોના ઉપદેશ મુજબ પોતાના આત્માનું ધ્યાન કરાય છે. ૬૪

अप्पकंपं विहायाथ, दढं पज्जंकमासणं ।
नासऽग्गदत्तसन्नित्तो, किंचि दुम्मीलिअक्खणो ॥ ६५ ॥
संकप्पवाउराओ, दूरुस्सारियमाणसो ।
संसारच्छेयणुस्साहो, संवेगं झाउमरिहइ ॥ ६६ ॥ युग्मम्

નિષ્પ્રકંપ અને દૃઢ પદ્માસને બેસીને, નાસિકાના અગ્રભાગે દૃષ્ટિને સ્થાપન કરનારા, કંઈક મીચાયેલી આંખવાળા, સંકલ્પ વિકલ્પની વાગુરા(ગોફણ)થી દૂર કરેલા મનવાળા અને સંસારનો નાશ કરવાના ઉત્સાહવાળા આત્માએ સંવેગનું ધ્યાન કરવું યોગ્ય છે અથવા સંવેગપૂર્વક ધ્યાન કરવું યોગ્ય છે. ૬૫-૬૬

संवेगअमलनीरेण, कलिमलपंकेण पंकियं जीवं ।
पक्खालह थिरचित्तो, फलिहुव्व जहुज्जलो होइ ॥ ६७ ॥

કલિકાલના કાદવથી ખરડાયેલા જીવને સંવેગરૂપી નિર્મલજલથી સ્થિરચિત્તે ધોઈ નાખો; જેથી તે સ્ફટિકરત્ન જેવો ઉજ્જ્વલ થાય. ૬૭

चंडासीविसघोरा, पिसुणा छिद्दं च ते गवेसंति ।
मा रज्जसु कस्सुवरिं, सिणेहबंधं च मा रयसु ॥ ६८ ॥

ક્રોધી અને આશીવિષ સર્પ જેવા ભયંકર, ચાડીખોર માણસો તારાં છિદ્ર શોધી રહ્યા છે માટે કોઈના ઉપર રાગ ન કરીશ કે સ્નેહનું બંધન ન બાંધીશ. ૬૮

गुरुकम्मो सो जीवो, जो वेरग्गाओ नट्ठओ फिरइ ।
अहवा सच्चुवहाणो, सुणहो किं करइ कप्पूरं ? ॥ ६९ ॥

જેમ ઝેર ચઢેલા કૂતરાને કપૂર કોઈ કામમાં આવતું નથી, કપૂરનો કોઈ ગુણ થતો નથી; તેમ ભારેકર્મી જીવ વૈરાગ્યથી નાસતો ફરે છે, વૈરાગ્ય એને માટે લાભકારક થતો નથી. ૬૯

आऊसयं खु अद्धं, निद्दामोहेण ते गयं मित्त ! ।
अद्धं जं उव्वरियं, तं पि तिहायं च संजायं ॥ ७० ॥

बालत्तणम्मि किंचि वि, किंचि वि तरुणत्तणम्मि थेरत्ते ।
एमेव गयं जम्मं, सुण्णारण्णे तडागुव्व ॥ ७१ ॥

હે મિત્ર ! હે આત્મા ! કદાચ તારા સો વર્ષના આયુષ્યમાંથી અડધું નિદ્રામાં ગયું અને બાકી રહેલા અડધાના ૩ ભાગ પડ્યા. (૧) થોડુંક બાલ્યાવસ્થામાં (૨) થોડું યુવાવસ્થામાં અને (૩) થોડું વૃદ્ધાવસ્થામાં પૂરું થયું. નિર્જન વનમાં રહેલા તળાવની જેમ તારો જન્મ નિષ્ફળ ગયો. ૭૦-૭૧

सदोसमवि दित्तेणं, सुवन्नं वण्हिणा जहा ।
तवग्गिणा तप्पमाणो, तहा जीवो विसुज्झइ ॥ ७२ ॥

જે રીતે દોષવાળું એવું પણ સોનું જોરદાર અગ્નિના તાપથી શુદ્ધ થાય છે, એ જ રીતે તપરૂપ અગ્નિથી તપતો જીવ શુદ્ધ થાય છે. ૭૨

ते सूरा ते पंडिया, (संविग्गा) जिण्ह ण माणमरट्ट ।
जे महिलाण न वसि, पडिया ते (न)फिरिसह जेम घरट्ट ॥ ७३ ॥

જે જીવોમાં માનનો ઉત્કર્ષ નથી, તે જ સાચા શૂરવીર છે અને પંડિત (સંવિગ્ન) છે તથા જેઓ સ્ત્રીઓના ગુલામ નથી તેઓ જ અરહટ્ટની જેમ સંસારમાં નહીં ભમે. ૭૩

करवत्तकूडसामलि-वेयरणीइकोलमुग्गरप्पमुहं ।
नरयस्स इमं दुक्खं, अबंधवो सहसि एगागी ॥ ७४ ॥

કરવત, શાલ્મલિવૃક્ષ, વૈતરણીનદી, કોલુ અને મુદ્ગર વગેરે નરકનાં દુઃખો અસહાય એવો તું એકલો સહન કરીશ. ૭૪

आहारमिच्छे मियमेसणिज्जं, साहायमिच्छे निउणट्ठबुद्धिं ।
निकेयमिच्छेज्ज विवेगजुग्गं, समाहिकामो समणो विरत्तो ॥ ७५ ॥

સમાધિની ઈચ્છાવાળો વિરાગી મહાત્મા પ્રમાણોપેત અને નિર્દોષ આહારને ઈચ્છે, નિપુણ બુદ્ધિવાળાની સહાય ઈચ્છે અને વિવેકને યોગ્ય એવા સ્થાનને ઈચ્છે. ૭૫

न वा लहिज्जा निउणं सहायं, गुणाहियं वा गुणओ समं वा ।
इक्को वि पावाइं विवज्जयंतो, विहरिज्ज कामेसु असज्जमाणो ॥ ७६ ॥

પોતાનાથી અધિક અથવા સમાનગુણવાળાની ઉત્તમસહાય ન મળે ત્યાંસુધી પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં અનાસક્ત અને પાપોનો ત્યાગ કરતો એકલો પણ વિહાર કરે. ૭૬

जहा य अंडप्पभवा बलागा, अंडं बलागप्पभवं जहा य ।
एमेव मोहाययणं खु तण्हा, मोहं च तण्हाययणं वयंति ॥ ७७ ॥

જે રીતે બગલાઓ ઇંડામાંથી પેદા થાય છે અને ઇંડુ બગલામાંથી પેદા થાય છે; તે જ પ્રમાણે ખરેખર ! તૃષ્ણા એ જ મોહનું ઘર છે અને મોહ એ તૃષ્ણાનું ઘર છે; એમ મહાપુરુષો કહે છે. (૭૭)

रागो वि दोसो वि य कम्मबीयं, कम्मं च मोहप्पभवं वयंति ।
कम्मं च जाइमरणस्स मूलं, दुक्खं च जाइमरणं वयंति ॥ ७८ ॥

રાગ અને દ્વેષ એ કર્મનું બીજ છે અને કર્મને મોહથી ઉત્પન્ન થયેલું કહે છે અને પાછું એ જ કર્મ જન્મ-મરણનું મૂળ છે અને જન્મ-મરણ એ જ દુઃખ છે; એમ મહાત્માઓ કહે છે. (૭૮)

दुक्खं हयं जस्स न होइ मोहो, मोहो हओ जस्स न होइ तण्हा ।
तण्हा हया जस्स न होइ लोहो, लोहो हओ जस्स न किंचणाइ ॥ ७९ ॥

જેને મોહ નથી, તેનું દુઃખ નાશ પામ્યું છે. જેને તૃષ્ણા નથી, તેનો મોહ નાશ પામ્યો છે. જેને લોભ નથી, તેની તૃષ્ણા હણાયેલી છે અને જેની પાસે કશું જ નથી, એનો લોભ નાશ પામ્યો છે. (૭૯)

रसा पगामं न निसेवियव्वा, पायं रसा दित्तिकरा नराणं ।
दित्तं च कामा समभिद्दवंति, दुमं जहा साउफलं व पक्खी ॥ ८० ॥

રસો બહુ સેવવા જેવા નથી. કેમ કે પ્રાયઃકરીને રસો મનુષ્યોને વિકાર કરનારા થાય છે. જેમ સ્વાદિષ્ટ ફળવાળા વૃક્ષને પક્ષી ઉપદ્રવ કરે છે; તેમ પાંચઇન્દ્રિયના ભોગો વિકારી આત્માને પીડે છે. (૮૦)

जहा दवग्गी पउरिंधणे वणे, समारुओ नोवसमं उवेइ ।
एविंदियग्गीवि पगामभोइणो, न बंभयारिस्स हिआय कस्सइ ॥ ८१ ॥

ઘણાં લાકડાંવાળા વનમાં જે રીતે પવન સહિતનો દાવાનળ શાન્ત

થતો નથી, એમ ઈન્દ્રિયરૂપી અગ્નિ, અત્યંત ભોજન કરનાર કોઈપણ બ્રહ્મચારીને હિતમાટે થતો નથી. ૮૧

विवित्तसेज्जासणजंतियाणं, ओमासणाणं दमिइंदिआणं ।
न रागसत्तू धरिसेइ चित्तं, पराइओ वाहिरिवोसहेहिं ॥ ८२ ॥

ઔષધોથી પરાજીત વ્યાધિની જેમ એકાન્તમાં સુવાના અને બેસવાના નિયન્ત્રણવાળા, અલ્પ આહાર કરનારા, અને ઈન્દ્રિયોનું દમન કરનારા આત્માઓના ચિત્તને રાગશત્રુ પીડતો નથી. ૮૨

जहा बिरालावसहस्स मूले, न मूसगाणं वसही पसत्था ।
एमेव इत्थीनिलयस्स मज्झे, न बंभयारिस्स खमो निवासो ॥८३ ॥

જે રીતે બિલાડાના ઘરની પાસે ઉંદરોનું રહેવું હિતકારી નથી તે પ્રમાણે સ્ત્રીઓના ઘરની વચ્ચે બ્રહ્મચારીનો નિવાસ યોગ્ય નથી. અહિત માટે થાય છે. ૮૩

अद्दंसणमप्पत्थण-मचिंतणमकित्तणं तुरियं ।
नारीजणस्स सुहयं, हवेइ वेरग्गधारीणं ॥ ८४ ॥

વૈરાગ્યને ધારણ કરનારા મહાપુરુષોને સ્ત્રીનું અદર્શન, સ્ત્રીની પાસે કંઈપણ ન માગવું (અપ્રાર્થના) સ્ત્રીનો મનથી વિચાર ન કરવો અને ચોથું સ્ત્રીઓના ગુણ ન ગાવા આ ચાર વસ્તુ સુખદાયક બને છે. ૮૪

विभूसियाहिं देवीहिं, विरत्तो खोहिउं न सक्को य ।
तहवि हु एगंतहियम्मि य नाउं विवित्तं मा सहय ॥ ८५ ॥

આભૂષણોથી સુશોભિત દેવાંગનાઓ-પણ વૈરાગી જીવને ક્ષોભ પમાડવા શક્તિમાન નથી, તેમ છતાં ખરેખર પોતાનું એકાંત હિત જાણીને એકાંતસ્થાનનો સ્ત્રીઓ સાથે આશ્રય ન કરવો. ૮૫

रूवेसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालियं पावइ सो विणासं ।
रागाउरो सो जह वा पयंगो, आलोयलोलो समुवेइ मच्चुं ॥ ८६ ॥

દીવાની જ્યોતમાં આકર્ષાયેલું પતંગિયું જેમ મૃત્યુને પામે છે, તેમ રૂપમાં તીવ્ર આસક્તિને પામેલો રાગાતુર આત્મા અકાળે વિનાશને પામે છે. ૮૬

सद्देसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालियं पावइ सो विणासं ।
रागाउरो सो हरिणुव्व गिद्धो, सद्दे अतित्तो समुवेइ मच्चुं ॥ ८७ ॥

શબ્દના વિષયમાં અતૃપ્ત અને શબ્દમાં આસક્ત હરણ જેમ મૃત્યુ પામે છે; તેમ શબ્દમાં ગાઢ આસક્તિને પામેલો રાગાતુર જીવ અકાળે વિનાશને પામે છે. ૮૭

गंधेसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालियं पावइ सो विणासं ।
रागाउरो ओसहिगंधगिद्धो, सप्पो बिलाओ विव निक्खमंतो ॥ ८८ ॥

દરમાંથી નીકળતો ઔષધિઓની ગંધમાં આસક્તિ પામેલો સર્પ જેમ વિનાશને પામે છે; તેમ ગંધમાં તીવ્ર આસક્તિ પામેલો જીવ અકાળે વિનાશને પામે છે. ૮૮

रसेसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालियं पावइ सो विणासं ।
रागाउरो बिडिसविभिन्नकाओ, मच्छो जहा आमिसभोगगिद्धो ॥ ८९ ॥

માંસના ભોગવટામાં આસક્ત બનેલું માછલું જેમ કાંટાથી ભેદાઈ ગયેલા શરીરવાળું બને છે; તેમ પાંચરસોમાં તીવ્ર આસક્તિને પામેલો રાગાતુર આત્મા અકાળે વિનાશને પામે છે. ૮૯

फासेसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालियं पावइ सो विणासं ।
रागाउरे सीयजलावसण्णे, गाहग्गहीए महिसे व रण्णे ॥ ९० ॥

જેમ અરણ્યમાં ઠંડા પાણીમાં પડેલો પાડો મગરમચ્છવડે પકડી લેવાય છે, તેમ સ્પર્શની તીવ્ર આસક્તિમાં પડેલો રાગાતુર જીવ અકાળે વિનાશ પામે છે. ૯૦

एसु विरत्तो मणुओ विसोगो, एतेण दुक्खोहपरंपरेण ।
न लिप्पइ भवमज्झे वसंतो, जले जहा उप्पलिणीपलासं ॥ ९१ ॥

આ રૂપ વગેરે પાંચ વિષયોથી વિરક્ત આત્મા જલમાં કમલિનીનાં પાંદડાંની જેમ સંસારમાં વસવા છતાં દુઃખોની પરંપરાથી લેપાતો નથી. ૯૧

अंकुसकसरज्जुबंधण-छेयणपमुहाइं उद्दवसयाइं ।
तिरिया य परवसेणं, सहंति हा ! कम्मउदएणं ॥ ९२ ॥

ખેદની વાત છે કે – અંકુશ, ચાબુક, દોરડું વગેરેનાં બન્ધન, છેદન આદિ સેંકડો ઉપદ્રવો કર્મના ઉદયથી પરવશપણે તિર્યંચો સહન કરે છે. ૯૨

मा वयह कडुयवयणं, परमम्मं मा कहेह कइयावि ।
परगुणधणं च पासिय, कयावि मा मच्छरं वहह ॥ ९३ ॥

ક્યારેય પણ કટુ વચન બોલશો નહીં, ક્યારેય પણ કોઈને મર્મ વચન કહેશો નહીં અને ક્યારેય પણ બીજાના ગુણો કે ધન જોઈને ઈર્ષ્યા કરશો નહીં. ૯૩

मा रुसह मा तुसह, कस्स वि उवरि वेरग्गसंलीणो ।
अप्पारंजणनिरया, समाहिहरयम्मि मज्जेह ॥ ९४ ॥

કોઈના ઉપર પણ રોષ ન કરો કે તોષ ન કરો અર્થાત્ રાગ કે દ્વેષ ન કરો. વૈરાગ્યમાં લીન બનેલા અને આત્માને રાજી કરવાના

કામમાં પડેલા તમે, સમાધિના સરોવરમાં સ્નાન કરો. ૯૪

बाहिरमब्भिंतरियं, परिग्गहं परिहरह भो भव्वा ! ।
वेरग्गदिणयरेणं परिग्गहतमसंचयं हणह ॥ ९५ ॥

હે ભવ્યજીવો ! બાહ્ય અને અભ્યંતર બંને પરિગ્રહનો ત્યાગ કરો. વૈરાગ્યરૂપ સૂર્યથી પરિગ્રહરૂપ અંધકારના સમૂહનો નાશ કરો. ૯૫

वेरग्गमहारयणा-यरम्मि पत्ते वि जेऽहियपमाया ।
ते कालेणं धत्था, पडिया भीमम्मि भवकूवे ॥ ९६ ॥

વૈરાગ્યરૂપ મહાસમુદ્રને પ્રાપ્ત કરીને પણ જેઓ ખૂબ પ્રમાદી બને છે; તેઓ કાલથી નષ્ટ થયેલા, ભયંકર સંસારરૂપી કૂવામાં પડે છે. ૯૬

आया अणुहवसिद्धो, अमुत्तिकत्तासदेहपरिमाणो ।
पुरिसायारो णिच्चो, नाओ संवेगकुसलेहिं ॥ ९७ ॥

સંવેગમાં કુશળપુરુષોએ આત્મા અનુભવથી સિદ્ધ, અમૂર્ત, કર્મનો કર્તા અને પોતપોતાના દેહના પ્રમાણવાળો જાણ્યો છે. ૯૭

चउनिच्छयपाणजुओ, लोयस्सऽग्गम्मि संठिओ विमलो ।
पुनरागमणविहीणो, सिद्धो उत्तो विरत्तेहिं ॥ ९८ ॥

વિરક્ત આત્માઓએ સિદ્ધભગવન્તોને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય એ ચાર ભાવપ્રાણથી યુક્ત, લોકના અગ્રભાગમાં રહેલા, નિર્મલ, ફરી સંસારમાં આગમનથી રહિત : એવા કહ્યા છે. ૯૮

सव्वे वि जिणवरिंदा, सव्वे गणहारिणो य आयरिया ।
जे पुण चरिमसरीरा, ते सव्वे संवेगपसायओ सिद्धा ॥ ९९ ॥

સર્વ જિનેશ્વરદેવો, સર્વ ગણધરભગવંતો, સર્વ આચાર્યભગવંતો અને બીજા પણ જે ચરમશરીરી આત્માઓ છે, તે સઘળાય સંવેગના પ્રભાવથી જ સિદ્ધિગતિને પામ્યા છે. ૯૯

कलिकेलिविप्पमुत्ता, आगमतारासु जुत्तिसंरत्ता ।
संवेगदत्तचित्ता, सासयवासं समणुपत्ता ॥ १०० ॥

ઝઘડાઓની ક્રીડાઓથી સારીરીતે મુકાયેલા, આગમરૂપી તારાઓમાં યુક્તિપૂર્વક સારીરીતે રક્ત થયેલા સંવેગમાં જ એક દત્ત ચિત્તવાળા મહાત્માઓ શાશ્વત એવા સ્થાનના વાસને પામ્યા છે. ૧૦૦

मत्तो वि य जे मंदा, तेसिं कए णं परिस्समो एसो ।
विबुहाहमेण विहिओ, मए जिणाणारएणं च ॥ १०१ ॥

इय कइवयगाहाहिं, अमुणियआगमवियारलेसेणं ।
रइयं पगरणमेयं, 'लच्छीलाहेण' वरमुणिणा ॥ १०२ ॥

મારા કરતાં પણ જે આત્માઓ મંદબુદ્ધિવાળા છે, એવા આત્માઓ માટે જિનાજ્ઞામાં લીન અને પંડિતોમાં અધમ એવા મેં આ પ્રયત્ન કર્યો છે. આ પ્રમાણે આગમના લેશ માત્ર વિચારને નહીં જાણનારા લક્ષ્મીલાભ નામના શ્રેષ્ઠ મુનિએ કેટલીક ગાથાઓ દ્વારા આ પ્રકરણની રચના કરી છે. ૧૦૧-૧૦૨

# દેશનાશતક

આ શતકની ૧૧૫ પૂર્વે છપાયેલી પોકેટ સાઈઝની એક પુસ્તિકા વિહારમાં કોઈ ગામમાં ધૂળ ખાતી જોવામાં આવી. ઉપયોગી હોવાથી ત્યાંના શ્રાવકની રજા લઈ પુસ્તક સાથે લીધું. પુનઃ મુદ્રણની ભાવના હતી પણ ઘણો સમય નીકળી ગયો ! એની મૂળભૂત પ્રસ્તાવનાનો ઉપયોગી ભાગ નીચે મુજબ છે.

આ ગ્રંથનો વિષય સંસારની અસારતા - અનિત્યતા બતાવી આપવાનો છે અને તેથી જ પ્રારંભમાં 'સંસારે નત્થિ સુહં' એવા વસ્તુ નિર્દેશાત્મક શબ્દો મૂક્યા છે. આગળ પ્રતિપાદન કરતાં ગ્રંથરચયિતાએ રાગ-દ્વેષથી રહિત પરમાત્માએ કથન કરેલાં તત્ત્વોમાં જ્ઞાનપૂર્વકની રુચિની- બોધિની જીવોને દુર્લભતા છે; એ બતાવવાની સાથે તે સંસારસમુદ્રથી તરવાનું સાધન છે - એમ જણાવી આપ્યું છે. આ આવૃત્તિ બે પ્રતો ઉપરથી તૈયાર કરવામાં આવી છે. તેમાંની એક વડોદરા જૈન પુસ્તકાલયના મેનેજર સાહેબ પાસેથી મળી હતી અને બીજી, એક ફર્મો મુદ્રિત થયા બાદ શ્રીમદ્ મોહનલાલજી મ.ના શિષ્ય શ્રીકાંતિમુનિજી પાસેથી હાથ લાગી હતી. બંને પ્રતો બાલાવબોધ (ટબા. Gujaratigloss) સમેત છે. બાલાવબોધની સમાપ્તિ 'ઇતિશ્રી આદિનાથદેશના એ દ્વાર' વાક્યથી થાય છે. તે ઉપરથી આ ગ્રંથના કર્તા શ્રીઆદિનાથ - ઋષભદેવ ભગવાન - પ્રથમ જૈનતીર્થંકર હોય એમ લાગે છે, પરંતુ એ બાબતમાં વિશેષ આધાર નથી માટે આ કૃતિ કોઈ જૈન મહાશયની છે, એટલું જ કહેવું દુરસ્ત થશે.

હવે આ ગ્રંથની પ્રતો આપનાર સાહેબોનો ઉપકાર માની અને મૂળનું સંશોધન કરવામાં, ગુજરાતી અનુવાદ કરવામાં તથા પ્રૂફ સુધારવામાં મારા જે મિત્રોએ ઉમંગભેર લાભ લીધો છે, તેમને

ધન્યવાદ આપી, આશા રાખું છું કે - કાળજી રાખવા છતાં આમાં અશુદ્ધતાદિ તથા ન્યૂનતાદિ રહી હોય તે બાબત સાક્ષરવર્ગ વખતસર સૂચના આપી આભારી કરશે.

કે જેનો ઉપયોગ હું બીજી આવૃત્તિ વખતે કરી શકું. આ કાર્ય એક ધંધાદાર તરીકે નહિ પરંતુ બંધુસેવા બજાવવા માટે ઉપાડેલું હોવાથી માત્ર મુદ્રણ ખર્ચના પ્રમાણમાં જૂજ કિંમત રાખી છે, જેથી સુજ્ઞપુરુષો દ્રવ્યના વિશેષ વ્યયવિના તેનો લાભ લઈ, ઇચ્છાના નિરોધપૂર્વક ઇચ્છિત - મોક્ષસુખ મેળવવામાં પ્રવૃત્ત થઈ મારા પ્રથમ પ્રયાસને સફળ કરશે, એમ ધરાય છે. ઈતિ અલમ્.

ઘડિયાળીપોળ - વડોદરા       મા. ઘે. ઝ

તા. ૧૩ માહે જૂન સને ૧૮૮૪

આ દેશનાશતકની રચના કોઈ આગવી શૈલીમાં થયેલી દેખાય છે. બોધિની દુર્લભતા, સંસારની અસારતા, પદાર્થોની અનિત્યતા વગેરે વિષયો ખૂબ ઊંડાણથી વર્ણવ્યા છે. જેમ જેમ આ શતકનો સ્વાધ્યાય થતો જશે તેમ તેમ એના અમૃત જેવા રસનો આસ્વાદ ચાખવા મળશે.

આ ગ્રંથના રચયિતા કોણ છે, એનો નિર્ણય કરવા માટે હાલ તો કોઈ સાધન સામગ્રી નથી.

આ શતકસંદોહ ગ્રંથના પ્રકાશનમાં અમદાવાદ - સાબરમતી રામનગર નિવાસી સુશ્રાવક વનેચંદ જવાનમલજી ( રાજસ્થાન - રોહિડાવાળા )એ સ્વદ્રવ્યથી બંધાવેલ શ્રીમતી લહેરીબેન વનેચંદ શ્રાવિકા જૈન ઉપાશ્રયમાં આરાધના કરતી શ્રાવિકાબેનોની જ્ઞાનખાતાની ઉપજમાંથી રૂ. ૧૦,૦૦૦/ નું ઉદાર દાન ત્યાંના કાર્યકરોએ આપી મહાન સુકૃત કર્યું છે. એનો સ્વીકાર કરી ધન્યવાદ આપીએ છીએ.

લિ. - પૂ. પં. શ્રીપદ્મવિજયજી ગણિવર જૈન
ગ્રંથમાળા ટ્રસ્ટનું ટ્રસ્ટીમંડળ

# દેશનાશતક

संसारे नत्थिसुहं, जम्मजरामरणरोगसोगेहिं ।
तह वि हु मिच्छंधजिआ, न कुणंति जिणिंदवरधम्मं ॥ १ ॥

સંસાર જન્મ, જરા, મરણ, રોગ અને શોક વગેરેથી ભરેલો છે. એમાં સુખનો લેશ પણ નથી છતાં મિથ્યાત્વથી અંધ બનેલા જીવો, અનંતઉપકારી ભગવાન શ્રીજિનેશ્વરદેવોએ ફરમાવેલા કલ્યાણકારી ધર્મને આરાધતા નથી. ૧

माइंदजालसरिसं, विज्जुचमक्कारसत्थहं सव्वं ।
सामण्णं खणदिट्ठं, खणनट्ठं कोत्थ पडिबंधो ॥ २ ॥

સંસારમાં વસ્તુમાત્ર માયાવી ઈન્દ્રજાળ જેવી, વિજળીના ચમકારા જેવી છે. એથી જ ક્ષણવાર દેખાવ દઈને ક્ષણવારમાં નાશ પામી જાય છે. તો વિવેકી આત્માએ એમાં શું રાગભાવ ધારણ કરવો ? ૨

को कस्स इत्थ सयणो, को व परो भवसमुद्दभमणंमि ।
मच्छुव्व भमंति जिआ, मिलंति पुण जंति अइदूरं ॥ ३ ॥

જેમ માછલાંઓ સમુદ્રમાં ભટકે છે. એકબીજાને ભેગાં મળીને, પાછાં છૂટાં પડીને દૂર ચાલ્યાં જાય છે; તેમ સંસાર-સમુદ્રમાં જીવો ભટકે છે, એકબીજા ભેગા મળે છે અને જુદા પડે છે. એમાં કોણ કોનો સ્વજન-સગો છે અને કોણ કોનો પરજન-પરાયો છે ? ૩

जम्मे जम्मे सयणा - वलीउ मुक्काउ जाउ जीवेण ।
ताओ सव्वागासे, संगहियाओ न मायंति ॥ ४ ॥

દરેક જન્મમાં જીવ જે સગાંવહાલાંઓને મૂકીને આવ્યો છે, તે બધાંયને જો ભેગાં કરવામાં આવે તો અનંત આકાશમાં પણ ન સમાય. અર્થાત્ ચૌદરાજલોકસ્વરૂપ વિશ્વમાં ન માય, એટલા સગાંવહાલાં આ જીવે કર્યાં છે. ૪

जीवेण भवे भवे, मिल्हिआइं देहाइं जाइं संसारे ।
ताणं न सागरेहिं, कीरइ संखा अणंतेहिं ॥ ५ ॥

સંસારમાં પરિભ્રમણ કરતા આ જીવે પૂર્વના અનંતભવોમાં જે શરીરો ધારણ કર્યાં અને છોડ્યાં તે શરીરોની અનંતસાગરોપમની સંખ્યાથી પણ ગણતરી થઈ શકે તેમ નથી. ૫

तेलुक्कंपि असरणं, आहिंडइ विविहजोणिपविसंतं ।
लुक्कंतंपि न छुट्टइ, जम्मजरामरणरोगाणं ॥ ६ ॥

ત્રણેય લોકમાં રહેલા દરેક જીવો અશરણ છે અર્થાત્ તેમને કોઈ રક્ષણ નથી. એ જીવો વિવિધયોનિઓમાં ભટકી રહ્યા છે અર્થાત્ જન્મ-મરણાદિ કરી રહ્યા છે. એ ગમે ત્યાં છુપાઈ જવા કે છટકી જવા માગે તો પણ જન્મ, જરા, મરણ, રોગ, શોક, ઈષ્ટવિયોગ, અનિષ્ટસંયોગાદિ મહાદુ:ખોથી છૂટી શકતા નથી. ૬

छंडेवि सयणवग्गं, घरसारपवित्थरंपि सयलंपि ।
संसारअपारवहे, अणाहपहिअव्व जाइ जिओ ॥ ७ ॥

સગાસંબંધીઓનો વિશાલ પરિવાર તથા અફાટ સંપત્તિનો પથારો છોડી, ઘોર ભયંકર સંસાર - અટવીના માર્ગે જીવ, એક અનાથ મુસાફરની જેમ એકલો ચાલ્યો જાય છે. ૭

वायहयपंडुपत्ताणं, संचयं जाइ दसदिसि जेम ।
इट्ठंपि तह कुडुंबं, सकम्मवायाहयं जाइ ॥ ८ ॥

પવનથી ખરી પડેલાં પાકાં પાંદડાંઓ જેમ જુદીજુદી દિશામાં ઊડી જાય છે; તેમ વહાલું કરેલું એવું કુટુંબ પણ પોતે કરેલાં કર્મરૂપી પવનથી પ્રેરાઈને ઊડીને જુદી જુદી ગતિઓમાં ચાલ્યું જાય છે. ૮

हा माया हा बप्पो, हा बंधू हा पणइणी सुओ इट्ठो ।
पिक्खंतस्स वि सव्वं, मरइ कुडुंबं सकरुणस्स ॥ ९ ॥

હે માતા ! હે પિતા ! હે બન્ધુ ! હે પ્રિયપત્ની ! હે પ્રિયપુત્ર ! આવાં કરુણ અને દીનવચન બોલનાર જીવની નજર સામે એનું કુટુંબ મરણને શરણ થાય છે. પામરજીવ યમરાજના પંજામાંથી કુટુંબને બચાવી શકતો નથી. ૯

अहवा कुडुंबमज्झे, अइदइओ वाहिवेयणाभिहओ ।
सलसलइ वाहिमुम्मुर-मज्झगओ वडहपोअव्व ॥ १० ॥

सयणा न लिंति विअणं, न विज्ज ताणं कुणंति ओसहिणा ।
मच्चूवग्घेण जिओ, निज्जइ जह हरिणपोअव्व ॥ ११ ॥

અથવા કુટુંબમાં વ્યાધિની વેદનાથી પીડા પામતી અતિપ્રિય વ્યક્તિ વ્યાધિરૂપી અગ્નિમાં પડેલા ચકલાના બચ્ચાની જેમ તરફડે છે. કોઈ સ્વજન એની પીડા લઈ શકતું નથી. કોઈ વૈદ્ય ઔષધથી એને બચાવી શકતો નથી. અન્તે મૃત્યુરૂપી વાઘ, હરણના બચ્ચાની જેમ જીવને ઉપાડી જાય છે. ૧૦-૧૧

जह तरुअरंमि सउणा, वियालए दसदिसागया वसिउं ।
जंति पहाए नवरं, न विज्जए के वि किंचि दिसिं ॥ १२ ॥
घरतरुअरंमि सयणा, चउगइसंसारबहुदिसागंतुं ।
वसिऊण पंच दिअहे, न नज्जए कत्थ वच्चंति ? ॥ १३ ॥

જેમ સાંજના સમયે જુદી જુદી દિશાઓમાંથી આવેલા પક્ષીઓ કોઈ વૃક્ષ ઉપર રાતવાસો કરીને પ્રભાતે કઈ દિશામાં ચાલ્યા જાય છે તે સમજાતું નથી, ખ્યાલમાં આવતું નથી; તેમ ચારગતિરૂપ સંસારની અનેક દિશાઓમાંથી આવેલાં સ્વજનરૂપી પક્ષીઓ, ઘરરૂપી વૃક્ષમાં પાંચ દિવસ એટલે કે આયુષ્યપર્યંત રહીને ક્યાં ચાલ્યા જાય છે તે જાણી શકાતું નથી અર્થાત્ સંસાર પંખીના મેળા જેવો છે.૧૨-૧૩

**अत्थो घरे निअत्तइ, बंधवसत्थो मसाणभूमीए ।**
**एगो अ जाइ जीवो, न किंचि अत्थेण सयणेण ॥ १४ ॥**

અર્થ એટલે કે ધન ઘરમાં જ રહી જાય છે. સગાંસંબંધીઓનો સમુદાય સ્મશાનભૂમિથી પાછો ફરે છે. જીવ એકલો જ પરલોકના માર્ગે જાય છે. અર્થ કે સ્વજન કશાં જ કામમાં આવતાં નથી. ૧૪

**मच्चुकरहेण खज्जइ, जिअलोअवणं अपत्तफलकुसुमं ।**
**अनिवारिअपसरोधो, सदेवमणुआसुरलोए ॥ १५ ॥**

જેને ફલ ફૂલ નથી આવ્યાં એવા જીવલોકરૂપીવનને મૃત્યુરૂપી ઊંટ ખાઈ જાય છે. મનુષ્યલોકમાં, સુરલોકમાં કે અસુરલોકમાં મૃત્યુના સંચારને કોઈ રોકી શકતું નથી. ૧૫

**गब्भत्थं जोणिगयं, नीहरमाणं च तहय नीहरियं ।**
**बालं परिवड्ढंतं, डहरं तरुणंपि मज्झवयं ॥ १६ ॥**

**तसरं पंडुरं थेरं, मच्चुविवाए वि पिच्छए सव्वं ।**
**पायाले वि पविट्ठं, गिरिगुहकंतारमज्झंमि ॥ १७ ॥**

**थलउअहिसिलसिंगे, आगासे वा भमंतयं जीवं ।**
**सुहिअं दुहिअं सरणं, रोरं मुक्खं विउं विरूअं ॥ १८ ॥**

**रूवं वाहिअं निरूअं, दुब्बलं बलियंपि नेव परिहरइ ।**
**वणगयदवुब्व जलिउं, सयरायरपाणिसंघातं ॥ १९ ॥**

જેમ જંગલમાં સળગેલો દાવાનળ જડ-ચેતન પદાર્થને બાળ્યા વગર રહેતો નથી; તેમ મૃત્યુઃ ગર્ભમાં રહેલા, યોનિમાં આવેલા, યોનિમાંથી બહાર નીકળતા, બાળકરૂપે જન્મેલા, મોટા થતા, યુવાનવયના, પ્રૌઢ ઉંમરના - કેડે વાંકા વળેલા, સફેદ વાળવાળા કે મરણ પથારીએ પડેલા લોકોને તેમજ પાતાળમાં, પર્વતની ગુફામાં, વનમાં, સ્થલભૂમિમાં, સમુદ્રમાં, પર્વતના શિખર ઉપર અથવા આકાશમાં ફરતા સુખી કે દુઃખી, દેવાદાર કે દરિદ્રી, મૂર્ખ કે પંડિત, સુરૂપ કે કુરૂપ, રોગી કે નિરોગી, દુર્બલ કે બલવાન, આવા કોઈ પણ જીવને છોડતું નથી. અર્થાત્ કાળના ઝપાટામાંથી કોઈ પણ જીવ છૂટી શકતો નથી. ૧૬-૧૭-૧૮-૧૯

**अत्थेण न छुट्टिज्जइ, बाहुबलेण न मंततंतेहिं ।**
**ओसहमणिविज्जाहिअ, न धरा मच्चुस्स घडीआ वि ॥ २० ॥**

અર્થથી, બાહુબળથી, મંત્રથી, તંત્રથી, ઔષધિથી, મણિથી કે વિદ્યાના પ્રયોગથી મૃત્યુને એક ઘડી પણ રોકી શકાતું નથી. ૨૦

**जम्मजरामरणहया, सत्ता बहुरोगसोगसंतत्ता ।**
**हिंडंति भवसमुद्दे, दुक्खसहस्साइं च पावंता ॥ २१ ॥**

જન્મ - જરા અને મરણથી પીડાતા, અનેક રોગોથી ઘેરાયેલા અને શોકથી સંતપ્ત જીવો હજારો દુઃખોને સહન કરતા ભવસમુદ્રમાં ભટકે છે. ૨૧

**जम्मजरामरणत्ता, सत्ता पिअविप्पओगदुक्खत्ता ।**
**असरणा मरंति जंति अ, संसारे संसरंति सया ॥ २२ ॥**

જન્મ - જરા - મરણ અને પ્રિયવિયોગના દુઃખથી દુઃખી તેમજ અશરણ જીવો મૃત્યુ પામે છે અને હંમેશા સંસારમાં પરિભ્રમણ કરે છે. ૨૨

असरणा मरंति इंदा, बलदेवा वासुदेवचक्कहरा ।
ता एअं नाऊणं, करेह धम्मुज्जमं तुरिअं ॥ २३ ॥

ઈન્દ્રો, બળદેવો, વાસુદેવો અને ચક્રવર્તીઓ પણ શરણ વિના મૃત્યુ પામે છે અર્થાત્ એવા ધુરંધરોને પણ મૃત્યુથી કોઈ બચાવી શકતું નથી; માટે આ સત્યનો સ્વીકાર કરીને શીઘ્રપણે ધર્મમાં ઉદ્યમ કરો ! પ્રમાદ છોડો. ૨૩

भीसणभवाडवीए, एगो जीवो सया वि असहाओ ।
कम्महओ अ भवालिं, आहिंडइ विविहरूवेहिं ॥ २४ ॥

હંમેશ સહાય વગરનો, કુટિલ કર્મથી હણાયેલો સંસારી જીવ, આ ભયંકર ભવ-અટવીમાં વિવિધ રૂપો ધારણ કરી, જન્મની પરંપરાને વધારતો એકલો જ ભટક્યા કરે છે. ૨૪

जह आगइत्ति एगो, कडिदोरेणावि विरहिओ जीवो ।
गच्छिस्सइ तह वि अ, एगो छंडे वि सव्वंपि ॥ २५ ॥

જે રીતે જીવ કેડના કંદોરા વિના પણ એકલો જ આવ્યો છે, એ રીતે બધું જ અહીં મૂકીને એકલો જ ચાલ્યો જશે. ૨૫

जाइ अणाहो जीवो, दुमस्स पुप्फं व कम्मवायहओ ।
धणधन्नाहरणाइं, पिअपुत्तकलत्तमिल्हे वि ॥ २६ ॥

આ અનાથ જીવ, વૃક્ષના ફૂલની જેમ કર્મરૂપી પવનથી પ્રેરાયેલો ધન-ધાન્ય-આભરણો-પ્રિય-પુત્ર અને સ્ત્રી વગેરેને મૂકીને પરલોકના માર્ગે ચાલ્યો જાય છે. ૨૬

अन्नस्स पेट्टसूले, अन्नस्स न वेअणा जहा होइ ।
तह अन्नेण कयाइं, कम्माइं न भुंजए अन्नो ॥ २७ ॥

એકના પેટમાં શૂળની પીડા હોય તો એની વેદના બીજાને થતી

નથી એને જ થાય છે; તેમ એક જીવે કરેલાં કર્મ બીજો ભોગવતો નથી. કર્મ કરનાર જીવને જ ભોગવવાં પડે છે. ૨૭

छंडेयव्वं देहं, अवस्स कइआ वि नत्थि संदेहो ।
ता छड्डणजोएणं, उवज्जिअव्वं सासयं सुक्खं ॥ २८ ॥

શરીર ક્યારેક તો અવશ્ય છોડવાનું જ છે, એમાં કોઈ સંદેહ નથી; તો એને અણસણ દ્વારા છોડી દઈ શાશ્વત સુખ પ્રાપ્ત કરી લેવું જોઈએ. ૨૮

तुच्छत्थिखंडसरिसा, विसया महानिहिसमं च मणुअत्तं ।
लद्धेण जेण मुक्खो, लहइ धम्मे निउत्तेण ॥ २९ ॥

પાંચ ઈન્દ્રિયોના વિષયો હાડકાના ટુકડા જેવા તુચ્છ છે અને મનુષ્યભવ મહાનિધાન જેવો છે. એ પામ્યા પછી એને ધર્મમાં જોડવાથી અનંત સુખમય મોક્ષ મળે છે. ૨૯

जह सव्ववाहिहरगं, गोसीसं चंदणं महग्घं पि ।
दहिऊण कुणइ छारं, भायणनिम्मज्जणट्ठाए ॥ ३० ॥

तह दुलहमहग्घेअं, मणुयत्तं दहइ छारयाणेइ ।
विसयाइट्ठीकज्जे, जो धम्मे तं न लाएइ ॥ ३१ ॥

જેમ કોઈ માણસ વાસણ માંજવા માટે સર્વવ્યાધિને હરનાર અને મહાકિંમતી ગોશીર્ષચન્દનને બાળી રાખ બનાવે; તેમ અતિ દુર્લભ અને અતિમોંઘેરા માનવજન્મનો ઉપયોગ ઉત્તમ ધર્મની આરાધનામાં ન કરતાં વિષયસુખ ભોગવવામાં કરે છે તે ગોશીર્ષચન્દનની રાખ બનાવનાર આદમીની જેમ મૂર્ખ છે. ૩૦-૩૧

सव्वट्ठसिद्धिवासी, देवा निवडंति आउए जिण्णे ।
तेत्तीससागराऊ, का गणणा इयरजीवेसु ॥ ३२ ॥

૩૩ સાગરોપમના આયુષ્યવાળા સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવોને પણ આયુષ્યનો ક્ષય થતાં નીચે આવવું પડે છે; તો બીજા જીવોની શી ગણના ? ૩૨

जं वोलीणं सुक्खं, तं वीसरिअं न तेण तत्तिगओ ।
संपइ समए सुक्खं, जं भुंजइ तं मुणइ एव ॥ ३३ ॥

જે સુખ ભૂતકાળમાં જીવે ભોગવ્યું તેને જીવ ભૂલી ગયો, એ સુખથી જીવ તૃપ્તિ પામ્યો નહિ. વર્તમાનમાં જે સુખને તે ભોગવે છે તેને જ તે સુખ માને છે. ૩૩

तिलतुसवालग्गं पि हु, चउदसरज्जुम्मि इत्थ संसारे ।
जं असिऊण न मुक्कं, तं दव्वं नत्थि अणुअं पि ॥ ३४ ॥

આ સંસારમાં ચૌદરાજલોકની અંદર તલના ફોતરા જેટલું કે વાળના અગ્રભાગ જેટલું પણ દ્રવ્ય એવું નથી કે - જેને જીવોએ ભોગવીને છોડ્યું ન હોય ! અર્થાત્ જીવોએ સર્વપદાર્થોનો સર્વ રીતે ઉપભોગ કર્યો છે. ૩૪

सो नत्थित्थ पएसो, लोए तिविहे वि जत्थ न हु जाओ ।
न मओ अ वाहिगहिओ, जीवो भवभमणकंतारे ॥ ३५ ॥

ત્રણલોકમાં એવો એક પણ આકાશપ્રદેશ નથી, કે જ્યાં સંસારરૂપ અટવીમાં ભ્રમણ કરતો આ જીવ, વ્યાધિગ્રસ્ત થઈને મૃત્યુ ન પામ્યો હોય ! એટલે કે ચૌદરાજલોકના પ્રત્યેક આકાશપ્રદેશ ઉપર જીવનું મૃત્યુ થયું છે. ૩૫

सव्वे जीवा जणिआ, जणिओ सव्वेहिं एस पुण गसिओ ।
सव्वे अणेण गसिआ, अणाइसंसारभमणंमि ॥ ३६ ॥

અનાદિકાળથી ચાલતા સંસાર-પરિભ્રમણમાં જીવે સર્વજીવોને

જન્મ આપ્યો છે અને સર્વજીવોથી જીવ જન્મ પામ્યો છે વળી સર્વજીવોનું એણે આહારરૂપે ભક્ષણ કર્યું છે અને સર્વજીવોએ એનું આહારરૂપે ભક્ષણ કર્યું છે. ૩૬.

सव्वे देवा आसी, सव्वे मणुतिरिय आसि संसारे ।
सव्वे अणंतवारं, परिक्कमा नरयजालाहिं ॥३७॥

બધા જ સંસારીજીવો દેવ થયા છે, મનુષ્યો થયા છે. તિર્યંચ થયા છે અને અનંતીવાર નરકની જ્વાલાઓમાં પણ ઉત્પન્ન થયા છે અર્થાત્ સર્વ સંસારીજીવો અનંતીવાર ચારેય ગતિઓમાં ઉત્પન્ન થયા છે. ૩૭

धी धी धी संसारं, देवो मरिऊण जं तिरी होइ ।
मरिऊण रायराया, परिपक्कइ नरयजालाहिं ॥ ३८ ॥

જ્યાં દેવ મરીને તિર્યંચ થાય છે, તિર્યંચ મરીને રાજાનો પણ રાજા થાય છે અને રાજાનો રાજા મરીને નરકની જ્વાલાઓમાં શેકાય છે તેથી સંસારને ધિક્કાર છે, ધિક્કાર છે, ધિક્કાર છે. ૩૮

हा विसमो संसारो, तरुणो निअरूवगव्विओ मरिउं ।
जाइ ससरीरे वि अ, किमीकुलमज्झंमि होइ किमी ॥ ३९ ॥

અહાહા ! સંસાર કેવો વિષમ છે ? આ સંસારમાં પોતાના સુંદર રૂપનો ગર્વ કરનાર યુવાન મરીને પોતાના શરીરમાં પણ કૃમિ-કીડા તરીકે ઉત્પન્ન થાય છે. ૩૯

हा हा हा अइकट्ठो, संसारो कम्मसंतई बलिया ।
जेण विअक्खणमणुओ, एगिंदिय होइ मरिऊणं ॥ ४० ॥

અહાહા ! સંસાર કેટલો કષ્ટથી ભરેલો છે ? કર્મસત્તા કેવી બળવાન છે ? જેના યોગે વિચક્ષણપુરુષ પણ મરીને એકેન્દ્રિય થાય છે. ૪૦

अंधो बहिरो मूओ, रसणिंदिअवज्जिओ जिओदुहिओ ।
हिंडइ अणंतकालं, बेइंदियत्तं पि अलहंतो ॥ ४१ ॥

ત્યાં (એ કષ્ટમય સંસારમાં) જીવ આંધળો, બહેરો, મૂંગો અને રસનેન્દ્રિય વિનાનો મહાદુઃખી અનંતકાળસુધી ભટકે છે, બેઈન્દ્રિયપણું પણ પામી શકતો નથી. ૪૧

सामी जायइ दासो, दासो सामित्तणेण आयाइ ।
मित्तो जायइ सत्तू, सत्तू वि अ होइ पुण मित्तो ॥ ४२ ॥

આ કષ્ટમય સંસારમાં શેઠ નોકર થાય છે, નોકર શેઠ થાય છે. મિત્ર શત્રુ થાય છે અને શત્રુ પણ પાછો મિત્ર થાય છે. ૪૨

बंधू वि होइ परो, परो वि बंधुत्तणेण संघडइ ।
सयणो वि अ होइ परो, परो वि सयणत्तमुवज़ाइ ॥ ४३ ॥

આ કષ્ટમય સંસારમાં સ્વજન પરજન-પારકો થાય છે અને પરજન વળી સ્વજનપણે ઉત્પન્ન થાય છે. બંધુ પરજન થાય છે અને પરજન બંધુપણે ઉત્પન્ન થાય છે. ૪૩

माया जायइ पत्ती, पत्ती मरिऊण होइ पुण माया ।
बहिणी वि होइ धूआ, धूआ बहिणी वि पत्ती वि ॥ ४४ ॥

વળી આ વિચિત્ર પ્રકારના સંસારમાં માતા મરીને પત્ની થાય છે અને પત્ની મરીને માતા થાય છે. બહેન મરીને દિકરી થાય છે અને દિકરી મરીને બહેન કે પત્ની થાય છે. ૪૪

पुरिसो वि होइ इत्थी, नपुंसगत्तेण सो वि संजायइ ।
कुंथू वि होइ हत्थी, हत्थी कुंथूणत्तणमुवेइ ॥ ४५ ॥

વળી આ સંસારમાં પુરુષ, સ્ત્રી અથવા નપુંસકપણે ઉત્પન્ન થાય

છે. કંથવો હાથી થાય છે અને હાથી કંથવા તરીકે ઉત્પન્ન થાય છે. ૪૫

नत्थि हु कोइ अपुव्वो, जम्मो देहो वि जं न जीवेण ।
गहिऊणं पुण मुक्को, भवपरिवाडीभमंतेण ॥ ४६ ॥

એવો કોઈ અપૂર્વ જન્મ નથી કે એવો કોઈ અપૂર્વ દેહ નથી, કે જેને ભવપરંપરામાં ભટકતા જીવે ગ્રહણ કરીને મૂક્યો ન હોય ! ૪૬

कत्थइ महुरं गीअं, पिअयण सहिएण उववणे रम्मे ।
कत्थइ गुरुअविलावा, पियविरहविसंथुलेण कया ॥ ४७ ॥

આ સંસારમાં ક્યારેક સ્ત્રીપણું પામીને મનોહર બગીચામાં પતિ સાથે મધુર ગીતોનું ગાન કર્યું, તો ક્યારેક પ્રિયતમના વિરહથી દુઃખી થઈને કરુણ વિલાપ પણ કર્યા. ૪૭

बहुसो नरयगयेणं, विअणानिवहेहिं पूरिओ कालो ।
कंदंतकरंतेणं, सागरमाणो महाघोरो ॥ ४८ ॥

ઘણીવાર નરકમાં ગયેલા જીવે સાગરોપમનો મહાઘોર સમય ભયંકર વેદના ભોગવી આક્રંદમાં પસાર કર્યો. ૪૮

निरउव्वट्टो वि पुणो, संसरमाणो तिरियजोणीसु ।
खुहतिण्हवेयणहओ, भमिओ संसारकंतारे ॥ ४९ ॥

એ જીવ, નરકમાંથી નીકળી ઊંચે ચડતો ચડતો તિર્યંચગતિમાં આવીને, ભૂખ-તરસ વગેરે પીડાઓથી પીડિત થઈ સંસાર-અટવીમાં ભટક્યો ૪૯

तिरियत्तणा उवट्टो, संसरमाणो मणुस्सजाईसु ।
विविहं दुक्खं दुग्गं, सारीरं माणसं पत्तो ॥ ५० ॥

તિર્યંચગતિમાંથી નીકળેલો એ જીવ ભટકતો અને ઊંચે ચડતો

મનુષ્યગતિમાં આવ્યો અને ત્યાં પણ વિવિધપ્રકારનાં શારીરિક અને માનસિક વિષમ દુઃખોને પામ્યો. ૫૦

तुडिचडणेण भमंतो, सुरालयं कह वि पाविउं जीवो ।
पाहुणउव्व रमित्ता, कइ वि दिणेन्नत्थ पुण एइ ॥ ५१ ॥

એ રીતે ઊંચે ચઢીને સંસારમાં ભટકતો જીવ કોઈક પુણ્યના ઉદયથી દેવલોક પામી ત્યાં કેટલોક સમય મહેમાનની જેમ સુખમગ્ન બની પાછો અહીં આવે છે (સંસારની બીજી યોનિઓમાં જાય છે.) ૫૧

जम्मजरमच्चुरोगा, सोगा बाहंति सव्वलोगंमि ।
मुत्तूण सिद्धिखित्तं, संसाराइअभावंति ॥ ५२ ॥

સંસારથી તદ્દન અલગ સિદ્ધિક્ષેત્રને છોડીને સમગ્ર લોકમાં જન્મ-જરા-મૃત્યુ-રોગ-શોક વગેરે જીવોને પીડે છે સંસારભાવે તો સિદ્ધિક્ષેત્રમાં પણ એકેન્દ્રિયપણે ઉત્પન્ન થાય છે એમને પણ ત્યાં જન્મ-જરા-મરણાદિની પીડા હોય છે. ૫૨

एसो चउगइगुहिरो, संसारमहोअही दुरुत्तारो ।
मच्छुव्व जहा जीवा, अणोरपारंमि भमणंति ॥ ५३ ॥

આ ચારગતિરૂપ ગંભીર સંસારમહાસાગર દુઃખે કરીને તરી શકાય એવો છે. જે અપાર સંસાર-સાગરમાં જીવો માછલીની જેમ પરિભ્રમણ કરે છે. ૫૩

इअ संसारे असारे, अणोरपारंमि ताव हिंडंति ।
जाव न दयाइधम्मं, जीवा काऊण सिज्झंति ॥ ५४ ॥

જ્યાંસુધી જીવો, અહિંસાદિ ધર્મની આરાધના કરીને સિદ્ધિપદને

પામતા નથી, ત્યાંસુધી આ અપાર અને અસાર એવા સંસારસાગરમાં પરિભ્રમણ કરતા જ રહે છે. ૫૪

अन्नाणं खलु कट्ठं, अन्नाणाओ न किंचि कट्ठयरं ।
भवसायरं अपारं, जेणावरिआ भमंति जिआ ॥ ५५ ॥

અજ્ઞાન એ જ ખરેખર મહાકષ્ટ છે. અજ્ઞાનથી અધિક બીજું કોઈ કષ્ટ-દુઃખ આ જગતમાં નથી. એ અજ્ઞાનથી ઘેરાયેલા જીવો અપાર સંસારસાગરમાં ભટકે છે. ૫૫

इगबितिचउरिंदियए, संमुच्छिमजीवरासिपडिआणं ।
दुलहाइ धम्मबोही, अबोहिलाभासु जोणीसु ॥ ५६ ॥

જ્યાં ધર્મની પ્રાપ્તિ દુર્લભ છે એવી એકેન્દ્રિય-બેઈન્દ્રિય, તેઈન્દ્રિય - ચઉરિન્દ્રિય તથા સંમૂર્ચ્છિમ જીવરાશિમાં પડેલા - રહેલા જીવોને બોધિલાભ થતો નથી. ૫૬

को नारयाणं धम्मं, कहेइ ताणंपि बोही दूरेणं ।
तिरिआ वि किसन्नत्ता, तेणं अइदुलहो बोहिपहो ॥ ५७ ॥

નરકમાં રહેલા નારકીઓને પણ ધર્મનો ઉપદેશ કોણ આપે ? ત્યાં ધર્મનો ઉપદેશ આપનાર કોઈ ન હોવાથી તેમને પણ બોધિલાભ થતો નથી. તિર્યંચો પણ કષ્ટથી પીડિત હોવાના કારણે તેમને પણ બોધિમાર્ગ અતિદુર્લભ છે. ૫૭

मणुआ वि जवणसयबब्बराइ, बहुविहअणारिया कत्तो ।
बोहिं लहंति मूढा, दयाइपरिणामपरिमुक्का ॥ ५८ ॥

યવન, શક, બર્બરાદિ અનેક પ્રકારના અનાર્યો માનવ હોવા છતાં દયાદિના પરિણામથી રહિત અને મોહમૂઢ હોવાના કારણે બોધિ ક્યાંથી પામી શકે ? ૫૮

अंधा बहिरा मूगा, पंगू रोगेहिं पीडिया विविहा ।
न लहंति बोहिलाभं, पडिया पावाडवीमज्झे ॥ ५९ ॥

આંધળા - બહેરા - મૂંગા - રોગોથી પીડાતા અને પાપરૂપી અટવીમાં ભૂલા પડેલા અનેક પ્રકારના મનુષ્યોને બોધિલાભ થતો નથી. ૫૯

अन्ने अकम्मभूमी, संभूआ न हु लहंति ते बोहिं ।
छप्पन्नंतरदीवा, बोही तेसिंपि दुल्लंभो ॥ ६० ॥

બીજા કેટલાક અકર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા તેમજ ૫૬ અંતરદ્વીપમાં ઉત્પન્ન થયેલા મનુષ્યોને બોધિ દુર્લભ હોય છે. ૬૦

अन्ने धम्माभिमुहा, धम्मस्स विसेसयं अयाणंता ।
न लहंति बोहिलाभं, हिंडंति कुधम्मिधम्मिहुआ ॥ ६१ ॥

બીજા કેટલાક જીવો ધર્મસન્મુખ થયેલા હોવા છતાં ધર્મનું વિશેષ સ્વરૂપ જાણતા ન હોવાથી બોધિલાભ પામતા નથી અને કુધર્મની જાળમાં ફસાયેલા ધર્મી બનીને સંસારમાં ભટકતા રહે છે. ૬૧

कुच्छियदेवाराहग, कुलिंगधारी कुतित्थरइ निच्चं ।
कुच्छियआगमभाविअ, सुधम्मबोही न पावंति ॥ ६२ ॥

બીજા કેટલાક હંમેશ કુદેવના આરાધક, કુલિંગધારી સાધુઓના તથા કુતીર્થરાગી તેમજ કુશાસ્ત્રથી વાસિત મતિવાળા મનુષ્યો સદ્ધર્મનો બોધ પામી શકતા નથી. ૬૨

दुट्ठत्तणेण जडत्तणेण, दुविअड्ढपंडिअत्तेणं ।
संसारसूअरत्तेण, केइ बोहिं न पावंति ॥ ६३ ॥

વળી બીજા કેટલાક મનુષ્યો દુષ્ટતા, જડતા, અધકચરી પંડિતાઈ અને સંસારની લુબ્ધતાના (સંસારનું ભૂંડપણું) કારણે બોધિ પામતા નથી. ૬૩

आलस्सोवहया अन्ने, अन्ने मोहेण मोहीआ पावा ।
रागाइहया अन्ने, बोही तेसिं पि दूरेण ॥ ६४ ॥

વળી કેટલાક આળસુ જીવો, કેટલાક મોહથી મૂર્ચ્છિત પાપી જીવો અને બીજા કેટલાક રાગાન્ધ જીવોથી બોધિ ઘણી દૂર છે. ૬૪

अन्ने माणोवहया, अवन्नवाएण अट्ठमयधिट्ठा ।
बोहिबाहिरा ते वि, हुंति संसारवुड्ढिकरा ॥ ६५ ॥

બીજા કેટલાક માનથી ઉન્મત્ત બનેલા, નિંદાના રસવાળા અને આઠ મદથી ધિઠ્ઠા બનેલા જીવો, બોધિ વગરના સંસારની વૃદ્ધિ કરનારા થાય છે. ૬૫

कोहणसीला अन्ने, सप्पा इव मिसिमिसिंति पडिणीया ।
ताणं कत्तो बोही, अबोहीलाभेण पडिबद्धा ॥ ६६ ॥

બીજા કેટલાક ક્રોધી સ્વભાવના માનવો દરેકના દુશ્મન બની સર્પની જેમ ફૂંફાડા મારે છે. તેમને પણ બોધિલાભ ક્યાંથી થઈ શકે ? તેઓ તો અબોધિલાભથી સજ્જડ બંધાયેલા હોય છે. ૬૬

अन्ने वि मत्तबाला, अन्ने पंचंगविसयतल्लिच्छा ।
अन्ने कसायपरिगया, अन्ने निद्दालसोवहया ॥ ६७ ॥

एगे भत्तकहाए, चोरकहाए अ जणवयकहाए ।
अच्छंति विगहबद्धा, अइदुलहा बोहि तेसिं पि ॥ ६८ ॥

બીજા કેટલાક માનવો મદિરાનાં પાનથી છકી ગયેલા હોય છે. કેટલાક પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત રહે છે. કેટલાક ચાર

કષાયથી ધમધમી રહેલા હોય છે, તો વળી કેટલાક નિદ્રા-પ્રમાદમાં ચકચૂર હોય છે અને કેટલાક ભોજનકથા - ચોરકથા - દેશકથા વગેરે વિકથાઓમાં કીમતી સમય ગાળે છે. આવા જીવોને પણ બોધિ અતિ દુર્લભ છે. ૬૭-૬૮

**किवणत्तणेण अन्ने, भएण नाणाविहेण पडिबद्धा ।**
**न लहंति बोहिलाभं, सोगेण य सल्लिआ अन्ने ॥ ६९ ॥**

બીજા કેટલાક કૃપણ જીવો, અનેક પ્રકારના ભયોથી ભયભીત જીવો અને શોકનાં શલ્યવાળા જીવો પણ બોધિલાભ પામતા નથી. ૬૯

**अन्नाणोवहया अन्ने, सेअं किसणंपि जाण समसरिसं ।**
**ते वि न लहंति बोहिं, संसारबइल्ल ते दुपया ॥ ७० ॥**

બીજા કેટલાક અજ્ઞાનથી અંધ બનેલા જીવો ધોળા અને કાળાને સરખું માનનારા હોય છે અર્થાત્ સત્યાસત્યનો વિવેક નહિ સમજનારા હોય છે; તે જીવો પણ બોધિ પામતા નથી. ખરેખર તેઓ તો સંસારના બે પગના બળદ જેવા હોય છે. ૭૦

**अन्ने वि कुऊहलिणो, दिसिदेसुज्जाणपव्वयवणेसुं ।**
**पिच्छणय - गीअवाइअ, अइहासरसिक्कपडिबद्धा ॥ ७१ ॥**

**बहुमंततंतचवणा, कुगहकुहेडयकुदंसणविलग्गा ।**
**कुमइकुदिट्ठंतेहि अ, बोहिं न लहंति इअमाई ॥ ७२ ॥**

બીજા કેટલાક જુદી જુદી દિશાઓ, દેશો, ઉદ્યાનો, પર્વતો અને જંગલની સીનસીનેરી જોવાના કુતૂહલવાળા, ગીત-વાજિંત્ર, નાટક અને હાસ્યરસમાં ડૂબેલા, અનેક પ્રકારના મંત્ર-તંત્રોનું સેવન કરનારા, કદાગ્રહ; કુસંગ, અને કુદર્શનને વળગીને બેઠેલા, તેમ જ કુદૃષ્ટાંતોનાં શ્રવણથી કુબુદ્ધિવાળા બનેલા... આવા આવા લોકો પણ બોધિ પામી

શકતા નથી. ૭૧-૭૨

जह कप्परुक्खतरूणं, सरिसनामेण अंतरं गरुअं ।
तह जणजिणधम्मेसु वि, समनामे अंतरं गरुअं ॥ ७३ ॥

જેમ કલ્પવૃક્ષ અને આકડાનું વૃક્ષ: બન્ને વૃક્ષ નામથી સરખાં છે પણ એમાં ઘણું અંતર છે; તેમ લૌકિકધર્મ અને લોકોત્તર જિનધર્મ એ બે ધર્મનાં નામે સરખા હોવા છતાં બન્નેયમાં મોટું અંતર છે. ૭૩

जहघरघट्टचिंता - मणीण पाहाणसरिसनामेहिं ।
कंचणलुट्ठाणं तह, जाणिज्जा अंतरं गरुअं ॥ ७४ ॥

एवं च नामसामण्णयाइ, विउसो न लग्गए धम्मे ।
सुपरिक्खिउ त्ति काउं, नाउं परमत्थओ लेइ ॥ ७५ ॥

જેમ ઘરની ઘંટી અને ચિંતામણિરત્ન એ બન્ને પથ્થરની જાતિનાં છે. સોનું અને ઢેફું પણ સમાનજાતિના (પૃથ્વીકાય) છે છતાં તેમાં ઘણો મોટો તફાવત છે; તેમ નામની સમાનતાથી ભૂલા પડી વિદ્વાનો એ ધર્મપ્રવૃત્તિ કરતા નથી પણ સારીરીતે પરીક્ષા કરીને, પરમાર્થથી સમજીને ધર્મ ગ્રહણ કરે છે. ૭૪-૭૫

जो रीरीति काऊण, कंचणं लेइ वण्णनडिअंगं ।
सो विक्कयंमि घट्ठो, बहु झुरइ अणायपरमत्थो ॥ ७६ ॥

જે સોનાનો ઢોળ ચઢાવેલા પિત્તળને સોનું માની ખરીદે છે; પરમાર્થને નહિ જાણનારો એવો તે, વેચવા જાય છે ત્યારે ભારે પશ્ચાત્તાપ કરે છે. ૭૬

कणयंपि जो कलित्ता, कसच्छेउं ताविऊण तं लेइ ।
छिज्जइ न परिक्खन्नू, एवं धम्मे वि जो कुसलो ॥ ७७ ॥

જે માણસ સોનાને પણ કષ - છેદ અને તાપથી પરીક્ષા કરીને

ગ્રહણ કરે છે તે કદી ઠગાતો નથી; એ જ રીતે કુશળ પુરુષ પરીક્ષા કરીને ધર્મનો સ્વીકાર કરે તો એ કદી ઠગાતો નથી. ૭૭

**दीसंति दाणी सुहडा, अइविउसा के वि के वि रूवी वि ।**
**परमत्थवत्थुगहणिक्क- लालसा के वि दीसंति ॥ ७८ ॥**

**बावत्तरिकलाकुसला, कसणाए कणयरययरयणाणं ।**
**चुक्कंति धम्मकसणा, तेसिं वि धम्मुत्ति दुन्नेउ ॥ ७९ ॥**

આ વિશ્વમાં કેટલાક દાનવીર તો, કેટલાક શૂરવીર સુભટ દેખાય છે. કેટલાક મહાવિદ્વાન તો કેટલાક રૂપરૂપના અંબાર દેખાય છે અર્થાત્ મોટા ભાગના લોકો આવા છે. પરંતુ સાચી વસ્તુ (પરમાર્થ) જાણવા - પામવાની તમન્નાવાળા બહુ ઓછા લોકો દેખાય છે. પુરુષની બહોંતેર કલામાં કુશળ તેમજ સોનું, રૂપું અને રત્નની પરીક્ષામાં ચતુર પુરુષો પણ ધર્મની પરીક્ષા કરવામાં ભૂલ કરે છે કારણ કે - તેવાઓને પણ ધર્મ ઓળખવાનું કામ બહુ દુષ્કર છે. ૭૮-૭૯

**ते धन्ना कयपुण्णा, जीवा तेलुक्कभवसमुद्दंमि ।**
**जे धम्मबोहिरयणं, लहंति सिवसंपयनिहाणं ॥ ८० ॥**

ત્રણ લોકરૂપ ભવસમુદ્રમાં તે આત્માઓ ધન્ય છે અને કૃતપુણ્ય છે (પુણ્યશાળી) કે- જે આત્માઓ મોક્ષસંપત્તિના નિધાનરૂપ બોધિરત્નને (ધર્મરત્ન) પામે છે. ૮૦

**धम्मेण होइ राया, चक्कहरो नवनिहीसरो गरुओ ।**
**चउदसरयणाहिवई, भारहछक्खंडभत्तारो ॥ ८१ ॥**

ધર્મથી જ જીવ નવનિધિનો મોટો સ્વામી, ચૌદરત્નનો અધિપતિ અને ભરતક્ષેત્રના છ ખંડનો ચક્રવર્તી રાજા થાય છે. ૮૧

**बलदेव-वासुदेवत्तणाइ, खयरत्तणाइं पावंति ।**
**काऊण तवविसेसं, हुंति सुरिंदा बि धम्मेणं ॥ ८२ ॥**

ધર્મના પ્રભાવે બલદેવપણું, વાસુદેવપણું, વિદ્યાધરપણું વગેરે અને વિશેષ તપદ્વારા ઈન્દ્રપણું પણ પ્રાપ્ત થાય છે. ૮૨

धम्मेण असुरवंतर - जोइसवेमाणिअत्तणाइं पि ।
लब्भंति इच्छिआइं, सुक्खाइं जाइं तेलुक्के ॥ ८३ ॥

વળી ધર્મના પ્રભાવે જીવ, અસુર - વ્યંતર - જ્યોતિષી અને વૈમાનિક દેવ થાય છે તેમજ ત્રણલોકમાં જે કાંઈ ઈચ્છિત સુખો મળે છે, તે સઘળાં ધર્મના પ્રભાવે જ મળે છે. ૮૩

मणिमंतोसहिविज्जाउ, जाउ सिज्झंति ताउ धम्मेणं ।
देवा कुणंति आणं, अपरिहओ होइ धम्मेणं ॥ ८४ ॥

જગતમાં મણિ, મન્ત્ર, ઔષધી અને વિદ્યાઓ સિદ્ધ થાય છે તે પણ ધર્મનો જ પ્રભાવ છે. દેવો પણ ધર્મ કરનારની આજ્ઞા માને છે તેમજ ધર્મના પ્રભાવે કદી પરાભવ થતો નથી. ૮૪

अरोग-रूव-धण-सयण, संपया-देहमाउ-सोहग्गं ।
सग्गापवग्गगमणं, होइ सुविन्नेण धम्मेण ॥ ८५ ॥

जत्थ न जरा न मच्चू, न वाहिणो नेव सव्वदुक्खाइं ।
सय सुत्थमेव जीवो, वसइ तहिं सव्वकालंमि ॥ ८६ ॥

સારીરીતે ધર્મ કરવાથી જીવ નિરોગીપણું, ધન, સ્વજન, સંપત્તિ, દીર્ઘ આયુષ્ય, સૌભાગ્ય, સ્વર્ગ અને અપવર્ગ (મોક્ષ) પામે છે. જ્યાં (મોક્ષમાં) જરા નથી, મૃત્યુ નથી, રોગ નથી, કોઈ જ પ્રકારનું દુ:ખ ત્યાં નથી. હંમેશ જીવ અનંતસુખમાં મગ્ન રહે છે. ૮૫-૮૬

सम्मत्तसाररहिया, जाणंता बहुविहाइ सत्थाइ ।
अरयव्व तुंबलग्गा, भमंति संसारकंतारे ॥ ८७ ॥

ઘણા ઘણા શાસ્ત્રોને જાણવા છતાં સમ્યક્ત્વના સારથી રહિત

જીવો ગાડાના પૈડાની નાયડીમાં ભરાવેલા આરાની જેમ ભવ-અટવીમાં ભમે છે. ૮૭

सम्मत्तपत्तजीवा, नारयतिरिया न हुंति कइआवि ।
सुहमाणसदेवेहिं, उप्पज्जित्ता सिवं जंति ॥ ८८ ॥

સમ્યક્ત્વને પામેલા જીવો ક્યારેય પણ નારક કે તિર્યંચ થતા નથી (પૂર્વે આયુષ્યનો બંધ ન થયો હોય તો) પરંતુ સુમનુષ્યપણું અને સુદેવપણું પામીને પરંપરાએ મુક્તિપદને પ્રાપ્ત કરે છે. ૮૮

चिंतय रे जीव ! तए, अन्नाणवसेण विवेगरहिएण ।
विअणाउ अमाणाउ, नरएसु अणंतसो पत्ता ॥ ८९ ॥

હે જીવ ! તેં અજ્ઞાનવશ અને વિવેક રહિત બની સાતેય નરકમાં પારવગરની વેદનાઓ અનંતવાર પ્રાપ્ત કરી તેનો કાંઈક વિચાર કર ! ૮૯

अच्छिनिमीलणमित्तं, नत्थि सुहं दुक्खमेव पडिबद्धं ।
नरए नेरइआणं, अहोनिसं पच्चमाणाणं ॥ ९० ॥

નરકમાં રાતદિવસ પકાવાતા નારકીઓને આંખના પલકારા જેટલું પણ સુખ નથી. એક સરખું દુઃખ જ દુઃખ ત્યાં ભોગવવું પડે છે. ૯૦

जं नरए नेरइया, दुक्खं पावंति गोयमा ! तिक्खं ।
तं पुण निगोअमज्झे, अणंतगुणिअं मुणेअव्वं ॥ ९१ ॥

હે ગૌતમ ! નરકમાં નારકી જીવો જે તીક્ષ્ણ - ઘોર દુઃખો પામે છે તેના કરતા નિગોદના જીવોને અનંતગણું દુઃખ જાણવું. ૯૧

सूइहिं अग्गिवण्णाहिं संभिन्नस्स निरंतरं ।
जावइयं गोयमा ! दुक्खं, गब्भे अट्ठगुणं तओ ॥ ९२ ॥

હે ગૌતમ ! બત્રીશવર્ષના, સશક્ત, નિરોગી યુવાનના શરીરમાં લોઢાની તપાવેલી ધગધગતી સોયો એક સાથે ખોંસવામાં આવે અને જે દુઃખ થાય એનાથી આઠગણું દુઃખ ગર્ભમાં રહેલા જીવને હોય છે. ૯૨

जायमाणस्स जं दुक्खं, मरमाणस्स जंतुणो ।
तेण दुक्खेण संतत्तो, न सरई पुव्वजाइयं ॥ ९३ ॥

જન્મતાં ને મરતાં જીવને જે દુઃખ હોય છે એ દુઃખથી સંતપ્ત જીવ પૂર્વના જન્મનું સ્મરણ કરી શકતો નથી. ૯૩

ता धीर मा विसीअसु, इमासु अइअप्पवेअणासु तुमं ।
को उत्तरिउं जलहिं, निबुड्डए गुप्पईनीरे ? ॥ ९४ ॥

તેથી હે ધીર ! તું અહીની આ અલ્પવેદનાઓથી ખેદ ન પામ ! આખો સાગર તર્યા પછી ગાયના પગલા જેટલા પાણીમાં કોણ ડૂબે ? ૯૪

न परो करेइ दुःक्खं, नेव सुहं कोइ कस्सई देई ।
जं पुण सुचरिअदुचरिअं, परिणमइ पुराणयं कम्मं ॥ ९५ ॥

બીજો કોઈ જ સુખ કે દુઃખ આપતો નથી પરંતુ પૂર્વે પોતે કરેલા શુભાશુભ કર્મનું જ એ પરિણામ છે. ૯૫

न हु होइ सोइअव्वो, जो कालगओ दढं समाहीए ।
सो होइ सोइअव्वो. तवसंज्ञमदुब्बलो जो उ ॥ ९६ ॥

જે સુંદર સમાધિપૂર્વક કાલધર્મ પામ્યો છે અર્થાત્ જેને મૃત્યુને મંગલમય - મહોત્સવરૂપ બનાવ્યું છે તેનો શોક કરવા જેવો નથી. પરંતુ જે તપ અને સંયમથી દુર્બલ - રહિત છે તેનો શોક કરવા જેવો છે. ૯૬

तित्थयरा गणहारी, सुरवइणो चक्किकेसवा रामा ।
संहरिया हयविहिणा, सेसजिएसुं च का गणना ? ॥ ९७ ॥

દુર્ભાગ્યે તીર્થંકરોને, ગણધરોને, દેવેન્દ્રોને, ચક્રવર્તીઓને, વાસુદેવોને તથા બલદેવોને હરી લીધા છે. તો બીજા જીવોની શું ગણતરી ? ૯૭

जं चिअ विहिणा लिहिअं, तं चिअ परिणमइ सयललोयस्स ।
इअ जाणिऊण धीरा, विहुरे वि न कायरा हुंति ॥ ९८ ॥

જે ભાગ્યમાં લખાયું હોય તે મુજબ જ સહુને ફલ પ્રાપ્ત થાય છે. ધીરપુરુષો આ વાતને સારીરીતે સમજીને આપત્તિમાં પણ કાયર બનતા નથી. ૯૮

अन्नन्नदेसजाया, अन्नन्नकुलेसु वड्ढिअसरीरा ।
जिणसासणं पवन्ना, सव्वे ते बंधवा भणिआ ।। ९९ ॥

ભિન્ન ભિન્ન દેશમાં જન્મેલા, ભિન્ન ભિન્ન કુલોમાં મોટા થયેલા જિનશાસનને પામ્યા પછી તે બધા સાધર્મિક ગણાય છે. ૯૯

आजम्मेणं तु जं पावं, बंधिज्जा मच्छबंधओ ।
वयभंगं काउमाणो, तं चेव य पुणो अट्ठगुणं ॥ १०० ॥

માછીમાર જીવનભર જે પાપ બાંધે છે તેનાથી આઠગણું પાપ વ્રતભંગ કરનારો જીવ બાંધે છે. ૧૦૦

# યોગશતક

આ મહાન શતકના રચયિતા સમર્થશાસ્ત્રકાર શ્રીહરિભદ્ર સૂરીશ્વરજીમહારાજ છે, તેઓશ્રીએ ૧૪૪૪ ગ્રંથો રચ્યા છે. એ બધા તો આપણને મળતા નથી પણ જે દોઢસો (૧૫૦) આસપાસ ગ્રંથો મળે છે, તે મહાનગ્રંથો છે, તાત્ત્વિક ગ્રંથો છે. દરેક ગ્રંથની રચના શૈલી કોઈ અલૌકિક છે. યોગશતક ગ્રંથમાં તેઓએ યોગના વિષયને અદ્‌ભુત રીતે વર્ણવ્યો છે. સાધનામાર્ગનું માર્ગદર્શન અપૂર્વકોટિનું આપી તેઓશ્રીએ જૈનશાસનનાં તત્ત્વો કેવાં પચાવ્યાં છે, એ દરેક ગ્રંથમાં રજૂઆતની શેલી કેવી સિદ્ધ કરી છે, તેનાં પ્રત્યક્ષ દર્શન તો એ ગ્રંથોનું પરિશીલન કરનારને જ થાય.

યોગશતક ગ્રંથનું નિત્ય પરિશીલન કરવાથી આત્મામાં યોગમાર્ગની સાધનાનો અપૂર્વ પાવર પ્રગટે, તેમાં કોઈ શંકાને સ્થાન નથી. પ્રભુ મહાવીરદેવના શાસનમાં જૈનધર્મના આગમ, પ્રકરણ, વગેરે વગેરે વિષયોનું અનુપમ સંકલન કરનાર આ મહાપુરુષને પ્રથમ નંબર આપવો પડે.

---

સમ્યક્ ફ્લેટમાં સં. ૨૦૫૫માં ચાતુર્માસ બિરાજમાન પૂ. સા. કૌશલ્યાશ્રીજી મ. આદિ ઠાણા-૪ની શુભનિશ્રામાં થયેલી જ્ઞાનખાતાની ઉપજમાંથી રૂ. ૬,૦૦૧ આ ગ્રંથના પ્રકાશનમાં પ્રદાન કરી ત્યાંની આરાધક બહેનોએ શ્રુતભક્તિનો અનુમોદનીય લાભ લીધો છે.

લિ. પૂ.પં. શ્રી પદ્મવિજયજી ગણિવર
જૈન ગ્રંથમાળાનું ટ્રસ્ટીમંડળ

# યોગશતક

नमिऊण जोगिनाहं, सुओगसंदंसगं महावीरं ।
वोच्छामि जोगलेसं, जोगज्झयणाणुसारेणं ॥ १ ॥

શ્રેષ્ઠયોગના ઉપદેશક, યોગીઓના નાથ એવા શ્રીમહાવીરપરમાત્માને પ્રણામ કરીને યોગનાં અધ્યયનના (પ્રવચન પ્રસિદ્ધ યોગગ્રંથોના) અનુસારે યોગનું સ્વરૂપ સંક્ષેપથી કહીશ. ૧

૧. નિશ્ચયથી યોગ :

निच्छयओ इह जोगो, सण्णाणाईण तिण्हसंबंधो ।
मोक्खेण जोयणाओ, णिद्दिट्ठो जोगिनाहेहिं ॥ २ ॥

યોગિનાથ અરિહંતભગવંતે કહ્યું છે કે - નિશ્ચય એટલે કે શીઘ્ર અક્ષેપ - ફળદાયી અથવા નિયમા ફળદાયી એવો યોગ એટલે (યોગ - ધર્મવિશેષ) સમ્યગ્જ્ઞાનનું, સમ્યગ્દર્શનનું અને સમ્યક્ચારિત્રનું એકત્ર સંમિલન તે યોગ છે. કારણ કે - તે યોગ આત્માનો મોક્ષ સાથે સંબંધ કરી આપે છે. ૨

સમ્યગ્જ્ઞાનાદિનું લક્ષણ :

सण्णाणं वत्थुगओ बोहो, सद्दंसणं तु तत्थ रुई ।
सच्चरणमणुट्ठाणं, विहि - पडिसेहाणुगं तत्थ ॥ ३ ॥

આત્માદિ વસ્તુસંબંધી બોધ તે સમ્યગ્જ્ઞાન છે. આત્માદિ પદાર્થોની રુચિ તે સમ્યગ્દર્શન છે અને આત્માદિ વસ્તુ વિષયક શાસ્ત્રોક્ત વિધિ-નિષેધને અનુસરતું અનુષ્ઠાન એ સમ્યક્ચારિત્ર છે. ૩

વ્યવહારથી યોગ :

ववहारओ उ एसो विन्नेओ एयकारणाणं पि ।
जो संबंधो सो वि य कारण-कज्जोवयाराओ ॥ ४ ॥

વ્યવહારથી સમ્યગ્જ્ઞાનાદિનો હેતુ - સાધનો (ગુરુવિનયાદિ)નો આત્મા સાથે સંબંધ તે પણ, કારણમાં કાર્યના ઉપચારને આશ્રયીને યોગ જ છે. તે વ્યવહારયોગ આ પ્રમાણે છે. ૪

गुरुविणओ सुस्सूसाइआ य, विहिणा उ धम्मसत्थेसु ।
तह चेवाणुट्ठाणं, विहि - पडिसेहेसु जहसत्तिं ॥ ५ ॥

વિધિપૂર્વક ગુરુવિનય અને શુશ્રૂષા (શાસ્ત્ર સાંભળવાની ઈચ્છા) શ્રવણાદિ તથા વિધિપૂર્વક શાસ્ત્રવિહિત કાર્યોનું યથાશક્તિ પાલન અને નિષિદ્ધ કાર્યોનો યથાશક્તિ ત્યાગ વગેરે અનુષ્ઠાન એ વ્યવહારથી "યોગ" કહેવાય છે. ૫

एत्तोच्चिय कालेणं, नियमा सिद्धी पगिट्ठरुवाणं ।
सण्णाणाईण तहा, जायइ अणुबंधभावेणं ॥ ६ ॥

આ ગુરુવિનયાદિનાં આસેવનથી યથાયોગ્ય કાળે, ઉત્તરોત્તર અવિચ્છિન્નપણે વૃદ્ધિ પામતાં ક્ષાયિક સમ્યગ્જ્ઞાનાદિની અવશ્ય પ્રાપ્તિ થાય છે. માર્ગાનુસારી - આજ્ઞાવિશુદ્ધ અનુષ્ઠાન (સાનુબંધ) નિરંતર ગુણવૃદ્ધિ કરનારું હોય છે. ૬

मग्गेण गच्छंतो, सम्मं सत्तीए इट्ठपुरपहिओ ।
जह तह गुरुविणयाइसु, पयट्ठओ एत्थ जोगित्ति ।। ७ ॥

ઈચ્છિતનગરને અનુલક્ષી શક્તિ અનુસાર માર્ગે ચાલનાર વ્યક્તિ જેમ તે ઈષ્ટનગરનો મુસાફર કહેવાય છે, તેમ ગુરુવિનયાદિમાં વિધિપૂર્વક પ્રવૃત્તિ કરનાર વ્યક્તિ યોગી કહેવાય છે. ૭

अहिगारिणो उवाएण, होइ सिद्धी समत्थवत्थुम्मि ।
फलपगरिसभावाओ, विसेसओ जोगमग्गम्मि ॥ ८ ॥

જેમ સર્વ સેવાદિ કાર્યોમાં યોગ્ય - અધિકારીને ઉપાયવડે પ્રકૃષ્ટ ફળની પ્રાપ્તિદ્વારા સિદ્ધિ થાય છે, તેમ યોગમાર્ગમાં પણ વિશિષ્ટ અધિકારીને જ ઉપાયદ્વારા સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે. ૮

अहिगारी पुण एत्थं, विण्णेओ अणुबंधगाइत्ति ।
तह तह णियत्तपगई, अहिगारो णेगभेओ त्ति ॥ ९ ॥

અપુનર્બંધકાદિ યોગના અધિકારી જાણવા. જ્યારે કર્મપ્રકૃતિનો વિશિષ્ટ-વિચિત્ર પ્રકારનાં ફળ ઉત્પન્ન કરવારૂપ અધિકાર નિવૃત્ત થાય છે અર્થાત્ કર્મનું જોર ઘટે છે ત્યારે જ જીવમાં યોગને અનુરૂપ યોગ્યતા પ્રગટે છે. કર્મ - યોગ્યતાના અપગમ(નાશ)ની અપેક્ષાએ એ અધિકાર પણ અનેક પ્રકારનો છે. ૯

अणियत्ते पुण तीए, एगंतेणेव हंदि अहिगारो ।
तप्परतंतो भवरागओ, दढं अणहिगारित्ति ॥ १० ॥

કર્મપ્રકૃતિ નિવૃત્ત થયા વિના કર્મપ્રકૃતિને આધીન બનેલો અત્યંત ભવરાગવાળો જીવ, યોગ માટે અનધિકારી હોય છે. સાધ્યને સિદ્ધ કરવાનાં પ્રકૃષ્ટ સાધનો પણ અધિકારી-યોગ્ય વ્યક્તિને જ (ફળનિષ્પત્તિ) કાર્યસિદ્ધિમાં સહાયક બને છે. તેથી જ ચારિત્રધારી આત્મા, સમ્યગ્દષ્ટિ અને અપુનર્બંધક એ યોગમાર્ગના અધિકારી છે. ૧૦

तप्पोगग्लाण तग्गहण - सहावावगमओ य एयंति ।
इय दट्ठव्वं, तह बंधाई न जुज्जंति ॥ ११ ॥

કર્મનાં પુદ્ગલો (કાર્મણવર્ગણા)નો જીવને વળગવાનો સ્વભાવ અને જીવનો કર્મપુદ્ગલ ગ્રહણ કરવાનો સ્વભાવ દૂર થવાથી

કર્મપ્રકૃતિનો અધિકાર નિવૃત્ત થાય છે અને તેથી યોગનું અધિકારીપણું પ્રાપ્ત થાય છે. કર્મનો અને જીવનો ઉપરોક્ત સ્વભાવ માનવામાં ન આવે તો બંધ-મોક્ષ આદિ ઘટી શકે નહિ. ૧૧

एयं पुण निच्छयओ, अइसयणाणी वियाणए णवरं ।
इयरो वि य लिंगेहिं, उवउत्तो तेण भणिएहिं ॥ १२ ॥

પૂર્વોક્ત યોગનું અધિકારીપણું નિશ્ચયથી કેવળજ્ઞાની જ જાણી શકે અને બીજા છદ્મસ્થજીવો કેવલી કથિત યથોક્ત ચિહ્નોવડે જ્ઞાનોપયોગવાળા બની અનુમાનથી જાણી શકે છે. ૧૨

અપુનર્બંધકનું લક્ષણ :

पावं न तिव्वभावा कुणइ, ण बहुमन्नइ भवं घोरं ।
उचियट्ठिइं च सेवइ, सव्वत्थ वि अपुणबंधोत्ति ॥ १३ ॥

(૧) જે તીવ્ર-સંક્લિષ્ટ ભાવથી પાપ ન કરે (૨) ભયંકર એવા સંસારમાં ગાઢ આસક્તિ ન રાખે. અને (૩) સર્વ ધર્માદિ કાર્યોમાં ઉચિત વ્યવસ્થા જાળવે અર્થાત્ ઔચિત્યપૂર્વક માર્ગાનુસારી પ્રવૃત્તિ કરે, તે અપુનર્બંધક છે. ૧૩

સમ્યગ્દૃષ્ટિનું લક્ષણ :

सुस्सूस धम्मराओ, गुरुदेवाणं जहासमाहीए ।
वेयावच्चे णियमो, सम्मदिट्ठिस्स लिंगाइं ॥ १४ ॥

(૧) ધર્મ સાંભળવાની ઈચ્છા (૨) ધર્મરાગ - ધર્મ પ્રત્યે પ્રીતિ તથા (૩) દેવ અને ગુરુની યથાસમાધિએ વેયાવચ્ચ - સેવાનો નિયમ એ સમ્યગ્દૃષ્ટિનાં ચિહ્નો છે. ૧૪

ચારિત્રીનાં લક્ષણો :

मग्गणुसारी सद्धो, पण्णवणिज्जो कियापरो चेव ।
गुणरागी सक्कारंभ - संगओ तहय चारित्ती ॥ १५ ॥

(૧) માર્ગાનુસારી : મોક્ષમાર્ગને અનુકૂળ પ્રવૃત્તિ કરનાર (આ ગુણ ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી પ્રગટે છે અને તે તત્ત્વપ્રાપ્તિનો અમોઘ હેતુ છે. (૨) શ્રાદ્ધ - મિથ્યાત્ત્વરૂપી ક્લેશનો સર્વથા ક્ષય થવાથી તત્ત્વની અપૂર્વ શ્રદ્ધાવાળો હોય (૩) પ્રજ્ઞાપનીય - સુખપૂર્વક પ્રતિબોધ પામનારો (૪) ક્રિયાતત્પર - સદનુષ્ઠાનમાં તત્પર હોય. (૫) ગુણરાગી - વિશુદ્ધ આશયવાળો હોવાથી ગુણોનો અનુરાગી હોય (૬) શક્યારંભ સંગત - નિષ્ફળ આરંભની નિવૃત્તિ થઈ હોવાથી શક્ય ધર્મકાર્યનો પ્રારંભક હોય. ઉપરોક્ત ગુણોવાળો ચારિત્રી કહેવાય. ૧૫

एसो सामाइयसुद्धिभेयओ णेगहा मुणेयव्वो ।
आणापरिणइभेया, अंते जा वीयरागो त्ति ॥ १६ ॥

સામાયિકની શુદ્ધિના ભેદથી ચારિત્રી અનેક પ્રકારનો હોય છે. જિનાજ્ઞાપાલનના પરિણામથી પડેલા આ ભેદો છે. એનો છેલ્લો ભેદ વીતરાગભાવ છે. ૧૬

पडिसिद्धेसु अ देसे, विहिएसु य इसिरागभावे वि ।
सामाइयं असुद्धं, सुद्धं समयाए दोसुं वि ॥ १७ ॥

પ્રાણાતિપાતાદિ પ્રતિષિદ્ધ (હેય) પદાર્થોમાં દ્વેષ અને વિહિત (ઉપાદેય) તપ, જ્ઞાનાદિમાં થોડો રાગભાવ હોવાથી તાત્ત્વિક સમભાવરૂપ સામાયિક મલિન પણ હોય છે. અને વિહિત અને પ્રતિષિદ્ધ બંનેમાં સમાન વૃત્તિવાળાનું સામાયિક શુદ્ધ છે. ૧૭

एयं विसेसणाणा, आवरणावगम भेयओ चेव ।
इय दट्ठव्वं पढमं, भूसणठाणाइपत्तिसमं ॥ १८ ॥

વિશિષ્ટ તત્ત્વજ્ઞાન અને ચારિત્રમોહનીયનું આવરણ દૂર થવાથી આ સામાયિક શુદ્ધ જાણવું. પ્રથમનું સામાયિક ભૂષણ - સ્થાનાદિની પ્રાપ્તિ તુલ્ય છે. ૧૮

किरिया उ दंडजोगेण, चक्कभमणं व होइ एयस्स ।
आणाजोगा पुव्वाणु-वेहओ चेव णवरं ति ॥ १९ ॥

સમભાવરૂપ સામાયિકવાળા મુનિને શાસ્ત્રાજ્ઞાના યોગે દંડના યોગથી ચાકના ભ્રમણની જેમ ભિક્ષાટનાદિ ક્રિયા હોય છે. અથવા પૂર્વસંસ્કારોના યોગે એ ક્રિયા થાય છે. ૧૯

वासीचंदणकप्पो, समसुहदुक्खो मुणी समक्खाओ ।
भवमोक्खापडिबद्धो, अओ य पाएण सत्थेसु ॥ २० ॥

પૂર્વ નિર્દિષ્ટ સામાયિકના યોગથી મુનિ, વાસી (છરી) અને ચંદનમાં સમાનભાવવાળા તથા સુખ-દુઃખમાં સમાનવૃત્તિવાળા, સંસાર અને મોક્ષમાં પણ પ્રાયઃ અપ્રતિબદ્ધ - અનાસક્ત હોય; એમ શાસ્ત્રોમાં કહ્યું છે. ૨૦

एएसिं णियणियभूमियाए, उचियं जमेत्थऽणुट्ठाणं ।
आणामयसंयुत्तं, तं सव्वं चेव योगो त्ति ॥ २१ ॥

આ અપુનર્બંધકથી વીતરાગદશાસુધીના જીવોમાં સ્વ સ્વ ભૂમિકાને ઉચિત, આજ્ઞારૂપી અમૃતયુક્ત જે સદનુષ્ઠાન હોય છે; તે સર્વ યોગ જ છે. ૨૧

तल्लक्खणयोगाओ उ, चित्तवित्तीणिरोहओ चेव ।
तह कुसलपवित्तीए, मोक्खेण उ जोयणाओ त्ति ॥ २२ ॥

સદનુષ્ઠાનમાં (૧) સર્વત્ર ઉચિતપ્રવૃત્તિ, (૨) ચિત્તવૃત્તિનો નિરોધ અને (૩) કુશલપ્રવૃત્તિ - આ ત્રણે યોગનાં લક્ષણો ઘટતાં હોવાથી સદનુષ્ઠાન એ પણ યોગ જ છે. ૨૨

एएसिं पि य पायं, बज्झाणायोगओ उ उचियम्मि ।
अणुट्ठाणम्मि पवित्ती, जायइ तह सुपरिसुद्ध त्ति ॥ २३ ॥

गुरुणा लिंगेहिं तओ, एएसिं भूमिगं मुणेऊण ।
उवएसो दायव्वो, जहोचियं ओसहाऽऽहरणा ॥ २४ ॥

અપુનર્બંધક આદિ જીવોને પ્રાયઃ કરીને બાહ્યઆજ્ઞાયોગ જિનવચનના ઉપદેશથી જ સ્વયોગ્ય અનુષ્ઠાન (પાપ-અકરણ વગેરે)માં પરિશુદ્ધપ્રવૃત્તિ થાય છે. તેથી શાસ્ત્રવેત્તા ગુરુએ તે તે જીવોની ભૂમિકાને પૂર્વે બતાવેલાં ચિહ્નો દ્વારા જાણી ઔષધની જેમ યથોચિત ઉપદેશ આપવો જોઈએ. ૨૩-૨૪

અપુનર્બંધક યોગ્ય દેશના :

पढमस्स लोगधम्मे, परपीडावज्जणाइ ओहेणं ।
गुरुदेवाऽतिहिपूयाइ, दीणदाणाइ अहिगिच्च ॥ २५ ॥

યોગના પ્રથમ અધિકારી અપુનર્બંધકને, બીજાને પીડા ન આપવી, સાચું બોલવું.... ગુરુ, દેવ અને અતિથિજનનો પૂજા-સત્કાર કરવો તથા દીન વગેરેને દાન આપવું, રાત્રિભોજન ત્યાગ વગેરે લોકધર્મવિષયક સામાન્ય ઉપદેશ આપવો પરંતુ વિક્ષેપણી કથા ન કરવી. ૨૫

एवं चिय अवयारो, जायइ मग्गम्मि हंदि एयस्स ।
रण्णे पहपब्भट्ठो-ऽवट्टाए वट्टमोयरइ ॥ २६ ॥

જેમ અટવીમાં માર્ગભ્રષ્ટ મુસાફર કેડીદ્વારા માર્ગ ઉપર આવી જાય છે. એ પ્રમાણે અપુનર્બંધકનો, ઉપરોક્ત ઉપદેશાદિદ્વારા સમ્યગ્દર્શનાદિરૂપ સન્માર્ગમાં પ્રવેશ થાય છે. ૨૬

સમ્યગ્દષ્ટિ યોગ્ય દેશના :

बीयस्स उ लोगुत्तर-धम्मम्मि अणुव्वयाइअहिगिच्च ।
परिसुद्धाणायोगा, तस्स तहा भावमासज्ज ॥ २७ ॥

બીજા યોગના અધિકારી સમ્યગ્દૃષ્ટિજીવને શાસ્ત્રાજ્ઞા મુજબ, તેના મનના પરિણામને જાણી અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત વગેરે લોકોત્તર ધર્મ વિષયક ઉપદેશ આપવો. ૨૭

तस्साऽऽसण्णत्तणओ तम्मि दढं पक्खवायजोगाओ ।
सिग्घं परिणामाओ सम्मं परिपालणाओ य ॥ २८ ॥

એ સમ્યગ્દૃષ્ટિને ગુણસ્થાનકના ક્રમે શ્રાવકધર્મ નજીકમાં છે. તેથી તેમાં તેનો અત્યંત પક્ષપાત હોય છે અને પક્ષપાતના યોગે શીઘ્ર ક્રિયામાં પરિણમે છે તથા સૂત્રોક્ત વિધિપૂર્વક પાલન કરી શકે છે માટે પ્રથમ શ્રાવકધર્મનો ઉપદેશ આપવો યોગ્ય છે. ૨૮

ચારિત્રી યોગ્ય દેશના :

तइयस्स पुण विचित्तो, तदुत्तर सुजोगसाहगो चोओ ।
सामाइयाइविसओ, णयणिउणं भावसारो त्ति ॥ २९ ॥

યોગના ત્રીજા અધિકારી દેશવિરતિ ચારિત્રીને સામાયિક આદિ સંબંધી વિવિધ પ્રકારના ઉત્તરોત્તર ઉત્તમ યોગોનો સાધક બને એવો ઉપદેશ, ગુરુએ નયની ઘટનાપૂર્વક સંવેગયુક્ત બની આપવો જોઈએ, કારણ કે પ્રાયઃ ભાવથી જ ભાવની ઉત્પત્તિ થાય છે. ૨૯

सद्धम्माणुवरोहा, वित्ती दाणं च तेण सुविशुद्धं ।
जिणपूय-भोयणविही, संझाणियमो य जोगंतो ॥ ३० ॥

(૧) સદ્ધર્મને અનુરૂપ (બાધ ન પહોંચે તે રીતે) કર્માદાનનો ત્યાગ કરી, આજીવિકા ચલાવે. (૨) દાન પણ સદ્ધર્મથી વિશુદ્ધ, યથાશક્તિ, શ્રદ્ધા, સત્કાર, કાલ, મતિવિશેષ અને નિઃસ્પૃહતાપૂર્વક નિત્ય કરે (૩) જિનપૂજા વિધિનો (૪) ભોજનવિધિનો (૫) સંધ્યા નિયમનો (જિનમંદિર જવું વગેરે) (૬) રાતના વિચિત્ર પ્રકારની

ભાવના ઈત્યાદિનો ઉપદેશ શ્રાવકને આપવો જોઈએ. ૩૦

चिइवंदण जइविस्सामणा य, सवणं च धम्मविसयंति ।
गिहिणो इमो वि जोगो, किं पुण जो बावणामग्गो ? ॥ ३१ ॥

ચૈત્યવંદન, સાધુસેવા, ધર્મશ્રવણ વગેરે શ્રાવકનું અનુષ્ઠાન એ પણ યોગ જ છે. તો પછી પરમધ્યાનના અંગભૂત અનિત્યાદિ ભાવનાઓ યોગરૂપ હોય તેમાં શી નવાઈ ! અર્થાત્ એ પણ યોગરૂપ જ છે. ૩૧

इमाइवत्थुविसओ, गिहीण उवएस मो मुणेयव्वो ।
जइणो उण उवएसो, सामायारी जहा सव्वा ॥ ३२ ॥

આ પ્રમાણે બીજો પણ વ્રત, નિયમવિષયક ઉપદેશ શ્રાવકને આપવો જોઈએ અને દીક્ષિત સાધુને તેના ક્ષયોપશમ પ્રમાણે, શિષ્ટ પુરુષોએ આચરેલી સર્વ સામાચારીનો ઉપદેશ આપવો. ૩૨

સામાચારીનું વિશેષ સ્વરૂપ :

गुरुकुलवासो गुरुतंतयाय, उचियविणयस्स करणं च ।
वसहीपमज्जणाइसु, जत्तो तह कालवेक्खाए ॥ ३३ ॥

ગુરુપરતંત્રતા પૂર્વક ગુરુકુલવાસમાં રહેવું, યથાયોગ્ય ઉચિત વિનયનું સેવન કરવું, અને યોગ્યકાળે વસતિ-ઉપાશ્રય આદિની પ્રમાર્જનાદિ કાર્યમાં પ્રયત્ન કરવો. ૩૩

अणिगूहणा बलम्मि, सव्वत्थ पवत्तणं पसंतीए ।
नियलाभचिंतणं सइ, अणुग्गहो मे त्ति गुरुवयणे ॥ ३४ ॥

શારીરિક શક્તિ છુપાવ્યા વિના પડિલેહણાદિ સઘળાંય ધર્મકાર્યમાં નિર્જરાનો મહાન લાભ માની સમતાભાવપૂર્વક પ્રવૃત્તિ કરવી અને જેમ વિચિત્ર પ્રકારના રોગથી પરાભવ પામેલાને સાચી સલાહ

આપનાર વૈદ્યનો યોગ દુર્લભ છે એ રીતે, ગુરુઆજ્ઞા કરે ત્યારે મારા ઉપર મહાન અનુગ્રહ કર્યો; એમ માનવું. ૩૪

संवरणिच्छिड्डुत्तं, सुद्धुंछुज्जीवणं सुपरिसुद्धं ।
विहिसज्झाओ मरणादवेक्खणं जइजणुवएसो ॥ ३५ ॥

કર્મને આવવાના માર્ગોને બંધ કરવા રૂપ સંવર કરવો. આધાકર્માદિ દોષરહિત આહારાદિ ગ્રહણ કરવો, વંદનાદિ વિધિપૂર્વક વાચનાદિ સ્વાધ્યાય કરવો. મરણનું તેમજ પ્રમાદજનિત કર્મનાં ફળ વગેરેનું ચિંતન કરવું. ૩૫

उवएसोऽविसयम्मि, विसए वि अणीइसो अणुवएसो ।
बंधनिमित्तं णियमा, जहोइओ पुण भवे जोगो ॥ ३६ ॥

ભવાભિનંદી - સંસારરસિકને આપેલો ઉપદેશ તે શ્રોતાને નિયમા અનિષ્ટ ઉત્પન્ન કરનારો હોવાથી અનુપદેશ જ છે. તેમજ અપુનર્બંધકાદિ યોગ્યને તેની યોગ્ય ભૂમિકાથી વિપરીતરીતે આપેલો ઉપદેશ તેના ક્ષયોપશમ અનુસાર નહિ આપવાથી અને તેથી જ સ્વકાર્યનો સાધક નહિ હોવાથી અનુપદેશ જ છે અને તેવો ઉપદેશ શ્રોતાને અનર્થ કરનાર હોવાથી તથા આજ્ઞાની વિરાધના થવાથી ઉપદેશકને કર્મબંધનું નિમિત્ત બને છે પરંતુ શાસ્ત્રોક્ત વિધિપ્રમાણે આપેલો ઉપદેશ, જીવને મોક્ષ સાથે સંબંધ જોડનાર હોવાથી "યોગ" કહેવાય છે. ૩૬

વિપરીત ઉપદેશથી થતો મહાન અનર્થ :

गुरुणो अजोगिजोगो, अच्चंतविवागदारुणो णेओ ।
जोगिगुणहीलणा, णट्ठणासणा धम्मलाघवओ ॥ ३७ ॥

વિપરીત ઉપદેશ કરનારા ગુરુએ અયોગ્યને આપેલો ઉપદેશ મહાન અનર્થકારક બને છે. કારણ કે તે વિપરીત ઉપદેશદ્વારા કોઈ

વિડંબક વ્રત સ્વીકારીને તેનું પાલન ન કરે તો તેનાથી યોગીના ગુણોની હીલના થાય છે. તથા અયોગ્ય આત્માઓ વિપરીત ઉપદેશદ્વારા નાશ પામે છે. અર્થાત્ ધર્મભ્રષ્ટ થાય છે અને વિપરીત ઉપદેશથી તેઓને તત્ત્વપ્રતિપત્તિ ન થવાના કારણે ધર્મનું વિપરીતરીતે સેવન કરીને ધર્મનું લાઘવ કરે છે. ૩૭

પરિપક્વ ભૂમિકાવાળાને વિશિષ્ટ ઉપદેશવિધિ :

**एयम्मि परिणयम्मि, पवत्तमाणस्स अहिगठाणेसु ।**
**एसविही अइनिउणं, पायं साहारणो णेओ ॥ ३८ ॥**

અપુનર્બંધકાદિને ઉપર મુજબ ઉપદેશ આપાવથી એ ઉપદેશ પરિણામ પામ્યા પછી, યોગમાર્ગમાં આગળ વધવાની ઈચ્છાવાળા જીવ માટે અત્યંત હિતકર સર્વસામાન્ય ઉપદેશનો વિધિ નીચે મુજબ જાણવો. ૩૮

**निययसहावालोयण - जणवायावगमजोगसुद्धीहिं ।**
**उचियत्तं णाऊणं, निमित्तओ सइ पयट्टेज्जा ॥ ३९ ॥**

(૧) પોતાના સ્વભાવની વિચારણા કરે, અર્થાત્ મારો સ્વભાવ કયા ગુણસ્થાનકને અનુરૂપ છે ? (૨) શિષ્ટ પુરુષો મારા માટે શું અભિપ્રાય ધરાવે છે ? કયા ગુણસ્થાનકની સંભાવના કરે છે, તે જાણવું. (૩) કાયયોગાદિશુદ્ધિનો વિચાર કરી શુકનાદિના વિચારપૂર્વક ધર્માનુષ્ઠાનની પ્રવૃત્તિ કરવી જોઈએ. ૩૯

યોગશુદ્ધિની રીત :

**गमणाइएहिं कायं, णिरवज्जेहिं वयं च भणिएहिं ।**
**सुहचिंतणेहि य मणं, सोहेज्जा जोगसुद्धि त्ति ॥ ४० ॥**

ગમન, આસન, સ્થાનાદિ વડે કાયાને, સત્ય, પ્રિય અને હિતકર વચનોવડે વાણીને, તથા શુભધ્યાનવડે મનને શુદ્ધ બનાવે અને એ યોગશુદ્ધિ જાણીને તે અનુસાર ધર્મપ્રવૃત્તિ કરે. ૪૦

અન્યમતે યોગશુદ્ધિનો વિચાર :

सुहसंठाणा अण्णे, कायं वायं च सुहसरेणं तु ।
सुहसुविणेहिं च मणं, जाणेज्जा साहु सुदि्ध त्ति ॥ ४१ ॥

(૧) કાયશુદ્ધિ : શુભ આકારથી (ઉન્માન-માન-ગતિની પ્રશસ્તતા દ્વારા) કાયાની શુદ્ધિ (૨) વચન શુદ્ધિ : ગંભીર, મધુર આદિ શુભસ્વર વડે વચનની શુદ્ધિ જાણવી. (૩) મનશુદ્ધિ : સફેદ પદાર્થોનું દર્શન, સમુદ્ર, નદી વગેરેમાં તરવું આદિ શુભસ્વપ્નો દ્વારા મનઃશુદ્ધિ શ્રેષ્ઠ છે; એમ જાણવું. ૪૧

ગુણસ્થાન (વ્રત) ગ્રહણની વિધિ :

एत्थ उवाओ य इमो, सुहदव्वाइसमवायमासज्ज ।
पडिवज्जइ गुणठाणं, सुगुरुसमीवम्मि विहिणा तु ॥ ४२ ॥

ઉપર પ્રમાણે પોતાની યોગ્યતાનો વિચાર કર્યા પછી શુભદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને પ્રાપ્ત કરી સદ્‌ગુરુ પાસે વંદનાદિ, વિધિપૂર્વક, પોતાને યોગ્ય આગળની ભૂમિકાનાં વ્રતનો (ગુણસ્થાનકોનો) સ્વીકાર કરવો જોઈએ. ૪૨

वंदणामाई उ विही, णिमित्तसुद्धी पहाण मो णेओ ।
सम्मं अवेक्खियव्वा, एसा इहरा विही ण भवे ॥ ४३ ॥

ચૈત્યવંદન, જિનપૂજન વગેરે વંદનની વિધિમાં પણ નિમિત્તશુદ્ધિની પ્રધાનતા છે; એમ જાણી નિમિત્ત શુદ્ધિની પણ અપેક્ષા અવશ્ય રાખવી જોઈએ, અન્યથા વિધિપૂર્વકની ક્રિયા ન થાય. ૪૩

उड्ढं अहिगगुणेहिं, तुल्लगुणेहिं च णिच्च संवासो ।
तग्गुणठाणोचियकिरिय - पालणासइसमाउत्तो ॥ ४४ ॥

દેશવિરતિ કે સર્વવિરતિનાં વ્રતો સ્વીકાર્યા બાદ પોતાનાથી અધિક ગુણ કે સમાન ગુણવાળા સાથે સહવાસ કરવો. તેમજ તે ભૂમિકાને ઉચિત ક્રિયાનું પાલન કરવું. ૪૪

उत्तरगुणबहुमाणो, सम्मं भवरुवचिंतणं चित्तं ।
अरईए अहिगयगुणे, तहा तहा जत्तकरणं तु ॥ ४५ ॥

પોતાનાથી અધિક ગુણીના ગુણનું બહુમાન કરવું તથા વૈરાગ્ય વાસિત અન્તઃકરણથી વિચિત્ર એવાં સંસારસ્વરૂપનું ચિંતન કરવું. તેમજ ક્યારેક અશુભકર્મના ઉદયે સ્વીકારેલાં વ્રતાદિમાં અરતિ ઉત્પન્ન થાય તો, તેવા ભાવથી અરિહંતાદિના શરણનો સ્વીકાર વગેરે ઉપાયો-વડે તે અરતિને દૂર કરવા પ્રયત્ન કરવો. ૪૫

अकुसलकम्मोदयपुव्व - रूवमेसा जओ समक्खाया ।
सो पुण उवायसज्झो, पाएण भयाइसु पसिद्धो ॥ ४६ ॥

પ્રસ્તુત ગુણસ્થાનકમાં પૂર્વના અશુભકર્મના ઉદયથી ક્યારેક અરતિ થાય છે પણ તે અશુભકર્મોદય, પ્રાયઃ ભયાદિ પ્રસંગોમાં યોગ્ય ઉપાયોથી દૂર કરી શકાય છે. ૪૬

सरणं भए उवाओ, रोगे किरिया विसम्मि मंतो त्ति ।
एए वि पावकम्मो - वक्कमभेया उ तत्तेणं ॥ ४७ ॥

ભયમાં અન્યથી દુઃખ ઉત્પન્ન થવાની શક્યતા હોય ત્યારે સમર્થ વ્યક્તિનું શરણ સ્વીકારવું. રોગની ઉત્પત્તિમાં તેને યોગ્ય ચિકિત્સા કરવી અને સ્થાવર કે જંગમ વિષની અસર વખતે મંત્રોચ્ચાર એ જ તેના નાશનો સરળ ઉપાય છે કારણ તે શરણાદિ પરમાર્થથી ભય

મોહનીયાદિ અશુભકર્મપ્રકૃતિઓને નિવારવાનો પ્રકાર વિશેષ છે. ૪૭

सरणं गुरु उ इत्थं, किरिया उ तवो त्ति कम्मरोगम्मि ।
मंतो पुण सज्झाओ, मोहविसविणासणो पयडो ॥ ४८ ॥

પ્રસ્તુત ગુણસ્થાનકમાં કર્મના ઉદયથી વ્રતભંગાદિના ભય વખતે ગુરુનું શરણ સ્વીકારવું. કર્મવ્યાધિની પીડા સમયે છટ્ઠ આદિ તપ રૂપ ચિકિત્સા કરવી અને કર્મજનિત અજ્ઞાન-વિષના નાશમાટે મોહવિષ વિનાશક એવા શાસ્ત્રનો સ્વાધ્યાય કરવો એ જ તેના નિવારણનો યોગ્ય ઉપાય છે. ૪૮

एएसु जत्तकरणा, तस्सोवक्कमणभावओ पायं ।
नो होइ पच्चवाओ, अवि य गुणो एस परमत्थो ॥ ४९ ॥

આ પ્રમાણે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પ્રયત્ન કરવાથી અરતિ ઉત્પાદક કર્મનો નાશ થાય છે; તેથી અરતિ વગેરે વિઘ્નો તો ઉત્પન્ન થતાં નથી પરંતુ તે સિવાય અન્ય કર્મોના અનુબંધના વિચ્છેદનો લાભ થાય છે. ૪૯

चउसरणगमणं, दुक्कडगरिहा, सुकडाणुमोयणा चेव ।
एस गणो अणवरयं, कायव्वो कुसलहेउ त्ति ॥ ५० ॥

ચારશરણનો સ્વીકાર, દુષ્કૃતગર્હા, અને સુકૃતઅનુમોદના આ સમુદાયનું (આરાધનાનાં ત્રણ અંગોનું) વારંવાર સેવન કરવું એ એક કલ્યાણ પ્રાપ્તિનો હેતુ છે. ૫૦

घडमाण-पवत्ताणं, जोगीणं जोगसाहणोवाओ ।
एसो पहाणतरओ, णवरं पवत्तस्स विण्णेओ ॥ ५१ ॥

ઘટમાન (અપુનર્બંધક) અને પ્રવૃત્તયોગી (ભિન્નગ્રંથિવાળા)ને

યોગસાધનાનો આ ઉપાય ઉપયોગી છે. તથા પ્રવૃત્તયોગીને આગળ કહેવાશે તે ઉપાય શ્રેષ્ઠ જાણવો. ૫૧

भावणसुयपाढो, तित्थसवणमसतिं तयत्थजाणम्मि ।
तत्तो य आयपेहण-मतिनिउणं दोसवेक्खाए ॥ ५२ ॥

ભાવના, શ્રુતપાઠ, તીર્થસ્વરૂપ આચાર્યાદિ પાસે અનેકવાર શાસ્ત્રાર્થશ્રવણ અને ત્યારબાદ રાગ, દ્વેષ, મોહ-આ દોષોની અપેક્ષાએ ખૂબ કાળજીપૂર્વક પોતાના આત્માનું નિરીક્ષણ કરવું. ૫૨

रागो दोसो मोहो, एए एत्थाऽऽयदूसणा दोसा ।
कम्मोदयसंजणिया, विण्णेया आयपरिणामा ॥ ५३ ॥

રાગ-દ્વેષ-મોહ એ આત્માને દૂષિત કરનારા દોષો છે અને તે કર્મોદયજનિત આત્માના પરિણામરૂપ છે. ૫૩

કર્મનું સ્વરૂપ :

कम्मं च चित्तपोग्गल-रूवं जीवस्सऽणाइ संबद्धं ।
मिच्छत्तादिनिमित्तं, णाएणमतीयकालसमं ॥ ५४ ॥

મિથ્યાત્ત્વાદિ (મિથ્યાત્ત્વ-અવિરતિ-કષાય અને યોગ) હેતુઓ દ્વારા એ કર્મ જીવસાથે અનાદિકાળથી સંબદ્ધ છે. જેમ અતીતકાળ અનાદિ છે, તેમ કર્મનો સંબંધ પણ અનાદિ છે. ૫૪

अणुभूयवत्तमाणो, सव्वो वेसो पवाहओऽणादी ।
जह तह कम्मं णेयं, कयकत्तं वत्तमाणसमं ॥ ५५ ॥

જે એકવાર વર્તમાન રૂપે હતો તે સમગ્ર ભૂતકાળ, જેમ પ્રવાહથી અનાદિ છે; તેમ કર્મ પણ વર્તમાનકાળની જેમ કૃતક એટલે કર્મરૂપે નવું બંધાયેલું હોવા છતાં પ્રવાહથી અનાદિ છે. ૫૫

मुत्तेणममुत्तिसमओ, उवघायाऽणुग्गहा वि जुज्जंति ।
जह विण्णाणस्स, इहं मइरापाणोसहादीहिं ॥ ५६ ॥

જેમ લોકમાં મદિરાપાન વગેરેથી જ્ઞાનનો ઉપઘાત - નાશ થાય છે અને બ્રાહ્મી વગેરે ઔષધિના સેવનથી જ્ઞાનનો વિકાસ થાય છે; તે રીતે અરૂપી જીવને પણ રૂપીકર્મવડે ઉપઘાત અને અનુગ્રહ (નુકશાન-લાભ) ઘટી શકે છે. ૫૬

एवमणादी एसो, संबंधो कंचणोवलाणं व ।
एयाणमुवाएणं, तह वि विओगो वि हवइ त्ति ॥ ५७ ॥

આ પ્રમાણે જીવ અને કર્મનો સંબંધ, માટી અને સોનાની જેમ અનાદિનો છે. તો ય સમ્યગ્દર્શનાદિ ઉપાયવડે તેનો વિયોગ પણ થઈ શકે છે. ૫૭

एवं तु बंधमोक्खा विणोवयारेण दो वि जुज्जंति ।
सुह-दुक्खाइ य दिट्ठा, इहरा ण कयं पसंगेण ॥ ५८ ॥

આ રીતે ઉપચાર કર્યા વિના પણ બંધ અને મોક્ષ ઘટી શકે છે અને સર્વજનસંમત સુખ-દુઃખ પણ ઘટી શકે છે. બીજી રીતે ઘટે નહીં આ વિષયમાં વિશેષ કાંઈ કહેવાની જરૂર નથી. ૫૮

तत्थाभिस्संगो खलु, रागो अप्पीइलक्खणो दोसो ।
अण्णाणं पुण मोहो, को पीडइ मं दढमिमेसिं ॥ ५९ ॥

આસક્તિ એ રાગ છે, અપ્રીતિ એ દ્વેષ છે અને અજ્ઞાન એ મોહ છે. આ દોષોમાંથી મને કયો દોષ વધુ હેરાન કરે છે ? બાધક છે ? ૫૯

णाऊण ततो तव्विसय-तत्तपरिणइ - विवागदोसे त्ति ।
चिंतेज्जाऽऽणाए, दढं पइरिक्के सम्ममुवउत्तो ॥ ६० ॥

એ રીતે આત્મવિચારણા કરતાં રાગાદિ દોષોની ઉત્કટતા જાણી એ રાગાદિનાં નિમિત્તો સ્વરૂપ - પરિણતિ અને કટુવિપાકોનું શાસ્ત્રવચનના આધારે એકાંતમાં બેસી જ્ઞાનોપયોગપૂર્વક ચિંતન-મનન કરે. એ રાગ સ્ત્રી આદિ સંબંધી હોય તો એના મળ-મૂત્રાદિયુક્ત અશુચિ શરીર, રોગ, વૃદ્ધાવસ્થા વગેરે પરિણતિ અને કટુફળરૂપે નરકાદિની ઘોર વેદનાનો વિચાર કરવો. ૬૦

પૂર્વવિધિ :

गुरुदेवयापणामं, काउं पउमासणाइठाणेण ।
दंस-मसगाइ काए, अगणेंतो तग्गयऽज्झप्पो ॥ ६१ ॥

દેવ અને ગુરુને નમસ્કાર કરીને, પદ્માસનાદિ આસન બેસીને, કાયા ઉપર આવતા ડાંસ-મચ્છર વગેરેને ગણકાર્યા વગર, ચિત્તને એકાગ્ર બનાવી રાગાદિના વિષયનું- તત્ત્વનું, પરિણતિનું અને વિપાકનું ચિંતન કરે. ૬૧

ફળ :

गुरु-देवयाहि जायइ, अणुग्गहो अहिगयस्स तो सिद्धी ।
एसो य तन्निमत्तो, तहाऽऽयभावाओ विण्णेओ ॥ ६२ ॥

દેવગુરુને નમસ્કાર કરવાથી તેમનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે અને અનુગ્રહવાળાને તત્ત્વચિંતનની સિદ્ધિ થાય છે. દેવ-ગુરુના બહુમાન અને આલંબનથી શુભભાવ પ્રગટ થતો હોવાથી તે દેવગુરુનો જ અનુગ્રહ છે, એમ જાણવું. ૬૨

દૃષ્ટાંતદ્વારા સમર્થન :

जह चेव मंत-रयणाइएहिं, विहिसेवगस्स भव्वस्स ।
उवगाराभावम्मि वि, तेसिं होइ त्ति तह एसो ॥ ६३ ॥

જેમ મંત્ર અને રત્નાદિ પાસેથી સીધો લાભ - ઉપકાર ન થવા છતાં વિધિપૂર્વક સેવા કરનાર ભવ્યજીવ ઉપર તે મંત્રાદિનો અનુગ્રહ થાય છે; તે જ રીતે દેવ-ગુરુનો અનુગ્રહ સમજવો. ૬૩

પદ્માસનાદિનું ફળ :

ठाणा कायनिरोहो, तक्कारीसु बहुमाणभावो य ।
दंसादिअगणयम्मि वि, वीरियजोगो य इट्ठफलो ॥ ६४ ॥

પદ્માસનાદિથી કાયાનો નિરોધ થાય છે. તેમજ તે આસનાદિ કરનાર ગૌતમાદિ પૂર્વપુરુષોનું બહુમાન થાય છે. ડાંસાદિને અવગણતો હોવાથી ઈષ્ટફલ - ઈષ્ટયોગની સિદ્ધિ કરનાર વીર્યોલ્લાસ વધે છે અને તત્ત્વમાં પ્રવેશ થાય છે. ૬૪

तग्गयचित्तस्स तहो-वओगओ तत्तभासणं होति ।
एयं एत्थ पहाणं, अंगं खलु इट्ठसिद्धिए ॥ ६५ ॥

ધ્યેયપદાર્થમાં એકાગ્રચિતવાળાને, તેવાપ્રકારનો ઉપયોગ હોવાથી તત્ત્વભાસન વાસ્તવિક સ્વરૂપે સમજાય છે, અને તે તત્ત્વભાસન જ ઈષ્ટસિદ્ધિનું પ્રધાન-શ્રેષ્ઠ કારણ છે. ૬૫

તત્ત્વભાસનની પ્રધાનતા :

एयं खु तत्तणाणं, असप्पवित्ति - विणिवित्तिसंजणगं ।
थिरचित्तगारि लोग-दुगसाहगं बेंति समयण्णू ॥ ६६ ॥

આ તત્ત્વજ્ઞાન જ અસત્પ્રવૃત્તિનું નિવર્તક અને ચિત્તને સ્થિર બનાવનાર છે તથા ઉત્સુકતાની નિવૃત્તિથી આલોકનું અને પુણ્યના અનુબંધ દ્વારા પરલોકનું સાધક છે; એમ શાસ્ત્રજ્ઞ પુરુષો કહે છે.૬૬

સ્ત્રીસ્વરૂપ ચિંતનઃ

**थीरागम्मी तत्तं, तासिं चिंतेज्ज सम्मबुद्धीए ।**
**कलमल - मंस-सोणिय - पुरीस-कंकालपायं ति ॥ ६७ ॥**

સ્ત્રીનો રોગ હોય તો સમ્યક્બુદ્ધિથી તેનું મૂળસ્વરૂપ વિચારવું કે - તેનું શરીર માત્ર મળ-માંસ-લોહી-વિષ્ટા અને હાડકાં વગેરેનું બનેલું છે. ૬૭

**रोग-जरापरिणामं, नरगादिविवागसंगयं अहवा ।**
**चलरागपरिणतिं, जीयनासणविवागदोसं ति ॥ ६८ ॥**

વળી સ્ત્રીશરીર રોગ તેમજ વૃદ્ધાવસ્થા પામનારું છે, નરકાદિ ભયંકર કટુફળ આપનારું છે. તેનો રાગભાવ પણ અસ્થિર છે અને આ જીવનમાં જ પ્રાણનાશરૂપ ફળને આપનારું છે. ૬૮

અચેતન ધનાદિનાં સ્વરૂપનું ચિંતન

**अत्थरागम्मि उ, अज्जणाइदुक्खसयसंकुलं तत्तं ।**
**गमणपरिणामजुत्तं, कुगइविवागं च चिंतेज्जा ॥ ६९ ॥**

ધનના રાગમાં વિચારવું કે - તેને મેળવવામાં, તેનું રક્ષણ વગેરે કરવામાં સેંકડો દુઃખો છે. તે ગમન પરિણામ - વિનાશી સ્વભાવવાળું છે અને પરિણામ દુર્ગતિ આપનારું છે. ૬૯

દ્વેષ પ્રતિકારની ભાવના :

**दोसम्मि उ जीवाणं, विभिण्णयं एव पोग्गलाणं च ।**
**अणवट्ठियं परिणतिं, विवागदोसं च परलोए ॥ ७० ॥**

ચેતન કે જડ પદાર્થ ઉપર દ્વેષ જાગે ત્યારે એમ વિચારવું કે જીવ અને પુદ્ગલ જુદાં છે. તથા જીવ અને પુદ્ગલ અસ્થિર છે. એના પર્યાયો શાશ્વત નથી. તથા પરલોકમાં દારુણ વિપાકને આપનાર છે. ૭૦

મોહપ્રતિકારની ભાવના :

चिंतेज्जा मोहम्मि, ओहेणं ताव वत्थुणो तत्तं ।
उप्पाय - वय - धुवजुयं, अणुहवजुत्तीए सम्मं ति ॥ ७१ ॥

મોહના ઉદયમાં સામન્યથી વસ્તુમાત્ર ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત છે; એમ તે તે પ્રસંગે થતા અનુભવથી યુક્તિપૂર્વક સારીરીતે વિચારવું. ૭૧

અનુભવયુક્તિનું સામાન્યસ્વરૂપ :

नाभावोच्चिय भावो, अतिप्पसंगेण जुज्जइ कयाइ ।
ण य भावोऽभावो खलु, तहासहावत्तऽभावाओ ॥ ७२ ॥

અભાવ ક્યારેય ભાવસ્વરૂપને પામતો નથી કેમ કે એવું થાય તો અતિપ્રસંગ દોષ આવે. તે જ રીતે ભાવ પણ અભાવને (સત્ અસત્‌ને) પામતો નથી કેમ કે તથાપ્રકારના સ્વભાવનો તેમાં અભાવ છે. ૭૨

સ્વપક્ષની સિદ્ધિ :

एयस्स उ भावाओ, णिवित्ति-अणुवित्तिजोगओ होंति ।
उप्पायादी णेवं, अविगारी वऽणुहवविरोहा ॥ ७३ ॥

તથાસ્વભાવવાળી વસ્તુની નિવૃત્તિ અને અનિવૃત્તિ થતી હોવાથી ઉત્પાદાદિ પરિણામો થાય છે. તેથી યુક્તિપૂર્વક વિચારતાં સાબિત થાય છે કે - આત્મા એકાંતે અવિકારી નથી. (તેમ એકાંતે વિકારી પણ નથી.) કેમ કે અનુભવમાં વિરોધ આવે છે - એવું માનવું અનુભવ વિરુદ્ધ છે. ૭૩

આજ્ઞાદ્વાર :

आणाए चिंतणम्मि, तत्तावगमो णिओगओ होंति ।
भावगुणागरबहु-माणसो य कम्मक्खओ परमो ॥ ७४ ॥

શાસ્ત્રવચનદ્વારા ચિંતન કરવાથી તત્ત્વનો બોધ અવશ્ય થાય છે. (રાગાદિ ઝેર ઉતારવા માટે શાસ્ત્ર એ પરમમંત્રરૂપ છે.) ભાવગુણના ભંડાર એવા અરિહંતપરમાત્માના બહુમાનથી વિશિષ્ટ કર્મક્ષય થાય છે ! ૭૪

એકાંતસ્થાનની મહત્તા :

पइरिक्के बाधाओ, न होइ पायेणं योगवसिया य ।
जायइ तहा पसत्था, हंदि अणब्भत्थजोगाणं ॥ ७५ ॥

પ્રાથમિક અભ્યાસીને એકાંતસ્થાનમાં પ્રાયઃ વ્યાઘાત થતો નથી - વિઘ્ન આવતાં નથી. બલ્કે યોગાભ્યાસના સામર્થ્યવાળી પ્રશસ્ત એવી યોગસ્વાધીનતા-યોગાભ્યાસની વિશિષ્ટશક્તિ પ્રાપ્ત થાય છે. ૭૫

ઉપયોગદ્વાર :

उवओगो पुण एत्थ, विण्णेओ जो समीपजोगो त्ति ।
विहियकिरियागओ खलु, अवितहभावो उ सव्वत्थ ॥ ७६ ॥

પ્રસ્તુતમાં ઉપયોગ એટલે સમીપ, યોગવ્યાપાર અર્થાત્ વિહિત કરેલાં સ્થાનાદિમાં યથોક્ત ભાવનું સેવન એ જ સમીપયોગ છે. ૭૬

ઉપસંહાર - ફળ :

एवं अब्भासाओ, तत्तं परिणमइ चित्तथेज्जं च ।
जायइ भवाणुगामी, सिवसुहसंसाहगं परमं ॥ ७७ ॥

આ રીતે અભ્યાસ કરવાથી તત્ત્વ પરિણામ પામે છે તથા અન્યજન્મમાં સાથે આવનાર અને મોક્ષસુખનું સાધક શ્રેષ્ઠ ચિત્તસ્થૈર્ય પ્રાપ્ત થાય છે. ૭૭

બીજો પ્રકાર :

**अहवा ओहेणं चिय, भणियविहाणाओ चेव भावेज्जा ।**
**सत्ताइएसु मेत्ताइए, गुणे परमसंविग्गो ॥ ७८ ॥**

અથવા સામાન્યથી પૂર્વે કહેલ સ્થાનાદિના વિધાનથી પરમસંવેગવાળો બની, સર્વજીવો વગેરે ઉપર મૈત્ર્યાદિ ભાવનાઓ ભાવવી. ૭૮

મૈત્ર્યાદિ ચાર ભાવના :

**सत्तेसु ताव मेत्तिं, तहा पमोयं गुणाहिएसुं ति ।**
**करुणा-मज्झत्थे, किलिस्समाणाऽविणेएसु ॥ ७९ ॥**

સર્વજીવો ઉપર મૈત્રી ભાવના, ગુણાધિક - અધિકગુણી ઉપર પ્રમોદભાવના, પીડાતા જીવો ઉપર કરુણા ભાવના અને અવિનીત પ્રત્યે ઉપેક્ષા ભાવના ભાવવી જોઈએ. ૭૯

ભાવનાઓનો ક્રમ :

**एसो चेवेत्त कामो, उचियपवित्तीए वण्णिओ साहू ।**
**इहराऽसमंजसत्तं, तहा तहाऽठाण विणिओगा ॥ ८० ॥**

આ ભાવનાવિધિમાં તીર્થંકર-ગણધરભગવંતોએ આ જ ક્રમ શોભન કહ્યો છે. માટે એ રીતે જ સ્વીકાર કરવો. અન્યથા અસ્થાને ભાવનાઓનો પ્રયોગ કરવાથી અનર્થ થાય છે, ન્યાયવિરુદ્ધતા થાય છે. ૮૦

સામાન્યવિધિ :

**साहारणो पुण विही, सुक्काहारो इमस्स विण्णेओ ।**
**अण्णत्थओ य एसो उ, सव्वसंपक्करी भिक्खा ॥ ८१ ॥**

યોગીએ શુક્લ-શુદ્ધ આહાર ગ્રહણ કરવો એ સર્વ અવસ્થાની અપેક્ષાએ સાધારણવિધિ જાણવો. "શુક્લાહારનો" વ્યુત્પત્તિ અર્થ સર્વસંપત્કરી ભિક્ષા (દાતા અને ગ્રાહક બંનેને હિતકર) છે. ૮૧

દૃષ્ટાન્તથી પુષ્ટિ :

**वणलेवोवम्मेणं, उचियत्तं तग्गयं निओएणं ।**
**एत्थं अवेक्खियव्वं इहराऽयोगो त्ति दोसफलो ॥ ८२ ॥**

વ્રણલેપની જેમ આહાર સંબંધી ઔચિત્ય અવશ્ય ઈચ્છનીય છે. નહીંતર - ઉચિત આહાર ન મળે તો પરિણામ વિપરીત આવે. ૮૨

ઉચિત આહારનો લાભ :

**जोगाणुभावओ च्चिय, पायं ण य सोहणस्स वि अलाभो ।**
**लद्धीण वि संपत्ती, इमस्स जं वण्णिया समए ॥ ८३ ॥**

યોગના પ્રભાવથી જ પ્રાયઃ કરીને શોભન આહારનો લાભ થાય છે. કારણ કે લબ્ધિઓની સંપત્તિ, યોગના પ્રભાવે મુનિઓને પ્રાપ્ત થાય છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે. ૮૩

રત્નાદિ લબ્ધિઓ :

**रयणाई लद्धीओ, अणिमादीयायो तह य चित्ताओ ।**
**आमोसहाइयाओ, तहा तहा योगवुड्ढिए ॥ ८४ ॥**

ઉત્તરોત્તર યોગવૃદ્ધિ થવાથી સુવિહિત મુનિઓને રત્નાદિ લબ્ધિઓ, અણિમાદિ સિદ્ધિઓ અને આમર્ષોષધિ વગેરે લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. ૮૪

एतीए एस जुत्तो, सम्मं असुहस्स खवग मो णेओ ।
इयरस्स बंधगो तह, सुहेणमिय मोक्खगामि त्ति ॥ ८५ ॥

યોગ કે ભાવનાની વૃદ્ધિથી યુક્ત મુનિ, સમ્યગ્રીતે અશુભકર્મનો અવશ્ય ક્ષય કરે છે અને શુભકર્મનો બંધ કરે છે તથા શુભશુભતરપ્રવૃત્તિદ્વારા પરંપરાએ મોક્ષ પામે છે. ૮૫

અન્યમતની પરિભાષા સાથે સમન્વય :

कायकिरियाए दोसा, खविया मंडुक्कचुण्णतुल्ल त्ति ।
ते चेव भावणाए, नेया तच्छारसरिस त्ति ॥ ८६ ॥
एवं पुण्णंपि दुहा, मिम्मय-कणयकलसोवमं भणियं ।
अण्णेहि वि इह मग्गे, नामविवज्जासभेएणं ॥ ८७ ॥
तह कायपाइणो ण पुण, चितमहिकिच्च बोहिसत्त त्ति ।
होंति तहभावणाओ, आसययोगेण सुद्धाओ ॥ ८८ ॥
एमाइ जहोइय-भावणाविसेसाउ जुज्जए सव्वं ।
मुक्काहिनिवेसं खलु, निरूवियव्वं सबुद्धीए ॥ ८९ ॥

શાસ્ત્રનિરપેક્ષ અને ભાવશૂન્ય કાયિકી ક્રિયાથી જે દોષો નાશ પામ્યા હોય કે શમ્યા હોય તે દેડકાનાં ચૂર્ણ જેવા જાણવા. તથા જે દોષો ભાવસહિતની ક્રિયાવડે ક્ષય પામ્યા હોય તે દેડકાની ભસ્મ જેવા જાણવા. (૧) એ રીતે માટીના કળશ જેવું અને (૨) સોનાના કળશ જેવું એમ પુણ્યના બે પ્રકાર યોગમાર્ગમાં અન્યોએ - બૌદ્ધોએ નામભેદથી સ્વીકાર્યા છે. બોધિની પ્રધાનતાવાળા આંતરિક શુદ્ધિવાળા પ્રાણીઓ કદાચ કાયપાતી - કાયાથી દોષ સેવનારા હોય તો પણ ચિત્તપાતી નથી હોતા. કારણ કે તેવા પ્રકારના ગંભીર આશયના યોગથી તે વિશુદ્ધ ભાવનાવાળા હોય છે.

આ પ્રમાણે યથોક્ત ભાવનાથી અન્યયોગીને પણ સર્વ યોગવૃદ્ધિ ઘટી શકે છે. માટે નિરાગ્રહપણે સ્વબુદ્ધિથી નિરૂપણ કરવું.... ૮૬ થી ૮૯

एएण पगारेणं, जायइ सामाइयस्स सुद्धि त्ति ।
तत्तो सुक्कज्झाणं, कमेण तह केवलं चेव ॥ १० ॥

આ રીતે સામાયિકની શુદ્ધિ થાય છે. ત્યારબાદ શુક્લધ્યાન અને ક્રમે કરીને કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે. ૯૦

સામાયિક જ મોક્ષનું પ્રધાન અંગ :

वासी-चंदणकप्पं तु, एत्थ सिट्ठं अओ च्चियबुहेहिं ।
आसयरयणं भणियं, अओऽण्णहा ईसि दोसो वि ॥ ९१ ॥

એટલા માટે જ પંડિતોએ આ વિષયમાં સર્વમાધ્યસ્થ રૂપ 'વાસી-ચંદન કલ્પ જેવા ચિત્તરત્નને શ્રેષ્ઠ કહ્યું છે. એનાથી વિપરીત (અપકારી ઉપર અપકાર કરવાની) બુદ્ધિવાળાનું આશયરત્ન - ચિત્તરત્ન થોડું દૂષિત હોય છે.' ૯૧

जइ तब्भवेण जायइ, जोगसमत्ती अजोगयाए तओ ।
जम्मादिदोसरहिआ, होइ सदेगंतसिद्धि त्ति ॥ ९२ ॥

જો તે જ ભવમાં યોગની સમાપ્તિ થઈ હોય તો તે યોગી શૈલેષી અવસ્થાદ્વારા જન્માદિ દોષથી રહિત એકાંત વિશુદ્ધિરૂપી મુક્તિને પામે છે. ૯૨

યોગની સમાપ્તિ ન થાય તો...

असमत्तीय उ चित्तेसु, एत्थ ठाणेसु होइ उप्पाओ ।
तत्थ वि य तयणुबंधो, तस्स तहऽब्भासओ चेव ॥ ९३ ॥

યોગની સાધના એક ભવમાં અધૂરી રહી જાય તો વિશિષ્ટ કુલાદિ-શ્રેષ્ઠસ્થાનોમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં પણ પૂર્વભવના અભ્યાસથી યોગધર્મનો અનુબંધ તે યોગીને ચાલુ રહે છે. ૯૩

દૃષ્ટાંતથી સમર્થન :

**जह खलु दिवसऽब्भत्थं, रातीए सुविणयम्मि पेच्छंति ।**
**तह ईहजम्मऽब्भत्थं, सेवंति भवंतरे जीवा ॥ ९४ ॥**

જે રીતે દિવસે અભ્યસ્ત કરેલું કાર્ય રાત્રે સ્વપ્નમાં દેખાય છે; તે રીતે આ જન્મમાં અભ્યસ્ત કરેલો યોગ, જીવો ભવાંતરમાં પણ સેવે છે. ૯૪

**ता सुद्धजोगमग्गो-च्चियम्मि ठाणम्मि एत्थ वट्टेज्जा ।**
**इह-परलोगेसु दढं, जीविय-मरणेसु य समाणो ॥ ९५ ॥**

તેથી આ જન્મમાં યોગીએ શુદ્ધ નિરવદ્ય યોગમાર્ગને અનુરૂપ સંયમસ્થાનમાં એ રીતે વર્તવું જોઈએ; કે જેથી આ લોક અને પરલોકમાં અથવા જીવન અને મરણમાં સમાનવૃત્તિ રહે ! (આ મુક્તાવસ્થા પામવાનું શ્રેષ્ઠ બીજ છે) ૯૫

મૃત્યુ નજીક આવે ત્યારે...

**परिसुद्धचित्तरयणो, चएज्ज देहं तहंतकाले वि ।**
**आसण्णमिणं णाउं, अणसणविहिणा विसुद्धेणं ॥ ९६ ॥**

પરિશુદ્ધ ચિત્તરત્નવાળો મુનિ, મરણકાળને નજીક જાણી વિશુદ્ધ વિધિપૂર્વકના અનશનથી કાયાનો ત્યાગ કરે ! ૯૬

મરણકાળ જાણવાનો ઉપાય :

**णाणं चाऽऽगम-देवय-पइहा-सुमिणंधराइऽदिट्ठीओ ।**
**णास-ऽच्छि-तारगा-दंसणाओ कण्णग्गऽसवणाओ ॥ ९७ ॥**

આગમ - દેવતા - પ્રતિભા (સ્વયં-સ્ફુરણા) સ્વપ્નદર્શન-અરુન્ધતી (તારા) વગેરે ન જોવાથી, નાસિકા તથા આંખની કીકીના

અદર્શનથી, કાનના અગ્રભાગથી શ્રવણ ન થવાથી મૃત્યુ નજીક છે; એમ જાણી શકાય. ૯૭

अणसणसुद्धीए इहं, जत्तोऽतिसयेणं होइ कायव्वो ।
जल्लेसे मरइ जओ, तल्लेसेसुं तु उववाओ ॥ ९८ ॥

પ્રસ્તુતવિષયમાં અનશનની શુદ્ધિમાટે અતિશયયત્ન કરવો જોઈએ. કારણ કે - જે લેશ્યામાં જીવ મરે છે, તે લેશ્યામાં ઉત્પન્ન થાય છે. ૯૮

लेसाय वि आणा-जोगओ उ आराहगो इहं नेओ ।
इहरा असतिं एसा ? वि हंताऽणाइम्मि संसारे ॥ ९९ ॥

શુભલેશ્યામાં પણ આજ્ઞાયોગથી જ જીવ આ શાસનમાં ચારિત્રધર્મનો આરાધક થાય છે. બાકી તો આજ્ઞાયોગવિનાની શુભલેશ્યા તો અનાદિ સંસારમાં અનેકવાર પ્રાપ્ત થઈ છે. ૯૯

ઉપસંહાર :

ता इय आणाजोगे, जइयव्वमजोगअत्थिणा सम्मं ।
एसोच्चिय भवविरहो, सिद्धीए सया अविरहो य ॥ १०० ॥

તે કારણથી અયોગી અવસ્થાના અર્થીએ આજ્ઞાયોગમાં સમ્યક્પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે - આ આજ્ઞાયોગ જ જીવનમુક્તિ - સંસારવિરહ અને સિદ્ધિના સદા સંયોગરૂપ છે. ૧૦૦

# ધ્યાનશતક

આ શતકના રચયિતા પૂર્વધર મહર્ષિ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ મહારાજા છે. પૂર્વધર મહર્ષિની રચનાની ભવ્યતામાં કહેવાનું શું હોય? એના ગંભીરભાવોને પ્રગટ કરવા, ૧૪૪૪ ગ્રંથના રચયિતા પૂ. હરિભદ્રસૂરિ મહારાજાએ એના ઉપર સંસ્કૃત ટીકા રચી છે. એના ગૂઢભાવોને સ્પષ્ટ કરવા ન્યાયવિશારદ પૂ. પરમગુરુદેવ આ. ભ. શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ ગુજરાતીમાં સુંદર વિવેચન કર્યું છે. એમાંથી માત્ર મૂળગાથાઓ અર્થ સાથે અહીં પ્રકાશિત કરી છે. બે શુભ અને બે અશુભધ્યાનની માર્મિકતા સમજવા માટે અને વારંવાર એના સ્વાધ્યાયદ્વારા હૃદયને ભાવિત કરવા માટે આ શતક ખૂબ ખૂબ ઉપયોગી છે.

આ મહાનગ્રંથના પ્રકાશનમાં પૂ. સાધ્વીજી શ્રીદિવ્યયશા શ્રીજીમ.ની શુભનિશ્રામાં થયેલી જ્ઞાનખાતાની ઊપજમાંથી રૂપિયા ૧૦,૦૦૦ વિવેક ડુપ્લેક્ષની આરાધક બહેનો તરફથી પ્રાપ્ત થયા છે. એમના આ મહાન સુકૃતની ભૂરિ ભૂરિ અનુમોદના.

લિ.-પૂ.પં. શ્રીપદ્મવિજયજી ગણિવર જૈન
ગ્રંથમાળા ટ્રસ્ટનું ટ્રસ્ટીમંડળ

# ધ્યાનશતક

वीरं सुक्कज्झाणग्गि - दड्ढकम्मिंधणं पणमिऊणं ।
जोईसरं सरण्णं, झाणज्झयणं पवक्खामि ॥ १ ॥

શુકલધ્યાનરૂપી અગ્નિથી કર્મઈંધનને બાળી નાખનાર યોગીશ્વર અને શરણ કરવા યોગ્ય શ્રીવીરપ્રભુને નમસ્કાર કરીને હું ધ્યાનનું અધ્યયન કહીશ. ૧

जं थिरमज्झवसाणं, तं झाणं, जं चलं तयं चित्तं ।
तं होज्ज भावणा वा, अणुपेहा वा अहव चिंता ॥ २ ॥

જે સ્થિર મન છે, તે 'ધ્યાન' છે. જે ચંચળ (મન) છે, તે ચિત્ત છે. એ ચિત્ત ભાવનારૂપ હોય, અનુપ્રેક્ષારૂપ હોય અથવા ચિંતા સ્વરૂપ હોય. ૨

अंतोमुहुत्तमेत्तं, चित्तावत्थाणमेगवत्थुंमि ।
छउमत्थाणं झाणं, जोगनिरोहो जिणाणं तु ॥ ३ ॥

એક વસ્તુમાં ચિત્તની સ્થિરતા માત્ર એક અંતર્મુહૂર્ત રહે છે. આ ધ્યાન છદ્મસ્થોને હોય છે. વીતરાગસર્વજ્ઞને યોગનિરોધ નામનું ધ્યાન હોય છે. ૩

अंतोमुहुत्तपरओ, चिंता झाणंतरं व होज्जाहि ।
सुचिरंपि होज्ज बहु-वत्थुसंकमे झाणसंताणो ॥ ४ ॥

(છદ્મસ્થને ધ્યાનના) અંતર્મુહૂર્ત બાદ ચિંતા અથવા ભાવના અનુપ્રેક્ષાનું અંતર પડી તરત ધ્યાન લાગે. આમ બહુ વસ્તુ પર ક્રમશઃ ચિત્તનું સ્થિરપણે અવસ્થાન દીર્ઘકાળસુધી પણ ચાલ્યા કરે, તેને ધ્યાન સંતતિ - ધ્યાનધારા કહેવાય. ૪

अट्टं रुद्दं धम्मं, सुक्कं झाणाइ, तत्थ अंताइं ।
निव्वाणसाहणाइं, भवकारणमट्टरुद्दाइं ॥ ५ ॥

આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ નામના ચાર પ્રકારનાં ધ્યાન છે. એમાં અંતિમ બે (ધર્મ-શુક્લ) ધ્યાન મોક્ષ સુખનાં સાધન છે, અને આર્ત - રૌદ્ર એ બે સંસારનાં કારણ છે. ૫

अमणुण्णाणं सद्दाइ-विसयवत्थूणं दोसमइलस्स ।
धणियं विओगचिंतण - मसंपओगाणुसरणं च ॥ ६ ॥

દ્વેષથી મલિન જીવને અણગમતા શબ્દાદિ વિષય અને એવી વસ્તુના વિયોગનું ગાઢ ચિંતન યા અસંયોગનું ગાઢ ધ્યાન રહે; એ આર્તધ્યાનનો પહેલો પ્રકાર છે. ૬

तह सूलसीसरोगाइ - वेयणाए विजोगपणिहाणं ।
तदसंपओगचिंता, तप्पडिआराउलमणस्स ॥ ७ ॥

તથા શૂળ, શિરોવ્યાધિ વગેરેની વેદનામાં તેના નિવારણના ઉપાયમાં વ્યાકુળ મનવાળાને; એ વેદના કેમ જાય અગર ભાવિમાં ન આવે એની દઢ ચિંતા એ આર્તધ્યાનનો બીજો પ્રકાર છે. ૭

इट्ठाण विसयाईण, वेयणाए य रागरत्तस्स ।
अविओगऽज्झवसाणं, तह संजोगाभिलासो अ ॥ ८ ॥

ઈષ્ટ વિષયો વગેરેમાં કે ઈષ્ટ વેદનામાં રાગરક્ત જીવને એના અવિયોગ ઉપર મનની ચોંટ, તથા ન મળેલા માટે એના સંયોગની

ઈચ્છારૂપ દૃઢ અધ્યવસાન (પ્રણિધાન) થાય. એ આર્તધ્યાનનો ત્રીજો પ્રકાર છે. ૮

देविंदचक्कवट्टित्तणाइं, गुणरिद्धिपत्थणामईयं ।
अहमं नियाणचिंतण - मण्णाणाणुगयमच्चंतं ॥ ९ ॥

દેવેન્દ્ર, ચક્રવર્તીપણાનાં સૌંદર્યાદિ ગુણની અને સમૃદ્ધિની યાચનાસ્વરૂપ નિયાણાનું ચિંતન થાય છે તે અધમ છે, અત્યંત અજ્ઞાનતાભર્યું છે. એ ચોથા પ્રકારનું આર્તધ્યાન છે. ૯

एवं चउव्विहं, रागद्दोसमोहंकियस्स जीवस्स ।
अट्टज्झाणं संसार - वद्धणं तिरियगइमूलं ॥ १० ॥

આ પ્રમાણે ચાર પ્રકારનું આર્તધ્યાન રાગ-દ્વેષ - મોહથી કલુષિત જીવને થાય છે. એ સંસારવર્ધક છે અને તિર્યંચગતિનું કારણ છે. ૧૦

मज्झत्थस्स उ मुणिणो, सकम्मपरिणामजणियमेयंति ।
वत्थुस्सभावचिंतण - परस्स सम्मं सहंतस्स ॥ ११ ॥

कुणओ व पसत्थालंबणस्स पडियारमऽप्पसावज्जं ।
तवसंजमपडियारं च, सेवओ धम्ममणियाणं ॥ १२ ॥

પરન્તુ (૧) 'આ પીડા તો મારા કર્મવિપાકથી ઊભી થયેલી છે' એવા વસ્તુ સ્વભાવના ચિંતનમાં તત્પર અને સમ્યક્ સહન કરતા મધ્યસ્થ (રાગદ્વેષ રહિત) મુનિને (૨) અથવા (રત્નત્રયીની આરાધનાનું) પ્રશસ્ત આલંબન રાખી નિરવદ્ય કે અલ્પ સાવદ્ય (સપાપ) ઉપાયને કરતા મુનિને તથા (૩) નિરાશંસભાવે તપ અને સંયમને પ્રતિકાર તરીકે સેવતા મુનિને ધર્મધ્યાન જ છે, આર્તધ્યાન નહિ. ૧૧-૧૨

रागो दोसो मोहो य, जेण संसारहेयवो भणिया ।
अट्टंमि य ते तिण्णि वि, तो तं संसारतरुबीअं ॥ १३ ॥

જે કારણથી રાગ-દ્વેષ અને મોહ એ સંસારનાં કારણ કહ્યાં છે, અને આર્તધ્યાનમાં એ ત્રણેય છે, તેથી આર્તધ્યાન એ સંસારવૃક્ષનું બીજ છે. ૧૩

**कावोय-नील-काला-लेस्साओ नाइसंकिलिट्ठाओ ।**
**अट्टज्झाणोवगयस्स, कम्मपरिणामजणियाओ ॥ १४ ॥**

આર્તધ્યાન કરનારને અતિસંક્લિષ્ટ નહિ એવી કાપોત - નીલ-કૃષ્ણ લેશ્યાઓ હોય છે, તે લેશ્યા કર્મપરિણામથી ઉત્પન્ન થાય છે. ૧૪

**तस्सऽक्कंदण-सोयण-परिदेवण-ताडणाइं लिंगाइं ।**
**इट्ठानिट्ठविओगा-विओगवियणानिमित्ताइं ॥ १५ ॥**

**निंदइ य निजकयाइं, पसंसइ सविम्हओ विभूईओ ।**
**पत्थेइ तासु रज्जइ, तयज्जणपरायणो होइ ॥ १६ ॥**

**सद्दाइविसयगिद्धो, सद्धम्मपरम्मुहो पमायपरो ।**
**जिणमयमणवेक्खंतो, वट्टइ अट्टंमि झाणंमि ॥ १७ ॥**

આર્તધ્યાનનાં લિંગ (ચિહ્ન) છે - આક્રંદ, શોક, ઉકળાટ, કૂટવું વગેરે. એ ઈષ્ટ વિયોગ, અનિષ્ટ અવિયોગ તથા વેદનાને કારણે થાય છે. (વળી એમાં) પોતાના કરેલા કાર્યની (અલ્પ ફળ આવતાં કે નિષ્ફળ જતાં) હલકાઈ બોલે છે અને બીજાની સંપત્તિની વિસ્મિત હૃદયે પ્રશંસા કરે છે, અભિલાષા કરે છે, એમાં જ રક્ત બને છે અને એને ઉપાર્જવામાં લાગી જાય છે, શબ્દાદિ વિષયોમાં ગૃદ્ધ-મૂર્છિત બને છે, ક્ષમાદિ ચારિત્રધર્મથી પરાઙ્મુખ રહે છે અને મદ્યાદિ પ્રમાદમાં આસક્ત થાય છે. આર્તધ્યાનમાં વર્તતો જીવ જિનાગમથી નિરપેક્ષ બને છે. ૧૬-૧૭

**तदविरय - देसविरय - पमायपरसंजयाणुगं झाणं ।**
**सव्वप्पमायमूलं, वज्जेयव्वं जइजणेणं ॥ १८ ॥**

અર્થાત્ એ આર્તધ્યાન, અવિરતિમાં રહેલાને કે દેશવિરતિધરને અને પ્રમાદનિષ્ઠ સંયમધરને હોય છે. એને સર્વ પ્રમાદનું મૂળ સમજી સાધુજનોએ એનો ત્યાગ કરવો જોઈએ. ૧૮

सत्तवह-वेह-बंधण-डहणंकण-मारणाइ-पणिहाणं ।
अइकोहग्गहघत्थं, निग्घिणमणसोऽहमविवागं ॥ १९ ॥

જીવોને મારવા-વીંધવા-બાંધવા-બાળવા-નિશાન કરવા અનેં મારી નાખવા વગેરેનાં સંકલ્પવાળું અત્યંત ક્રોધરૂપી ગ્રહથી ગળાએલું, અધમ (નરકાદિ પ્રાપ્તિના) ફળવાળું નિર્દય હૃદયવાળા માણસનું આવું ધ્યાન તે રૌદ્રધ્યાન છે. ૧૯

पिसुणा सब्भासब्भूय-भूयघायाइवयणपणिहाणं ।
मायाविणोऽइसंधण-परस्स पच्छन्नपावस्स ॥ २० ॥

ચાડીચુગલી, અનિષ્ટસૂચક વચન, ગાળ વગેરે અસભ્ય વચન, અસત્યવચન, જીવઘાતના આદેશ વગેરેનું પ્રણિધાન (એકાગ્ર માનસિક ચિંતન એ રૌદ્રધ્યાન છે.) એ માયાવીને કે ઠગાઈ કરનારને અથવા ગુપ્ત પાપીને થાય છે. ૨૦

तह तिव्वकोहलोहाउलस्स, भूओवघायणमणज्जं ।
परदव्वहरणचित्तं, परलोयावायनिरवेक्खं ॥ २१ ॥

તીવ્રક્રોધ અને લોભથી વ્યાકુળ તેમજ પરલોકના અનર્થની પરવા વગરના જીવને પર દ્રવ્ય ચોરવાનું અને એ માટે જીવઘાત કરવા સુધીનું અનાર્ય દઢચિંતન એ ત્રીજું રૌદ્રધ્યાન છે. ૨૧

सद्दाइविसयसाहण-धणसारक्खणपरायणमणिट्ठं ।
सव्वाभिसंकणपरो-वघायकलुसाउलं चित्तं ॥ २२ ॥

શબ્દાદિ વિષયોનાં સાધનભૂત પૈસાના સંરક્ષણમાં તત્પર અને

સર્વની શંકા તથા બીજા (એના પર તાકનાર)ના ઘાતની કલુષિત બુદ્ધિથી વ્યાકુળ ચિત્ત-ચિંતન એ ચોથું સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન છે. ૨૨

इयकरणकारणाणुमइ-विसयमणुचिंतणं चउब्भेयं ।
अविरयदेसासंजय - जणमणसंसेवियमहण्णं ॥ २३ ॥

આ પ્રમાણે સ્વયં કરવું, બીજા પાસે કરાવવું અને કરતાને અનુમોદવા સંબંધી પર્યાલોચનઃ ચારે પ્રકારના રૌદ્રધ્યાનમાં સમાય. એના સ્વામી અવિરતિ મિથ્યાદૃષ્ટિઓ, સમ્યગ્દૃષ્ટિઓ અને દેશવિરતિધર શ્રાવકો સુધીના જીવોનાં મનથી આ ધ્યાન થઈ શકે છે અને તે અહિતકર - નિંદ્ય પાપ છે. ૨૩

एयं चउव्विहं राग-दोस-मोहाउलस्स जीवस्स ।
रोद्दज्झाणं संसार-वद्धणं नरयगइमूलं ॥ २४ ॥

આ ચાર પ્રકારનું રૌદ્રધ્યાન રાગ, દ્વેષ અને મોહથી વ્યાકુળ જીવને થાય છે. એ સંસારની વૃદ્ધિ કરનારું અને નરકગતિનું મૂળ છે. ૨૪

कावोय-नील-काला लेस्साओ तिव्वसंकिलिट्ठाओ ।
रोद्दज्झाणोवगयस्स, कम्मपरिणामजणियाओ ॥ २५ ॥

રૌદ્રધ્યાનમાં ચડેલાને તીવ્રસંક્લેશવાળી કાપોત-નીલ અને કૃષ્ણ લેશ્યાઓ હોય છે, અને તે કર્મપરિણામથી ઉત્પન્ન થનારી છે. ૨૫

लिंगाइ तस्स उस्सण्ण-बहुल-नाणाविहामरणदोसा ।
तेसिं-चिय हिंसाइसु, बाहिरकरणोवउत्तस्स ॥ २६ ॥

રૌદ્રધ્યાનીનાં લિંગ-ચિહ્ન છે - ૧ ઉત્સન્ન દોષ, ૨ બહુલ દોષ, ૩ નાનાવિધ દોષ અને ૪ આમરણ દોષ, (રૌદ્રધ્યાનનાં ૧ એક

પ્રકારમાં સતત પ્રવૃત્તિ, ૨ ચારે પ્રકારમાં બહુ પ્રવૃત્તિ, ૩ હિંસાદિના ઉપાયોમાં અનેકવાર પ્રવૃત્તિ અને ૪ સ્વ કે પરના મૃત્યુસુધીનો પણ અ-સંતાપ). આ લિંગો હિંસા-મૃષાદિમાં બાહ્ય સાધન વાણી-કાયાદ્વારા પણ લાગેલાને હોય. ૨૬

परवसणे अहिनंदइ, निरवेक्खो निद्दओ निरणुतावो ।
हरिसिज्जइ कयपावो, रोद्दज्झाणोवगयचित्तो ॥ २७ ॥

૫ બીજાની આફત-સંકટ પર ખુશી થાય, ૬ અહીંના અને પરલોકના ભયપ્રત્યે બેપરવા હોય, ૭ નિર્દય હોય, ૮ પશ્ચાત્તાપ રહિત હોય, અને ૯ પાપ કરીને ખુશી થતો હોય; રૌદ્રધ્યાન પામેલું ચિત્ત આવું હોય છે. ૨૭

झाणस्स भावणाओ, देसं कालं तहाऽऽसणविसेसं ।
आलंबणं कमं, झाइयव्वयं जे य झायारो ॥ २८ ॥

तत्तोऽणुप्पेहाओ, लेस्सा लिंगं फलं य नाऊणं ।
धम्मं झाइज्ज मुणी, तग्गयजोगो तओ सुक्कं ॥ २९ ॥

ધ્યાનની ૧ ભાવના, ૨ દેશ, ૩ કાળ, ૪ અમુક જ આસન, ૫ આલંબન ૬ ક્રમ, ૭ ધ્યેય યાને ધ્યાનનો વિષય, ૮ ધ્યાતા, પછી ૯ અનુપ્રેક્ષા, ૧૦ લેશ્યા, ૧૧ લિંગ તથા ૧૨ ફળને જાણીને મુનિ એમાં ચિત્ત સ્થાપી ધર્મધ્યાન કરે. ત્યારબાદ શુક્લધ્યાન કરે. ૨૮- ૨૯

पुव्वकयब्भासो, भावणाहिं झाणस्स जोग्गयमुवेइ ।
ताओ य नाण-दंसण-चरित्त-वेरग्गनियताओ ॥ ३० ॥

ધ્યાનની પૂર્વે ભાવનાઓથી અથવા ભાવનાઓમાં અભ્યાસ કર્યો હોય એ ધ્યાનની યોગ્યતાને પામે છે. તે ભાવનાઓ જ્ઞાન-દર્શન-ચારિત્ર-વૈરાગ્ય- એમ ચાર પ્રકારની છે. ૩૦

णाणे णिच्चब्भासो, कुणइ मणोधारणं विसुद्धिं च ।
णाणगुण-मुणियसारो, सो झाइ सुनिच्चलमईओ ॥ ३१ ॥

'શ્રુતજ્ઞાનમાં હંમેશાં પ્રવૃત્તિ રાખે, એના દ્વારા મનને અશુભ વ્યાપાર અટકાવી ધરી રાખે, સૂત્રાર્થની વિશુદ્ધિ કરે, 'ચ' શબ્દથી ભવનિર્વેદ કેળવે, એમ પાંચ જ્ઞાનથી જીવ-અજીવના ગુણ-પર્યાયના સાર-પરમાર્થને જાણે. અથવા જ્ઞાનગુણથી વિશ્વના સારને સમજે ત્યાર પછી અતિશય નિશ્ચયબુદ્ધિવાળો બની ધ્યાન કરે.' ૩૧

संकाइदोसरहिओ, पसमथेज्जाइगुणगणोवेओ ।
होइ असंमूढमणो, दंसणसुद्धीए झाणंमि ॥ ३२ ॥

સર્વજ્ઞવચનમાં શંકા આદિ દોષરહિત, અને સર્વજ્ઞશાસ્ત્ર - પરિચય, પ્રશમ, સમ્યક્ત્વમાં સ્થિરતા, સાથે પડતાનું સ્થિરીકરણ વગેરે ગુણસમૂહથી સંપન્ન પુરુષ સમ્યગ્દર્શનની શુદ્ધિથી ધ્યાનમાં સંમોહરહિત સ્થિર ચિત્તવાળો બને છે. ૩૨

नवकम्माणायाणं, पोराणविणिज्जरं सुभायाणं ।
चारित्तभावणाए, झाणमयत्तेण य समेई ॥ ३३ ॥

ચારિત્રભાવનાથી (૧) નવાં કર્મનું અગ્રહણ (૨) જૂનાં કર્મની નિર્જરા અને (૩) નવાં શુભકર્મનું ગ્રહણ તથા (૪) ધ્યાન સહેલાઈથી પામે છે. ૩૩

सुविदियजगस्सभावो, निस्संगो निब्भओ निरासो अ ।
वेरग्गभावियमणो, झाणंमि सुनिच्चलो होइ ॥ ३४ ॥

વૈરાગ્ય ભાવનાથી ભાવિત મનવાળો જગતના સ્વભાવને સારી રીતે જાણનારો, નિસ્સંગ, નિર્ભય અને આશારહિત બની ધ્યાનમાં સુનિશ્ચળ થાય છે. ૩૪

**निच्चं चिय जुवइ-पसु-नपुंसग-कुसीलवज्जियं जइणो ।**
**ठाणं वियणं भणियं, विसेसओ झाणकालंमि ॥ ३५ ॥**

પતિને હંમેશા સ્ત્રી-પશુ-નપુંસક અને કુશીલ માણસોથી રહિત સ્થાન જોઈએ અને ધ્યાનકાળે વિશેષ કરીને નિર્જન - એકાંત સ્થળ જરૂરી કહ્યું છે. ૩૫

**थिरकयजोगाणं पुण, मुणीण झाणे सुनिच्चलमणाणं ।**
**गामंमि जणाइण्णे, सुण्णे रण्णे व न विसेसो ॥ ३६ ॥**

ત્યારે સંઘયણ અને ધૃતિબળવાળા અભ્યસ્ત યોગી, જીવાદિ પદાર્થનું મનન કરનાર વિદ્વાન તથા ધર્મધ્યાનમાં અત્યંત નિષ્પ્રકંપ મનવાળા મુનિને તો લોકોથી વ્યાપ્ત ગામમાં કે શૂન્યસ્થાનમાં યા અરણ્યમાં (ગમે ત્યાં ધ્યાન કરે એમાં) કોઈ તફાવત નથી. ૩૬

**जो (तो) जत्थ समाहाणं, होज्ज मणो-वय-कायजोगाणं ।**
**भूओवरोहरहिओ, सो देसो झायमाणस्स ॥ ३७ ॥**

તેથી ધ્યાન કરનારને જ્યાં મન-વચન-કાયાના યોગોની સ્વસ્થતા રહે, એવું જીવસંઘટ્ટાદિની વિરાધનાવિનાનું સ્થાન (યોગ્ય) છે. ૩૭

**कालो वि सोच्चिय, जहिं जोगसमाहाणमुत्तमं लहइ ।**
**न उ दिवस-निसावेलाइ-नियमणं झाइणो भणियं ॥ ३८ ॥**

ધ્યાન કરનારને કાળ પણ એવો જોઈએ કે જેમાં યોગસ્વસ્થતા ઉત્તમ મળતી હોય. પરંતુ દિવસ અથવા રાત્રિ જ યોગ્ય વેળા છે એવો નિયમ નથી, એમ તીર્થંકર - ગણધરદેવોએ કહ્યું છે. ૩૮

**जच्चिय देहावत्था, जियाण झाणोवरोहिणी होइ ।**
**झाइज्जा तदवत्थो, ठिओ निसण्णो निवण्णो वा ॥ ३९ ॥**

અભ્યાસ કરેલી જે કોઈ દેહાવસ્થા ધ્યાનને પીડા કરનારી ન બનતી હોય, તે અવસ્થામાં રહીને ધ્યાન કરે, ચાહે ઊભા (કાયોત્સર્ગ અવસ્થામાં) રહીને, યા (વીરાસનાદિએ) બેઠા રહીને કે લાંબા - ટૂંકા સૂઈ રહીને. ૩૯

सव्वासु वट्टमाणा, मुणओ जं देस-काल- चेट्ठासु ।
वरकेवलाइलाभं, पत्ता बहुसो समियपावा ॥ ४० ॥

દેશ-કાળ- આસનનો નિયમ નથી. કારણ કે મુનિઓ બધી ય દેશ-કાળ- શરીરાવસ્થામાં રહ્યા પાપને શમાવીને અનેકવાર પ્રધાન કેવળજ્ઞાનાદિને પામ્યા છે. ૪૦

तो देसकालचेट्ठानियमो, झाणस्स नत्थि समयंमि ।
जोगाणं समाहाणं, जह होइ तहा जइयव्वं ॥ ४१ ॥

એટલા માટે ધ્યાનના દેશ-કાળ-શરીરચેષ્ટા અમુક જ જોઈએ એવો નિયમ આગમમાં નથી. માત્ર યોગોની સ્વસ્થતા જે રીતે થાય તે રીતે પ્રયત્ન કરવો, આટલો નિયમ છે. ૪૧

आलंबणाइ वायण - पुच्छण-परियट्टणाऽणुचिंताओ ।
सामाइयाइं सद्धम्मावस्सयाइं च ॥ ४२ ॥

ધર્મધ્યાનમાં ચડવા માટે નિર્જરા નિમિત્તે કરાતી સૂત્રની વાચના યાને પઠન-પાઠન, શંકિતમાં પૃચ્છા, પૂર્વ પઠિતનું પરાવર્તન તથા અનુચિંતન - અનુસ્મરણ અને ચારિત્રધર્મનાં સુંદર અવશ્ય - કર્તવ્ય સામાયિક પડિલેહણાદિ સાધુસમાચારી એ આલંબન છે. ૪૨

विसमंमि समारोहइ, दढदव्वालंबणो जहा पुरिसो ।
सुत्ताइकयालंबो, तह झाणवरं समारुहइ ॥ ४३ ॥

જેવીરીતે માણસ નીચાસ્થાનમાં રહેલો કોઈ મજબૂત દોરડાદિ દ્રવ્યના આલંબને ઊંચે ચઢી જાય છે, તેવીરીતે સૂત્રાદિનું આલંબન કરનારો ઉત્તમ ધ્યાન (ધર્મધ્યાન) પર ચડી જાય છે. ૪૩

झाणप्पडिपत्तिकमो, होइमणोजोगनिग्गहोईओ ।
भवकाले केवलिणो, सेसाण जहासमाहीए ॥ ४४ ॥

ધ્યાનપ્રાપ્તિનો ક્રમ મોક્ષગમનની અતિનિકટના સંસારકાળે કેવળજ્ઞાનીને મનોયોગનિગ્રહ આદિ હોય છે, બાકીનાને સ્વસ્થતાનુસાર હોય છે. ૪૪

सुनिउण मणाइनिहणं, भूयहियं भूयभावणमणग्घं ।
अमियमजियं महत्थं, महाणुभावं महाविसयं ॥ ४५ ॥

झाइज्जा निरवज्जं, जिणाणमाणं जगप्पईवाणं ।
अणिउणजणदुण्णेयं, नय-भंग-पमाणगमगहणं ॥ ४६ ॥

(જિનાજ્ઞા સૂક્ષ્મ દ્રવ્યાદિ મત્યાદિની નિરૂપક હોઈ) ૧ અત્યન્ત નિપુણ, (દ્રવ્યાદિની અપેક્ષાએ) ૨ અનાદિ અનંત, ૩ જીવ કલ્યાણ રૂપ, (અનેકાંત બોધક) ૪ સત્યભાવક, ૫ અનર્ધ્ય - અમૂલ્ય (અથવા ઋણઘ્ન-કર્મનાશક) હોઈ (અર્થથી) ૬ અપરિમિત (યા અમૃત, કેમકે મીઠી, પથ્ય, અથવા સંજીવ યાને ઉત્પત્તિક્ષમ), (અન્યવચનોથી) ૭ અજિત, પ્રધાન અર્થવાળી (અવિસંવાદી, અનુયોગદ્વારાત્મક, નયઘટિત હોઈને (૧) મહાર્થ, યા (૨) મહત્સ્થ - મોટા સમકિતી જીવોમાં રહેલ, યા (૩) મહાસ્થ - પૂજા પામેલ), ૯ મહાન અનુભાવ-પ્રભાવ સામર્થ્યવાળી (ચૌદપૂર્વી સર્વલબ્ધિસંપન્ન બનતા હોઈને પ્રધાન, તથા સર્વાર્થસિદ્ધ વિમાન અને મોક્ષસુધીનાં પુષ્કળ કાર્ય કરતું હોવાથી પ્રભૂત) ૧૦ મહાન વિષયવાળી, ૧૧ નિરવદ્ય-દોષ-પાપરહિત, અ-નિપુણ લોકોથી દુર્જ્ઞેય, તથા નય-ભંગી-પ્રમાણ - ગમ (અર્થમાર્ગો)થી ગહન એવી જગતના દીવા સમાન જિનેશ્વરભગવાનની આજ્ઞાનું (નિરવદ્ય) ધ્યાન કરે. ૪૫-૪૬

तत्थ य मइदोब्बलेणं, तव्विहायरिय विरहओ वा वि ।
णेयगहणत्तणेण य, णाणावरणोदएण च ॥ ४७ ॥

हेऊदाहरणासंभवे य, सइ सुट्ठुं जं न बुज्झेज्जा ।
सव्वण्णुमयमवितहं, तहावि तं चिंतए मइमं ॥ ४८ ॥

अणुवकयपराणुग्गहपरायणा, जं जिणा जगप्पवरा ।
जियरागदोसमोहा य, णऽण्णहावादिणो तेणं ॥ ४९ ॥

(૧) બુદ્ધિની સમ્યગ્ અર્થાવધારણની મંદતાએ, (૨) સમ્યક્ યથાર્થ તત્ત્વપ્રતિપાદનમાં કુશળ આચાર્ય ન મળવાથી (૩) જ્ઞેય પદાર્થની ગહનતાને લીધે, (૪) જ્ઞાનાવરણીયકર્મનો ઉદય થવાથી યા (૫-૬) હેતુ - ઉદાહરણ ન મળવાથી, આ જિનાજ્ઞાના વિષયમાં જો કાંઈ સારીરીતે ન સમજાય તો પણ બુદ્ધિમાન પુરુષ એમ ચિંતવે કે, 'સર્વજ્ઞ તીર્થંકરોનું વચન અસત્ય હોય નહિ. કારણ કે ચરાચર જગતમાં શ્રેષ્ઠ શ્રી જિનેશ્વરભગવંતો, એમના પર બીજાઓએ ઉપકાર ન કર્યો હોય તોય, એના પર ઉપકાર કરવામાં તત્પર રહે છે. એમણે રાગ-દ્વેષ-મોહ (અજ્ઞાન)ને જીતી લીધા છે, તેથી (અસત્ય બોલવાનાં કારણો જ નહિ હોવાથી) તેઓ અન્યથાવાદી યાને અસત્યભાષી હોય નહિ.' ૪૭-૪૮-૪૯

रागद्दोसकसाया ऽऽसवादिकिरियासु वट्टमाणाणं ।
इहपरलोयावाए, झाइज्जा वज्जपरिवज्जी ॥ ५० ॥

રાગ, દ્વેષ, કષાય અને આશ્રવાદિ ક્રિયાઓમાં વર્તતાજીવોને આલોક પરલોકના અનર્થ કેવા આવે છે તે, વર્જ્ય (અકૃત્ય)નો ત્યાગી ધ્યાવે, એકાગ્રતાથી વિચારે. ૫૦

पयइठिइपएसा-ऽणुभावभिन्नं सुहासुहविहत्तं ।
जोगाणुभावजणियं, कम्मविवागं विचिंतेज्जा ॥ ५१ ॥

પ્રકૃતિ-સ્થિતિ-પ્રદેશ - અનુભાવના વિભાગથી ભિન્ન ભિન્ન, (એ દરેક પાછા) શુભઅશુભના વિભાગથી ભિન્ન ભિન્ન તથા યોગ અને કષાયાદિથી ઉત્પન્ન કર્મવિપાકને ચિંતવે. ૫૧

जिणदेसियाइ लक्खण-संठाणा-ऽऽसण-विहाण-माणाइं ।
उप्पाय-ठिइ-भंगाइ-पज्जवा जे य दव्वाणं ॥ ५२ ॥

पंचत्थिकायमइयं, लोगमणाइनिहणं जिणक्खायं ।
णामाइभेयविहियं, तिविहमहोलोयभेयाइं ॥ ५३ ॥

खिइ-वलय-दीव-सागर-नरय-विमाण-भवणाइसंठाणं ।
दोसाइपइट्ठाणं, नियय़ं लोगट्ठिइ विहाणं ॥ ५४ ॥

उवओग लक्खणमणाइ-णिहणमत्थंतरं सरीराओ ।
जीवमरूविं कारिं, भोयं च सयस्स कम्मस्स ॥ ५५ ॥

तस्स य सकम्मजणियं, जम्माइजलं कसायपायालं ।
वसणसयसावयमणं, मोहावत्तं महाभीमं ॥ ५६ ॥

अण्णाणमारूएरिय-संजोगविजोग-वीइसंताणं ।
संसारसागरमणोर-पारमसुहं विचिंतिज्जा ॥ ५७ ॥

तस्स य संतरणसहं, सम्मद्दंसणसुबंधणं अणघं ।
णाणमयकण्णधारं, चारित्तमयं महापोयं ॥ ५८ ॥

संवरकयनिच्छिद्दं, तवपवणाइद्धजइणतरवेगं ।
वेरग्गमग्गपडिअं, विसोत्तियावीइ निक्खोभं ॥ ५९ ॥

आरोढुं मुणिवणिया, महग्घसीलंगरयणपडिपुन्नं ।
जह तं निव्वाणपुरं, सिग्घमविग्घेण पावंति ॥ ६० ॥

तत्थय तिरयण - विणिओगमइयमेगंतियं निराबाहं ।
साभावियं निरुवमं, जह सोक्खं अक्खयमुवेंति ॥ ६१ ॥

किं बहुणा सव्वं चिय, जीवाइपयत्थवित्थरोवेयं ।
सव्वनयसमुहमयं, झाएज्जा समयसब्भावं ॥ ६२ ॥

ચોથા 'સંસ્થાનવિચય'માં શું ચિંતવવું ? તે બતાવે છે. જિનેશ્વર ભગવાને ઉપદેશેલ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનાં લક્ષણ, આકૃતિ આધાર, પ્રકાર, પ્રમાણ અને ઉત્પાદ-વ્યય - ધ્રૌવ્યાદિ પર્યાયો ચિંતવે વળી

જિનોક્ત અનાદિ - અનંત પંચાસ્તિકાયમય લોકને નામાદિ-નામ-સ્થાપના - દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ-પર્યાય-લોક ભેદથી ૮ પ્રકાર તથા અધો - મધ્ય - ઉર્ધ્વ એમ ત્રણ પ્રકારે ચિંતવે, એમાં - ઘમ્મા આદિ સાત પાતાલ ભૂમિઓ, ઘનોદધિ આદિ વલયો, જંબૂદ્વીપ-લવણાદિ અસંખ્યદ્વીપો - સમુદ્રો, નરકો, વિમાનો, દેવતાઈ ભવનો તથા વ્યંતરનગરોની આકૃતિ, આકાશ-વાયુ આદિમાં પ્રતિષ્ઠિત શાશ્વત લોકવ્યવસ્થાનો પ્રકાર ચિંતવે, વળી સાકાર, નિરાકાર ઉપયોગ સ્વરૂપ, અનાદિઅનંત, તથા શરીરથી જુદો, અરૂપી, સ્વકર્મનો કર્તા-ભોક્તા જીવ ચિંતવે, વળી જીવનો સંસાર, સ્વકર્મથી નિર્મિત, જન્માદિ જળવાળો, કષાયરૂપી પાતાલવાળો, સેંકડો વ્યસનો (વ્યસન-દુઃખો) રૂપી જળચર જીવોવાળો, (ભ્રમણકારી) મોહરૂપી આવર્તવાળો, અતિભયાનક, અજ્ઞાનપવનથી પ્રેરિત ઈષ્ટ અનિષ્ટ સંયોગ - વિયોગરૂપી તરંગમાળાવાળો અનાદિઅનંત અશુભસંસાર ચિંતવે. વળી તેને તરી જવા માટે સમર્થ, સમ્યગ્દર્શનરૂપી સારા બંધનવાળું, નિષ્પાપ, અને જ્ઞાનમય સુકાનવાળું ચારિત્રરૂપી મહાજહાજ, ચિંતવે તે પણ આશ્રવ - નિરોધાત્મક સંવર (ઢાંકણો)થી છિદ્રરહિત કરાયેલું, તપરૂપી પવનથી પ્રેરિત અધિક શીઘ્ર વેગવાળું, વૈરાગ્યરૂપી માર્ગે પડેલું, અને દુર્ધ્યાનરૂપી તરંગોથી અક્ષોભાયમાન, મહાકિંમતી શીલાંગરૂપી રત્નોથી ભરેલા (તે મહાજહાજ) પર આરૂઢ થઈને મુનિરૂપી વેપારીઓ જે રીતે શીઘ્ર નિર્વિઘ્ને મોક્ષનગરે પહોંચી જાય છે, વળી એ નિર્વાણનગરમાં જ્ઞાનાદિ ત્રણ રત્નના વિનિયોગમય એકાન્તિક, બાધારહિત, સ્વાભાવિક, અનુપમ અને અક્ષયસુખને જે રીતે પ્રાપ્ત કરે છે, તે ચિંતવે. વધુ શું કહેવું ? જીવાદિ પદાર્થના વિસ્તારથી સંપન્ન અને સર્વ નયસમૂહમય સમસ્ત સિદ્ધાંત - અર્થને ચિંતવે. ૫૨થી ૬૨.

सव्वप्पमायरहिआ, मुणी खीणोवसंतमोहा य ।
झायारो नाणधणा, धम्मज्झाणस्स निद्दिट्ठा ।। ६३ ।।

સર્વ પ્રમાદથી રહિત મુનિ, તથા ક્ષીણ યા ઉપશાંત થવા લાગ્યો છે મોહ જેનો (અર્થાત્ ક્ષપક અને ઉપશામક નિર્ગ્રન્થ 'ચ' શબ્દથી બીજા પણ અપ્રમાદી) એવા જ્ઞાનરૂપી ધનવાળાને ધર્મધ્યાનના ધ્યાતા કહેવામાં આવ્યા છે. ૬૩

एएच्चिय पुव्वाणं, पुव्वधरा सुप्पसत्थसंघयणधरा ।
दोण्ह संजोगाजोगा, सुक्काण पराण केवलिणो ॥ ६४ ॥

આ જ અપ્રમાદી મુનિ શુક્લધ્યાનના પહેલા બે પ્રકારના અધિકારી છે, માત્ર એ પૂર્વધર અને શ્રેષ્ઠ વજ્રઋષભનારાચ સંઘયણને ધરનારા હોવા જોઈએ, ત્યારે શુક્લધ્યાનના 'પરાણ' પાછલા બે પ્રકારના ધ્યાતા તો સયોગી - અયોગી કેવળજ્ઞાની હોય છે. ૬૪

झाणोवरमे वि मुणी, णिच्चमणिच्चाइभावणापरमो ।
होइ सुभावियचित्तो, धम्मज्झाणेण जो पुव्विं ॥ ६५ ॥

ધ્યાન ચાલ્યું જાય ત્યારે પણ મુનિ હંમેશા અનિત્યાદિ ભાવનામાં રમે અને ચિત્તને પૂર્વની જેમ સારું ભાવિત કરે. ૬૫

होंति कमविसुद्धाओ, लेसाओ पीय-पम्ह-सुक्काओ ।
धम्मज्झाणोवगयस्स, तिव्वमंदाइ-भेयाओ ॥ ६६ ॥

ધર્મધ્યાનમાં રહેલાને તીવ્ર મંદ યા મધ્યમ પ્રકારવાળી પીત-પદ્મ-શુક્લલેશ્યા હોય છે. એ ક્રમસર વધતી વિશુદ્ધિવાળી છે. ૬૬

आगम-उवएसा-ऽऽणा-णिसग्गओ जं जिणप्पणीयाणं ।
भावाणं सद्दहणं, धम्मझाणस्स तं लिंगं ॥ ६७ ॥

જિનેશ્વરભગવંતે કહેલ (દ્રવ્યાદિ પદાર્થની) આગમ-સૂત્ર,

તદનુસારી કથન, સૂત્રોથી પદાર્થ યા સ્વભાવથી શ્રદ્ધા કરવી, એ ધર્મધ્યાનનું જ્ઞાપક ચિહ્ન છે. ૬૭

जिणसाहुगुणकित्तण - पसंसणाविणयदाणसंपन्नो. ।
सुअसीलसंजमरओ, धम्मज्झाणी मुणेयव्वो ॥ ६८ ॥

જિનેન્દ્ર, તીર્થંકરદેવ તથા મુનિઓના (નિરતિચાર સમ્યગ્દર્શનાદિ) ગુણોનું કીર્તન, ભક્તિપૂર્વક સ્તુતિ, વિનય, એમને આહારાદિનું દાન - એનાથી સંપન્ન અને જિનાગમ, વ્રત, સંયમ (અહિંસાદિ) એમાં ભાવથી રક્ત ધર્મધ્યાની છે, એમ જાણવું. ૬૮

अह खंति-मद्दव-ऽज्जव-मुत्तीओ जिणमयप्पहाणाओ ।
आलंबणाइं जेहिं, सुक्कज्झाणं समारुहइ ॥ ६९ ॥

હવે (આસન દ્વાર પછી) જિનમતમાં મુખ્ય-ક્ષમા - મૃદુતા-ઋજુતા - નિર્લોભતા એ આલંબનો છે. તેથી શુક્લધ્યાન ઉપર ચઢાય છે. ૬૯

तिहुयणविसयं कमसो, संखिविउ मणो अणुंमि छउमत्थो ।
झायइ सुनिप्पकंपो, झाणं अमणो जिणो होइ ॥ ७० ॥

છદ્મસ્થ આત્મા ત્રિલોકના વિષયમાંથી ક્રમશઃ મનને સંકોચી પરમાણુ ઉપર સ્થાપિત કરીને અતીવ નિશ્ચલ બનેલો શુક્લધ્યાન ધ્યાવે. (છેલ્લા બે પ્રકારમાં) જિન મનરહિત બને છે. ૭૦

जह सव्वसरीरगयं, मंतेण विसं निरुंभए डंके ।
तत्तो पुणोऽवणिज्जइ, पहाणयरमंतजोगेणं ॥ ७१ ॥

तह तिहुयणतणुविसयं, मणोविसं जोगमंतबलजुत्तो ।
परमाणुंमि निरुंभइ, अवणेइ तओ वि जिणविज्जो ॥ ७२ ॥

उस्सारियेंधणभरो, जह परिहाइ कमसो हुयासुव्व ।
थोविंधणावसेसो, निव्वाइ तओऽवणीओ य ॥ ७३ ॥

तह विसइंधणहीणो, मणोहुयासो कमेण तणुयंमि ।
विसइंधणे निरुंभइ, निव्वाइ तओऽवणीओ य ॥ ७४ ॥

तोयमिव नालियाए, तत्तायसभायणोदरत्थं वा ।
परिहाइ कमेण जहा, तह जोगिमणोजलं जाण ॥ ७५ ॥

જેવી રીતે આખા શરીરમાં વ્યાપેલું ઝેર મંત્રવડે (સંકોચીને) ડંખ - પ્રદેશમાં લાવી મૂકવામાં આવે છે, (અને ત્યાર પછી) શ્રેષ્ઠતર મંત્રના યોગથી ડંખદેશમાંથી પણ દૂર કરવામાં આવે છે. તેવી રીતે ત્રિભુવનરૂપી શરીરમાં પ્રસરેલા મનરૂપી ઝેરને (જિનવચનનાધ્યાનરૂપી) મંત્રના સામર્થ્યવાળો પરમાણુમાં લાવી મૂકે છે, (અને પછી) જિન-કેવળજ્ઞાનરૂપી વૈદ્ય એમાંથી પણ (અચિંત્ય પ્રયત્નથી મનોવિષયને) દૂર કરે છે. જેવી રીતે ક્રમશઃ કાષ્ઠસમૂહ દૂર થવાથી અગ્નિ ઓલવાતો આવે છે, ને થોડાં જ ઇંધણ પર થોડો જ અગ્નિ રહે છે, તે થોડું પણ ઈંધણ દૂર થયે શાંત થઈ જાય છે, એવી રીતે વિષયરૂપી ઇંધણ ક્રમશઃ ઓછું થતું આવતાં મનરૂપી અગ્નિ થોડા જ વિષયરૂપી ઇંધણ પર સંકોચાઈ જાય છે, અને તે થોડા પણ વિષય-ઇંધણ પરથી ખસેડી લેતાં શાંત થઈ જાય છે. જેવી રીતે (કાચી) ઘડીમાં અથવા તપેલા લોઢાના વાસણમાં રહેલ પાણી ક્રમશઃ ઓછું થતું આવે છે. તે પ્રમાણે યોગીનું મનરૂપી જળ જાણ. (એ પણ અપ્રમાદરૂપી અગ્નિથી તપેલા જીવરૂપી વાસણમાં રહ્યું ઓછું થતું જાય છે.) ૭૧ થી ૭૫

एवं चिय वयजोगं, निरुंभइ कमेण कायजोगंपि ।
तो सेलेसोव्व थिरो, सेलेसी केवली होइ ॥ ७६ ॥

આ વિષ આદિ દૃષ્ટાન્તોથી વાગ્યોગનો નિરોધ કરે છે, તથા ક્રમશઃ કાયયોગનો નિરોધ કરે છે. ત્યારબાદ કેવળજ્ઞાની મેરુની માફક સ્થિર શૈલેશી બને છે. ૭૬

उप्पाय-ट्ठिइभंगाइ - पज्जयाणं जमेगवत्थुंमि ।
नाणानयाणुसरणं, पुव्वगयसुयाणुसारेणं ॥ ७७ ॥

सवियारमत्थवंजण - जोगंतरओ तयं पढमसुक्कं ।
होइ पुहुत्तवितक्कं, सवियारमरागभावस्स ॥ ७८ ॥

એક (અણુ-આત્માદિ) દ્રવ્યમાં ઉત્પાદ-સ્થિતિ - નાશ વગેરે પર્યાયોનું અનેક નયોથી પૂર્વગત શ્રુતના અનુસારે જે ચિંતન, તે પણ પદાર્થ, દ્રવ્ય, શબ્દ (નામ) અને યોગ (મનોયોગાદિ)ના ભેદથી સવિચાર અર્થાત્ એ ત્રણેમાં એક પરથી બીજા પર સંક્રમણવાળું ચિંતન, એ પહેલું શુક્લધ્યાન છે. એ પણ વિવિધતાએ શ્રુતાનુસારી હોઈ સવિચાર છે અને તે રાગભાવ રહિતને થાય છે. ૭૭-૭૮

जं पुण सुणिक्कंपं, निवायसरणप्पईवमिव चित्तं ।
उप्पाय-ट्ठिइ - भंगाइयाणमेगंपि पज्जाए ॥ ७९ ॥

अवियारमत्थवंजण-जोगंतरओ तयं बितियसुक्कं ।
पुव्वगयसुयालंबण-मेगत्तवितक्कमविचारं ॥ ८० ॥

ત્યારે પવનરહિત સ્થાનમાં રહેલા સ્થિર દીવાની જેમ જે ઉત્પત્તિ - સ્થિતિ - નાશ વગેરે પૈકી ગમે તે એક જ પર્યાયમાં સ્થિર ચિત્ત છે, તે બીજા પ્રકારનું શુક્લધ્યાન છે. એ અવિચાર યાને અર્થ - વ્યંજન - યોગના ફેરફારથી (થનારા) સંક્રમણ વિનાનું તથા પૂર્વગત શ્રુતના આલંબને થનારું (તેમજ એકત્વ યાને અભેદવાળું હોઈ) એકત્વ - વિતર્ક - અવિચાર ધ્યાન છે. ૭૯-૮૦

निव्वाणगमणकाले, केवलिणो दरनिरुद्धजोगस्स ।
सुहुमकिरियाऽनियट्टिं, तइयं तणुकायकिरियस्स ॥ ८१ ॥

तस्सेव य सेलेसीगयस्स, सेलोव्व निप्पकंपस्स ।
वोच्छिन्नकिरियम-प्पडिवाइ ज्झाणं परमसुक्कं ॥ ८२ ॥

જ્યારે મોક્ષ પામવાનો અવસર થાય ત્યારે કેવળજ્ઞાનીને (મનોયોગ-વચનયોગનો સર્વથા નિરોધ કર્યા પછી) કાયયોગ અડધો નિરુદ્ધ થયે સૂક્ષ્મ કાયક્રિયા રહ્યે સૂક્ષ્મક્રિયા અનિવર્તી નામનું ત્રીજું

ધ્યાન હોય છે. એમને જે શૈલેશી પામતાં મેરુની જેમ તદ્દન સ્થિર (નિશ્ચલ આત્મપ્રદેશ) થયે વ્યુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતિ નામનું ચોથું શુક્લધ્યાન હોય છે. ૮૧-૮૨

पढमं जोगे जोगेसु वा, मयं बितियमेकजोगंमि ।
तइयं च कायजोगे, सुक्कमजोगंमि य चउत्थं ॥ ८३ ॥

પહેલું શુક્લધ્યાન એક યા સર્વયોગમાં હોય, બીજું એક (૪) યોગમાં હોય, ત્રીજું સૂક્ષ્મ કાયયોગ વખતે અને ચોથું અયોગ અવસ્થામાં હોય છે. ૮૩

जह छउमत्थस्स मणो, झाणं भण्णइ सुनिच्चलो संतो ।
तह केवलिणो काओ, सुनिच्चलो भण्णए झाणं ॥ ८४ ॥

જેવીરીતે છદ્મસ્થને મન સુસ્થિર થાય એને ધ્યાન કહે છે, એમ કેવળજ્ઞાનીને સુસ્થિરકાયા એ ધ્યાન કહેવાય છે. ૮૪

पुव्वप्पओगओ चिय, कम्मविणिज्जरणहेउतो वावि ।
सद्दत्थ बहुत्ताओ, तह जिणचंदागमाओ य ॥ ८५ ॥

चित्ताभावे वि सया, सुहुमोवरयकिरियाइ भण्णंति ।
जीवोपओगसब्भावओ, भवत्थस्स झाणाइं ॥ ८६ ॥

(અયોગમાં ધ્યાન કેવી રીતે ? તો કહે છે કે) (૧) પૂર્વ પ્રયોગના લીધે, (૨) કર્મનિર્જરાનો હેતુ હોવાથી, અથવા (૩) શબ્દના અનેક અર્થ થતા હોવાથી તથા (૪) જિનેન્દ્રભગવાનના આગમમાં કહ્યું હોવાથી. સૂક્ષ્મક્રિયા અને વ્યુચ્છિન્નક્રિયા, - આ બે અવસ્થા ભવસ્થ કેવલીને ધ્યાનરૂપ હોય છે. જો કે ત્યાં ચિત્ત નથી છતાં જીવનો ઉપયોગ પરિણામ (ભાવમન) હાજર હોવાથી, ભવસ્થકેવલીને, ધ્યાનરૂપ કહેવાય છે. ૮૫-૮૬.

सुक्कज्झाणसुभाविअ-चित्तो चिंतेइ झाणविरमेऽवि ।
णियथमणुप्पेहाओ, चत्तारि चरित्तसंपन्नो ॥ ८७ ॥

શુક્લધ્યાનથી ચિત્તને જેણે સારું ભાવિત કર્યું છે એ ચારિત્ર - સંપન્ન આત્મા, ધ્યાન બંધ થવા છતાં પણ અવશ્ય ચાર અનુપ્રેક્ષાનું ચિંતન કરે છે. ૮૭

आसवदाराए तह, संसारासुहाणुभावं च ।
भवसंताणमणंतं, वत्थूणं विपरिणामं च ॥ ८८ ॥

મિથ્યાત્વાદિ આશ્રવદ્વારોના અનર્થ, સંસારીનો અશુભ સ્વભાવ, ભવોની અનંતપરંપરા, અને (જડ-ચેતન) વસ્તુના પરિવર્તન સ્વભાવ-અશાશ્વતતાનું ચિંતન કરે. ૮૮

सुक्काए लेसाए दो, ततियं पुण परमसुक्कलेसाए ।
थिरयाजियसेलेसं, लेसाइयं परमसुक्कं ॥ ८९ ॥

પહેલાં બે ધ્યાન શુક્લલેશ્યામાં, ત્રીજું પરમ શુક્લલેશ્યામાં અને સ્થિરતાગુણે મેરુને જીતનાર ચોથું શુક્લધ્યાન લેશ્યારહિત હોય છે. ૮૯

अवहा-संमोह-विवेग-विउस्सग्गा तस्स होंति लिंगाइं ।
लिंगिज्जइ जेहिं मुणी, सुक्कज्झाणोवगयचित्तो ॥ ९० ॥

चालिज्जइ बीभेइ य, धीरो न परीसहोवसग्गेहिं ।
सुहुमेसु न संमुज्झइ, भावेसु न देवमायासु ॥ ९१ ॥

देहविवित्तं पेच्छइ, अप्पाणं तह य सव्वसंजोगे ।
देहोवहिवोस्सग्गं, निस्संगो सव्वहा कुणइ ॥ ९२ ॥

અવધ-અસંમોહ-વિવેક-વ્યુત્સર્ગ એ શુક્લધ્યાનીનાં લિંગ છે, જેનાથી શુક્લધ્યાનમાં ચઢેલા ચિત્તવાળા મુનિ ઓળખાય છે. (૧) પરીસહ - ઉપસર્ગોથી એ ધીર મુનિ નથી ચલાયમાન થતા, કે નથી ભય પામતા, (૨) નથી એ સૂક્ષ્મ પદાર્થોમાં મૂંઝાતા, કે નથી એ દેવમાયામાં મૂંઝાતા, (૩) પોતાના આત્માને દેહથી તદ્દન જુદો તેમજ સર્વ સંયોગોને જુદા જુએ છે ને (૪) નિઃસંગ બનેલો તે દેહ તથા ઉપધિનો સર્વથા ત્યાગ કરે છે. ૯૦ થી ૯૨

होंति सुहासव-संवर-विणिज्जराऽमरसुहाइं विउलाइं ।
झाणवरस्स फलाइं, सुहाणुबंधीणि धम्मस्स ॥ ९३ ॥

ઉત્તમ ધ્યાન 'ધર્મધ્યાન' ના ફળ વિપુલ શુભઆશ્રવ, સંવર, નિર્જરા અને દિવ્યસુખો હોય છે, અને તે શુભ અનુબંધવાળા હોય છે. ૯૩

ते य विसेसेण, सुभासवादओऽणुत्तरामरसुहाइं च ।
दोण्हं सुक्काण फलं, परिनिव्वाणं परिल्लाणं ॥ ९४ ॥

આ જ વિશિષ્ટ સ્વરૂપવાળા શુભાશ્રવાદિ અને અનુત્તરદેવનાં સુખ એ પહેલાં બે શુક્લધ્યાનનું ફળ છે, અને છેલ્લાં બેનું ફળ મોક્ષગમન છે. ૯૪

आसवदारा संसार-हेयवो जं ण धम्मसुक्केसु ।
संसारकारणाइं, तओ धुवं धम्म-सुक्काइं ॥ ९५ ॥

संवरविणिज्जराओ, मोक्खस्स पहो तवो पहो तासिं ।
झाणं च पहाणंगं तवस्स, तो मोक्खहेऊयं ॥ ९६ ॥

આશ્રવનાં દ્વારો એ સંસારના હેતુ છે. જે કારણથી એ સંસાર હેતુઓ ધર્મ - શુક્લધ્યાનમાં હોતા નથી, તેથી ધર્મ, શુક્લધ્યાન નિયમા સંસારના પ્રતિપક્ષી છે. મોક્ષનો માર્ગ સંવર અને નિર્જરા છે. એ બેનો ઉપાય તપ છે. તેનું પ્રધાન અંગ ધ્યાન છે, તેથી (એ ધ્યાન) મોક્ષનો હેતુ છે. ૯૫ - ૯૬

अंबर-लोह-महीणं, कमसो जह मल-कलंक-पंकाणं ।
सोज्झावणयणसोसे, साहेंति जलाणलाइच्चा ॥ ९७ ॥

तह सोज्झाइसमत्था, जीवंबर-लोह-मेइणिगयाणं ।
झाण-जला-ऽणल-सूरा, कम्ममल-कलंक-पंकाणं ॥ ९८ ॥

જેવી રીતે પાણી, અગ્નિ અને સૂર્ય ક્રમશઃ વસ્ત્ર, લોઢું અને પૃથ્વીના મેલ, કલંક અને કીચડના અનુક્રમે શોધન, નિવારણ અને શોષણને સાધે છે, એવી રીતે ધ્યાનરૂપી પાણી - અગ્નિ - સૂર્ય એ જીવરૂપી વસ્ત્ર-લોહ-પૃથ્વીમાં રહેલ કર્મરૂપી મેલ-કલંક -પંકના શોધન આદિમાં સમર્થ છે. ૯૭-૯૮

**तापो सोसो भेओ, जोगाणं झाणओ जहा निययं ।**
**तह ताव-सोस-भेया, कम्मस्स वि झाइणो नियमा ॥ ९९ ॥**

જેવી રીતે ધ્યાનથી (મન-વચન-કાયાના) યોગોનું અવશ્ય તપન, શોષણ અને ભેદન થાય છે, તેવી રીતે ધ્યાનીને કર્મનું પણ અવશ્ય તાપન-શોષણ-ભેદન થાય છે. ૯૯

**जह रोगासयसमणं, विसोसण-विरेयणोसहविहीहिं ।**
**तह कम्मामयसमणं, झाणाणसणाइजोगेहिं ॥ १०० ॥**

જેવી રીતે રોગના મૂળ કારણનું નિવારણ લંઘન, વિરેચન અને ઔષધના પ્રકારોથી થાય છે, તેવી રીતે કર્મરોગનું શમન-નિવારણ, ધ્યાન-અનશન આદિ યોગોથી થાય છે. ૧૦૦

**जह चिरसंचियमिंधण-मनलो पवनसहिओ दुयं दहइ ।**
**तह कम्मेंधणममियं, खणेण झाणाणलो डहइ ॥ १०१ ॥**

જેમ પવનસહિત અગ્નિ દીર્ઘકાળના પણ એકત્રિત કરેલ ઇંધણને શીઘ્ર ભસ્મીભૂત કરી દે છે, એમ ધ્યાનરૂપી અગ્નિ પણ ક્ષણવારમાં અપરિમિત કર્મ - ઇંધનને બાળી દે છે. ૧૦૧.

**जह वा घणसंघाया, खणेण पवणाहया विलिज्जंति ।**
**झाणपवणावहूया, तह कम्मघणा विलिज्जंति ॥ १०२ ॥**

અથવા જેવી રીતે પવનથી ધકેલાયેલો વાદળનો સમૂહ ક્ષણવારમાં

વિનષ્ટ થઈ જાય છે, એ રીતે ધ્યાનરૂપી પવનથી હડસેલાયેલાં કર્મવાદળો નાશ પામી જાય છે. ૧૦૨

न कसायसमुत्थेहि य, वाहिज्जइ माणसेहिं दुक्खेहिं ।
ईसा-विसाय सोगा-इएहिं झाणोवगयचित्तो ॥ १०३ ॥

ધ્યાનમાં લાગેલા ચિત્તવાળો (આત્મા) કષાયોથી ઉદ્‌ભવતાં માનસિક દુઃખો, ઈર્ષ્યા-ખેદ-શોક આદિથી પીડાતો નથી. ૧૦૩

सीयायवाइएहिं य, सारीरेहिं सुबहुप्पगारेहिं ।
झाणसुनिच्चलचित्तो, न वाहिज्जइ निज्जरापेही ॥ १०४ ॥

ધ્યાનથી સારીરીતે નિશ્ચલતા (ભાવિત) ચિત્તવાળો શીત, તાપ આદિ અનેકાનેક પ્રકારનાં શારીરિક દુઃખોથી તણાઈ જતો નથી, પીડાતો નથી, ચલાયમાન થતો નથી, કેમ કે એ કર્મનિર્જરાની અપેક્ષાવાળો છે. ૧૦૪

इय सव्वगुणाधाणं, दिट्ठादिट्ठसुहसाहणं ज्झाणं ।
सुपसत्थं सद्धेयं, नेयं झेयं च निच्चंपि ॥ १०५ ॥

આ પ્રમાણે ધ્યાન એ સકલગુણોનું સ્થાન છે, દૃષ્ટ-અદૃષ્ટ સુખોનું સાધન છે, અત્યંત પ્રશસ્ત છે, માટે એ સર્વકાળ શ્રદ્ધેય છે, જ્ઞાતવ્ય છે અને ધ્યાતવ્ય છે. ૧૦૫

# સામ્યશતક

આ સામ્યશતકના રચયિતા શ્રી અભયદેવસૂરિમહારાજ (નવાંગી ટીકાકારથી જુદા)ના શિષ્ય શ્રી ધનેશ્વરસૂરિ મ.ના શિષ્ય શ્રી વિજયસિંહસૂરિ મહારાજ છે. સામ્ય એ શ્રી જિનશાસનનું પરમ રહસ્ય છે. શ્રી જિનશાસનમાં સામ્યની ઉપાસનાનું ખૂબ મહત્ત્વ છે. કોઈ પણ ઉપાસના અંતે સામ્યભાવમાં પરિણમે તોજ તે મોક્ષનું કારણ બની શકે છે. એ સામ્યનું સ્વરૂપ ખૂબ ઊંડાણથી સંસ્કૃતમાં ૧૦૬ શ્લોકોમાં વર્ણવ્યું છે. એનો જેમ જેમ સ્વાધ્યાય થશે તેમ તેમ ભવ્ય આત્મા વિશિષ્ટ કોટીના સામ્યના સ્પર્શનો અનુભવ કરશે.

આ શતકના રચયિતા પૂ. આચાર્યદેવ સામ્યના સૂક્ષ્મ અભ્યાસી તેમજ સામ્યના પરમ આરાધક હોય એવો અણસાર આ રચના વાંચતા થઈ આવે છે.

એ ઉપકારીના પાવન ચરણોમાં વંદન કરી ધન્ય બનીએ !

---

વિ.સં.૨૦૫૪ની સાલમાં પ.પૂ.સાધ્વીજીશ્રી રતિપ્રભાશ્રીજી મ. આદિની શુભનિશ્રામાં સુરત મુકામે ઘોડદોડરોડ ઉપર સૂર્યકિરણસોસાયટીમાં થયેલ પર્યુષણપર્વની આરાધના પ્રસંગે થયેલી ઊપજમાંથી પૂ. સા. રતિપ્રભાશ્રીજી મ.સા.ના સદુપદેશથી સૂર્યકિરણસોસાયટીની શ્રાવિકાબહેનોએ જ્ઞાનખાતાની રૂ. ૧૫,૦૦૧ ની રકમ આ ગ્રંથના પ્રકાશનમાં અર્પણ કરી શ્રુતભક્તિનો અનેરો લાભ લીધો છે.

- લિ. પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવર

જૈન ગ્રંથાલયના ટ્રસ્ટનું ટ્રસ્ટીમંડળ

# સામ્યશતક

अहङ्कारादिरहितं, निश्छद्मसमताऽऽस्पदम् ।
आद्यमप्युत्तमं कञ्चित्, पुरुषं प्रणिदध्महे ॥ १ ॥

જે કોઈ યોગિપુંગવ - પુરુષ - (૧) અહંકારાદિ દોષોથી રહિત હોય, (૨) નિર્વ્યાજ સમતાનું નિવાસસ્થાન હોય, (૩) સર્વથી પ્રથમ હોવા છતાં સર્વથી શ્રેષ્ઠ હોય, તેમનું અમે ગ્રંથના આરંભમાં ધ્યાન કરીએ છીએ. ૧

*उन्मनीभूयमास्थाय, निर्मायसमतावशात्X ।
जयन्ति योगिनः शश्व-दङ्गीकृतशिवश्रियः ॥ २ ॥

નિષ્પ્રપંચ-સહજ-અકૃત્રિમ સમત્વના કારણે ઉન્મનીભાવને પ્રાપ્ત કરીને જેમણે સદાકાલ માટે મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરી છે; એવા યોગીપુંગવો જયવંતા વર્તે છે. ૨

---

* ઉન્મનીભાવના પર્યાયો નીચે મુજબ પ્રાપ્ત થાય છે :-

राजयोगः[1] समा[2]धिश्च,[3] उन्मनी च[4] मनोन्मनी ।
अम[5]रत्वं ल[6]यस्त[7]त्त्वं, [8]शून्याशू[9]न्यं परं पदम् ॥ ३ ॥
अमनस्कं[10] तथा[11]ऽद्वैतं, [12]निरालम्बं [13]निरञ्जनम् ।
जीवन्मुक्तिश्च[14] सहजा,[15] [16]तुर्या चेत्येकवाचकाः ॥ ४ ॥

- હઠયોગપ્રદીપિકા, ચતુર્થ ઉપદેશ.

X સમતાના પર્યાયો નીચે મુજબ પ્રાપ્ત થાય છે. :-

माध्यस्थ्यं[1] समतो[2]पेक्षा, वैराग्यं साम्यमस्पृहा ।
वैतृष्ण्यं परमा शान्ति-रित्येकोऽर्थोऽभिधीयते ॥५०॥१३१॥

- તત્ત્વાનુશાસન, ચતુર્થ અધ્યાય, શ્લો. ૫૦

औदासीन्यक्रमस्थेन, भोगिनां योगिनामयम् ।
आनन्दः कोऽपि जयतात्, कैवल्यप्रतिहस्तकः ॥ ३ ॥

ઔદાસીન્યના ક્રમથી * ઉત્પન્ન થયેલ સમતારસને ભોગવતા યોગીઓનો આ અપૂર્વ કોટિનો આનંદ જયવંત વર્તો, કે જે કૈવલ્યનો સાક્ષીભૂત છે. ૩

साम्यपीयूषपाथोधि-स्नाननिर्वाणचेतसाम् ।
योगिनामात्मसंवेद्य-महिमा जयताल्लयः ॥ ४ ॥

સામ્યરૂપી અમૃતના સમુદ્રમાં સ્નાન કરવાથી જેમનાં ચિત્ત શાન્ત થઈ ગયાં છે, એવા યોગીઓ (જ) પોતે જેના મહિમાનું સંવેદન કરી શકે છે, તેવો લય જય પામો. ૪

आस्तामयं लयः श्रेयान्, कलासु सकलास्वपि ।
निष्कले किल योगेऽपि, स एव ब्रह्मसंविदे ॥ ५ ॥

આ લય સઘળીય કલાઓમાં કલ્યાણકારી (શ્રેષ્ઠ) છે, એ વાત તો બાજુએ રાખીએ પણ નિષ્કલ યોગમાં (ઉન્મના અવસ્થામાં) પણ તે લય જ બ્રહ્મજ્ઞાનમાટે થાય છે. ૫

---

* ઔદાસીન્યક્રમ નીચે પ્રમાણે છે :- આત્મામાં સામ્યવડે નિર્મલતા થતાંની સાથે જ પરમાત્મસ્વરૂપનો સ્પષ્ટ પ્રતિભાસ થાય છે. તે નિર્મલતા તો કષાયચતુષ્ટયનાં દરેકના જે ચાર ચાર પ્રકારો અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન-તેના ક્ષયના ક્રમથી થાય છે. તેથી આત્માની શુદ્ધિ કરનારું સામ્ય વધુને વધુ શુદ્ધ થાય છે. સામ્યશુદ્ધિના ક્રમવડે સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ-એ છ કે જે જીવમાત્રના ગુણો છે, તેમાં થતી વિશુદ્ધિથી આત્માને તે પરમાત્મા વધુ અને વધુ સ્પષ્ટ થતા જાય છે. મોહના સર્વથા ક્ષયથી સામ્ય સર્વથા શુદ્ધ થતાં જ સયોગી કેવલીરૂપ સર્વ શુદ્ધાત્માને આ પરમાત્મા સર્વરીતે સ્પષ્ટ થાય છે.

- યોગસાર, પ્રથમ પ્રસ્તાવ, શ્લો. ૪-૭

नित्यानन्दसुधारश्मे-रमनस्ककलाऽमला ।
अमृतस्यादिमं बीज-मनपाया जयत्यसौ ॥ ६ ॥

સદાનંદરૂપી ચન્દ્રની નિર્મળ એવી અમનસ્કકલા (ચિંતાના અભાવથી જાણે મન નાશ પામ્યું હોય તેવી અવસ્થા) તે અમૃતનું પ્રથમ બીજ છે અને તેનો કદી નાશ થતો નથી. અથવા તો, અમૃતનું પ્રથમ બીજ અને જેનો કદી નાશ થતો નથી એવી સદાનંદરૂપી ચન્દ્રમાની નિર્મલ એવી આ અમનસ્ક કલા જય પામે છે. ૬

यः कश्चित्तु लयः साम्ये, मनागाविरभून्मम ।
तमाशु वचसां पात्रं, विधातुं यतते मतिः ॥ ७ ॥

મને સમભાવમાં જે કંઈ થોડો પણ લય પ્રગટ થયો તે લયને જલદીથી વચનમાં મૂકવા મારી બુદ્ધિ પ્રયત્ન કરે છે. ૭

अष्टाङ्गस्यापि योगस्य, रहस्यमिदमुच्यते ।
यदंङ्ग-विषयासङ्गत्यागान्माध्यस्थ्यसेवनम् ॥ ८ ॥

(હે મુનિ !) આઠ અંગવાળા એવા પણ યોગનું રહસ્ય આ જ છે કે, વિષયોની આસક્તિ સંપૂર્ણપણે ત્યજીને સર્વત્ર મધ્યસ્થતાનું સેવન કરવું. ૮

(ફૂટનોટ પાન નંબર-૧૪૮ પરની)

* દારૂ હળદરનો કાઢો કરી તેમાંથી રસાંજન અથવા રસવંતી બનાવવામાં આવે છે. તે નેત્રવિકાર તથા વ્રણદોષનો નાશ કરે છે.

- આર્યભિષક્ પૃ. ૨૬૩

સરખાવો -

मोहाच्छादितनेत्राणा-मात्मरूपमपश्यताम् ।
दिव्यांजनशलाकेव, समता दोषनाशकृत् ॥ १९ ॥

- અધ્યાત્મસાર, અધિકાર ૯, પૃ. ૨૦૯

रागद्वेषपरित्यागा-द्विषयेष्वेषु वर्तनम् ।
औदासीन्यमिति प्राहु-रमृताय रसाञ्जनम् ॥ ९ ॥

આ પાંચેય ઈન્દ્રિયોના વિષયોમાં રાગ અને દ્વેષનો ત્યાગ કરીને પ્રવૃત્તિ કરવી તે ઔદાસીન્ય કહેવાય છે અને ઔદાસીન્ય, અમૃત-મોક્ષમાટે રસાંજનરૂપ ઔષધિ છે.* ૯

तस्यानघमहो बीजं, निर्ममत्वं स्मरन्ति यत् ।
तद्योगी विदधीताशु, तत्रादरपरं मनः ॥ १० ॥

અહો ! તે ઔદાસીન્યનું અવંધ્યબીજ નિર્મમતા છે, તેથી યોગીએ શીઘ્ર તેમાં જ આદરવાળું ચિત્ત રાખવું જોઈએ. ૧૦.

विहाय विषयग्राम-मात्मारामममना भवन् ।
निर्ममत्वसुरवास्वा-दान्मोदते योगिपुङ्गवः ॥ ११ ॥

વિષયોના સમૂહને છોડીને આત્મામાં રમણ કરતું છે મન જેનું એવો યોગીપુંગવ મમતાના અભાવરૂપી સુખના આસ્વાદથી આનંદ અનુભવે છે. ૧૧.

येऽनिशं समतामुद्रां, विषयेषु नियुञ्जते ।
करणैश्वर्यधुर्यास्ते, योगिनो हि नियोगिनः ॥ १२ ॥

જેઓ હંમેશા વિષયોમાં સમભાવરૂપી મુદ્રાને યોજે છે, તે ઈન્દ્રિયોનું સ્વામીપણું કરવામાં આગેવાન યોગીઓ જ ખરેખરા અધિકારીઓ છે. ૧૨

ममत्ववासना नित्य-सुखनिर्वासनानकः ।
निर्ममत्वं तु कैवल्य-दर्शनप्रतिभूः परम् ॥ १३ ॥

મમતાની વાસના તે નિત્યસુખને દેશવટો દેનારો-રવાના કરનારો-

પડહ છે. પરંતુ મમતાનો ત્યાગ તો કેવલદર્શનનો સાક્ષી છે. ૧૩.

भुव्यभिष्वंग एवायं, तृष्णाज्वरभरावहः ।
निर्ममत्वौषधं तत्र, विनियुञ्जीत योगवित् ॥ १४ ॥

દુનિયામાં આ ગાઢ રાગ (મમતા) જ તૃષ્ણારૂપી જ્વરના સમૂહને લાવનાર છે અને તેથી યોગીપુરુષે તેને વિષે નિર્મમતારૂપી ઔષધનો પ્રયોગ કરવો જોઈએ. ૧૪.

पर्यवस्यति सर्वस्य, तारतम्यमहो ! क्वचित् ।
निर्ममत्वमतः साधु, कैवल्योपरि निष्ठितम् ॥ १५ ॥

સર્વ વસ્તુઓનું તારતમ્ય ક્યાંકને ક્યાંક તો વિરામ પામે જ છે પણ આશ્ચર્યની વાત છે કે - સુંદર એવું નિર્મમત્વ તો કેવલજ્ઞાનથી પણ ઉપર રહેલું છે. (કૈવલ્ય વખતે પણ કાયમ રહે છે, માટે તે જ શ્રેષ્ઠ છે.) ૧૫.

ममत्वविषमूर्छाल-मान्तरं तत्त्वमुच्चकैः ।
तद्वैराग्यसुधासेका-च्चेतयन्ते हि योगिनः ॥ १६ ॥

મમત્વરૂપી વિષથી અત્યંત મૂર્ચ્છિત બની ગયેલા આંતર (આત્મ) તત્ત્વને યોગીઓ વૈરાગ્યરૂપી સુધાના સિંચનથી સચેતન-જીવંત કરે છે. ૧૬

विरागो विषयेष्वेषु - परशुर्भवकानने ।
समूलकाषं-कषित-ममता-वल्लिरुल्बणः ॥ १७ ॥

આ વિષયોમાં વિરાગ તે સંસારરૂપી વનનો ઉચ્છેદ કરનારો એવો ઉલ્બણ (કઠોર) તીક્ષ્ણ કુહાડો છે, કે જે મમતારૂપી વલ્લિને મૂળ સાથે ઉખાડી નાંખે છે. ૧૭

शरीरकेऽपि दुःखाय मोहमाधाय तत्पराः ।
क्लिश्यन्ते जन्तवो हन्त ! दुस्तरा भववासना ॥ १८ ॥

શરીરમાં પણ મોહ રાખીને દુઃખમાટે તત્પર થયેલા પ્રાણીઓ કૂલેશ પામે છે. ખરેખર ! ખેદની વાત છે કે, સંસારની વાસના દુસ્તર (દુઃખે કરીને પાર પમાય તેવી) છે. ૧૮.

अहो ! मोहस्य माहात्म्यं, विद्वत्स्वपि विजृम्भते ।
अहङ्कारभवात्तेषां, यदन्धङ्करणं श्रुतम् ॥ १९ ॥

અહો ! મોહનું માહાત્મ્ય જ્ઞાનીઓમાં પણ સ્ફુરાયમાન થાય છે - વિસ્તાર પામે છે. અહંકારની ઉત્પત્તિથી તેમને જ્ઞાન (પણ) અંધ કરનારું બને છે. ૧૯.

श्रुतस्य व्यपदेशेन, विवर्त्तस्तमसामसौ ।
अन्तः सन्तमसः स्फाति-र्यस्मिन्नुदयमियुषि ॥ २० ॥

જે (જ્ઞાન) ઉદય પામતાં આત્મામાં અંધકારનો વિસ્તાર થાય, તે વાસ્તવિક જ્ઞાન નથી પણ જ્ઞાનના બહાને અંધકારનો સમૂહ છે. ૨૦.

केषाञ्चित्कल्पते मोहाद्, व्यावभाषीकृते श्रुतम् ।
पयोऽपि खलु मन्दानां, सन्निपाताय जायते ॥ २१ ॥

અતિશય બીમારને દૂધ પણ સન્નિપાત માટે થાય, તેમ મોહના યોગે કેટલાકને ખરેખર ! જ્ઞાન પણ વિશેષ પ્રકારે વિવાદ કરવા માટે જ થાય છે. ૨૧.

ममत्वपङ्कं निःवङ्क, परिमार्ष्टुं समन्ततः ।
वैराग्यवारिलहरी-परीरम्भपरो भव ॥ २२ ॥

મમત્વરૂપી કાદવનું સંપૂર્ણપણે પરિમાર્જન કરવા-સાફ કરી નાખવા માટે તું નિઃશંકપણે વૈરાગ્યરૂપી લહરીઓનો આશ્લેષ કરવા તત્પર બન. ૨૨.

रागोरगविषज्वाला-वलीढदग्धचेतनः ।
न किञ्चिच्चेतति स्पष्टं, विवेकविकलः पुमान् ॥ २३ ॥

રાગરૂપી સર્પના ઝેરની જ્વાળાએ જેની ચેતનાને સંપૂર્ણપણે બાળી નાંખી છે, એવો પુરુષ વિવેકવિકલ થાય છે અને તે કંઈ જ સમજી શકતો નથી. ૨૩

तद्विवेकसुधाम्भोधौ, स्नायं स्नायमनामयः ।
विनयस्व स्वयं राग-भुजंङ्गममहाविषम् ॥ २४ ॥

તેથી વિવેકરૂપી અમૃતના સમુદ્રમાં સ્નાન કરી કરીને નિરોગી બની, તું પોતે જ રાગરૂપી સર્પના મહાવિષને દૂર કર. ૨૪

बहिरन्तर्वस्तुतत्त्वं, प्रथयन्तमनश्वरम् ।
विवेकमेकं कलये-त्तार्त्तीयीकं विलोचनम् ॥ २५ ॥

વિવેકની ગણના, બહારની અને અંદરની વસ્તુઓનાં તત્ત્વને દર્શાવનાર અને કદી નાશ નહિ પામનાર એવા એક ત્રીજા લોચન તરીકે કરવી જોઈએ. ૨૫.

उद्दामक्रममाबिभ्रद्, द्वेषदन्तावलो बलात् ।
धर्मारामममयं भिन्द-न्नियम्यो जितकर्मभिः ॥ २६ ॥

જેમણે કર્મોને જીત્યા છે તેવા પુરુષોએ, ઉદ્ધતપણે પગલાં ભરતા અને ધર્મરૂપી બગીચાને વેરણછેરણ કરતા આ દ્વેષરૂપી હાથીને બળથી કબજે રાખવો જોઈએ. ૨૬

सैष द्वेषशिखी ज्वाला-जटालस्तापयन्मनः ।
निर्वाप्यः प्रशमोद्दाम-पुष्करावर्त्तसेकतः ॥ २७ ॥

જ્વાળાઓથી વ્યાપ્ત અને મનને તપાવતા આ દ્વેષરૂપી અગ્નિને શમરૂપી ઉગ્ર પુષ્કરાવર્તમેઘના સિંચનથી બૂઝવી નાખવો જોઈએ. ૨૭

वश्या वेश्येव कस्य स्या-द्वासना भवसंभवा ।
विद्वांसोऽपि वशे यस्याः, कृत्रिमैः किल किंञ्चितै : ॥ २८ ॥

બનાવટી હાવભાવોથી વિદ્વાનો પણ જેને વશ થઈ જાય છે, એવી સંસારની વાસના વેશ્યાની માફક કોને વશ થાય ? ૨૮.

यावज्जागर्ति सम्मोह-हेतुः संसारवासना ।
निर्ममत्वकृते तावत्, कुतस्त्या जन्मिनां रुचिः ॥ २९ ॥

જ્યાંસુધી પ્રાણીઓને મોહના હેતુભૂત સંસારની વાસના જાગતી હોય છે, ત્યાંસુધી નિર્મમતા માટેની રુચિ ક્યાંથી પ્રગટે ? ૨૯.

दोषत्रयमयः सैष, संस्कारो विषमज्वरः ।
मेदुरीभूयते येन, कषायक्वाथयोगतः ॥ ३० ॥

તે આ વાસનાનો સંસ્કાર ત્રિદોષથી વ્યાપ્ત વિષમ જ્વર છે જે કષાયરૂપી ક્વાથના યોગે (તેના પાનથી) પરિપુષ્ટ થાય છે - વૃદ્ધિ પામે છે. ૩૦

तत्कषायानिमांश्छेत्तु-मीश्वरीमविनश्वरीम् ।
पावनां वासनामेना-मात्मसात्कुरुत द्रुतम् ॥ ३१ ॥

તેથી આ કષાયોને છેદી નાખવા માટે સમર્થ અને કદી નાશ ન પામનારી આ પવિત્ર વાસનાને (પછીના શ્લોકમાં દર્શાવાનારી) જલદી પોતાને આધીન કરો. ૩૧.

स्पष्टं दुष्टज्वरः क्रोध-श्चैतन्यं दलयन्नयम् ।
सुनिग्राह्यः प्रयुज्याशु, सिद्धौषधिमिमां क्षमाम् ॥ ३२ ॥

ચેતનાને વિલુપ્ત કરતો આ ક્રોધ તો સ્પષ્ટપણે દુષ્ટ જ્વર છે. તેને ક્ષમારૂપી સિદ્ધ ઔષધિના પ્રયોગદ્વારા જલદી કબજે કરવો જોઈએ. ૩૨.

आत्मनः सततस्मेर-सदानन्दमयं वपुः ।
स्फुरल्लूकानिलस्फातिः, ( स्फुरदुल्कानलस्फातिः )
कोपोऽयं ग्लपयत्यहो ॥ ३३ ॥

આશ્ચર્યની વાત છે કે આ ક્રોધ, કે જે પ્રજ્વલિત જ્વાળાઓના સમૂહથી સ્ફુરાયમાન છે; તે નિરંતર વિકસિત (વિકાસ પામેલ) અને સદા આનંદરૂપ દેહને ગાળી નાંખે છે. ૩૩

व्यवस्थाप्य समुन्मील-दहिंसावल्लिमण्डपे ।
निर्वापय तदात्मानं, क्षमाश्रीचंदनद्रवैः ॥ ३४ ॥

તેથી આત્માને, વિકાસ પામતી (પ્રફુલ્લિત એવી) અહિંસારૂપી વલ્લિના મંડપમાં સ્થાપન કરીને ક્ષમારૂપી ચંદનના રસોથી તું શાન્તિ પમાડ. ૩૪.

क्रोधयोधः कथङ्कार-महङ्कारं करोत्ययम् ।
लीलयैव पराजिग्ये, क्षमया रामयापि च ( यः ) ॥ ३५ ॥

આ ક્રોધરૂપી સુભટ, કે જેને સ્ત્રી એવી પણ ક્ષમાએ લીલાપૂર્વક જ પરાજિત કરી દીધો છે; તે કેવીરીતે અહંકાર - અભિમાન કરતો હશે ? ૩૫

भर्तुः शमस्य ललितै-र्बिभ्रती प्रीतिसम्पदम् ।
नित्यं पतिव्रतावृत्तं, क्षान्तिरेषा निषेवते ॥ ३६ ॥

પોતાના હાવભાવોથી પોતાના શમરૂપી પતિની પ્રીતિરૂપી સંપત્તિને ધારણ કરતી એવી આ ક્ષમા હંમેશાં પતિવ્રતાના આચારને સેવે છે. ૩૬

कारणानुगतं कार्य-मिति निश्चिनु मानस ! ।
निरायासा सुखं सूते, यन्निःक्लेशमसौ क्षमा ॥ ३७ ॥

હે મન ! 'કારણને અનુરૂપ કાર્ય હોય છે' એ વાતનો તું નિશ્ચય રાખ. તેથી આ અનાયાસ-કષ્ટ વિનાની ક્ષમા ક્લેશ વગરના સુખને ઉત્પન્ન કરે છે. (એમ જાણ.) ૩૭

अखर्वगर्वशैलाग्र-श्रृङ्गादुद्धरकन्धरः ।
पश्यन्नहंयुराश्चर्यं, गुरूनपि न पश्यति ॥ ३८ ॥

મોટા ગર્વ-અહંકારરૂપી પર્વતના ઊંચા શિખર પરથી ઊંચી ડોક કરીને જોતો અહંકારી પુરુષ, આશ્ચર્યની વાત છે કે - ગુરુજનોને પણ જોઈ શકતો નથી. ૩૮.

उच्चैस्तरमहङ्कार-नगोत्सङ्गमसौ श्रितः ।
युक्तमेव गुरून्मानी, मन्यते यल्लघीयसः ॥ ३९ ॥

અતિશય ઊંચા અહંકારરૂપી પર્વતના ખોળામાં રહેલો આ માની પુરુષ, ગુરુઓને પણ જે લઘુ-તુચ્છ માને છે; તે યુક્ત જ છે * ૩૯.

तिरयन्नुज्ज्वलालोक-मभ्युन्नतशिराः पुरः ।
निरूणद्धि सुखाधानं, मानो विषमपर्वतः ॥ ४० ॥

---

* કારણ કે માની પુરુષ પર્વતના શિખર ઉપર ચઢેલો છે જ્યારે ગુરુજનો તે પર્વતની નીચે રહેલા છે એટલે પર્વત ઉપર રહેલાને નીચે રહેલા માણસો લઘુ સ્વરૂપમાં દેખાય તે વાસ્તવિક જ છે.

માન એ સન્મુખ રહેલા ઉજ્જ્વલ પ્રકાશને ઢાંકતો, અતિશય ઊંચા શિખરવાળો વિકટ પર્વત છે, કે જે સુખના આગમનને રોકે છે. ૪૦.

मृदुत्वभिदुरोद्योगा-देनं मानमहीधरम् ।
भित्त्वा विधेहि हे स्वान्त !, प्रगुणां सुखवर्तिनीम् ॥ ४१ ॥

હે ચિત્ત ! તું આ માનરૂપી પર્વતને નમ્રતારૂપી વજ્રના ઉપયોગથી ભેદીને સુખનો માર્ગ સરલ બનાવ. ૪૧.

चित्रमम्भोजिनी( दल )-कोमलं किल मार्दवम् ।
वज्रसारमहङ्कार-पर्वतं सर्वतः स्यति ॥ ४२ ॥

કમલિની (ના પત્ર) જેવી કોમલ મૃદુતા-નમ્રતા વજ્ર જેવા અહંકારરૂપી પર્વતને ચારે તરફથી તોડી નાખે છે, આ ખરેખર આશ્ચર્ય છે ! ૪૨.

अस्मिन् संसारकान्तारे, स्मेरमायालतागृहे ।
अश्रान्तं शेरते हन्त !, पुमांसो हृतचेतसः ॥ ४३ ॥

જેમનું ચિત્ત હણાઈ ગયું છે એવા પ્રાણીઓ, આ સંસારરૂપી જંગલમાં (રહેલી) વિકસિત એવી માયારૂપી લતાના ઘરમાં નિરાંતે સૂઈ રહે છે, તે ખેદની વાત છે. ૪૩.

मायावल्लीवितानोऽयं, रूद्धब्रह्माण्डमण्डपः ।
विधत्ते कामपिच्छायां, पुंसां सन्तापदीपनीम् ॥ ४४ ॥

જેણે બ્રહ્માંડરૂપી મંડપને ઢાંકી દીધો છે એવો આ માયારૂપી વલ્લિનો ચંદરવો, કોઈ એવા પ્રકારની છાયા કરે છે, કે જે પ્રાણીઓના સંતાપને ઉત્તેજિત કરે છે. ૪૪.

सूत्रयन्ती गतिं जिह्मां, मार्दवं बिभ्रती बहिः ।
अजस्त्रं सर्पिणीवेयं, माया दन्दश्यते जगत् ॥ ४५ ॥

વક્રગતિને ધારણ કરતી અને બહારથી કોમલતાને દર્શાવતી સાપણની માફક આ માયા નિરંતર જગતને ડસ્યા કરે છે. ૪૫

प्रणिधाय ततश्चेत-स्तन्निरोधविधित्सया ।
ऋजुतां जाङ्गुलीमेतां, शीतांशुमहसं स्मरेत् ॥ ४६ ॥

તેથી તેનો નિરોધ કરવાની - તેને રોકવાની ઈચ્છાથી ચિત્તને સ્થિર રાખીને, ચન્દ્રસમાન કાન્તિવાળી આ સરળતારૂપી જાંગુલી વિદ્યાનું સ્મરણ કરવું જોઈએ. ૪૬

लोभद्रुममवष्टभ्य, तृष्णावल्लिरुदित्वरी ।
आयासकुसुमस्फीता, दुःखैरेषा फलेग्रहिः ॥ ४७ ॥

પ્રયાસરૂપી-ખેદરૂપી પુષ્પોથી વૃદ્ધિ પામેલી અને દુઃખો વડે ફલદાયક બનેલી આ તૃષ્ણારૂપી વેલડી, લોભરૂપી વૃક્ષનો આશ્રય લઈને ઉપર વધતી જાય છે. ૪૭

आशाः कवलयन्नुच्चै-स्तमो मांसलयन्नयम् ।
लोभः पुमर्थहंसानां, प्रावृषेण्यघनाघनः ॥ ४८ ॥

દિશાઓને અતિશય ગ્રસિત કરતો અને અંધકારને પુષ્ટ કરતો આ લોભ, પુરુષાર્થરૂપી હંસો માટે, તેમને ભગાડી મૂકવા માટે વર્ષાઋતુના ઘનઘોર મેઘ જેવો છે. ૪૮

क्षमाभृदप्रियः साधु-वृत्तलक्ष्मीविनाकृतः ।
मर्यादामदयं लुम्पन्, लोभोऽम्बुधिरयं नवः ॥ ४९ ॥

આ લોભરૂપી સમુદ્ર, કોઈ નવી જાતનો સમુદ્ર છે. તે ક્ષમાધારીઓને (મુનિઓને) અપ્રિય છે - બીજે પક્ષે પર્વતોને અપ્રિય છે, સુંદર આચારરૂપી લક્ષ્મી વિનાનો છે અને નિર્દયરીતે મર્યાદાનો

લોપ કરનારો છે. (સામાન્યતયા સમુદ્ર પર્વતોને પ્રિય હોય છે, લક્ષ્મીસહિત હોય છે અને મર્યાદાયુક્ત હોય છે.) ૪૯.

**लवणोदन्वतो यः स्याद-गाधबोधने विभुः ।**
**अलम्भविष्णुः सोऽप्यस्य, नैव वैभवसंविदे ॥ ५० ॥**

જે (મનુષ્ય) લવણસમુદ્રની ગંભીરતા જાણવા સમર્થ છે તે પણ આના (લોભ સમુદ્રના) વૈભવને જાણવામાટે સમર્થ નથી. ૫૦.

**समन्तात्तस्य शोषाय, स्वस्थीकृतजलाशयम् ।**
**इमं मानससन्तोष-मगस्तिं श्रय सत्वरम् ॥ ५१ ॥**

તે લોભરૂપી સમુદ્રનું સંપૂર્ણપણે શોષણ કરવા માટે, સ્વસ્થ કરી નાખ્યા છે જડ આશયોને જેણે એવા આ મનઃસંતોષરૂપી અગસ્તિનો તું સત્વર આશ્રય કર. ૫૧.

**यस्मै समीहसे स्वान्त !, वैभवं भवसम्भवम् ।**
**अनीहयैव तद्वश्य-मवश्यं श्रय तं (तत्) सुखम् ॥ ५२ ॥**

હે હૃદય ! જે સુખમાટે સાંસારિક વૈભવને તું ઈચ્છી રહ્યો છે તે સુખ સ્પૃહાના અભાવથી જ આધીન થનાર છે; માટે તું અવશ્ય (તે સંતોષ સુખનો) આશ્રય કર. ૫૨.

**अजितैरिन्द्रियैरेष, कषायविजयः कुतः ।**
**तदेतानि जयेद्योगी, वैराग्यस्थेमकर्मभिः ॥ ५३ ॥**

જ્યાંસુધી ઈન્દ્રિયો જિતાય નહીં ત્યાંસુધી આ કષાયનો વિજય ક્યાંથી થાય ? તેથી યોગીપુરુષે વૈરાગ્યને સ્થિર કરનારી ક્રિયાઓ દ્વારા (વૈરાગ્ય, સ્થિરતા આદિ ક્રિયાઓ દ્વારા) આ ઈન્દ્રિયોને જીતવી જોઈએ. ૫૩.

एतानि सौमनस्यस्य, द्विषन्ति महतामपि ।
स्वार्थसम्पत्तिनिष्ठानि, स्पर्धन्ते हन्त ! दुर्जनैः ॥ ५४ ॥

સ્વાર્થ સાધવામાં તત્પર આ ઈન્દ્રિયો મહાન પુરુષોના પણ સૌમનસ્યનો દ્વેષ કરે છે અને ખેદની વાત છે કે, દુર્જનો સાથે સ્પર્ધા કરે છે. ૫૪.

यद्वामी पिशुनाः कुर्युरनार्य( रनर्थ )मिह जन्मनि ।
इन्द्रियाणि तु दुर्वृत्ता-न्यमुत्रापि प्रकुर्वते ॥ ५५ ॥

અથવા તો આ પિશુનો (ચાડીયાઓ) આ જન્મમાં જ અનર્થ કરે છે, જ્યારે દુષ્ટ આચરણવાળી ઈન્દ્રિયો તો પરલોકમાં પણ અનર્થ કરે છે. ૫૫.

भोगिनो दृग्विषाः स्पष्टं, दृशा स्पृष्टं दहन्त्यहो ! ।
स्मृत्यापि विषयाः पापा, दन्दह्यन्ते च देहिनः ॥ ५६ ॥

દૃષ્ટિવિષ સર્પો, સ્પષ્ટરીતે પોતે જેને દૃષ્ટિથી સ્પર્શ કરે છે તેને બાળે છે. જ્યારે આશ્ચર્યની વાત છે કે - પાપી એવા વિષયો સ્મરણથી પણ (તેમનું સ્મરણ કરવા માત્રથી) પ્રાણીઓને વારંવાર બાળે છે. ૫૬.

विषयेष्विन्द्रियग्राम-श्चेष्टमानोऽसमञ्जसम् ।
नेतव्यो वश्यतां प्राप्य, साम्यमुद्रां महीयसीम् ॥ ५७ ॥

વિષયોમાં અયોગ્યરીતે ચેષ્ટા કરતા ઈન્દ્રિયોના સમૂહને અતિશય મોટી એવી સામ્યરૂપી મુદ્રા પ્રાપ્ત કરીને વશ કરવો જોઈએ. ૫૭.

यदामनन्ति विषयान्, विषसब्रह्मचारिणः ।
तदलीकममी यस्मा-दिहामुत्रापि दुःखदाः ॥ ५८ ॥

વિષયોને વિષ સરખા જે કહેવાય છે તે ખોટું છે. કારણ કે, આ વિષયો આ લોક અને પરલોકમાં પણ દુઃખ આપનાર છે. (જ્યારે વિષ તો માત્ર આ લોકમાં જ દુઃખ આપે છે.) ૫૮.

यदात्मन्येव निःक्लेशं, नेदीयोऽकृत्रिमं सुखम् ।
अमीभिः स्वार्थलाम्पट्या-दिन्द्रियैस्तद्विबाध्यते ॥ ५९ ॥

જે સુખ આત્મામાં જ છે, નજીક છે, કલેશ વિનાનું છે, સ્વાભાવિક છે; તે સુખને આ ઈન્દ્રિયો પોતે સ્વાર્થલંપટ હોવાથી રોકે છે. ૫૯.

अन्तरङ्गद्विषत्सैन्य-नासीरैर्वीरकुञ्जरैः ।
क्षणादक्षैः श्रुतबलं, लीलयैव विलुप्यते ॥ ६० ॥

અંતરંગ શત્રુઓના સૈન્યની મોખરે ચાલનાર, વીરોમાં શ્રેષ્ઠ એવા ઈન્દ્રિયોરૂપી સુભટોવડે શ્રુતનું બળ લીલાપૂર્વક ક્ષણવારમાં નષ્ટ કરી નાખવામાં આવે છે. ૬૦.

स्वैरचारीन्द्रियाश्वीय-विशृङ्खलपदक्रमैः ।
विसृत्वरेण रजसा, तत्त्वदृष्टिर्विलीयते ॥ ६१ ॥

ઈચ્છાનુસાર ચાલતા ઈન્દ્રિયોરૂપી અશ્વોના આડાઅવળા પગલાંથી ફેલાતી રજવડે તત્ત્વદૃષ્ટિ લુપ્ત થાય છે. ૬૧.

इन्द्रियाण्येव पञ्चेषु-र्विधाय किल सायकान् ।
जगत्त्रयजयी दत्ते, पदं वक्षसि विद्विषाम् ॥ ६२ ॥

ત્રણેય જગતને જીતનાર કામદેવ ખરેખર ઈન્દ્રિયોને જ બાણ બનાવીને શત્રુઓની છાતી પર પગ મૂકે છે. ૬૨

वीरपञ्चतयीमेता-मुरीकृत्य मनोभवः ।
उपैति सुभटश्रेणी-संख्यारेखां न पूरणीम् ॥ ६३ ॥

કામદેવને, આ પાંચ વીરોને અંગીકાર કર્યા પછી બીજી પૂરક સુભટોની શ્રેણીની સંખ્યાની પરંપરાની જરૂર રહેતી નથી. ૬૩.

अहो ! सङ्कल्पजन्मायं, विधाता नूतनः किल ।
क्लेशजं दुःखमप्येत-द्धत्ते यस्तु सुखाख्यया ॥ ६४ ॥

આશ્ચર્યની વાત છે કે - આ કામદેવ ખરેખર ! કોઈ નવા જ પ્રકારનો વિધાતા છે. કારણ કે, જે ક્લેશથી ઉત્પન્ન થતા દુઃખને પણ સુખના નામથી ઓળખાવે છે. ૬૪.

विषमेषुरयं धूर्त्तचक्रशक्रत्वमर्हति ।
दुःखं सुखतयाऽदर्शि, येन विश्वप्रतारिणा ॥ ६५ ॥

આ કામદેવ, ધૂર્તોના સમૂહમાં ઈન્દ્ર સમાન છે. કારણ કે, જેણે દુનિયાને ઠગનારા દુઃખને (પણ) સુખ તરીકે દર્શાવ્યું છે. ૬૫.

यस्य साम्राज्यचिन्तायां, प्रधानं हन्त ! योषितः ।
सोऽपि सङ्कल्पभूः स्वस्य, कथं स्थेमानमीहते ? ॥ ६६ ॥

ખેદની વાત છે કે, જેના સામ્રાજ્યની ચિન્તામાં પ્રધાન તરીકે સ્ત્રીઓ છે, એવો પણ કામદેવ પોતાની સ્થિરતા કેવી રીતે - કયા પ્રકારે ઈચ્છતો હશે ? ૬૬

दर्शयन्ति रवलवै-रतथ्यमपि तात्त्विकम् ।
या इन्द्रजालिकप्रष्ठास्ताः, किं विश्रम्भभाजनम् ? ॥ ६७ ॥

જેઓ થોડા શબ્દોથી અવાસ્તવિકને પણ વાસ્તવિક તરીકે દર્શાવે છે તે ઈન્દ્રજાલિકોમાં મુખ્ય એવી સ્ત્રીઓ શું વિશ્વાસ પાત્ર ગણાય છે ? ૬૭

निजलालाविलं लीढे, यथा श्वा शुष्ककीकसम् ।
स्ववासनारसाज्जन्तु-र्वस्तुभिः प्रीयते तथा ॥ ६८ ॥

જેમ કૂતરો પોતાની લાળથી વ્યાપ્ત એવા સૂકા હાડકાને ચાટે છે (અને તેમાં સુખ માને છે), તેમ પ્રાણી પોતાની વાસનાના રસથી - વાસનાના કારણે વસ્તુઓ વડે ખૂશ થાય છે. ૬૮

विधाय कायसंस्कार-मुदारघुसृणादिभिः ।
आत्मानमात्मनैवाहो !, वञ्चयन्ते जडाशयाः ॥ ६९ ॥

આશ્ચર્યની વાત છે કે જડબુદ્ધિવાળા પુરુષો, ઉત્તમ એવાં કેસર આદિ દ્રવ્યોથી પોતાની કાયાનો સંસ્કાર કરીને, પોતાની જાતે જ પોતાને ઠગે છે. ૬૯.

स्वान्तं विजित्य दुर्दान्त-मिन्द्रियाणि सुखं जयेत् ।
तत्तु तत्त्वविचारेण, जेतव्यमिति मे मतिः ॥ ७० ॥

દુ:ખે કરીને વશ કરી શકાય તેવા મનને પ્રથમ જીતવાથી જ ઇન્દ્રિયો સુખેથી જીતી શકાય છે અને તે મનને તત્ત્વના વિચારથી જીતવું જોઈએ, એમ મને લાગે છે. ૭૦.

सञ्चरिष्णुरसौ स्वैरं, विषयग्रामसीमसु ।
स्वान्तदन्ती वशं याति, वीतकर्मानुशासनात् ॥ ७१ ॥

વિષયરૂપી ગામના સીમાડાઓમાં ઇચ્છાનુસાર ફરવાના સ્વભાવવાળો આ મનરૂપી હાથી, જેમનાં કર્મો ચાલ્યાં ગયાં છે એવા, વીતરાગભગવંતના અનુશાસનથી વશ થાય છે. ૭૧.

मनःपवनयोरैक्यं, मिथ्या योगविदो विदुः ।
बम्भ्रमीति यतः स्वैर-मतीत्य पवनं मनः ॥ ७२ ॥

યોગના જાણકારો મન અને પવન એક છે એવું જે કહે તે ખોટું છે; કારણ કે, મન, પવનનું ઉલ્લંઘન કરીને ઇચ્છાનુસાર પરિભ્રમણ કરે છે. ૭૨.

चक्षुष्यद्वेष्यतां भावे-ष्विंन्द्रियैः स्वार्थतः कृताम् ।
आत्मन्! स्वस्याभिमन्वानः, कथं नु मतिमान् भवान् ? ॥७३ ॥

હે આત્મન્ ! જગતના સર્વ પદાર્થોમાં ઈન્દ્રિયોએ સ્વાર્થથી કરેલી રમ્યતા-રાગબુદ્ધિ અને દ્વેષબુદ્ધિને પોતાની માનતો તું કેવી રીતે બુદ્ધિમાન ગણાય ? ૭૩.

अवधत्से यथा मूढ !, ललनाललिते मनः ।
मैत्र्यादिषु तथा धेहि, विधेहि हितमात्मनः ॥ ७४ ॥

હે મૂઢ આત્મન્ ! જેવી રીતે તું સ્ત્રીઓના વિલાસમાં મનને એકાગ્ર કરે છે, તેવી રીતે મૈત્રી આદિ ભાવનાઓમાં તેને સ્થાપન કર અને પોતાનું હિત કર. ૭૪.

आत्मन्येव हि नेदिष्ठे, निरायासे सुखे सति ।
किं ताम्यसि बहिर्मूढ, सतृष्णायामिवैणकः ॥ ७५ ॥

હે મૂઢ આત્મન્ ! આયાસ વિનાનું સુખ, આત્મામાં જ નજીક હોવા છતાં જેમ હરણ મૃગતૃષ્ણા પાછળ દુઃખી થાય, તેમ તું શા માટે બહાર (તેને મેળવવા) દુઃખી થાય છે ? ૭૫

प्रियाप्रियव्यवहृति-र्वस्तुनो वासनावशात् ।
अङ्गजत्वे सुतः प्रेयान्, यूकालिक्षमसम्मतम् ॥ ७६ ॥

કોઈપણ વસ્તુ પ્રત્યે પ્રિય કે અપ્રિયનો વ્યવહાર તે કેવળ આપણા મનની વાસનાના કારણે જ છે. શરીરથી ઉત્પન્ન થયેલ પુત્ર પ્રિય લાગે છે, જ્યારે તે જ શરીરથી ઉત્પન્ન થયેલ જૂ, લીખ વગેરે અપ્રિય લાગે છે. ૭૬.

इदं कृत्रिमकर्पूर-कल्पं सङ्कल्पजं सुखम् ।
रञ्जयत्यञ्जसा मुग्धा-नान्तरज्ञानदुःस्थितान् ॥ ७७ ॥

આ સંકલ્પથી ઉત્પન્ન થયેલું સુખ, બનાવટી કપૂરના જેવું છે કે જે, આન્તરિક જ્ઞાનવિના દુઃખી બનેલા મૂઢ-ભોળા લોકોને તત્કાળ રાજી કરે છે. ૭૭

ममत्वं माम ! भावेषु, वासनातो न वस्तुतः ।
औरसादपरत्रापि, पुत्रवात्सल्यमीक्ष्यते ॥ ७८ ॥

વત્સ ! જગતના પદાર્થોમાં મમત્વ તે કેવળ વાસનાથી જ છે પણ વસ્તુના યોગે નથી. પોતાના ઔરસ પુત્ર-સગા પુત્રથી અન્ય સ્થળોમાં પણ કાર્યવશાત્ પુત્રવાત્સલ્ય દેખાય છે. ૭૮

वासनावेशवशतो, ममता न तु वास्तवी ।
गवाश्वादिनि विक्रीते, विलीनेयं कुतोऽन्यथा ॥ ७९ ॥

મમતા કેવળ વાસનાના આવેશના લીધે જ છે પરંતુ વાસ્તવિક નથી. જો તેમ ન હોય તો ગાય, ઘોડા વગેરે વેચી દીધા બાદ એ મમતા કેમ ચાલી જાય છે ? ૭૯

विश्वं विश्वमिदं यत्र, मायामयमुदाहृतम् ।
अवकाशोऽपि शोकस्य, कुतस्तत्र विवेकिनाम् ॥ ८० ॥

જ્યાં આ સમગ્ર વિશ્વ જ માયામય કહેવાયું છે, ત્યાં વિવેકીઓને શોકનો અવકાશ પણ ક્યાંથી હોય ? ૮૦.

धिगविद्यामिमां मोह-मयीं विश्वविसृत्वरीम् ।
यस्याः सङ्कल्पितेऽप्यर्थे, तत्त्वबुद्धिर्विजृम्भते ॥ ८१ ॥

વિશ્વમાં પ્રસરતી, મોહમય આ અવિદ્યાને ધિક્કાર થાઓ. કારણ કે, જેનાથી - જે અવિદ્યાથી સંકલ્પિત કરેલા-કલ્પિત એવા પણ પદાર્થમાં આત્માને તત્ત્વબુદ્ધિ પ્રગટ થાય છે. ૮૧.

अनादिवासनाजाल-माशातन्तुभिरुम्भितम् ।
निशातसाम्यशस्त्रेण, निकृन्तति महामतिः ॥ ८२ ॥

મહાબુદ્ધિમાન પુરુષ, આશારૂપી તંતુઓથી ભરેલી - ગૂંથેલી, અનાદિકાળની વાસનાઓરૂપી જાળને તીક્ષ્ણ એવા સમતારૂપી શસ્ત્રવડે કાપી નાખે છે. ૮૨.

अनादिमायारजनीं, जननीं तमसां बलात् ।
स्वज्ञानभास्वदालोका-दन्तं नयति योगवित् ॥ ८३ ॥

યોગને જાણનાર પુરુષ, અંધકારને ઉત્પન્ન કરનારી, અનાદિકાલની માયારૂપી રાત્રિનો; પોતાના જ્ઞાનરૂપી સૂર્યના પ્રકાશવડે બળપૂર્વક નાશ કરે છે. ૮૩.

अध्यात्मोपनिषद्बीज-मौदासीन्यममन्दयन् ।
न किञ्चिदपि यः पश्येत्,स पश्येत्तत्वमात्मनः ॥ ८४ ॥

અધ્યાત્મના રહસ્યના બીજભૂત ઉદાસીનતાને મન્દ ન થવા દેતો જે આત્મા બીજું કંઈપણ ન જુએ તે આત્મતત્ત્વને જોઈ શકે છે. ૮૪.

निःसङ्गतां पुरस्कृत्य, यः साम्यमवलम्बते ।
परमानन्दजीवातौ, योगेऽस्य क्रमते मतिः ॥ ८५ ॥

જે આત્મા નિઃસંગપણાને આગળ કરીને સમભાવનું આલંબન કરે છે, તેની બુદ્ધિ પરમ આનંદને જીવાડનાર ઔષધ સમાન યોગમાં પ્રવેશ કરે છે. ૮૫

दम्भजादपि निःसङ्गा-द्भवेयुरिह सम्पदः।
निश्छद्मनः पुनस्तस्मात्, किं दवीयः ? परं पदम् ॥ ८६ ॥

આ લોકમાં દંભપૂર્વકના નિઃસંગપણાથી પણ સમ્પત્તિઓ પ્રાપ્ત થાય છે, તો પછી દંભરહિત નિઃસંગપણું કરવામાં આવે તો પરમપદ શું દૂર રહે ? ૮૬.

सङ्गावेशान्निवृत्तानां, माभून्मोक्षो वशंवदः ।
यत्किञ्चन पुनः सौख्यं, निर्वक्तुं तन्न शक्यते ॥ ८७ ॥

સંગના આવેશથી નિવૃત્ત થયેલા જીવોને કદાચ મોક્ષ વશ ન થાય તો પણ, જે કંઈ સુખ પ્રાપ્ત થાય છે તે કહી શકાતું નથી. ૮૭

स्फुरत्तृष्णालताग्रन्थि-र्विषयावर्त्तदुस्तरः ।
क्लेशकल्लोलहेलाभि-र्भैरवो भवसागरः ॥ ८८ ॥

સ્ફુરાયમાન છે તૃષ્ણારૂપી લતાની ગાંઠો જેમાં એવો, વિષયોના આવર્ત્તોથી દુઃખે કરીને તરાય એવો, તથા ક્લેશોરૂપી કલ્લોલોની ક્રીડાઓથી ભયંકર એવો આ સંસારરૂપી સમુદ્ર છે. ૮૮

विदलद्बन्धकर्माण-मद्भुतां समतातरीम् ।
आरुह्य तरसा योगिन् !, तस्य पारीणतां श्रय ॥ ८९ ॥

હે યોગી ! જેણે બંધના હેતુભૂત કર્મોને દળી નાખ્યાં છે એવી અદ્‌ભુત સમતારૂપી નૌકા ઉપર ચઢીને શીઘ્ર તે ભવસમુદ્રના પારને પામ. ૮૯

शीर्णपर्णाशनप्रायै-र्यन्मुनिस्तप्यते तपः ।
औदासीन्यं विना विद्धि, तद् भस्मनि हुतोपमम् ॥ ९० ॥

ખરી પડેલા સૂકાં પાંદડાંના ભોજન જેવા ભોજનો વડે મુનિ જે તપ તપે છે, તે તપ પણ ઉદાસીનભાવ આવ્યા વિના રાખમાં ઘી હોમવા જેવું છે. ૯૦.

येनैव तपसा प्राणी, मुच्यते भवसन्ततेः ।
तदेव कस्यचिन्मोहाद्, भवेद् भवनिबन्धनम् ॥ ९१ ॥

જે તપથી પ્રાણી સંસારની પરંપરાથી મુક્ત થાય છે, તે જ તપ મોહના યોગે કોઈક જીવને સંસારનું કારણ થાય છે. ૯૧.

सन्तोषः सम्भवत्येष, विषयोपप्लवं विना ।
तेन निर्विषयं कञ्चि-दानन्दं जनयत्ययम् ॥ ९२ ॥

આ સંતોષ, વિષયોના ઉપદ્રવો ન હોય ત્યારે ઉત્પન્ન થાય છે તેથી તે નિર્વિષય-વિષયો જેમાં ન હોય એવા કોઈક અલૌકિક આનંદને જન્મ આપે છે. ૯૨.

वशीभवन्ति सुन्दर्यः, पुंसां व्यक्तमनीहया ।
यत्परब्रह्मसंवित्ति-र्निरीहं श्लिष्यति स्वयम् ॥ ९३ ॥

સુંદર સ્ત્રીઓ પુરુષોને જ્યારે તેની સ્પૃહા ન હોય ત્યારે વશ થાય છે, એ વાત સાવ સ્પષ્ટ છે, કારણ કે પરબ્રહ્મ સંવિત્તિ (પરબ્રહ્મનું જ્ઞાન) રૂપી સ્ત્રી, આશંસા વિનાના પુરુષને પોતાની મેળે જ ભેટે છે. ૯૩.

सूते सुमनसां कञ्चिदा-मोदं समता लता ।
यद्वशादाप्नुयुः सख्य-सौरभं नित्यवैरिणः ॥ ९४ ॥

સમતારૂપી લતા પોતાનાં પુષ્પોમાંથી કોઈ તેવા પ્રકારની સુગંધી પેદા કરે છે, કે જેના યોગે નિત્ય વૈર ધારણ કરનારા જીવો પણ મૈત્રીરૂપી સુગંધીને પ્રાપ્ત કરે છે. ૯૪.

साम्यब्रह्मास्त्रमादाय, विजयन्तां मुमुक्षवः ।
मायाविनीमिमां मोह-रक्षोराजपताकिनीम् ॥ ९५ ॥

મુમુક્ષુ આત્માઓ સામ્યરૂપી બ્રહ્માસ્ત્રને ધારણ કરીને, માયાવી એવી આ મોહરૂપી રાક્ષસરાજની સેનાને જીતી લો. ૯૫

मा मुहः कविसङ्कल्प-कल्पितामृतलिप्सया ।
निरामयपदप्राप्त्यै, सेवस्व समतासुधाम् ॥ ९६ ॥

કવિઓએ મનના સંકલ્પથી કલ્પેલા અમૃતને મેળવવાની ઈચ્છામાં મોહ ન પામ. પરંતુ, મોક્ષપદની પ્રાપ્તિમાટે સમતારૂપી અમૃતનું તું સેવન કર. ૯૬.

योगग्रन्थमहाम्भोधि-मवमथ्य मनोमथा ।
साम्यामृतं समासाद्य, सद्यः प्राप्नुहि निर्वृत्तिम् ॥ ९७ ॥

(હે આત્મન્ !) મનરૂપી રવૈયાથી યોગગ્રન્થોરૂપી મહાસાગરને મથીને, સામ્યરૂપી અમૃતને પ્રાપ્ત કરી શીઘ્ર મુક્તિને પ્રાપ્ત કર. ૯૭.

मैत्र्यादिवासनामोद-सुरभीकृतदिङ्मुखम् ।
पुमांसं ध्रुवमायान्ति, सिद्धिभृङ्गाङ्गनाः स्वयम् ॥ ९८ ॥

સિદ્ધિરૂપી ભમરીઓ મૈત્રી આદિ ગુણોની વાસનારૂપી સુગંધથી જેણે સઘળી દિશાઓને વાસિત કરી છે, એવા પુરુષની સમીપે સ્વયં અવશ્ય આવે છે. ૯૮.

औदासीन्योल्लसन्मैत्री-पवित्रं वीतसम्भ्रमम् ।
कोपादिव विमुञ्चन्ति, स्वयं कर्माणि पुरुषम्* ॥ ९९ ॥

ઉદાસીનભાવથી ઉલ્લાસ પામતી મૈત્રીવડે પવિત્ર બનેલા, સંભ્રમથી રહિત એવા પુરુષને કર્મો જાણે કે તેના પર ગુસ્સો આવ્યો ન હોય તે રીતે જ ત્યજી દે છે. ૯૯.

योगश्रद्धालवो ये तु, नित्यकर्मण्युदासते ।
प्रथमे मुग्धबुद्धीना-मुभयभ्रंशिनो हि ते ॥ १०० ॥

યોગના શ્રદ્ધાળુ એવા જે પુરુષો પોતાના, નિત્ય કૃત્યોમાં ઉદાસ બને છે તેઓ મુગ્ધ બુદ્ધિવાળાઓમાં પ્રથમ છે અને તે ઉભય ભ્રષ્ટ થનારા છે. ૧૦૦.

प्रातिहार्यमियं धत्ते, निवृत्तिर्निर्वृतिश्रियः ।
य एव रोचतेऽमुष्यै, तां स एव हि पश्यति ॥ १०१ ॥

આ નિવૃત્તિ તે મોક્ષલક્ષ્મીના દ્વારપાળપણાને ભજે છે. તેને (નિવૃત્તિને) જે રુચે છે, તે જ તેને-મોક્ષલક્ષ્મીને જોઈ શકે છે. ૧૦૧.

अहो ! वणिक्कला कापि, मनसोऽस्य महीयसी ।
निवृत्तितुलया येन, तुलितं दीयते सुखम् ॥ १०२ ॥

આશ્ચર્ય છે કે, આ મનની વણિક્કલા કેવી મહાન છે ! કારણ કે તે નિવૃત્તિરૂપી ત્રાજવાથી તોલી તોલીને સુખ આપે છે. ૧૦૨.

साम्यदिव्यौषधिस्थेम-महिम्ना निहतक्रियम् ।
कल्याणमयतां धत्ते, मनो हि बहु पारदम् ॥ १०३ ॥

સામ્યરૂપી દિવ્ય ઔષધિની સ્થિરતાના માહાત્મ્યથી જેની ક્રિયા (ચંચલતારૂપી) હણાઈ ગઈ છે, એવો મનરૂપી પારો સંપૂર્ણ-સુવર્ણમયપણાને ધારણ કરે છે. ૧૦૩.

भूयांसि यानि शास्त्राणि यानि सन्ति महात्मनाम् ।
इदं साम्यशतं किञ्चित्, तेषामञ्चलमञ्चतु ॥ १०४ ॥

આ સામ્યશતક મહાપુરુષોએ રચેલાં ઘણાં બધાં જે શાસ્ત્રો છે તે શાસ્ત્રોના એક ભાગને પ્રાપ્ત કરો. ૧૦૪.

---

* અહીં માત્રામેળ સચવાયો નથી. છઠ્ઠો અક્ષર ગુરુ નથી.

(शार्दूलविक्रीडितम्)

क्लेशावेशमपास्य निर्भरतरं ध्यातोऽपि यश्चेतसा,
सत्कल्याणमयत्वमाशु तनुते योगीन्द्रमुद्राभृताम् ।
सोऽयं सिद्धरसः स्फुटं समरसो भावो मया व्याकृतः,
श्रीमानद्भुतवैभवः सुमनसामानन्दजीवातवे ॥ १०५ ॥

श्रीमच्चन्द्रकुलाम्बुजैकतरणेः सत्तर्कविद्याटवी,
सिंहस्याभयदेवसूरिसुगुरोरध्यात्मसंविज्जुषः ।
शिष्यांशेन किमप्यकारि विजयप्राज्येन सिंहेन य-
न्नव्यं साम्यशतं तदस्तु सुहृदामुज्जागरुकं हृदि ॥ १०६ ॥

ક્લેશના આવેશનો ત્યાગ કરીને, સંપૂર્ણ રીતે ચિત્તાવડે ધ્યાન કરાયેલો (એવો) પણ જે યોગીન્દ્રોની મુદ્રાને ધારણ કરનારા આત્માઓને સુંદર કલ્યાણમયતા તુરત જ સમર્પે છે, તે આ શોભાવાળો અને અદ્‌ભૂત વૈભવવાળો સિદ્ધરસ જેવો સમરસભાવ, મેં સજ્જનોના આનંદને જીવાડવા માટે સ્પષ્ટરીતે કહ્યો છે. ૧૦૫.

શ્રીમાન્ એવું જે ચન્દ્રકુલ, તે રૂપી કમલમાટે એક સૂર્ય સમાન, સુંદર તર્કવિદ્યારૂપી અરણ્યમાં સિંહ સમાન, અધ્યાત્મજ્ઞાનનું સેવન કરનાર, સુગુરુ, શ્રીઅભયદેવસૂરિના શિષ્યલેશ વિજયસિંહે જે આ નવું સામ્યશતક બનાવ્યું, તે સહૃદય પુરુષોના હૃદયમાં ઉજાગર-દશા પેદા કરનારું થાઓ. ૧૦૬.

# સમતાશતક

**આ સમતાશતકના રચયિતા ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ છે. આ મહાપુરુષ જૈન જગતમાં સારીરીતે પ્રસિદ્ધ છે. તેઓ એક સમર્થશાસ્ત્રકાર તેમજ જૈનશાસનનાં તત્ત્વોના સ્યાદ્વાદશૈલીથી રહસ્યોને પામેલા એક મહાપુરુષ છે. તેઓશ્રીએ સામ્યશતક ગ્રંથના આધારે ગુજરાતી પદ્યરૂપે આ શતકની રચના કરી છે.**

**આ ગ્રંથનો વિષય આત્મામાં સમભાવ કેળવવો, રાગદ્વેષના પ્રસંગે પૂર્ણ મધ્યસ્થભાવ રાખવો, વિષયોની હેયતા, રાગાદિનાં કટુફળો... વગેરે છે. ઉચ્ચકક્ષાના મુમુક્ષુઓને આ અમૃતના ભોજન જેવું પાથેય છે.**

આ મહાન ગ્રંથના પ્રકાશનમાં અમદાવાદ દશાપોરવાડ સોસાયટી, બંગલા નં-૬ ચાતુર્માસ બિરાજમાન પૂજ્ય સાધ્વીજી કૈલાસશ્રીજી મ. તથા પૂ. સાધ્વીજી પુષ્પચૂલાશ્રીજી મ.ની શુભનિશ્રામાં થયેલ જ્ઞાનખાતાની ઊપજમાંથી રૂા. ૫૦૦૧ અર્પણ કરી આરાધક બહેનોએ સુતભક્તિનો લાભ લીધો છે. એની અનુમોદના કરીએ છીએ.

**લિ. પૂ.પં. પદ્મવિજયજી ગણિવર**
**જૈનગ્રંથમાળા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**

# સમતાશતક

સમતા ગંગા મગનતા, ઉદાસીનતા જાત;
ચિદાનંદ જયવંત હો, કેવલભાનુ પ્રભાત. ૧*

સમતારૂપી ગંગામાં મગ્ન રહેવાપણારૂપી ઉદાસીનતાથી ઉત્પન્ન થયેલ આત્મિક આનંદ, કે જે કેવળજ્ઞાનરૂપી સૂર્યના ઉદય પૂર્વેના પ્રભાત જેવો છે; તે જયવંત વર્તો. ૧

સકલ કલામેં સાર લય, રહો દૂર થિતિ એહ;
અકલ યોગમેં[1] સકલ, લય દેર બ્રહ્મ વિદેહ.*૨

સઘળીય કલાઓમાં જો કોઈ સાર હોય તો તે લય છે. એ વાત તો બાજુએ રાખો પણ અકલ (નિષ્કલ) યોગમાં પણ તે સંપૂર્ણ લય બ્રહ્મજ્ઞાન આપે છે, કે જે આત્માને વિદેહ-દેહમુક્ત કરનાર છે. ૨

ચિદાનંદ વિધુકી કલા, અમૃતબીજ અનપાય;
જાને કેવલ અનુભવી, કિનહી કહી ન જાય.[૩] ૩

---

૧. મિં. J. * સંકેત J=જામનગર હરજી જૈનશાળાની પ્રત
૨. દિહ. J. M.=મુદ્રિત "સામ્યશતક તથા સમાધિશતક

- સકલ અને નિષ્કલ યોગોની સમજૂતિ આ પ્રમાણે છે :

જે યોગ - પ્રક્રિયામાં શબ્દ ઉચ્ચારણવડે સમાપત્તિ સધાય તે સકલયોગ કહેવાય, અને જે પ્રક્રિયા કેવળ ભાવનાને આશ્રિત હોય અને તેનાવડે જો સમાપત્તિ સધાય તો તે નિષ્કલયોગ કહેવાય છે.

૩ જાઈ J.

આત્મિક આનંદરૂપી ચન્દ્રમાની કલા એ અમૃતનું (મોક્ષનું) બીજ છે, તે કલા કદી નાશ પામતી નથી અને તે કલાનો જે આનંદ છે તે તો કેવલ અનુભવી જ જાણે છે. તે કોઈની આગળ કહી બતાવાતો નથી. ૩

તો ભી આશ્રવ તાપકે, ઉપશમ કરન નિદાન;
બરષતહું તાકે વચન, અમૃતબિંદુ અનુમાન. ૪

તો પણ આશ્રવના તાપનું ઉપશમન કરવામાં કારણભૂત, અમૃતનાં છાંટણાં સમા (અનુભવનાં) વચનોને હું વર્ષાવું છું. ૪

ઉદાસીનતા પરિનયન, ગ્યાં(ગ્યા)ન ધ્યાં(ધ્યા)ન રંગરોલ;
અષ્ટ અંગ મુનિ ! યોગકો, એહી અમૃત નિચોલ. ૫

હે મુનિ ! ઉદાસીનભાવની આત્મામાં પરિણતિ અને જ્ઞાનધ્યાનમાં એકતાનતા આ બે વસ્તુ અષ્ટ અંગવાળા યોગનો અમૃતભૂત નિચોડ છે. ૫

અનાસંગમતિ વિષયમેં[૪], રાગદ્વેષકો છેદ;
સહજભાવમેં લીનતા, ઉદાસીનતા ભેદ. ૬

વિયોગમાં અનાસક્તબુદ્ધિ, રાગદ્વેષને છેદવાનો ઉદ્યમ, સહજ સ્વભાવમાં લયલીનપણું - આ બધા ઉદાસીનતાના જ ભેદ છે. ૬

તાકો કારન અમમતા, તામેં[૫] મન વિસરામ;
કરે[૬] સાધુ આનંદઘન, હોવત આતમરામ. ૭

તે ઉદાસીનતા લાવવામાં કારણભૂત નિર્મમપણું છે. તેમાં, આનંદઘન (આનંદમાં મસ્ત) મુનિ પોતાના મનની વિશ્રાન્તિ કરે છે જેથી આત્મામાં રમણ કરતો થાય છે. ૭

---

૪° મિં J. ૫ તામિં. J. ૬ કરિ. J.

મમતા થિર સુખ શાકિની, નિરમમતા સુખ મૂલ;
મમતા શિવ પ્રતિકૂલ હૈ,[૭] નિરમમતા અનુકૂલ. ૮

મમતા એ સ્થિર સુખનો નાશ કરવા માટે શાકિની તુલ્ય છે જ્યારે નિર્મમતા એ (સ્થિર) સુખનું મૂલ છે. મમતા તે મોક્ષમાર્ગથી પ્રતિકૂલ છે, જ્યારે નિર્મમતા તે અનુકૂળ છે. ૮

મમતા વિષ મૂર્છિત[૮] ભયે,[૯] અંતરંગ ગુન વૃંદ;
જાગે[૧૦] ભાવિ વિરાગતા, લગન અમૃતકે બુંદ. ૯

મમતારૂપી વિષથી મૂર્છિત થયેલા આન્તરિક ગુણોના સમૂહો, વિરાગભાવરૂપી અમૃતના બિન્દુઓ તેના પર પડતાં જ જાગી ઊઠે છે. ૯

પર(રિ)નતિ વિષય વિરાગતા, ભવતરુ[૧૧] મૂલકુઠાર;
તા આગે[૧૨] ક્યૂં[૧૩] કરિ રહે, મમતા બેલિ પ્રચાર. ૧૦

વિષયોના વિરાગની આત્મામાં પરિણતિ તે સંસારરૂપી વૃક્ષના મૂલમાં કુહાડો છે. તે કુહાડા આગળ (કે જ્યાં મોટાં મોટાં વૃક્ષો ઊખડી જાય ત્યાં) મમતારૂપી વેલડીનો ફેલાવો કેવી રીતે રહી શકે ? ૧૦

હહા ! મોહકી વાસના, બુધકુ[૧૪] ભી પ્રતિકૂલ;
યા કેવલ શ્રુતઅંધતા, અહંકારકો મૂલ. ૧૧

ખેદની વાત છે, કે મોહની વાસના પંડિતજનને પણ પ્રતિકૂળ માર્ગે લઈ જાય છે. મોહના યોગે જ્ઞાન પણ તેમને અંધ કરે છે

---

૭ હૈં . J. ૮ મૂરછિત, J. ૯ ભએ. J. ૧૦ જાગિ. J. ૦૧૧ તરૂ M. ૧૨ આગેં J. ૧૩ કિઉં J. ૧૪ બુધ્ધકું. J.

અને અહંકાર વધારનારૂં થાય છે. ૧૧

મોહ તિમિર મનમેં[15] જગિં (ગે), યાકે ઉદય અછેહ;
અંધકાર પરિનામ હૈ, શ્રુતકે નામે[16] તેહ. ૧૨

જેનો ઉદય થતાં મનમાં મોહરૂપી અંધકાર જાગે તે શ્રુત નથી પણ શ્રુતના નામે અંધકારનો પરિણામ છે. ૧૨*

કરે[17] મૂઢમતિ પુરુષકું, શ્રુત ભી મદ ભય રોષ.
જ્યું[18] રોગીકું ખીર ઘૃત, સંનિપાતકો પોષ. ૧૩

જેમ રોગી માણસને ખીર અને ઘી સંનિપાત વધારવા માટે થાય છે, તેમ મૂઢ બુદ્ધિવાળા પુરુષને શ્રુત (જ્ઞાન) પણ મદ, ભય અને રોષની વૃદ્ધિ કરનારું. થાય છે. ૧૩

ટાલે[19] દાહ તૃષા હરે,[20] ગાલે[21] મમતા પંક;
લહરી[22] ભાવ વિરાગકી, તાકો ભજો નિસંક. ૧૪

વિરાગ ભાવ (રૂપી જલ)ની લહેર (ક્રોધ રૂપી) દાહને ટાળે છે, (વિષયરૂપી) તૃષાને દૂર કરે છે અને મમતારૂપી કાદવને સાફ કરે છે. તેથી શંકારહિતપણે તેનું સેવન કરો. ૧૪

---

૧૫ મનમિં. J ૧૬ નામિ. J.૧૭ કરિ. J.૧૮ જિ.ઉ. J.

* સરખાવો :

तज्ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागगणः ।
तमसः कुतोऽस्ति शक्तिर्दिनकरकिरणाग्रतः स्थातुम् ॥१॥

જે ઉદય પામતાં રાગનો સમૂહ ખીલી ઊઠે તે જ્ઞાન જ હોઈ શકતું નથી. સૂર્યનાં કિરણો પ્રકાશી ઊઠે અને અંધકાર રહે એ બની શકે ખરું ?

૧૯ ટાલિ. J.૨૦ હરિ J. ૨૧ ગાલિ J.૨૨ લહરિ M.

રાગભુજંગમ વિષ હરન, ધારો મંત્ર વિવેક;
ભવવન મૂલ ઉછેદકું, વિલસે[૨૩] યાકી ટેક. ૧૫

રાગરૂપી સર્પનું વિષ દૂર કરવા માટે વિવેકરૂપી મંત્રને મનમાં ધારો. એ વિવેક સંસારરૂપી વનનું મૂલ છેદી નાખવા માટે સમર્થ છે. ૧૫

રવિ[૨૪] દૂજો તીજો[૨૫] નયન, અંતર ભાવ પ્રકાસ.[૨૬]
કરો ધંધ સવિ[૨૭] પરિહરી, એક વિવેક અભ્યાસ. ૧૬

આંતરિક ભાવોને પ્રકાશિત કરનાર બીજા સૂર્ય જેવો અને ત્રીજા નેત્ર જેવો એક વિવેક જ છે, માટે બધી જ પ્રવૃત્તિઓનો ત્યાગ કરી, એક વિવેકને મેળવવાનો જ અભ્યાસ કરો. ૧૬

પ્રશમ[૨૮] પુષ્કરાવર્તકે, વરસત[૨૯] હરષ વિશાલ;
દ્વેષ હુતાશ[૩૦] બુઝાઈ, ચિંતા જાલ જટાલ. ૧૭

ચિન્તાઓરૂપી જ્વાળાઓથી વ્યાપ્ત એવા દ્વેષરૂપી અગ્નિને પ્રશમરૂપી પુષ્કરાવર્તમેઘની વૃષ્ટિથી વિશાલ હર્ષપૂર્વક બુઝાવવો જોઈએ. ૧૭

કિનકે વશ ભવવાસના, હોવૈ[૩૧] વેશા ધૂત;
મુનિ ભી[૩૨] જિનકે બશ ભયે, હાવિ ભાવિ અવધૂત. ૧૮

અવધૂત એવા મુનિઓ પણ જેના હાવભાવથી વશ થઈ જાય છે, એવી ધૂર્ત વેશ્યા જેવી ભવની વાસના-સંસારની વાસના કોને વશ થાય ? ૧૮

---

૨૩. વિલાસિ. J. ૨૪ રવી M ૨૫ ત્રીજો M ૨૬ પ્રગાસ J. ૨૭ સબ. M. ૨૮ પ્રથમ M. ૨૯. વરષનિ. J. ૩૦ હુતાસ. M. ૩૧. હોવિં. J. ૩૨ ભિ. J.

જબલું ભવકી વાસના, જાગે[૩૩] મોહ નિદાન;
તબલું રુચે[૩૪] ન લોકકું, નિરમમ ભાવ પ્રધાન. ૧૯

મોહના હેતુભૂત ભવની વાસના જ્યાંસુધી હોય ત્યાંસુધી શ્રેષ્ઠ એવો નિર્મમભાવ - મમતાના ત્યાગરૂપી ભાવલોકને રુચતો નથી. ૧૯

વિષમ[૩૫] તાપ ભવવાસના, ત્રિવિધ દોષકો જોર;
પ્રગટે[૩૬] યાકી પ્રબલતા, ક્વાથ કષાએ[૩૭] ઘોર. ૨૦

ભવની વાસના તે વિષમ જ્વર છે. જેમાં ત્રિદોષનું જોર હોય છે અને તેમાં ઘોર એવા કષાયોનો ક્વાથ ભળતાં તે પ્રબલ બને છે. ૨૦

તાતેં[૩૮] દુષ્ટ કષાય કે, છેદ[૩૯] હેત નિજ ચિત્ત;[૪૦]
ધરો એહ શુભવાસના, સહજ ભાવમેં[૪૧] મિત્ત[૪૨]. ૨૧

હે મિત્ર ! તેથી દુષ્ટ કષાયોના છેદ માટે પોતાના ચિત્તમાં આ શુભવાસના, સહજ ભાવે ધારણ કરો. ૨૧

સિદ્ધ ઔષધિ ઈક ખિમા,[૪૩] તાકો કરો પ્રયોગ;
જ્યું[૪૪] મિટિજાયે[૪૫] મોહ ઘર, વિષમ ક્રોધ જ્વર રોગ. ૨૨

આ માટે સિદ્ધ ઔષધિ કોઈપણ હોય તો તે એક ક્ષમા છે. તેનો તમે પ્રયોગ કરો, જેથી મોહના ઘર જેવો, વિષમ ક્રોધ જ્વર નામનો રોગ ચાલ્યો જાય. ૨૨

---

૩૩ જાગિ. J. ૩૪ રુચિ. J ૩૫ વિષય. M. ૩૬ પ્રકટિ. J. ૩૭ કષઈ. J. ૩૮ તાતિં. J. ૩૯ જેદે. M. ૪૦ ચિતિ. J. ૪૧. ભાવમિં. J. ૪૨ મિત્તિ. J. ૪૩ ક્ષમા. M. ૪૪ જિઉં. J. ૪૫ જાઈ. J.

ચેતન કો[૪૬] કોમલ લલિત, ચિદાનંદમય દેહ;
સૂક ભૂક જુર[૪૭] જાત હૈ, ક્રોધ લૂકર્તિ તેહ. ૨૩

આ આત્માનો કોમલ, સુંદર અને ચિદાનંદરૂપ દેહ ક્રોધને લીધે શુષ્ક, ભૂખ્યો અને જર્જરિત થઈ જાય છે. ૨૩

ક્ષમાસાર[૪૮] ચંદન રસે[૪૯], સીંચો ચિત્ત પવિત્ત[૫૦];
દયાવેલ મંડપ તલે[૫૧], રહો લહો સુખ મિત્ત. ૨૪

હે મિત્રો ! પવિત્ર એવી દયારૂપી વેલડીના મંડપ તળે રહીને ક્ષમારૂપી શ્રેષ્ઠ ચંદનના રસથી ચિત્તને સિંચન કરો અને સુખને પામો. ૨૪

યાકો ભાજે શમ[૫૨] વધૂ, ખિમા[૫૩] સહજમેં જોર;
ક્રોધ જોધ[૫૪] કિઉં કરિ કરિ, સો અપનો બલ સોર. ૨૫

જેને શમરૂપી પતિની, પત્ની ક્ષમારૂપી સ્ત્રી સહજમાં જોરપૂર્વક પછાડી નાખે છે, તે ક્રોધરૂપી યોદ્ધો પોતાના બલની જાહેરાત શું જોઈને કરતો હશે ? ૨૫

દેત ખેદ વરજિત ખિમા,[૫૫] ખેદ રહિત સુખરાજ;
ઈનમેં નહિ[૫૬] સંદેહ કછુ, કારન સરિખો કાજ. ૨૬

ક્ષમા ખેદ વિનાની છે (એટલે કે તેને ધારણ કરવામાં કશું કષ્ટ નથી પડતું) તેથી તે ખેદ વિનાના સુખને ઉત્પન્ન કરે છે એ વાતમાં કશો જ સંદેહ નથી. કારણ કે, કારણને અનુસાર કાર્ય હોય છે. ૨૬

---

૪૬ ચેતનકું. M. ૪૭ દૂરિ. M. ૪૮ વિષસાર. J. ૪૯ રસૈ J. ૫૦ સિંચો હૃદય પવિત્ત J. ૫૧ તલિ. J. ૫૨ સમ. J. ૫૩ ક્ષમા. M. ૫૪ યોધ. M. ૫૫ વર્જિત ક્ષમા. M. ૫૬ ઈનમિં નહીં. J.

પરબત[૫૭] ગરબ શિકર ચડ્યો[૫૮], ગુરુકું ભી લઘુ રૂપ;
કહિ તિહાં[૫૯] અચરજ કિશ્યો ? કથન ગ્યાંન અનુરૂપ. ૨૭

ગર્વરૂપી પર્વતના શિખર પર ચઢેલો પ્રાણી ગુરુઓને પણ લઘુ સ્વરૂપે કહે (ગણાવે) તેમાં શું અચરજ છે ? કારણ કે - કથન જ્ઞાનને અનુરૂપ હોય છે. ૨૭

આઠ શિખર ગિરિરાજ કે, ઠામે[૬૦] વિમલાલોક;
તો પ્રકાશ સુખ કયું લહે ? વિષમ માનવશ લોક. ૨૮

માનરૂપી ગિરિરાજના આઠ શિખર જ્ઞાનના નિર્મળ પ્રકાશને રોકે છે. તેથી વિષમ એવા માનને વશ એવો લોક, પ્રકાશનું સુખ કેવી રીતે પામે ? અર્થાત્ ન પામે. ૨૮

માન મહીધર છેદ તું, કર(રિ) મૃદુતા પવિઘાત;
જ્યું સુખ મારગ સરલતા, હોવિ ચિત્ત વિખ્યાત. ૨૯

નમ્રતારૂપી વજ્રનો ઘાત કરી તું માનરૂપી મહીધરને છેદી નાખ, જેથી સરલતારૂપી સુખનો માર્ગ તારા ચિત્તમાં પ્રતિષ્ઠા પામે-સ્થિર થાય. ૨૯

મૃદુતા કોમલ કમલથે[૬૧], વજ્જસાર અહંકાર;
છેદત હે[૬૨] ઈક પલકમેં[૬૩], અચરજ એહ અપાર. ૩૦

નમ્રતા તે કમલથીય કોમલ છે અને અહંકાર વજ્ર જેવો કઠિન છે.છતાંય, તે નમ્રતા એક પલકારામાં અહંકારને છેદી નાખે છે. આ મહા આશ્ચર્ય છે. ૩૦

---

૫૭ પર્વત M. ૫૮-ચઢો. J. ૫૯ કહે તહાં. M. ૬૦ ઠામે. J. ૬૧ કમલ થૈ. J. ૬૨ હૈ J. ૬૩ પલક મૈ. J.

વિકસિત માયા બેલિ ઘર[૬૪], ભવ અટવી કે બીચ[૬૫];
સોવત હે નિત મૂઢ નર, નયન ગ્યાન કે મીચ[૬૭]. ૩૧

ભવઅટવીની વચમાં જ્યાં વિકસિત એવી માયારૂપી વેલડીનું ઘર છે, ત્યાં મૂઢ પુરુષ પોતાના જ્ઞાનરૂપી નયનોને મીંચીને હંમેશ સૂઈ જાય છે. ૩૧

કોમલતા બાહિર ધરત, કરત વક્રગતિ ચાર;
માયા સાપિણિ જગ ડસે[૬૮], ગ્રસે[૬૯] સકલ ગુનસાર. ૩૨

બહાર કોમલતાને ધારણ કરતી અને વક્રગતિને આચરતી માયારૂપી સાપણ જગતને ડસે છે અને તેમના સકલ ગુણોના સારને ગ્રસે છે. ૩૨

તાકે નિગ્રહ કરનકું, કરો જુ[૭૦] ચિત્ત[૭૧] વિચાર;
સમરો ઋજુતા જંગુલી, પાઠસિદ્ધ નિરધાર. ૩૩

તે (સર્પિણી)નો નિગ્રહ કરવા માટે જો ચિત્તમાં વિચાર કરતા હોય તો પાઠ કરવા માત્રથી નિઃશંકરીતે સિદ્ધ થનારી તે ઋજુતારૂપી જાંગુલીવિદ્યાનું સ્મરણ કરો. ૩૩

લોભ મહાતરુ સિર[૭૨] ચઢી, બઢી જુ[૭૩] તિસના વેલિ;
ખેદ કુસુમ વિકસિત ભઈ, ફલે દુઃખ રિઉ[૭૪] મેલિ. ૩૪

લોભરૂપી મહાન વૃક્ષના મસ્તક પર ચઢી તૃષ્ણારૂપી વેલડી વૃદ્ધિ પામે છે. તે ખેદરૂપી પુષ્પોથી વિકસિત થાય છે અને દુઃખોથી તે સદા ફળે છે - એટલે દુઃખોરૂપી ફળોને તે સદાકાલ - બારેમાસ આપે છે. ૩૪

---

૬૪ ઘર. J. ૬૫ બીચિ J. ૬૬ હૈ નિતુ J. ૬૭ મીચિં.-J. ૬૮ ડસિં. J. ૬૯ ગ્રસી J. ૭૦ જ્યું. M. ૭૧ ચિત્તિ. J. ૭૨ શીર. M. ૭૩ જ્યું. M. ૭૪ રિતુ.M.

લોભ મેઘ ઉન્નત ભયે, પાપ પંક બહુ હોત;
ધરમ હંસ રતિ નહુ લહૈ, રહે ન ગ્યાંન ઉદ્યોત. ૩૫

લોભરૂપી મેઘ ઉન્નત થતાં-આકાશમાં ચડી આવતાં પાપરૂપી કીચડ ઘણો થાય છે. તે સમયે ધર્મરૂપી હંસ રતિ-આનંદ પામતા નથી અને જ્ઞાનનો ઉદ્યોત પણ રહેતો નથી. ૩૫

આગર સબહી દોષકો, ગુન ધનકો બડચોર;
વ્યસન બેલિકો કંદ હૈ, લોભ પાસ ચિહું ઓર. ૩૬

લોભ બધા જ દોષોની ખાણ, ગુણરૂપી ધનનો મોટો ચોર અને કષ્ટોરૂપી વેલડીનો કંદ છે. આ લોભનો પાશ-ફાંસો ચારે તરફ ફેલાયેલ છે. ૩૬

કોઉ સયંભૂરમનકો, જે નર પાવઈ[૭૫] પાર;
સો ભી લોભસમુદકો, લહે[૭૬] ન મધ્યપ્રચાર. ૩૭

જે કોઈ મનુષ્ય સ્વયંભૂરમણસમુદ્રનો પાર પામે છે. તે પણ લોભરૂપી સમુદ્રના મધ્યભાગને પ્રાપ્ત કરી શકતો નથી. ૩૭

મનસંતોષ અગસ્તિકું, તાકે શોષ નિમિત્ત;
નિતુ સેવો જિનિ[૭૭] સો કિયો[૭૮], નિજ જલ અંજલિ મિત્ત. ૩૮

તેના - તે લોભસમુદ્રના શોષણ માટે જેણે સમુદ્રને પોતાના હાથની અંજલિ માત્ર કર્યો છે એવા મન સંતોષરૂપી અગસ્તિને નિત્ય સેવો. ૩૮

---

૭૫ પ વે. M. ૭૬ લ્હૈ. J.૭૭ જીનિ. M. ૭૮ કિઉ. J.

યાકી લાલચિ તું ફિરે[૭૯], ચિત ! ઈત ઉત ડમડોલ[૮૦];
તા લાલચિ મિટિ જાત ઘટ, પ્રકટિ સુખ રંગરોલ. ૩૯

હે ચિત્ત ! જેની લાલચે તું આમતેમ ડામાડોળ થઈને ફરે છે તે લાલચ (અંતરમાંથી) મટી જતાં-નષ્ટ થતાં અંતરમાં રંગરોલ સુખ પ્રગટે છે. ૩૯

ધન માનત ગિરિમૃત્તિકા, ફિરત મૂઢ દૂરધ્યાન;
અખય ખજાનો ગ્યાંનકો, લખે[૮૧] ન સુખ નિદાન. ૪૦

મૂઢ પુરુષ પહાડની માટીને ધન માનીને દુર્ધ્યાનમાં ફર્યા કરે છે પણ જે સુખનું કારણ છે તે જ્ઞાનનો અક્ષય ખજાનો (જે પોતાની પાસે છે) તેને તે ઓળખતો નથી. ૪૦

હોત ન વિજય કષાયકો, બિનુ ઈન્દ્રિય વશિ[૮૨] કીન;
તાતૈ ઈન્દ્રી[૮૩] વશ કરૈ, સાધુ સહજ ગુણલીન[૮૪]. ૪૧

ઈન્દ્રિયોને વશ કર્યા વિના કષાયોનો વિજય થતો નથી તેથી સહજ ગુણોમાં લીન બનેલા સાધુપુરુષે ઈન્દ્રિયોને વશ કરવી જોઈએ. ૪૧

આપિ કાજિ[૮૫] પરસુખ હરે, ધરે ન કોસ્યું[૮૬] પ્રીતિ,
ઈન્દ્રિય દુરજન પરિ દહૈ, વહૈ ન ધર્મ ન નીતિ. ૪૨

પોતાના સ્વાર્થમાટે પારકાનું સુખ હરનાર અને કોઈથી પણ પ્રેમ ન રાખનાર એવી ઈન્દ્રિયો દુર્જનની માફક પ્રાણીઓને બાળે છે અને ધર્મ કે નીતિને ધારણ કરતી જ નથી. ૪૨

---

૭૯ તૂં ફીરી. J. ૮૦ ચિત્તે તું ડમડોલ M. ૮૧ લસિ. J. ૮૨ વશ. M. ૮૩ ઈન્દ્રિય. M. ૮૪ સહિત ગુલ ઓન. J. ૮૫ આપ કાજ. M. ૮૬ કોસું M.

અથવા દુરજન થૈં બુરે, ઈહ પરભવ દુઃખકાર,
ઈન્દ્રિય દુરજન દેતુ હૈ, ઈહ ભવિ દુઃખ ઈકવાર. ૪૩

અથવા તો ઈન્દ્રિયો દુર્જનોથી પણ ખરાબ છે, કારણ કે - તે આ ભવ અને પરભવમાં દુઃખ આપે છે; જ્યારે દુર્જનો તો આ ભવમાં એક જ વાર દુઃખ આપે છે. ૪૩

નયન ફરસ જનુ તનુ લગેં, દહિ[૮૭] દ્રષ્ટિવિષ સાપ,
તિનસું ભી પાપી વિષે[૮૮], સુમરે કરિ[૮૯], સંતાપ. ૪૪

પોતાનાં નેત્રોનો-દૃષ્ટિનો સ્પર્શ પ્રાણીના શરીરને લાગે ત્યારે જ દૃષ્ટિવિષ સર્પ તેને બાળે છે; જ્યારે તેનાથી પણ પાપી એવા વિષયો સ્મરણ કરવા માત્રથી સંતાપ કરાવે છે - બાળે છે. ૪૪

ઈચ્છાચારી[૯૦] વિષયમેં, ફિરતેં ઈન્દ્રિય ગ્રામ,
બશ કીજૈ પગમેં ધરી, યંત્ર ગ્યાન પરિણામ. ૪૫

વિષયોમાં સ્વેચ્છાથી ફરતા ઈન્દ્રિયોના સમૂહને જ્ઞાન પરિણામરૂપી યંત્ર પગમાં ધારણ કરીને વશ કરવો જોઈએ. ૪૫

ઉનમારગગામી અસબ, ઈન્દ્રિય ચપલ તુરંગ,
ખેંચી[૯૧] નરગ અરણ્યમેં, લિઈ જાઈ નિજ સંગ. ૪૬

ઉન્માર્ગે ચાલનારા અને કાબૂમાં ન રહેનારા ઈન્દ્રિયોરૂપી ચપલ અશ્વો પ્રાણીને ખેંચીને (પોતાના સંગથી) નરકરૂપી અરણ્યમાં - જંગલમાં લઈ જાય છે. ૪૬

---

૮૭ દહે. M. ૮૮ વિષે. M. ૮૯ કરે. M. ૯૦ ૦ચારિ. J. ૯૧ ખઈંચી J.

જે નજીક હૈ શ્રમરહિત, આપહી (હિ) મેં સુખ રાજ,
બાધત હૈ તાકું કરન, આપ અરથ કે કાજ. ૪૭

જે સુખ નજીક છે, જેને મેળવવામાં કશો શ્રમ નથી પડતો, જે પોતાના આત્મામાં જ છે, તે સુખને કેવળ પોતાના સ્વાર્થ માટે ઈન્દ્રિયો રોકે છે. ૪૭

અંતરંગ રિપુ કટક ભટ, સેનાની[૯૨] બલવંત,
ઈન્દ્રિય ખિનુમૈ[૯૩] હરત હૈ, શ્રુતબલ અતુલ અનંત. ૪૮

અંતરંગ દુશ્મનોના સુભટોમાં બલવાન એવો ઈન્દ્રિય સેનાપતિ ક્ષણવારમાં અતુલ અને અનંત એવા પણ શ્રુતના સૈન્યને ભગાડી મૂકે છે. ૪૮

અનિયત ચંચલ કરણ હય, પદપ્રવાહરજપૂર,
આશાછાદક કરતુ હે, તત્ત્વદૃષ્ટિ બલ દૂર[૯૪]. ૪૯

કાબૂમાં નહીં રહેનારા, ચપલ, ઈન્દ્રિયોરૂપી અશ્વોનાં પગલાં પડવાથી ઊડેલ રજનો સમૂહ કે જે દિશાઓને ઢાંકી દે છે, તે બલપૂર્વક તત્ત્વદૃષ્ટિને દૂર કરે છે. ૪૯

પંચ બાણ ઈન્દ્રિય કરી, કામ સુભટ જગ જીતિ,
સબકે સિરિ[૯૫] પગ દેતુ હે, ગણે[૯૫] ન કોસું ભીતિ. ૫૦

કામસુભટ પાંચ ઈન્દ્રિયોને પાંચ બાણ બનાવીને જગતને જીતી લઈ સર્વના મસ્તક પર પગ મૂકે છે અને કોઈથી ભય રાખતો નથી. ૫૦

૯૨ સેનાનિ. M. ૯૩ ક્ષણમેં. M. ૯૪ દુર. M. ૯૫ શીર.

વીર પંચ ઈન્દ્રિય લહી, કામ નૃપતિ બલવંત,
કરે[97] ન સંખ્યા પૂરણી, સુભટ શ્રેણિકી તંત. ૫૧

બવવંત એવો કામ નૃપતિ પાંચ ઈન્દ્રિયોરૂપી વીરોને મેળવ્યા પછી બીજા સુભટોની શ્રેણીની પરંપરાવડે સંખ્યા પૂરવણી કરતો નથી. ૫૧

દુઃખ સબહિ[98] સુખ વિષયકો, કરમ વ્યાધિ પ્રતિકાર,
તાકું મનમથ સુખ કહે[99], ધૂરત જગ[100] દુઃખકાર. ૫૨

વિષયનાં સર્વ સુખો તે દુઃખ છે, કર્મરૂપી વ્યાધિના પ્રતિકાર સમાન છે, તેને કામદેવ સુખ તરીકે મનાવે છે, ખરેખર ! જગતને દુઃખ આપનારો તે ધૂર્ત છે. ૫૨

ઠગે કામકે સુખ ગિનેં, પાઈ વિષયકે ભીખ,
સહજ રાજ પાવન નહીં[101], લગી ન સદ્ગુરુ સીખ[102]. ૫૩

વિષયોની ભીખ પ્રાપ્ત કરીને તેને સુખ મનાવતો કામ લોકોને ઠગે છે, છતાં મૂર્ખ મનુષ્યો પોતાના આંતરિક રાજ્યને પ્રાપ્ત કરતા નથી અને તેમને સદ્ગુરુની શિખામણ પણ લાગતી નથી. ૫૩

અપ્રમાદ પવિ દંડથિં[103], કરી[104] મોહ ચકચૂર[105],
જ્ઞાની આતમપદ લહૈ, ચિદાનંદ ભરપૂર. ૫૪

જ્ઞાની પુરુષ પ્રમાદત્યાગરૂપી વજ્રદંડથી મોહને ચકચૂર કરી જ્ઞાન અને આનંદથી ભરપૂર એવા આત્મપદને (મોક્ષને) પ્રાપ્ત કરે છે. ૫૪

M. ૯૬ ગણિ. M. J. ૯૭ કરિ. J. ૯૮ સબહી. J. ૯૯ કહિ. J.૧૦૦ ધૂર્ત જગત. M.૧૦૧ નહિ M.૧૦૨ શીખ. M. ૧૦૩ દંડથેં M. ૧૦૪ કરે. J. ૧૦૫ ચકચુચર. M.

યાકે[૧૦૬] રાજ વિચારમેં, અબલા એક પ્રધાન,
સો ચાહત હૈ જ્ઞાનજય, કૈસે[૧૦૭] કામ અયાન. ૫૫

જેને પોતાના રાજ્યની વિચારણામાં સ્ત્રી જ માત્ર પ્રધાન છે તે અજ્ઞાની એવો કામદેવ, કેવી રીતે જ્ઞાન ઉપર જય મેળવવા ઈચ્છતો હશે ? ૫૫

ઉરભ્રાન્તિ મિટિ જાત હૈ, પ્રગટત ગ્યાંન ઉદ્યોત,
ગ્યાનીકુંભિ વિષયભ્રમ, દિસા[૧૦૮] મોહ સમ હોત. ૫૬

(વટેમાર્ગુને) દિશાનો ભ્રમ થાય ત્યારે જેમ ઊલટી દિશા સાચી લાગે છે, તે પ્રમાણે જ જ્ઞાનીને વિષયનો ભ્રમ થતાં થાય છે; પરંતુ જ્યારે જ્ઞાનનો પ્રકાશ પ્રગટે છે ત્યારે હૃદયની ભ્રાંતિનું નિવારણ થાય છે. ૫૬

દાખે[૧૦૯] આપ વિલાસ કરિ, જૂઠેકું ભી સાચ,
ઈન્દ્રજાલ પરિ[૧૧૦] કામિની, તાસુ તૂ[૧૧૧] મત રાચ. ૫૭

ઈન્દ્રજાલની માફક પોતાના વિલાસોથી જે જૂઠાને પણ સાચું કરી બતાવે છે તે કામિનીમાં તું રાચ નહિ. ૫૭

હસિત ફૂલ પલ્લવ અધર, કુચ ફલ કઠિન વિશાલ[૧૧૨],
પ્રિયા દેખી મતિ રાચિ તૂં[૧૧૩], યા વિષવેલિ[૧૧૪] રસાલ. ૫૮

સ્ત્રીનું હાસ્ય તે ફૂલ છે, તેના અધર તે પાંદડાં છે, તેનાં વિશાલ અને કઠણ સ્તનો તે ફળ છે; એમ માનીને, સ્ત્રીને દેખીને તું તેમાં આનંદ ન માન, કારણ કે - આ રસવાળી વિષની વેલડી છે. ૫૮

---

૧૦૬ જાકે. M. ૧૦૭ કેસિ. J. ૧૦૮ દિશા. J. ૧૦૯ દાખિ. J. ૧૧૦ પરે. M. ૧૧૧ તું. M. ૧૧૨ બિરલ. J. ૧૧૩ મત રાચ તૂં M. ૧૧૪ વેલી. M.

ચરમ મઢિત હૈ કામિની, ભાજન મૂત્ર[115] પુરીષ,
કામ કીટ આકુલ સદા, પરિહર[116] સુનિ ગુરુ સીખ[117]. ૫૯

કામિની એ ચામડાથી મઢેલું મૂત્ર અને વિષ્ટાનું ભાજન છે અને તે કામરૂપી કીડાથી સદા ભરેલું છે. ગુરુની શિખામણ સાંભળી તું તેનો પરિહાર કર. ૫૯

વિષૈ[118] ત્યજિ[119] સૌ સબ ત્યજિ[120], પાતક[121] દોષ વિતાન,
જલધિ તરત નવિ કૂયું[122] તરેઈ, તટિની ગંગ સમાન. ૬૦

પાપો અને દોષોનો વિસ્તાર કરનારા વિષયોને જે ત્યજે છે, તે બધું જ ત્યજી શકે છે. જે માણસ સમુદ્રને તરી જાય તે ગંગા જેવી નદીઓને કેમ ન તરે ? ૬૦

ચાટે નિજ લાલામિલિત, શુષ્ક અસ્થિ[123] જ્યું શ્વાન,
તેસેં[124] રાચે વિષયમેં, જડ નિજ રુચિ[125] અનુમાન. ૬૧

જેમ શ્વાન પોતાની લાળથી વ્યાપ્ત શુષ્ક હાડકાને ચાટે છે અને તેમાં રાચે છે; તેમ જડ પ્રાણી પોતાની રુચિના અનુમાનથી વિષયોમાં રાચે છે. ૬૧

ભૂષન બહુત[126] બનાવતે, ચંદન ચરચત દેહ,
વંચત આપ હી આપકું, જડ ધરિ[127] પુદ્‌ગલનેહ. ૬૨

જડ પ્રાણીઓ પુદ્‌ગલપર - શરીરપર સ્નેહ ધારણ કરીને ઘણાં ઘણાં આભૂષણો બનાવે છે, ચંદનથી દેહને સજાવે છે અને તેમ કરી પોતાની જાતે જ પોતાને ઠગે છે. ૬૨

૧૧૫ મૂત. M. ૧૧૫ M. પુરીષ. M. ૧૧૬ પરિહરી. J. ૧૧૭ શીખ M. ૧૧૮ વિષય. M. ૧૧૯ તJ. M. ૧૨૦ તJ. M. ૧૨૧ પાતિક. M. ૧૨૨ નવિ કલં. J.૧૨૩ હાડ M. ૧૨૪ તિસિં. J. ૧૨૫ રૂચી M. ૧૨૬ બહુ, M. ૧૨૭ ધરી. M.

દુરદમ[૧૨૮] મનકે જય કિયે, ઈન્દ્રિય જય[૧૨૯] સુખ હોત,
તાતેં મનજય કરણકું, કરો વિચાર ઉદ્યોત. ૬૩

પ્રથમ દુર્દમ એવા મનનો જય કરવાથી જ ઈન્દ્રિયોનો જય સુખે કરી શકાય છે, માટે મનનો જય કરવા વિચારોનો ઉદ્યોત કરો-સુંદર વિચાર કરો. ૬૩

વિષયગ્રામકી સીમમેં[૧૩૦], ઈચ્છાચારિ ચરંત,
જિનઆના અંકુશ કરી, મન ગજ બસ કરુ[૧૩૧] સંત. ૬૪

હે સંતો ! વિષયોરૂપી ગામના સીમાડામાં ઈચ્છાનુસારે ફરતા મનરૂપી હાથીને શ્રીજિનની આજ્ઞારૂપી અંકુશથી વશ કરો. ૬૪

એક ભાવ મન પૌંનકો, જુઠ[૧૩૨] કહે ગ્રંથકાર,
યાતેં પવનહિતેં[૧૩૩] અધિક, હોત ચિત્તકો ચાર. ૬૫

મન અને પવનનું એકત્વ છે એવું જે ગ્રંથકારો કહે છે તે જૂઠું કહે છે કારણ કે ચિત્તનો ચાર-તેની ગતિ-પવનથી પણ અધિક છે. ૬૫

જામેં રાચે[૧૩૪] તાહિમેં, બિરચૈ (તે) કરિ[૧૩૫] ચિત ચાર,
ઈષ્ટ અનિષ્ટ ન વિષયકો, યું નિહચેં[૧૩૬] નિરધાર. ૬૬

જેમાં મન રાચે છે તેમાં જ મન વિરક્ત થાય છે. તેથી વિષયો ઈષ્ટ કે અનિષ્ટ નથી પરંતુ ચિત્તની ભાવના ઈષ્ટ અનિષ્ટ છે. એ તું નિશ્ચયપૂર્વક માન. ૬૬

---

૧૨૮ દૂર્દમ. M. ૧૨૯ જગ. M.૧૩૦ સીમમિં J. ૧૩૧ કરો. M. ૧૩૨ જૂઠ J. ૧૩૩ પવનહીતે. M. ૧૩૪ પામિ રાચિ. J. ૧૩૫ કરી. M. ૧૩૬ નિશ્ચય M.

કેવલ તામેં કરમકો, રાગ દ્વેષ તે[137] બંધ,
પરમેં[138] નિજ અભિમાન ધરિ[139], કાહિ ફિરતુ હૈ[140] અંધ. ૬૭

માત્ર તે વિષયોમાં રાગ અને દ્વેષ તે કર્મબંધનાં કારણ છે. માટે હે અંધ ! પર વસ્તુઓમાં આ પોતાની છે એવું અભિમાન ધારણ કરી શા માટે ફરે છે ? ૬૭

જઈસૈ[141] લલના લલિતમેં[142] ભાવ ધરતુ (ત) હૈ સાર,
તઈસૈ[143] મૈત્રી પ્રમુખમેં, ચિત ધરિ કરિ[144] સુવિચાર. ૬૮

જેમ તું સ્ત્રીઓના વિલાસમાં સુંદર ભાવને ધરે છે; તેમ સારી રીતે વિચાર કરી મૈત્રી વગેરે ભાવનાઓમાં ચિત્તને ધારણ કર. ૬૮

બાહિર બહુરિ[145] કહા ફિરૈ, આપહિમેં[146] હિત દેખિ[147],
મૃગતૃષ્ણાસમ વિષયકો, સુખ સબ જાનિ ઉવેખિ[148] ૬૯

હે બાવરા ! બહાર શું ફરે છે ? આત્મામાં જ તારું હિત છે, તે જો. વિષયોનાં સઘળાં સુખો મૃગતૃષ્ણા સમાન છે, એમ જાણી તેની ઉપેક્ષા કર. ૬૯

પ્રિય અપ્રિય વ્યવહાર નિજ, રુચિ[149] રસ સાચો નાહિ,
અંગ જ વલ્લભ સુત ભયો, યૂકાદિક[150] નહિ કાંહિ. ૭૦

અમુક વસ્તુ પ્રિય હોવી કે અપ્રિય હોવી એ પોતાની રુચિનો રસ છે, વાસ્તવિકરીતે સાચો નથી. નહીંતર અંગથી પેદા થયેલો પુત્ર વહાલો લાગે છે પણ જૂ વગેરે કેમ પ્રિય નથી લાગતા ? ૭૦

---

૧૩૭ દ્વેષકો J. ૧૩૮ પરમૈ. J. ૧૩૯ ધરી. M. ૧૪૦ ક્યા ફિરત હો. M. ૧૪૧ જૈસે. M. ૧૪૨ લલીત મેં. M. ૧૪૩ તૈસેં. M. ૧૪૪ કરી. M. M. ૧૪૫ બહોરિ. M. ૧૪૬ આપહી મેં. J. ૧૪૭ દેખી J. ૧૪૮ ઉવેખી. J. ૧૪૯ રૂચિ. M. ૧૫૦ યૂકાદિ. J.

હોવત સુખ નૃપ રંકકું, નોબત સુનત સમાન,
ઇક ભોગે[151] ઇક નાહિ[152] સો, બઢ્યો[153] ચિત અભિમાન. ૭૧

રાજા અને રંકને નોબત સાંભળતાં સરખું જ સુખ થાય છે. પરંતુ એક તે સુખને ભોગવે છે એટલે કે પોતાને તેનો ભોક્તા માને છે, જ્યારે બીજો તેમ નથી માનતો. બન્નેને સુખ થતું હોવા છતાં એકના ચિત્તમાં અભિમાન વધે છે (તે જ વધારાનું છે) બીજામાં નહિ. ૭૧

ભવકો સુખ સંકલ્પભવ, કૃત્રિમ જિસ્યો[154] (જિસો) કપૂર,
રંજત હૈ જન મુગધકું, વરજિત[155] ગ્યાંન અંકુર. ૭૨

સંસારનાં સુખો મનની માન્યતાથી જ પેદા થાય છે. તે વાસ્તવિક સુખ નથી. જેમ બનાવટી કપૂરથી ભોળા માણસો રાજી થાય છે, તેમ આવાં સંસારનાં સુખોથી, જેમના મનમાં જ્ઞાનના અંકુરા પ્રગટ્યા નથી તેવા મનુષ્યો જ રાજી થાય છે. ૭૨

ગુન મમકારન બસ્તુકો, સો વાસના નિમિત્ત,
માંને સુતમેં સુત અધિક, દોરત હૈં હિત ચિત્ત. ૭૩

વસ્તુમાં મમત્વરૂપી ગુણ જે છે, તે કેવળ વાસનાના નિમિત્તે જ છે, પિતા પોતાના સર્વ પુત્રોમાં સવાયો પુત્ર તેને જ માને છે, કે જે પોતાનું હિત કરનારી પ્રવૃત્તિમાં ચિત્તને દોરે છે. ૭૩

મન કૃત મમતા જૂઠ હે, નહીં વસ્તુ પરજાય,
નહિ[156] તો બસ્તુ બિકાઈથૈ, ક્યું[157] મમતા મિટિ જાય ? ૭૪

---

૧૫૧ ભોગી. J. ૧૫૨ નાહી. J. ૧૫૩ બઢિઉ. J. ૧૫૪ જીસો. M. ૧૫૫ વર્જીત. M. ૧૫૬ નહી M. ૧૫૭ કિઉં. J.

મમતા કેવળ મનની માની લીધેલી છે અને તે ખોટી છે. તે વસ્તુના યોગે ઉત્પન્ન થયેલી નથી. નહીં તો જ્યારે વસ્તુ વેચી દેવામાં આવે છે, ત્યારે તે મમતા કેમ મટી જાય છે ? ૭૪

જન જનકી રુચિ ભિન્ન હૈ, ભોજન કૂર કપૂર,
ભાગવંતકું જો રુચઈ[૧૫૮], કરભ કરે[૧૫૯] સો દૂર. ૭૫

પ્રત્યેક વ્યક્તિની રુચિ જુદી જુદી હોય છે, કૂર અને કપૂરનાં ભોજન કે જે ભાગ્યવાનને રુચે છે, તેને ઊંટ આઘા મૂકે છે - તેને તે ગમતાં નથી. ૭૫

કરભ હસે નૃપ ભોગકું, હસૈ કરભકું ભૂપ,
ઉદાસીનતા બિનુ નહીં, દોઉકું[૧૬૦] રતિ[૧૬૧] રૂપ. ૭૬

રાજાના ભોગોને ઊંટ હસે છે અને રાજા ઊંટને હસે છે. જો બંનેને પોતપોતાના ભોગોમાં ઉદાસીનતા પ્રગટે તો બંનેને સુખ થાય. ૭૬

પરમે[૧૬૨] રાચે[૧૬૩] પરરુચિ, નિજરુચિ[૧૬૪] નિજગુનમાંહિ,
ખેલે[૧૬૫] પ્રભુ આનંદઘન, ધરિ (રી) સમતા ગલ[૧૬૬] બાંહિ. ૭૭

પરમાં રુચિવાળો આત્મા પરમાં રાચે છે અને નિજ આત્મામાં રુચિવાળો જીવ નિજગુણોમાં - પોતાના ગુણોમાં રાચે છે. આનંદમય એવો આત્મા, સમતારૂપી સ્ત્રીના ગળે હાથ રાખીને સદાકાળ ખેલ્યા કરે છે. ૭૭

---

૧૫૮ રૂચે. M. ૧૫૯ કરિ. J. ૧૬૦ દોનુકું. M. ૧૬૧ રતીં. M. ૧૬૨ પરમિ J. ૧૬૨ પરમિ J. ૧૬૩ રાચિ J. ૧૬૪. રૂચિ M. ૧૬૫ ખેલિ J. ૧૬૬ ગલિ M.

માયામય જગકો કહ્યો[૧૬૭], જિહાં સબકી વિસ્તાર,
ગ્યાનીકું હોબત કહાં, તહાં શોક કો ચાર. ૭૮

જ્યાં જગતનો સઘળોય વિસ્તાર માયામય કહેવામાં આવ્યો છે ત્યાં જ્ઞાનીને શોકનો પ્રચાર કેવી રીતે થાય ? ૭૮

સોચત નાંહિ[૧૬૮] અનિત્યમતિ[૧૬૯], હોવત માલ મલાન,
ભાંડે ભી સોચત ભગૈ, ધરત નિત્ય અભિમાંન. ૭૯

જે મનુષ્યો જગતના સર્વ પદાર્થોને અનિત્ય માને છે, તેઓ પોતાનો સઘળો માલ ખલાસ થઈ જાય તો ય શોક કરતા નથી જ્યારે દરેક વસ્તુમાં નિત્યપણાનું અભિમાન ધરનારા, માટીનું ભાંડું-વાસણ ભાંગી જાય તોય શોક કરે છે. ૭૯

કૂટ વાસના ગઠિત હૈ[૧૭૦], આસા (શા) તંતુ વિતાન,
છેદે તાકું શુભમતી, કર[૧૭૧] ધરિ બોધ કૃપાંન. ૮૦

આશારૂપી તંતુઓના વિસ્તારથી કૂટવાસના રૂપી જાળ ગૂંથેલી છે. શુદ્ધ બુદ્ધિવાળો પુરુષ હાથમાં જ્ઞાનરૂપી કટારી લઈને તેને છેદી નાખે છે. ૮૦

જનની મોહ અંધારકિ, માયા રજની કૂર,
ગ્યાંન ભાંન આલોકર્તિ, તાકું[૧૭૨] કીજે[૧૭૩] દૂર. ૮૧

કૂર એવી માયારૂપી રાત્રિ કે જે મોહરુપી અંધકારને ઉત્પન્ન કરનારી છે, તેને જ્ઞાનરૂપી સૂર્યના પ્રકાશથી દૂર કરવી જોઈએ. ૮૧

---

૧૬૭ કહીઉ J. ૧૬૮ નહિ. M. ૧૬૯ મતી. M. ૧૭૦ હય. J.
૧૭૧ કરિ J. ૧૭૨ ભાનું આલોકતે તાકો. J. ૧૭૩ કીજી. J.

ઉદાસીનતા મગન હુઈ, અધ્યાતમ રસ કૂપ,
દેખે નહિ[૧૭૪] કબુ ઓર જબ, તબ દેખે[૧૭૫] નિજ સ્વરૂપ. ૮૨

અધ્યાત્મરૂપી રસના કૂવા જેવી ઉદાસીનતામાં મગ્ન બનેલ આત્મા, જ્યારે બીજું કંઈપણ ન જુએ ત્યારે પોતાના રૂપને જુએ છે. ૮૨

આગે[૧૭૬] કરી નિસંગતા, સમતા સેવત જેહુ,
રમૈ પરમ આનંદરસ, સત્યયોગમૈ[૧૭૭] તેહુ. ૮૩

નિઃસંગભાવને આગળ કરી જે સમતાને સેવે છે, તે પરમ આનંદના રસસમાન યોગમાં સાચે સાચ રમે છે. ૮૩

દંભહી જનિત અસંગતા, ઈહભવકે સુખ દે,
દંભરહિત નિસ્સંગતા[૧૭૮], કૌન[૧૭૯] દૂર સુખ દે. ૮૪

દંભપૂર્વકની નિઃસંગતા પણ આ ભવના સુખ આપે છે, તો પછી દંભવિનાની નિઃસંગતામાટે કયું સુખ દૂર છે ? ૮૪

મત હો સંગનિવૃત્તકું, પ્રેમ પરમગતિ પાઈ,
તાકો સમતા રંગ પુનિ, કિનહી કહ્યૌ ન જાઈ[૧૮૦]. ૮૫

સંગથી નિવૃત્ત થયેલાને કદાચ સુખદાયક પરમગતિની પ્રાપ્તિ ન થાઓ પણ તેને જે સમતાનો રંગ છે (તે સમતાના રંગનું સુખ છે) તે કોઈથી કહ્યું જાય તેમ નથી. ૮૫

તિસના વિદ્રુમ વલ્લિઘન, વિષય ઘુમર[૧૮૧] બહુ જોર,
ભીમ[૧૮૨] ભયંકર ખેદ જલ, ભવસાયર ચિહુ ઓર. ૮૬

૧૭૪ નહીં. J. ૧૭૫ દેખિ. J. ૧૭૬ આગિં. J. ૧૭૭ સત્ત્યયોગમેં. M. ૧૭૮ નિસ્સંગતે. J. ૧૭૯ કોન. M. ૧૮૦ જાય. M. ૧૮૧ ઘૂમર. J. ૧૮૨ જીમ. J.

તૃષ્ણાઓરૂપી પરવાળાંઓની વલ્લિઓ જેમાં ફેલાયેલી છે એવો, વિષયોની ઘૂમરીઓનું જેમાં બહુ જોર છે એવો અને અતિભયંકર ખેદરૂપી જલ જેમાં છે એવો, આ સંસારરૂપી સમુદ્ર ચારે તરફ ફેલાયેલો છે. ૮૬

ચાહે[૧૮૩] તાકો પાર તો, સજ કરિ[૧૮૪] સમતા નાઉ,
શીલ અંગ દૃઢ પાટિએ[૧૮૫] સહસ અઢાર[૧૮૬] બનાઉ. ૮૭

કૂઆથંભ[૧૮૭] શુભ યોગ પરિ[૧૮૮], બઈઠિ માલિમ[૧૮૯] ગ્યાન,
અધ્યાતમ સઢિ બલિ ચલૈ[૧૯૦], સંયમ પવન પ્રમાન. ૮૮

જો તે ભવસમુદ્રનો પાર પામવા તું ચાહતો હોય તો જેમાં અઢાર હજાર શીલનાં અંગોરૂપી પાટિયાં છે, શુભયોગરૂપી કૂવાથંભ છે, જ્યાં જ્ઞાનરૂપી માલમ-સુકાની બેઠો છે અને જે અધ્યાત્મરૂપી સઢના બલથી સંયમરૂપી પવનના યોગે ચાલે છે, તે સમતારૂપી નૌકાને સજ્જ કર. ૮૭-૮૮

યોગી જે બહુ[૧૯૧] તપ કરે[૧૯૨], ખાઈ ઝુરે તરુપાત,[૧૯૩]
ઉદાસીનતા વિનુ ભસમ, હુતિમૈ[૧૯૪] સોભી[૧૯૫] જાત. ૮૯

યોગીઓ કે જે ઘણા તપ કરે છે, પડી ગયેલા વૃક્ષનાં પત્રોને ખાય છે તેમનો તે તપ પણ ઉદાસીનભાવ વિનાનો હોય તો ભસ્મમાં આહુતિની સમાન છે. ૮૯

છૂટિ ભવકે જાલથૈ[૧૯૬], જિમ નહિ તપ કરે[૧૯૭] લોક,
સો ભી મોહે કાહુકું, દેત જનમકો શોક. ૯૦

---

૧૮૩ ચાહિ. J. ૧૮૪ કર. M. ૧૮૫ પાટીએ. M. ૧૮૬ અઠાર. J. ૧૮૭ કૂવાથંભ. M. ૧૮૮ પરી. M. ૧૮૯ બૈઠે માલીમ. M. ૧૯૦ સઢ બસે ચલે. M. ૧૯૧ જબહુ. M. ૧૯૨ કરિ. J. ૧૯૩ જુરે તરૂપાત. M. ૧૯૪ હુતિમે. M. ૧૯૫ ભિ. M. ૧૯૬ જાલથેં. M. ૧૯૭ કરી. M.

જે તપ કર્યા વિના ભવજાલથી કોઈની મુક્તિ થતી નથી તે તપ પણ મોહથી કોઈકને જન્મ મરણના શોકનું કારણ થાય છે. ૯૦

વિષય[૧૯૮] ઉપદ્રવ સબ મિટે[૧૯૯], હોવત સુખ સંતોષ,
તાતે વિષયાતીત હૈ[૨૦૦], દેત શાન્તરસ પોષ. ૯૧

વિષયોના સર્વ ઉપદ્રવો મટી જાય ત્યારે સંતોષનું સુખ પ્રાપ્ત થાય છે તેથી તે સુખ વિષયાતીત છે અને શાન્તરસની પ્રાપ્તિ કરાવનારું છે. ૯૧

બિનુ લાલચિ[૨૦૧] બશ હોત હૈ, વશા બાત એહ[૨૦૨] સાચ,
યાતે કરઈ[૨૦૩] નિરીહ કૈં, આગૈ[૨૦૪] સમ રતિ નાચ. ૯૨

લાલચ ન હોય ત્યારે સ્ત્રી વશ થાય છે, એ વાત સાચી છે. કારણ કે, નિરીહ-નિઃસ્પૃહ પુરુષની આગળ જ સમભાવમાં રતિરૂપી સ્ત્રી નૃત્ય કરે છે. ૯૨

દિઈ[૨૦૫] પરિમલ સમતા લતા, વચન અગોચર સાર,
નિત્ત બિઈર ભી જિંહાં વસે, લહિ[૨૦૬] પ્રેમ મ(સ)હકાર. ૯૩

સમતારૂપી લતા વચનને અગોચર તથા સારભૂત એવી સુગંધી પ્રગટાવે છે કે જેના યોગે નિત્ય વૈરવાળા જીવો પણ પરસ્પર પ્રેમ ધારણ કરીને સાથે વસે છે. ૯૩

સેના રાખસ મોહકી, જીર્પિ સુખિ[૨૦૭] પ્રબુદ્ધ,
બ્રહ્મબાનીક[૨૦૮] (બ્રહ્મબાન ઈક) લેઈકિં[૨૦૯], સમતા અંતર શુદ્ધ. ૯૪

---

૧૯૮ વિષૈ J. ૧૯૯ મિટ્યો M. ૨૦૦ વૈ. J. ૨૦૧ બિન લાલચ. M. ૨૦૨ પર. M. ૨૦૩ કરે. M. ૨૦૪ આગે. M. ૨૦૫ દે M. ૨૦૬ નિત્ય બીહીરી ભી જ્યાં વસે લહતું. M. ૨૦૭ જીપે સુખે. એઓમ. ૨૦૮ બ્રહ્મબાનિકઈ. M. ૨૦૯ લેઈકે. M.

જેનું હૃદય સમતાના યોગે શુદ્ધ થયેલું છે એવો પ્રબુદ્ધ આત્મા, મોહરૂપી રાક્ષસની સેનાને સમતારૂપી એક બ્રહ્મબાણ લઈને સુખપૂર્વક જીતે છે. ૯૪

કવિ મુખ કલપિત અમૃતકે, રસમેં મૂઝત કાહિ[૨૧૦],
ભજો એક સમતાસુધા, રતિ ધરિ શિવપદ માહિ[૨૧૧] ૯૫

કવિના મુખથી કલ્પિત અમૃતના રસમાં શું મુંઝાવ છો ? શિવપદમાં રતિ ધારણ કરીને એક સમતારૂપી અમૃતને સેવો. ૯૫

યોગગ્રંથ જલનિધિ મથો, મન કરી મેરુ[૨૧૨] મથાન,
સમતા અમરત[૨૧૩] પાઈકે[૨૧૪], હો અનુભૌ રસુ જાન. ૯૬

યોગગ્રન્થોરૂપી સમુદ્રને મનરૂપી મેરુનો રવૈયો કરી મથો, જેથી સમતારૂપી અમૃતને પ્રાપ્ત કરીને અનુભવરૂપી રસના જાણકાર થાઓ. ૯૬

ઉદાસીન મતિ[૨૧૫] પુરુષ જો, સમતાનિધિ શુભ[૨૧૬] વેષ,
છોરત તાકું ક્રોધ[૨૧૭] કિધુ[૨૧૮], આપહી કર્મ અશેષ. ૯૭

જે પુરુષ ઉદાસીન બુદ્ધિવાળો છે, સમતાનો નિધિ છે, શુભ દેખાવવાળો છે, તેને સઘળાં કર્મો પોતાની મેળે જ, જાણે કે તેના પર ક્રોધ આવ્યો ન હોય તેમ, છોડી દે છે. ૯૭

શુદ્ધ યોગ શ્રદ્ધાન ધરી, નિત્ય કરમકો ત્યાગ,
પ્રથમ કરિ[૨૧૯] જો મૂઢ સો, ઉભય ભ્રષ્ટ નિરભાગ. ૯૮

---

૨૧૦ કાંહી M. ૨૧૧ માંહી. M. ૨૧૨ કરી મેરૂ. M. ૨૧૩ અમૃત. M. ૨૧૪ પાઈકિ. J. ૨૧૫ મતી M. ૨૧૬ સુભ. M. ૧૧૭ ક્રોધિ. M. ૨૧૮ કિહું. J. ૨૧૯ કરે. M.

કેવળ યોગ ઉપર જ શુદ્ધ શ્રદ્ધા ધારણ કરી જે નિત્યકર્મોનો ત્યાગ કરે છે, તે નિર્ભાગી મૂઢોમાં પ્રથમ છે અને ઉભય ભ્રષ્ટ થનાર છે. ૯૮

ક્રિયા મૂઢ જૂઠી[220] ક્રિયા, કર ન થાપે[221] ગ્યાન,
ક્રિયા ભ્રષ્ટ ઈક ગ્યાન મત[222], છેદે ક્રિયા અજાન. ૯૯

ક્રિયા પાછળ મૂઢ બનેલો આત્મા ફોગટ ક્રિયા કરે છે. પણ તે જ્ઞાનને આત્મામાં સ્થાપન કરતો નથી. બીજો ક્રિયાભ્રષ્ટ છે, તે જ્ઞાનને જ માને છે અને અજાણ એવો તે ક્રિયાનો છેદ કરે છે. ૯૯

તે દોનૂં થે દૂરિ શિવ, જો નિજ બલ[223] અનુસાર,
મારગ રુચિ[224] મારગ રહિ[225], સો શિવ સાધણહાર. ૧૦૦

આ બંનેય આત્માથી મોક્ષ દૂર છે પણ જે પોતાની શક્તિ અનુસારે માર્ગમાં રુચિ રાખી, શુદ્ધ માર્ગમાં રહે છે તે જ મોક્ષને સાધનારો છે. ૧૦૦

નિવૃત્તિ લલનાકો[226] સહજ, અચરજકારી કોઈ,[227]
જો નર[228] યાકું રુચત[229] હૈ, યાકું દેખે[230] સોઈ. ૧૦૧

નિવૃત્તિરૂપી સ્ત્રીનો સ્વભાવ કોઈ આશ્ચર્યકારી છે. જે મનુષ્ય તેને રુચે છે તે નર જ તેને (શિવને) દેખી શકે છે. ૧૦૧

મન પારદ મુરછિત ભયો, સમતા ઔષધિ આઈ,
સહિજ (સહસ્ર) વેધિ[231] રસ પરમગુન, ઔવન સિદ્ધિ કમાઈ. ૧૦૨

---

૨૨૦ જૂઠી J. ૨૨૧ કરિ ન થાપિ. J. ૨૨૨ મતી M. ૨૨૩ બલિ. J. ૨૨૪ રૂચી M. ૨૨૫. ગહે. M. ૨૨૬ લલનાકું. M. ૨૨૭ અચરિજકારી કોઉ. M. ૨૨૮ નહિ. J. ૨૨૯ રૂચત. M. ૨૩૦ દેખિ. J. ૨૩૧ વેધ. M.

સમતારૂપી ઔષધિ જ્યારે આવી ત્યારે મનરૂપી પારો મૂર્છિત થયો અને સહજવેધ - સહસ્ત્રવેધી રસ ઉત્પન્ન થયો જેના પરિણામે પરમ ગુણોરૂપી સુવર્ણની કમાણી થઈ. ૧૦૨

બહુત ગ્રંથ નય દેખિકે, મહાપુરુષ કૃત સાર,
વિજયસિંહસૂરિ[૨૩૨] કિઓ, સમતાશતકો હાર. ૧૦૩

ભાવત યાકો[૨૩૩] તત્ત્વ મન, હો સમતા રસ લીન,
જ્યું[૨૩૪] પ્રકટે[૨૩૫] તુઝ સહજ સુખ, અનુભૌ[૨૩૬] ગમ્ય અહીન. ૧૦૪

ઘણા ગ્રંથોને જોઈને મહાપુરુષકૃત ગ્રંથોના સારભૂત આ સમતાશતકનો હાર શ્રીવિજયસિંહસૂરિએ કર્યો છે. જેનું તત્ત્વ મનમાં ભાવતાં સમતારસમાં લીન થાવ. જેથી તમને એવું સ્વાભાવિક સુખ પ્રગટ થાય કે જે માત્ર અનુભવગમ્ય જ હોય અને જેનો કદી નાશ ન થાય. ૧૦૩-૧૦૪

કવિ જસવિજય સુસીખ એ,[૨૩૭] આપ આપકું દેત,
સામ્યશતક ઉદ્ધાર કરિ[૨૩૮] હેમવિજય મુનિ હેત. ૧૦૫

કવિ જશવિજય આ સુંદર શિખામણ પોતે પોતાને જ આપે છે અને કહે છે કે હેમવિજય નામના મુનિ માટે મેં આ સામ્યશતકનો ઉદ્ધાર કર્યો છે. ૧૦૫

❀

કામ ક્રોધ મદ લોભકી, જબલગ મનમેં ખાણ;
તબલગ પંડિત મૂર્ખે, દોનો એક સમાન. ૧
ક્ષમા સભી કો મેં કરું, મુજકો કરે સબ કોય;
સબસે મેરી મિત્રાતા, વેર કહાંસે હોય.૨

---

૨૩૨ બિજે. J. ૨૩૩ જાકું. M. ૨૩૪ જિઉં. J. ૨૩૫ પ્રગટે M. ૨૩૬ અનુભવ. M. ૨૩૭ યશવિજયસું શિ એ. M. ૨૩૮ કરી M.

# સમાધિશતક

મહોપાધ્યાય પ.પૂ. યશોવિજયજી મહારાજે રચેલું આ સમાધિશતક, આ ગ્રંથમાં આપેલા બધા જ શતકોમાં આગવી વિશેષતા ધરાવે છે. આ એક અલૌકિક શતક છે. મોક્ષમાર્ગની આરાધનામાં જ સમાધિ-ચિત્તની સ્વસ્થતા પ્રાણરૂપ છે, શ્વાસસ્વરૂપ છે. એ સમાધિને પૂ. ઉપાધ્યાયજી મહારાજ પચાવી ગયા હોય એવું આ કૃતિ વાંચતા લાગ્યા વગર ન રહે. આ ભવ્ય કૃતિ પૂ. ઉપાધ્યાયજી મહારાજના જ્ઞાનામૃતના ભોજનનો ઓડકાર કહીએ તો પણ ચાલે. જૈનશાસનની અનુપમ સમાધિના રહસ્યે તેઓ શ્રી આરપાર પામી ગયા હોય એને સ્પષ્ટ જોવાનો અરીસો આ સમાધિશતક છે. આ સમાધિ શતકનો સ્વાધ્યાય કરવાથી કોઈ અપૂર્વ આત્મમસ્તી અનુભવવા મળશે. એમાં કોઈ શંકાને સ્થાન નથી.

---

પ.પૂ. પરમશાસનપ્રભાવક શાસનસંરક્ષક વ્યા.વા. તપાગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની દિવ્યકૃપાથી, પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાની શુભનિશ્રામાં ૨૩, દશાપોરવાડ સોસાયટીના 'પ્રશમ' બંગલામાં સં. ૨૦૫૫ની ચાતુર્માસિક તથા ભાદરવા સુદ ઉદયાત્ ચોથ સોમવારની કરેલી આરાધનાના આનંદમાં આ શતકસંદોહ ગ્રંથના પ્રકાશનમાં જ્ઞાનખાતાની ઊપજમાંથી દ્રવ્યનો સદ્વ્યય કરી અનુમોદનીય લાભ લીધો છે.

લિ. પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવર

જૈન ગ્રંથાલયના ટ્રસ્ટનું ટ્રસ્ટીમંડળ

# સમાધિશતક

સમરી ભગવતી ભારતી, પ્રણમી જિન જગ બંધુ;
કેવલ આતમ-બોધકો, કરશું સરસ પ્રબંધ. ૧

ભગવતી ભારતી સરસ્વતી માતાનું સ્મરણ કરીને, જગતના બંધુ શ્રી જિનેશ્વર ભગવંતને પ્રણામ કરીને જેનાથી કેવળ આત્મબોધ થાય, તે આત્મબોધનો સરસ પ્રબંધ રચીશું. ૧

કેવલ આતમ-બોધ હે, પરમારથ શિવ-પંથ;
તામે જિનકું મગનતા, સોઈ-ભાવ નિર્ગ્રંથ. ૨

ફક્ત આત્મબોધ જ પરમાર્થથી મોક્ષનો માર્ગ છે, તે આત્મજ્ઞાનમાં જેમની મગ્નતા છે, તે જ ભાવનિગ્રંથ જાણવા. ૨

ભોગ જ્ઞાન જ્યું બાલકો, બાહ્ય જ્ઞાનકી દોર;
તરૂણ ભોગ અનુભવ જિસ્યો, મગન-ભાવ કછુ ઓર. ૩

પુખ્ત વયના પુરુષને જેવું ભોગનું જ્ઞાન હોય તેવું ભોગનું જ્ઞાન જેમ બાળકને હોતું નથી, તેવી જ રીતે જે જીવો બાહ્યજ્ઞાનની દોરમાં જ્યાં ત્યાં ભ્રાંતિથી સુખની બુદ્ધિ ધારણ કરી રહ્યા છે, તેઓને આત્મજ્ઞાનથી થતું સુખ અને તેની મગ્નતાનું ભાન હોતું નથી. અર્થાત્ તેમને અનુભવજ્ઞાન હોતું નથી. આત્મમગ્ન ભાવ કોઈ જુદો જ છે ! ૩

આતમ - જ્ઞાને મગન જો, સો સબ પુદ્ગલ ખેલ;
ઈંદ્રજાલ કરિ લેખવે, મિલે ન તિંહા મન-મેલ. ૪

જે આત્મા આત્મજ્ઞાનમાં મગ્ન છે, તે સર્વ સોનું, રૂપું, આભૂષણ તથા આહાર વગેરે પુદ્ગલના ખેલને ઈંદ્રજાલ સમાન ગણે છે, તે

પૌદ્‌ગલિક પદાર્થોમાં તેના મનનો મેળ મળતો નથી-તેનું મન ચોંટતું નથી. ૪

જ્ઞાન બિના વ્યવહાર કો, કહા બનાવત નાચ ?
રત્ન કહો કોઉ કાચકું, અંત કાચ સો કાચ ૫

જ્ઞાન વિના ફક્ત એકલા વ્યવહારથી (ક્રિયાકાંડથી) મુક્તિની સાધના કરવી તે નાટક સમાન છે, કોઈ કાચને રત્ન માની ગ્રહણ કરે પણ છેવટે તો કાચ એ કાચ જ છે, તેવી રીતે જ્ઞાન વિના કેવળ બાહ્ય ક્રિયાથી મુક્તિ થતી નથી. ૫

રાચે સાચે ધ્યાનમેં, યાચે વિષય ન કોઈ;
નાચે માચે મુગતિ - રસ, 'આતમ-જ્ઞાની' સોઈ. ૬

આત્મજ્ઞાનીનું લક્ષણ કહે છે. જે સાચા એવા ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં માચી રહે – મગ્નતા ધારણ કરે, પાંચે ઇંદ્રિયોના વિષયોની યાચના કરે નહિ, ફક્ત મોક્ષના રસમાં લયલીન થઈ- મગ્ન થઈ નાચે - આનંદ પામે તેને જ આત્મજ્ઞાની જાણવો. (૬)

બહિર અંતર પરમ એ, આતમ-પરિણતિ તીન;
દેહાદિક આતમ-ભરમ, બહિરાતમ બહુ દીન. ૭

આત્માની પરિણતિ ત્રણ પ્રકારની છે. (૧) બહિરાત્મા (૨) અંતરાત્મા અને (૩) પરમાત્મા. તેમાં પ્રથમ દેહ-વાણી-મન આદિમાં જેને આત્મપણાની બુદ્ધિ છે, તે દીન-બીચારો બહિરાત્મા છે. ૭

ચિત્તદોષ આતમ-ભરમ, અંતર આતમ ખેલ;
અતિનિર્મલ પરમાત્મા, નહિ કર્મ કો ભેલ. ૮

શરીર વગેરેને આત્મા માનવારૂપ ચિત્તના દોષને જે આત્મભ્રમ

માને છે, કાયા વગેરેને સાક્ષીરૂપ માને છે અને જે આત્મામાં રમે છે તે અંતરાત્મા છે. અર્થાત્ જેઓની શરીર વગેરેમાં આત્મપણાની બુદ્ધિ નથી પણ જે શરીરાદિકના સાક્ષીરૂપે વર્તે છે તે અંતરાત્મા છે અને જેઓમાં કર્મ મળેલા નથી- કર્મથી જેઓ રહિત છે અને તેથી જેઓ અત્યંત નિર્મળ છે તે પરમાત્મા છે. ૮

નરદેહાદિક દેખ કે, આતમ-જ્ઞાને હીન;
ઇંદ્રિય બલ બહિરાતમા, અહંકાર મન લીન. ૯

મનુષ્યદેહ વગેરે જોઈને બહિરાત્મા પોતાને મનુષ્ય માને છે અને આત્મજ્ઞાનથી હીન પાંચ ઈન્દ્રિયોમાં અને તેના બળમાં આત્મભાવ ધારણ કરી અહંકારથી મનમાં લીન થઈ કર્મગ્રહણ કરે છે. ૯

અલખ નિરંજન અકલ ગતિ; વ્યાપી રહ્યો શરીર;
લખ સુજ્ઞાને આતમા, ખીર લીન જ્યું નીર. ૧૦

અલક્ષ્ય (= લક્ષમાં નહિ આવનાર), નિરંજન (= કર્મરૂપી અંજનથી રહિત), અને જેની ગતિ કળી શકાય નહિ એવો આત્મા શરીરમાં અસંખ્યાત પ્રદેશથી વ્યાપી રહ્યો છે, તે જ્ઞાન વડે ઓળખાય છે, દૂધમાં જેમ પાણી મળી ગયું હોય તેમ આત્મા શરીરમાં વ્યાપી રહ્યો છે. ૧૦

અરિ મિત્રાદિક કલ્પના, દેહાતમ અભિમાન;
નિજ પર તનુ સંબંધ મતિ, તાકો હોત નિદાન. ૧૧

દેહને વિષે આત્મબુદ્ધિના અભિમાનથી શત્રુ, મિત્ર વગેરે કલ્પના થાય છે. આ પારકું અને આ પોતાનું એવો અધ્યવસાય પુદ્ગલ ભાવમાં ઉત્પન્ન કરવામાં કારણભૂત દેહમાં આત્મબુદ્ધિનું અભિમાન છે. ૧૧

દેહાદિક આતમ-ભ્રમેં, કલ્પે નિજ પર ભાવ;
આતમ-જ્ઞાની જગ લહે, કેવલ શુદ્ધ સ્વભાવ. ૧૨

દેહ આદિમાં આત્મબુદ્ધિનો જેને ભ્રમ છે, તેવો પુરુષ 'આ પોતાનું અને આ પારકું છે' એમ કલ્પે છે, આત્મજ્ઞાની કેવળ આત્મિક શુદ્ધ સ્વભાવને જગતમાં પોતાનો માને છે. ૧૨

સ્વ-પર વિકલ્પે વાસના, હોત અવિદ્યારૂપ;
તાતે બહુરી વિકલ્પમય, ભરમ-જાલ અંધકૂપ. ૧૩

સ્વ અને પરના વિકલ્પથી અવિદ્યારૂપ વાસના ઉત્પન્ન થાય છે. તેથી બહુ વિકલ્પ થાય છે અને બહુ વિકલ્પમય ભ્રમજાળરૂપી અંધકૂપમાં ચેતન પડે છે. ૧૩

પુત્રાદિકકી કલ્પના, દેહાતમ-ભ્રમ ભૂલ;
તાકું જડ સંપત્તિ કહે, હહા મોહ પ્રતિકૂલ. ૧૪

જેને સ્વ અને પરનું ભેદજ્ઞાન થયું નથી તે પુત્ર વગેરે પ્રત્યક્ષ પોતાથી ભિન્ન દેખાતા ભાવોને કલ્પનાથી પોતાના માને છે, શરીર આદિને પોતાના માનવા એ ભ્રમનું મૂળ છે, જડબુદ્ધિવાળા તેને પોતાની સંપત્તિરૂપે જાણે છે, અહા ! આ તે કેવી મોહની પ્રતિકૂળતા છે ? ૧૪

યા ભ્રમ-મતિ અબ છાંડિ દો, દેખો અંતર-દૃષ્ટિ;
મોહ-દૃષ્ટિ જો છોડિએ, પ્રગટે નિજ-ગુણ-સૃષ્ટિ. ૧૫

હે ચેતન ! હવે ભ્રાંતિવાળી બુદ્ધિનો ત્યાગ કરી અંતરદૃષ્ટિથી તું આત્માને જો. મોહદૃષ્ટિને છોડી દેવામાં આવે તો પોતાના આત્માના ગુણોની સૃષ્ટિ પ્રગટ થાય છે. ૧૫

રૂપાદિકકો દેખવો, કહન કહાવન કૂટ;
ઈંદ્રય યોગાદિક બલે, એ સબ લૂટાલૂટ. ૧૬

રૂપ આદિને જોવું, તેને કહેવું - કહેવરાવવું એ બધું કૂટ - મિથ્યા છે, પાંચ ઇંદ્રિયો અને મન-વચન-કાયાના યોગથી આત્મા પરભાવમાં રમણ કરવાથી આત્મઋદ્ધિની લૂંટાલૂંટ થાય છે. ૧૬

પરપદ આતમ દ્રવ્યકું, કહન સુનન કછુંનાંહિ;
ચિદાનંદ-ઘન ખેલ હી, નિજપદ તો નિજમાંહિ. ૧૭

આત્મદ્રવ્યને પરપદ-અન્યપદ-પૌદ્ગલિક પદાર્થ અંગે કાંઈ કહેવાનું કે સાંભળવાનું પ્રયોજન નથી. કારણ કે જ્ઞાન અને આનંદનો ઘન એવો આત્મા તો પોતાના સ્વરૂપમાં રમણ કરે છે. પોતાનું પદ તો પોતામાં જ છે ૧૭

ગ્રહણ અયોગ્ય ગ્રહે નહિ, ગ્રહ્યો ન છોડે જેહ;
જાણે સર્વ સ્વભાવર્તે, સ્વપર-પ્રકાશક તેહ. ૧૮

આત્મજ્ઞાની પુરુષ ગ્રહણ કરવા માટે અયોગ્ય એવી પૌદ્ગલિક વસ્તુને ગ્રહે નહિ, અને ગ્રહણ કરવા યોગ્ય શુદ્ધસ્વરૂપને ગ્રહણ કરીને છોડે નહિ, સર્વ પદાર્થને સ્વભાવથી જાણે છે અને તે સ્વ-પર પ્રકાશક નિર્મળ આત્મજ્ઞાની થાય છે. ૧૮

રૂપેકે ભ્રમ સીપમેં, જ્યું જડ કરે પ્રયાસ;
દેહાતમ-ભ્રમતેં ભયો, ત્યું તુજ કૂટ અભ્યાસ. ૧૯

જેમ જડ માણસ છીપમાં રૂપાનો ભ્રમ થવાથી તેને લેવા પ્રયાસ કરે છે, તેમ હે ચેતન ! તને દેહમાં આત્મબુદ્ધિના ભ્રમથી ખોટો અભ્યાસ થયો છે ૧૯

મિટે રજત ભ્રમ સીપમેં, જન-પ્રવૃત્તિ જિમ નાહિ;
ન રમે આતમ-ભ્રમ મિટે, ત્યું દેહાદિકમાંહિ. ૨૦

છીપમાં થતી રજતબુદ્ધિનો ભ્રમ મટી જવાથી માણસ છીપને ગ્રહણ કરવામાં પ્રવૃત્તિ કરતો નથી, તેમ દેહાદિકમાં થતો આત્મભ્રમ નાશ થવાથી તે તે દેહ આદિમાં રમણ કરતો નથી- દેહાદિકમાં રાગ કરતો નથી ૨૦

ફિરે અબોધે કંઠગત, ચામીકરકે ન્યાય;
જ્ઞાન-પ્રકાશે મુગતિ તુજ, સહસ સિદ્ધિ નિરુપાય. ૨૧.

જેમ કોઈ અજ્ઞાની પોતાના કંઠમાં સોનાની માળા હોવા છતાં મારો હાર ક્યાં ગયો ? એમ કહેતો ફરે છે, પણ તે ભ્રાંતિ દૂર થવાથી પોતાના કંઠમાં જ હાર છે, એમ તેને સત્ય સમજાય છે, તેવી રીતે અજ્ઞાની જીવ દેહાદિક પરવસ્તુમાં આત્મભ્રાંતિ ધારણ કરી જ્યાં ત્યાં આત્મતત્ત્વ શોધે છે પણ જ્ઞાનનો પ્રકાશ થવાથી પોતાનામાં જ આત્મસ્વરૂપ ભાસે છે, બીજા ઉપાય વિના સહજભાવે મુક્તિની સિદ્ધિ થાય છે. ૨૧

યા બિન તુ સૂતો સદા, યોગે ભોગે જેણ;
રૂપ અતીંદ્રિય તુઝ તે, કહી શકે કહો કેણે ? ૨૨

આત્મજ્ઞાનની પ્રાપ્તિ વિના તું બાહ્યયોગમાં અને બાહ્ય વસ્તુના ભોગમાં સૂતો હતો. હવે જ્યારે આત્મજ્ઞાન પ્રગટ થયું ત્યારે સમજાયું કે તારું રૂપ અતીન્દ્રિય છે, તેનું વર્ણન કોણ કરી શકે ? અર્થાત્ તેનું વર્ણન થઈ શકે તેમ નથી - તે વચનાતીત છે. ૨૨

દેખે ભાખે ઓર કરે, જ્ઞાની સબહિ અચંભ;
વ્યવહારે વ્યવહારસ્યું, નિશ્ચયમેં થિર થંભ. ૨૩

જ્ઞાની જે કાંઈ દેખે, જે કાંઈ બોલે, અને જે કાંઈ કરે, જ્ઞાનીનું તે સર્વ કર્તવ્ય આશ્ચર્યકારક છે. જ્ઞાની વ્યવહારમાં શુદ્ધરીતે વર્તે છે

અને નિશ્ચયનયે પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિર સ્થંભ સમાન વર્તે છે. ૨૩

જગ જાણે ઉન્મત્ત ઓ, ઓ જાણે જગ અંધ;
જ્ઞાનીકું જગમેં રહ્યો, યુ નહિ કોઈ સંબંધ. ૨૪

જગત જ્ઞાનીઓને સાચી રીતે જાણી શકતું નથી અને જ્ઞાની જગતને અજ્ઞાની જાણે છે. જ્ઞાની જગતમાં રહેતા છતાં તે કોઈની સાથે સંબંધથી બંધાતો નથી. ૨૪

યા પર છાંહિ જ્ઞાનકી વ્યવહારે જ્યું કહાઈ;
નિર્વિકલ્પ તુજ રૂપ મેં, દ્વિધા ભાવ ન સુહાઈ. ૨૫

જેમ વ્યવહારમાં જ્ઞાનની પરછાયા કહેવાય છે અર્થાત્ ત્યાં વિકલ્પ દશા હોય છે, તેમ નિર્વિકલ્પ આત્મા ! તારા નિર્વિકલ્પ શુદ્ધ સ્વરૂપમાં બે પ્રકારનો ભાવ શોભતો નથી- હોતો નથી. ૨૫

યું બહિરાતમ છાંડિકે, અંતર-આતમ હોઈ;
પરમાતમ મતિ ભાવિએ, જિહાં વિકલ્પ ન કોઈ. ૨૬

એમ બહિરાત્મભાવનો ત્યાગ કરીને અંતરાત્મા થઈ જ્યાં સંકલ્પ વિકલ્પ નથી એવા પરમાત્માની શુદ્ધમતિથી ભાવના કરવી. ૨૬

સો મેં યા દ્રઢ વાસના, પરમાતમ પદ હેત;
ઈલિકા ભ્રમરી ધ્યાન ગતિ, જિનમતિ જિનપદ દેત. ૨૭

'હું જ્ઞાન-દર્શન-ચારિત્રમય આત્મા છું.' એવી દૃઢ વાસના પરમાત્મપદની પ્રાપ્તિમાટે છે, ઈલિકા અને ભમરીના દૃષ્ટાંતે રાગ-દ્વેષરહિત એવી જિનમતિ જિનપદની પ્રાપ્તિના હેતુભૂત થાય છે. શ્રી જિનેશ્વરપરમાત્માના ધ્યાનથી આત્મા સ્વયં જિન બની જાય છે. ૨૭

ભારે ભય પદ સોઈ હે, જિહાં જડકો વિશ્વાસ;
જિનસું ઓ ડરતો ફિરે, સોઈ અભયપદ તાસ. ૨૮

જ્યાં જડ ઉપર વિશ્વાસ છે તે જ સૌથી મોટું ભયસ્થાન છે = બાહ્યપદાર્થોમાં આત્મબુદ્ધિ કરવી તે જ મોટું ભયસ્થાન છે. જે જડપદાર્થોથી - બાહ્યભાવોથી આ આત્મા ડરતો ફરે છે- દૂર ભાગે છે, તે જ તેનું અભયપદ-નિર્ભયસ્થાન છે. ૨૮

ઈંદ્રિય-વૃત્તિ નિરોધ કરી, જો ખિનુ ગલિત વિભાવ;
દેખે અંતર આતમા, સો પરમાતમભાવ ૨૯

ઈંદ્રિયોની વૃત્તિનો નિરોધ કરી- સંયમન કરી, વિભાવદશાને દૂર કરી જે અંતરાત્માવડે ક્ષણમાત્ર જોતાં જે જણાય છે તે જ પરમાત્માનું તત્ત્વ છે- પરમાત્મભાવ છે. ૨૯

દેહાદિકતેં ભિન્ન મેં, મોથેં ન્યારે તેહુ;
પરમાતમ-પથ દીપિકા, શુદ્ધ ભાવના એહુ. ૩૦

હું દેહ, વાણી અને મન આદિથી ભિન્ન છું, અને તે દેહાદિક મારાથી ન્યારા છે આવી શુદ્ધભાવના ભાવવી તે પરમાત્મમાર્ગની દીવી છે. ૩૦

ક્રિયા કષ્ટ ભી નહુ લહે, ભેદ-જ્ઞાન-સુખવંત;
યા બિન બહુવિધ તપ કરે, તો ભી નહિ ભવ અંત. ૩૧

ભેદજ્ઞાને (શરીર અને આત્મા ભિન્ન છે તેમ જાણવું તે) કરી સુખી આત્મા ક્રિયાના કષ્ટને પામતો નથી, અને તે ભેદજ્ઞાન વિના અનેક પ્રકારના તપ કરે - શારીરિક કષ્ટક્રિયા કરે તો પણ તેને ભવનો-સંસારનો અંત થતો નથી. ૩૧

અભિનિવેશ પુદ્ગલ વિષય, જ્ઞાનીકું કહાં હોત ?
ગુણકો ભી મદ મિટ ગયો, પ્રકટત સહજ ઉદ્યોત. ૩૨

આત્મજ્ઞાની કે જેને પોતાના જ્ઞાનાદિક ગુણો સંબંધી પણ મદ મટી ગયો હોય છે અને તેને સહજ આત્મસ્વરૂપનો ઉદ્યોત પ્રગટ થયેલો હોય છે તેવા આત્મજ્ઞાનીને પુદ્ગલ સંબંધી અભિનિવેશ હોતો નથી. ૩૨

ધર્મ ક્ષમાદિક ભી મિટૈ, પ્રગટત ધર્મસંન્યાસ;
તે કલ્પિત ભવ-ભાવમેં, ક્યું નહિ હોત ઉદાસ ? ૩૩

ધર્મસંન્યાસયોગ પ્રગટ થતા ક્ષાયિકભાવે આત્મધર્મ પ્રગટ થતાં, ક્ષયોપશમ - ભાવના ક્ષમાદિક બાહ્યધર્મો પણ પોતાની મેળે શમી જાય છે. તો કલ્પિત સંસારના ભાવમાં જ્ઞાની કેમ મધ્યસ્થ ન રહી શકે ? અર્થાત્ સંસારના સર્વ ભાવોમાં જ્ઞાની મધ્યસ્થ રહે છે. ૩૩

રજ્જુ અવિદ્યા-જનિત અહિ, મિટે રજ્જુ કે જ્ઞાન;
આતમજ્ઞાને ત્યું મિટે, ભાવ - અબોધ નિદાન. ૩૪

અંધકારમાં દૂરથી દોરડી જોતાં અજ્ઞાનથી જીવ દોરડીને સર્પ માને છે અને તેનાથી ભય પામે છે, પણ એ દોરડી છે એવું જ્ઞાન બરાબર થવાથી તેને દોરડીમાંથી સર્પની બુદ્ધિ નાશ પામે છે તેમ દેહાદિકમાં અવિદ્યાના યોગે આત્મબુદ્ધિની ભ્રાંતિ થઈ છે, પણ જ્યારે આત્માના વાસ્તવિકસ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે આપોઆપ દેહાદિકમાં આત્મબુદ્ધિની ભ્રાંતિ ટળે છે. ૩૪

ધર્મ અરૂપી દ્રવ્યકે, નહિ રૂપી પરહેત;
અપરમ ગુન રાચે નહિ, યું જ્ઞાની મતિ દેત. ૩૫

અરૂપી આત્મદ્રવ્યનો ધર્મ પણ અરૂપી છે, તે અરૂપી આત્મદ્રવ્યના ધર્મનો હેતુ રૂપીદ્રવ્ય નથી કારણ કે અરૂપી ધર્મમાં રૂપીદ્રવ્યનું હેતુપણું ઘટતું નથી તેમ પોતાની જાતિથી ભિન્ન એવું પુદ્ગલદ્રવ્ય છે, તે આત્મદ્રવ્યમાં નિશ્ચયથી જોતાં કારણભૂત થતું નથી. અપરમ ગુણમાં રાચવું નહિ. એમ જ્ઞાની પુરુષો પોતાની બુદ્ધિથી વિચારે છે. ૩૫

નૈગમનયકી કલ્પના, અપરમ-ભાવ વિશેષ;
પરમ-ભાવમેં મગનતા, અતિ વિશુદ્ધ નયરેખ. ૩૬

અપરમ - ભાવ વિશેષ નૈગમનયની કલ્પના છે, પરમભાવમાં મગ્નતા તે અતિશુદ્ધ નયની રેખા છે માટે શુદ્ધ આત્મભાવમાં રાચવું. અતિવિશુદ્ધ - નય એટલે શુદ્ધ નિશ્ચયનય. ૩૬

રાગાદિક જબ પરિહરી કરે સહજ ગુણ - ખોજ;
ઘટમેં ભી પ્રગટે તદા, ચિદાનંદકી મોજ. ૩૭

રાગ-દ્વેષ, પરભાવ આદિનો ત્યાગ કરીને પોતાના આત્માના સ્વાભાવિક ગુણો-જ્ઞાન આદિની ખોજ કરે, તો આત્માને પોતાના ઘટમાં જ ચિદાનંદની મોજ પ્રગટે છે.૩૭

રાગાદિક પરિણામ-યુત, મનહિ અનંત સંસાર;
તેહિજ રાગાદિક રહિત, જાને પરમપદ સાર. ૩૮

રાગ અને દ્વેષના પરિણામવાળું મન તે જ અનંત સંસાર છે અને રાગાદિક રહિત એવું મન તે જ પરમપદ જાણવું. ૩૮

ભવ-પ્રપંચ મન - જાલકી, બાજી જૂઠી મૂલ;
ચાર પાંચ દિન ખુશ લગે, અંત ધૂલકી ધૂલ. ૩૯

ભવપ્રપંચભૂત મનની બનેલી માયાજાળની બધી બાજી જૂઠી છે,

તો પણ તેમાં રાચી રહેલા જીવોને ચાર-પાંચ દિવસ, થોડા વખત સુધી ભલે સુખ લાગે, પણ અંતે તો તે ધૂલની વસ્તુ ધૂલરૂપ જ થઈ જાય છે. અર્થાત્ ભવના પ્રપંચમાંથી કાંઈ પણ સારભૂત તત્ત્વ હાથમાં આવતું જ નથી. ૩૯

મોહ બાગુરી જાલ મન, તામેં મૃગ મત હોઉં;
યામેં જે મુનિ નહિ પરે, તાકુ અસુખ ન કોઉં. ૪૦

મોહરૂપી વાઘરી છે અને મનરૂપી જાળ છે. તેમાં પડેલો જીવ મૃગસમાન જાણવો. હે મુનિઓ ! તે મનજાળમાં તમે પડશો નહિ. જે મુનિ તે મનજાળમાં પડે નહિ તેને પછી કોઈ પ્રકારનું દુઃખ રહેતું નથી. ૪૦

જબ નિજમન સન્મુખ હુએ, ચિંતે ન પર ગુણ દોષ;
તબ બહુરાઈ લગાઈએ, જ્ઞાન ધ્યાન રસ પોષ. ૪૧

જ્યારે મન આત્મસન્મુખ થાય છે, ત્યારે પારકાના ગુણ-દોષ તરફ દૃષ્ટિ દેતું નથી. વિશેષ પ્રકારે આ રીતે મન જ્યારે આત્મા સન્મુખ બને ત્યારે તેને આત્મામાં લગાડવું કે જેથી જ્ઞાન અને ધ્યાનના રસની વિશેષ પુષ્ટિ થાય. ૪૧

અહંકાર પરમેં ધરત, ન લહે નિજ ગુણ ગંધ;
અહંજ્ઞાન નિજ ગુણ લગે, છુટે પરહિ સંબંધ. ૪૨

પરમાં એટલે શરીર, મન, વાણી, ઘર, ધન અને સ્ત્રી આદિમાં આત્મબુદ્ધિ - અહંકાર ધારણ કરે છે, ત્યારે આત્મા આત્મગુણની ગંધ પણ પામતો નથી પણ જ્ઞાનીપુરુષ જ્યારે આત્મામાં અને આત્માના ગુણોમાં અહમ્ વૃત્તિ ધારણ કરી પરવસ્તુથી- શરીર-કર્મ આદિથી રહિત થઈ જાય છે, ત્યારે મુક્તિપદ પામે છે. ૪૨

અર્થ ત્રિલિંગી પદ લહે, સો નહિ આતમરૂપ;
તો પદ કરી કયું પાઈએ ? અનુભવગમ્ય સ્વરૂપ. ૪૩

જે આ દેખાતા ત્રણ લિંગ (સ્ત્રીલિંગ, પુરુષલિંગ અને નપુંસકલિંગ) રૂપ શરીરને આત્મારૂપે જાણે છે, તે બહિરાત્મા છે અને તે આત્માના સાચા સ્વરૂપને જાણતો નથી માટે લિંગથી ભિન્ન અનુભવગમ્ય આત્મસ્વરૂપ જાણવું ૪૩.

દિસિ દાખી નવિ ડગ ભરે, નય પ્રમાણ પદકોડિ;
સંગ ચલે શિવપુર લગેં, અનુભવ આતમ જોડી. ૪૪

શાસ્ત્રો તો દિશા માત્ર બતાવનારા છે. દિશા બતાવીને ઊભા રહે છે તેમનું કાર્ય એટલું જ છે અર્થાત્ નયશાસ્ત્ર અને પ્રમાણશાસ્ત્રનાં ક્રોડો પદ જોવા માત્રથી આત્મસ્વરૂપ તરફ એક ડગલું પણ ભરી શકાતું નથી પણ આત્માની સાથે અનુભવ જોડવાથી તે અનુભવ જ મોક્ષનગરસુધી સાથે ચાલે છે. ૪૪

આતમ-ગુણ અનુભવત ભી, દેહાદિકતેં ભિન્ન;
ભૂલે વિભ્રમ-વાસના, જોરેં ફિરે ન ખિન્ન. ૪૫

આત્માના ગુણોને અનુભવતો અને "આત્મા એ શરીરાદિથી ભિન્ન છે" એવી ભાવના કરવા છતાં પણ પૂર્વની ભ્રમવાસનના યોગે પાછું આત્મસ્વરૂપ ભૂલાય છે માટે ક્ષણે ક્ષણે આત્મસ્વરૂપ સંભારી આત્મસ્વરૂપમાં રમણતા કરવી. ૪૫

દેખે સો ચેતન નાહિ, ચેતન નાહિ દિખાય;
રોષ તોષ કિનસુ કરે ? આપ હિ આપ બુઝાય. ૪૬

આ જે દેખાય છે તે (શરીર, મન, વાણી, સાતધાતુ, ઘરબાર વગેરે વસ્તુઓ) ચેતન નથી, ચેતન = આત્મા એ દેખાતો નથી- અરૂપી છે. તો કોનાથી રોષ કરું ? અને કોનાથી તોષ માનું ? આથી પોતાના આત્માને પોતાની મેળે ઓળખી આત્મસ્વરૂપમાં જ મગ્ન રહેવું ઉચિત છે. ૪૬

ત્યાગ ગ્રહણ બાહિર કરે, મૂઢ કુશલ અંતરંગ;
બાહિર અંતર સિદ્ધકું, નહિ ત્યાગ અરૂ સંગ. ૪૭

મૂઢ જીવ બાહ્યવસ્તુમાં ત્યાગ અને ગ્રહણબુદ્ધિ ધારણ કરે છે અને કુશળ એવો અંતરાત્મા અંતરંગ-આત્મામાં ત્યાગ (= રાગદ્વેષનો તથા આઠ કર્મોનો ત્યાગ) અને ગ્રહણ (આત્માના આઠ ગુણ અને આત્માની અનંત ઋદ્ધિનું ગ્રહણ) કરે છે. અર્થાત્ અંતરાત્મા આવિર્ભાવની અપેક્ષાએ સ્વગુણ - પર્યાયનું ગ્રહણ કરે છે અને સિદ્ધાત્માને બાહ્યથી કે અંતરથી ત્યાગ કે ગ્રહણ કશું હોતું નથી. ૪૭

આતમજ્ઞાને મન ધરે, વચન-કાય-રતિ છોડ;
તો પ્રકટે શુભ વાસના, ગુણ અનુભવકી જોડ. ૪૮

મન જો વચન અને કાયાની રતિ છોડીને આત્મજ્ઞાનમાં રતિ ધારણ કરે તો અંતરમાં શુભ વાસના પ્રગટે છે અને તે આત્મગુણના અનુભવને જોડી આપે છે. ૪૮

યોગારંભીકું અસુખ, અંતર બાહિર સુખ;
સિદ્ધ - યોગકું સુખ હે, અંતર બાહિર દુઃખ ૪૯

યોગારંભીને-આત્મસ્વરૂપનો પ્રથમ અનુભવ કરનારને બાહ્ય વસ્તુમાં સુખ અને અંતરમાં દુઃખ લાગે છે પણ સિદ્ધયોગીને – યથાર્થ આત્મસ્વરૂપ જાણનારને કેવળ આત્મસ્વરૂપમાં જ સુખ લાગે છે અને બાહ્ય વિષયો દુઃખરૂપ લાગે છે. ૪૯

સો કહીએ સો પૂછીએ, તામેં ધરીયે રંગ;
યાતેં મિટે અબોધતા, બોધરૂપ હુઈ ચંગ. ૫૦

માટે તે જ આત્મસ્વરૂપ કહેવું, તે આત્મસ્વરૂપ જ પૂછવું. તેમાં જ આનંદ ધારણ કરવો જેથી અજ્ઞાનદશા નાશ પામે અને સુંદર જ્ઞાનદશાને - જ્ઞાનમય - આત્મસ્વરૂપને પામે. ૫૦

નહિ કછુ ઇંદ્રિય વિષયમેં ચેતન કુ હિતકાર;
તો ભી જન તામેં રમેં, અંધો મોહ અંધાર. ૫૧

ઈન્દ્રિયોના વિષયમાં ચેતનને કાંઈ હિતકારક-લાભ નથી. તો પણ મોહરૂપ અંધકારથી અંધ બનેલા જીવો તેમાં ઇંદ્રિયોના વિષયમાં રમે છે- આનંદ પામે છે. ૫૧

મૂઢાતમશું તે પ્રબલ, મોહે છાંડિ શુદ્ધ;
જાગતે હે મમતા ભરે, પુદ્ગલ મેં નિજ બુદ્ધિ. ૫૨

મોહથી શુદ્ધાત્માસ્વરૂપની શુદ્ધિ જેણે છોડી છે એવા મૂઢાત્માને પુદ્ગલદ્રવ્યોમાં અહંપણાની બુદ્ધિ જાગે છે અને પરદ્રવ્યમાં મમતા કરે છે. ૫૨

તાકું બોધન-શ્રમ અફલ, જાકું નહિ શુભ યોગ;
આપ આપકું બૂઝવે નિશ્ચય અનુભવ ભોગ. ૫૩

જે જીવને શુભયોગ પ્રગટયો નથી-પોતાના આત્મસ્વરૂપ પ્રત્યે રુચિ થઈ નથી તેને બોધ કરવાનો શ્રમ કરવો તે નિષ્ફળ છે. નિશ્ચયથી જોતાં પોતે જ પોતાના આત્માને સમજાવી શકાય છે, એમ અનુભવી મહાપુરુષો કહે છે. ૫૩

પરકો કિસ્યો બુઝાવનો, તું પર-ગ્રહણ ન લાગ;
ચાહે જેમેં બુઝનો, સો નહિ તુઝ ગુણ ભાગ. ૫૪

પરને-બીજાને કઈ રીતે બુઝવવો ? -જેને બોધ કરવા ઈચ્છું છું તે હું નથી, અને હે આત્મા તું બીજાને ગ્રાહ્ય નથી. તું જેનામાં બોધ કરવાને ઈચ્છે છે, તે તારા ગુણોને ભોગવનાર નથી. કેમ કે આત્મા સ્વસંવેદનગ્રાહ્ય છે. ૫૪

જબલોં પ્રાની નિજમતેં, ગ્રહે વચન મન કાય;
તબલોં હિ સંસાર થિર, ભેદ-જ્ઞાન મિટી જાય. ૫૫

મનુષ્ય જ્યાંસુધી મન, વચન અને કાયા એ ત્રણને વિશે આત્મબુદ્ધિ ધારણ કરે છે, ત્યાંસુધી તેનો સંસાર સ્થિર જાણવો અને એ ત્રણથી આત્મા ભિન્ન છે, એવું ભેદજ્ઞાન થાય ત્યારે તેનો સંસાર મટી જાય છે. ૫૫

સૂક્ષ્મ ધન જીરન નવે, જ્યું કપરે ત્યું દેહ;
તાતેં બુધ માનેં નહિ, આપની પરિણતિ તેહ. ૫૬

જાડું વસ્ત્ર પહેરવાથી હું જાડો છું, એમ જ્ઞાની પુરુષ માનતો નથી તેમ શરીર જાડું થતાં આત્મા પણ જાડો છે, એમ માનતો નથી શરીર પાતળું પડતાં આત્મા પાતળો છે, એમ માનતો નથી; જ્ઞાની તો આત્મપરિણતિવાળો જ હોય છે. ૫૬

હાનિ વૃદ્ધિ ઉજ્વલ મલિન, જ્યું કપરે ત્યું દેહ;
તાતેં બુધ માને નહિ; અપની પરિણતિ તેહ. ૫૭

જેમ કપડાની હાનિ-વૃદ્ધિ થવાથી કે કપડું ઉજ્જવળ કે મલિન થવાથી જ્ઞાની પોતાને હાનિ કે વૃદ્ધિ પામેલો અગર ઉજ્જવળ કે મલિન થયેલો માનતો નથી તેમ શરીરની હાનિ-વૃદ્ધિમાં કે ઉજ્જવળતા કે મલિનતામાં પોતાના આત્માની હાનિ-વૃદ્ધિ કે ઉજ્જવળતા કે મલિનતા જ્ઞાની માનતો નથી. ૫૭

જૈસે નાશ ન આપકો, હોત વસ્ત્રકો નાશ;
તૈસે તનુકે નાશતેં, ચેતન અચલ અનાશ. ૫૮

જેમ વસ્ત્રનો નાશ થવાથી પોતાનો નાશ થતો નથી તેમ શરીરનો નાશ થવાથી આત્માનો નાશ થતો નથી. ચેતન તો અચલ અને અવિનાશી છે.૫૮

જંગમ જગ થાવર પરે, જાકું ભાસે નિત્ત;
સો ચાખે સમતા-સુધા, અવર નહિ જડ-ચિત્ત. ૫૯

હંમેશા જેને હાલતું - ચાલતું જગત (શરીર આદિ) સ્થાવર પથ્થર આદિની જેમ જડ લાગે છે, તે સમતારૂપી અમૃતરસને ચાખે છે, બીજો જડબુદ્ધિવાળો તે સમતારૂપી અમૃત ચાખી શકતો નથી. ૫૯

મુગતિ દૂર તાકું નહિ, જાકું સ્થિર સંતોષ;
દૂર મુગતિ તાકું સદા, જાકું અવિરતિ પોષ. ૬૦

જેના મનમાં સ્થિરપણે સંતોષે નિવાસ કર્યો છે, તેને મુક્તિ દૂર નથી- મુક્તિ તેની નજીકમાં જ છે અને જેને અવિરતિની પુષ્ટિ થાય છે- જેના હૃદયમાં સંતોષ નથી તેનાથી મુક્તિ હંમેશાં દૂર છે. ૬૦

હોત વચન મન ચપલતા, જનકે સંગ નિમિત્ત;
જન-સંગી હોવે નહિ, તાતેં મુનિ જગ-મિત્ત. ૬૧

મનુષ્યોના સંસર્ગથી વચન અને મનની ચપલતા થાય છે, તેથી મુનિઓએ મનુષ્યનો સંસર્ગ ત્યજવો અને સંસર્ગનો ત્યાગ કરનાર મુનિઓ જગતના મિત્ર છે.

અહીં મનુષ્યોનો સંસર્ગ તજવાની વાત છે, તે સાપેક્ષદૃષ્ટિએ અથવા અવસ્થાવિશેષે સમજવી. સંસારરસિક, ભવાભિનંદી, રજોગુણ

એ તમોગુણથી આવૃત્ત થયેલા અર્થાત્ રજોગુણ અને તમોગુણથી રંગાયેલા મનુષ્યોનો સંસર્ગ સાધકપુરુષોએ અવશ્ય ત્યાગ કરવો જોઈએ. પરંતુ જ્ઞાની, ગુણી, યોગી, અધ્યાત્મી અને ગીતાર્થ મહાપુરુષોનો તો અવશ્ય સંગ કરવો જોઈએ. કારણ કે ગુરુકુલવાસમાં જીવનના અંતસુધી ગુણી પુરુષોની નિશ્રામાં રહેવાનું શાસ્ત્રોમાં ભારપૂર્વક પ્રતિપાદન કરવામાં આવેલું છે તેથી તાત્પર્ય એ છે કે આત્મસાધનામાં મગ્ન બનેલા યોગીઓ સામાન્યજનોને પ્રિય એવી લૌકિક પ્રવૃત્તિમાં પડે નહિ, મનમાં લૌકિક પ્રવૃત્તિને સ્થાન આપે નહિ. ૬૧

વાસ નગર વન કે વિષે; માને દુવિધ અબુદ્ધ;
આતમ-દર્શીકું વસતિ, કેવલ આતમ શુદ્ધ. ૬૨

નગર કે વન એ બેને તો અજ્ઞાની પોતાના નિવાસ માને છે- અર્થાત્ અજ્ઞાની પોતાને નગરમાં રહેતા નગરવાસી માને છે અને વનમાં રહેતા વનવાસી માને છે પણ આત્મદર્શી એવા જ્ઞાનીને તો શુદ્ધાત્મા એ જ રહેવાનું સ્થાન છે.

મનમાં જે વસ્તુનો સંકલ્પ ન હોય તે વસ્તુ પર હોય તો પણ હોવા બરાબર જ છે. તેથી વસ્તીમાં રહેવા છતાં મુનિઓ મનથી તો આત્મામાં જ - એકાંતમાં જ સ્થિત હોય છે, એમ સમજવું.

જો મનમાં જે વસ્તુનો સંકલ્પ વિકલ્પની બહુલતા હોય તો વનમાં રહે તો પણ એકાંત કહેવાય નહિ. ૬૨

આપ-ભાવના દેહમેં, દેહાંતર ગતિ હેત;
આપ-બુદ્ધિ જો આપમેં, સો 'વિદેહ' પદ દેત. ૬૩

દેહમાં આત્મબુદ્ધિ કરવી તે ભવપરંપરાનું કારણ છે પણ જો આત્મામાંજ જો આત્મબુદ્ધિ ધારણ કરે તો તે વિદેહપદ = દેહરહિત પદ = મોક્ષપદનો હેતુ છે. ૬૩

ભવિ શિવપદ દિઈ આપકું, આપહી સન્મુખ હોઈ;
તાતે ગુરુ હે આતમા, અપનો ઔર ન કોઈ. ૬૪

પોતાનો ભવ્ય આત્મા જ આત્માની સન્મુખ બની આત્માને મોક્ષપદ આપે છે. એટલા માટે વાસ્તવિક રીતિએ-નિશ્ચયનયથી આત્મા જ આત્માનો ગુરુ છે પણ બીજો કોઈ આત્માનો ગુરુ નથી. ૬૪

સોવત હે નિજ ભાવમેં, જાગે તે વ્યવહાર;
સુતો આતમ-ભાવમેં, સદા સ્વરૂપાધાર. ૬૫

જે વ્યવહારમાં જાગે છે તે આત્મભાવમાં ઉંઘે છે, વ્યવહારમાં ઉંઘે છે, તે હંમેશા સ્વ-પોતાના રૂપના આધારભૂત એવા આત્મભાવમાં જાગતા છે. ૬૫

અંતર ચેતન દેખકે, બાહિર દેહ સ્વભાવ;
તાકે અંતર જ્ઞાનતેં, હોઈ અચલ દ્રઢભાવ. ૬૬

જેઓ આત્માને અંતરમાં દેખી અને દેહસ્વભાવને બાહ્યરૂપે દેખે, તેઓ અંતરના જ્ઞાનથી અચલ અને દૃઢભાવવાળા થાય છે. ૬૬

ભાસે આતમજ્ઞાન ધુરિ, જગ ઉન્મત્ત સમાન;
આગે દૃઢ અભ્યાસતેં, પથ્થર તૃણ અનુમાન. ૬૭

પ્રારબ્ધયોગી-એવા આત્મજ્ઞાનીને પ્રથમ જગત ઉન્મત્તની જેવું જણાય છે પણ આગળ દૃઢઅભ્યાસથી તત્પર અને તૃણ જેવું ભાસે છે. ૬૭

ભિન્ન દેહતેં ભાવિયે, ત્યું આપહીમેં આપ;
જ્યું સ્વપ્નહીમેં નહિ હુએ, દેહાતમ ભ્રમ-તાપ. ૬૮

આત્માને શરીરથી ભિન્ન વિચારીએ તો આત્મામાં જ આત્મા

જણાય. જેથી સ્વપ્નમાં પણ "દેહ એ જ આત્મા છે." એવા ભ્રમનો તાપ ન થાય. ૬૮

પુણ્ય પાપ વ્રત અવ્રત, યુગતિ દોઉકે ત્યાગ;
અવ્રત પરે વ્રત ભી ત્યજે, તાર્તેં ધરિ શિવ-રાગ. ૬૯

પુણ્ય-પાપ, વ્રત-અવ્રત અથવા વ્રતથી પુણ્ય, અવ્રતથી પાપ અને તે બંનેના ત્યાગથી મુક્તિ થાય છે માટે મોક્ષાર્થી મોક્ષનો રાગ ધારણ કરી અવ્રતની પેઠે છેવટે વ્રતથી પણ નિવૃત્ત થાય છે. ધર્મસંન્યાસ નામનો યોગ પ્રાપ્ત થાય છે, ત્યારે યોગ સામર્થ્યના બળે પછી તેને વ્રતની જરૂર રહેતી નથી. તે અવસ્થામાં ઈચ્છા વિના પણ શુભયોગનું પ્રવર્તન સ્વાભાવિક રીતે જ ચાલુ હોય છે. જેમ પ્રથમ દંડની પ્રેરણાથી ચક્રનું ભ્રમણ થાય છે પછી દંડની પ્રેરણાવિના પણ પોતાની મેળે જ ચક્રભ્રમણ ચાલે છે તેમ યોગની ઉચ્ચભૂમિકામાં સહજ પ્રયત્ન વિના જ આત્માની પવિત્રતા જળવાઈ રહે છે. ૬૯

પરમ - ભાવ પ્રાપ્તિ લગે, વ્રત ધરિ અવ્રત છોડિ;
પરમ - ભાવ - રતિ પાય કે, વ્રત ભી ઈન મેં જોડિ. ૭૦

પ્રથમ હિંસા વગેરે અવ્રતોનો ત્યાગ કરવો જરૂરી છે અને જ્યાં સુધી પરમ વીતરાગભાવ પ્રાપ્ત ન થાય ત્યાંસુધી મહાવ્રતોને ધારણ કરવા જોઈએ. પછી પરમ વીતરાગતા રૂપ પદ પમાય ત્યારે વ્રતને પણ તેમાં જોડી દેવા. ૭૦

દહન સમેં જ્યું તૃણ દહે, ત્યું વ્રત અવ્રત છેદિ;
ક્રિયા શક્તિ ઈનમેં નહિ, યા ગતિ નિશ્ચય ભેદ. ૭૧

જેમ અગ્નિ તૃણને બાળીને પોતે તેમાં સમાઈ જાય છે, તેમ વ્રત પણ અંતે વિલયભાવને પામે છે. અવ્રતને છેદવાની ક્રિયાશક્તિ વ્રતમાં નથી. બાહ્ય અને અભ્યંતર બે પ્રકારના અવ્રતને છેદવાની

શક્તિ તો નિશ્ચયનયથી આત્માનાં સ્વભાવમાં રહેલી છે. ૭૧

વ્રત. ગુણ ધારત અવ્રતિ, વ્રતિજ્ઞાન ગુણ હોઈ,
પરમાતમકે જ્ઞાનતેં, પરમ-આતમા હોઈ. ૭૨

અવ્રતી વ્રતગુણ ધારણ કરીને અને વ્રતી જ્ઞાનગુણ ગ્રહણ કરીને અનુક્રમે પરમાત્મજ્ઞાનથી સંપન્ન થઈને પરમાત્મા થાય છે. ૭૨

લિંગ દેહ આશ્રિત રહે, ભવકો કારણ દેહ;
તાતેં ભવ છેદે નહિ, લિંગ-પક્ષ-રત જેહ. ૭૩

લિંગ એટલે જટા ધારણ કરવી, ભગવાં વસ્ત્રો પહેરવાં, દંડ ધારણ કરવો, અમુક શરીર ઉપર ચિહ્ન ધારણ કરવા, તે સર્વ દેહને આશ્રય કરીને રહેલા છે, અને દેહ તે સંસારનું કારણ છે, તેથી જેઓ માત્ર લિંગ-ચિહ્નમાં જ આગ્રહ રાખનારા છે એવા કદાગ્રહવાળા જીવો મુક્તિ પામતા નથી. ૭૩

જાતિ દેહ આશ્રિત રહે, ભવકો કારણ દેહ;
તાતેં ભવ છેદે નહિ, જાતિ-પક્ષ-રત જેહ. ૭૪

બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ જાતિ તે દેહને આશ્રીને રહી છે અને દેહ એ સંસારનું કારણ છે, માટે જેઓ માત્ર જાતિમાં જ રક્ત રહે છે- જાતિનું જ અભિમાન કરે છે, તેઓ સંસારનો છેદ કરી શકતા નથી- મુક્તિ પામતા નથી. ૭૪

જાતિ-લિંગ કે પક્ષમેં, જિનકું હૈ દ્રઢ - રાગ;
મોહ-જાલમેં સો પરેં, ન લહે શિવ-સુખ ભાગ. ૭૫

જે મનુષ્યને જાતિ અને લિંગના પક્ષમાં જ એકાંત દૃઢરાગ છે એટલે જાતિ અને લિંગને જ મુક્તિનું કારણ માને છે, તે અજ્ઞાની જીવ મોહની જાળમાં ફસાયેલો છે. તે મોક્ષસુખ પામી શકતો નથી. ૭૫

લિંગ દ્રવ્ય ગુન આદરે, નિશ્ચય સુખ વ્યવહાર;
બાહ્ય લિંગ હઠ નય મતિ, કરે મૂઢ અવિચાર. ૭૬

દ્રવ્યલિંગ છે તે આત્મગુણોનો સ્વીકાર કરવામાં હેતુભૂત છે, નિશ્ચયનયથી સાધ્ય જે મોક્ષસુખ તેમાં દ્રવ્યલિંગરૂપ વ્યવહાર કારણભૂત છે, પણ દ્રવ્યલિંગ એકાંતે મોક્ષનું કારણ નથી, તેમ છતાં જે મૂઢ કેવળ બાહ્યલિંગમાં જ હઠ-કદાગ્રહ રાખે છે, તે વસ્તુના યથાર્થસ્વરૂપનો વિચાર કરી શકતો નથી. ૭૬

ભાવ લિંગ જાતેં ભયે, સિદ્ધ પનરસ ભેદ;
તાતેં આતમકું નહિ, લિંગ ન જાતિ ન વેદ. ૭૭

ભાવલિંગ ઉત્પન્ન થતાં સિદ્ધના પંદર ભેદો થયા, માટે આત્માને લિંગ, જાતિ કે વેદ કશું નથી. આત્મા સ્વગુણોથી જ સિદ્ધ થાય છે, ભાવલિંગ છે તે આત્માના ગુણસ્વરૂપ છે. ૭૭

પંગુ દૃષ્ટિ જ્યું અંધમે, દ્રષ્ટિ-ભેદ નહુ દેત;
આતમ-દૃષ્ટિ શરીરમેં ત્યું ન ધરે ગુન હેત. ૭૮

જેમ સમજુ માણસ પાંગળાની દૃષ્ટિને આંધળાની દૃષ્ટિ માનતો નથી તેમ જે દેહ અને આત્માના ભેદને જાણે છે તે ગુણના હેતુરૂપ આત્માની દૃષ્ટિને શરીરમાં ધારણ કરતો નથી. અર્થાત્ અંતરાત્મા શરીરથી ન્યારો વર્તે છે. ૭૮

સ્વપ્ન વિકલતાદિક દશા, ભ્રમ માને વ્યવહાર;
નિશ્ચયનયમેં દોષ-ક્ષય, વિના સદા ભ્રમચાર. ૭૯

વ્યવહારનય સ્વપ્ન અને વિકલતા-ઉન્મત્તપણા આદિ દશાને ભ્રમરૂપ માને છે, નિશ્ચયનયમાં તો દોષનો ક્ષય થયેલ હોવાથી સદાય ભ્રમનો ચાર નથી. અર્થાત્ આત્મદર્શી અંતરાત્માને સુપ્તાદિ અવસ્થામાં પણ વિભ્રમ નથી તો જાગ્રત અવસ્થામાં વિભ્રમ ક્યાંથી હોય ? ૭૯

છૂટે નહિ બહિરાતમા, જાગતભી પઢિ ગ્રંથ;
છૂટે ભવર્થે અનુભવી, સુપન-વિકલ નિર્ગ્રંથ. ૮૦

બહિરાત્મા ગ્રંથો ભણે, જાગતો રહે તો પણ કર્મથી છૂટતો નથી તેમજ અનુભવી અંતરાત્મા મુનિ દૃઢ અભ્યાસને લીધે નિદ્રા લેતો હોય કે વિકલ હોય તો પણ સંસારથી છૂટે છે - કર્મરહિત થાય છે. ૮૦

પઢિ પાર કહાં પાવનો ? મિટયો ન મનકો ચાર;
જ્યું કોલ્હુકે બેલકું, ઘરહી કોસ હજાર. ૮૧

જો મનના વિકલ્પો ન મટે તો ભણીને પણ પાર શી રીતે પામી શકાય ? કોલુનો બળદ આખો દિવસ ફર્યા કરે અને મનમાં જાણે કે હું હજારો ગાઉ ચાલ્યો પણ તે ઘેરનો ઘેર જ હોય છે. ૮૧

તિહાં બુદ્ધિ થિર પુરુષકી, જિહાં રુચિ તિહાં મનલીન;
આતમ-મતિ-આતમ-રુચિ, કાહુ કોન આધીન ? ૮૨

જ્યાં મનુષ્યની બુદ્ધિ સ્થિરપણે ચોંટે છે ત્યાં તેની રુચિ પણ થાય છે અને મન પણ તેમાં લીન બને છે, જેને આત્મવિષયમાં જ મતિ થાય છે, આત્મામાં જ રુચિ થાય છે - આત્મામાં જ પ્રીતિ થાય છે, તે પુરુષ બીજા કોને આધીન છે ? અર્થાત્ તે બીજા કોઈને આધીન નથી. ૮૨

સેવત પરમ પરમાત્મા, લહે ભવિક તસ રૂપ;
બતિયાં સેવત જ્યોતિકું, હોવત જ્યોતિ-સરૂપ. ૮૩

પરમાત્માની સેવા કરવાથી ભવ્ય જીવ તે પરમાત્માના રૂપને પામે છે,-જેમ દીપથી ભિન્ન એવી વાટ તે દીપની જ્યોતિને સેવીને પોતે પણ જ્યોતિસ્વરૂપ બને છે. ૮૩

આપ આપમેં સ્થિત હુએ, તરૂથેં અગ્નિ-ઉદ્યોત;
સેવત આપહિ આપકું, ત્યું પરમાતમ હોત. ૮૪

આત્મા આત્મામાં સ્થિર થવાથી પરમાત્મરૂપ બને છે, જેમ વૃક્ષ પોતેપોતાની સાથે ઘસાતાં વૃક્ષમાં અગ્નિ પ્રગટે છે અને પોતે અગ્નિરૂપ થઈ જાય છે, તેમ આત્મા પણ આત્માનું ધ્યાન કરતાં પરમાત્મરૂપ થઈ જાય છે. ૮૪

યાહિ પરમપદ ભાવિયે, વચન અગોચર સાર;
સહજ જ્યોતિ તો પાઈયે, ફિર નહિ ભવ-અવતાર. ૮૫

આ આઁત્મા જ મોક્ષપદ છે, એમ ભાવીએ અને તેવી ભાવનાથી વચનને અગોચર એવું મોક્ષપદ પમાય છે, અને તેથી આત્માની સ્વાભાવિક જ્યોતિ (કેવળજ્ઞાન) પ્રાપ્ત થાય છે અને તેથી ફરીથી સંસારમાં અવતાર-જન્મ થતો નથી. ૮૫

જ્ઞાનીકું દુઃખ કછુ નહિ, સહજ સિદ્ધ નિર્વાણ;
સુખ પ્રકાશ અનુભવ ભએ, સબહિ ઠોર કલ્યાણ. ૮૬

જ્ઞાનીને કોઈ પણ પ્રકારનું દુઃખ નથી, જ્ઞાનીને સહજ રીતે મોક્ષ સિદ્ધ થાય છે. સુખનો પ્રકાશ કરનાર અનુભવ ઉત્પન્ન થતાં સર્વત્ર કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે. ૮૬

સુપન-દૃષ્ટિ સુખ નાશતેં, જ્યું દુઃખ ન લહે લોક;
જાગર-દૃષ્ટિ વિનષ્ટમેં, ત્યું બુધકું નહિ શોક. ૮૭

સ્વપ્નમાં જોયેલ સુખનો નાશ થવાથી જેમ લોક દુઃખ પામતો નથી તેમ જાગ્રત અવસ્થામાં જોયેલ શરીર આદિનો નાશ થવાથી પંડિતજનને શોક થતો નથી. ૮૭

સુખ - ભાવિત દુઃખ પાય કે, ક્ષય પાવે જગજ્ઞાન;
ન રહે સો બહુ તાપમેં, કોમલ ફૂલ સમાન. ૮૮

સુખભાવિત જ્ઞાન-શાતાવેદનીયના યોગે ભાવિત જ્ઞાન, દુઃખ પ્રાપ્ત થતાં નાશ પામે છે- દુઃખના વખતમાં ટકી શકતું નથી. જેમ બહુ તાપમાં કોમળ ફૂલ કરમાઈ જાય છે, તેમ સુખભાવિત જ્ઞાન દુઃખ પડવાથી રહે નહિ. અર્થાત્ કષ્ટ વખતે સુખભાવિત જ્ઞાનવાળાને સમાધિ રહેતી નથી પણ તે અસમાધિમાં પડી જાય છે. ૮૮

દુઃખ - પરિતાપે નવિ ગલે, દુઃખ-ભાવિત મુનિ-જ્ઞાન;
વજ્રગલે નવિ દહનમેં, કંચનકે અનુમાન. ૮૯

અને દુઃખના પરિતાપથી દુઃખ ભાવિત-સમતાપૂર્વક દુઃખને સહન કરનાર મુનિવરનું જ્ઞાન ગળી જતું નથી- નાશ થતું નથી. જેમ અગ્નિમાં વજ્ર ગળતું નથી અને સોનાને અગ્નિમાં નાંખવાથી પોતાનું મૂળ સ્વરૂપ ત્યાગતું નથી પણ ઉલટું વધારે શુદ્ધ થાય છે, તેમ દુઃખના પરિતાપથી- પરિષહ આદિથી મુનિનું જ્ઞાન ગળી જતું નથી પણ વધારે શુદ્ધ થાય છે. ૮૯

તાતેં દુઃખસું ભાવિએ, આપ શક્તિ અનુસાર;
તો દઢતર હુઈ ઉલ્લસે, જ્ઞાન-ચરણ-આચાર. ૯૦

તેથી પોતાની શક્તિ અનુસાર શારીરિક આદિ કષ્ટ સહન કરી આત્માને ભાવવો કે જેથી આત્માનો ઉપયોગ સ્થિર થઈ ઉલ્લાસ પામે અને એમ કરવાથી જ્ઞાન અને ચારિત્રનો દઢભાવ થાય. ૯૦

રનમેં લરતે સુભટ જ્યું, ગિને ન બાન-પ્રહાર ;
પ્રભુ-રંજન કે હેત ત્યું, જ્ઞાની અસુખ-પ્રચાર. ૯૧

યુદ્ધમાં લડતા સુભટો જેમ બાણના પ્રહારને ગણતા નથી, તેમ

આત્મારૂપ પ્રભુને રંજન કરવા માટે કર્મરૂપી શત્રુની સાથે લડતા જ્ઞાનીપુરુષો પણ દુઃખના પ્રચારને ગણતા નથી. ૯૧

વ્યાપારી વ્યાપારમેં, સુખ કરિ માને દુઃખ;
ક્રિયા કષ્ટ સુખમેં ગિને, ત્યું વાંછિત મુનિ-મુખ્ય. ૯૨

જેમ વ્યાપારીને વ્યાપાર કરતાં અનેક પ્રકારનું દુઃખ થાય છે, છતાં તેને તે સુખ કરીને માને છે, તેમ મુનિરાજ પણ આત્મસુખની વાંછા કરતા ક્રિયાના કષ્ટોને-દુઃખોને પણ સુખરૂપ માને છે. પરિષહ વગેરેથી ઉત્પન્ન થતાં દુઃખોને પણ સુખરૂપ માને છે. ૯૨

ક્રિયા યોગ અભ્યાસ હે, ફલ હે જ્ઞાન અબંધ;
દોનુંકું જ્ઞાની ભજે, એક-મતિ મતિ - અંધ. ૯૩

યોગ અભ્યાસરૂપ ક્રિયા છે અને અબંધ (કર્મબંધનો અભાવ) રૂપ ફળવાળું જ્ઞાન છે. જ્ઞાની પુરુષ જ્ઞાન અને ક્રિયા એ બંનેને સેવે છે. જે એકની મતિવાળો હોય - જ્ઞાન અને ક્રિયામાંથી એકને સેવે અને એકને ન સેવે તે અંધ છે- અજ્ઞાની છે. અર્થાત્ એવો એકાંતવાદી તત્ત્વને પામી શકતો નથી. ૯૩

ઈચ્છા શાસ્ત્ર સમર્થતા, ત્રિવિધ યોગ હે સાર;
ઈચ્છા નિજ શકતે કરી, વિકલ યોગ વ્યવહાર. ૯૪

(૧) ઈચ્છાયોગ (૨) શાસ્ત્રયોગ અને (૩) સામર્થ્યયોગ આ ત્રણે યોગ સારભૂત છે. (જે યોગદૃષ્ટિ સમુચ્ચય આદિ ગ્રન્થોમાં બતાવ્યા છે.) ઈચ્છાયોગ એટલે પોતાની શક્તિ મુજબ સૂત્રાર્થનું ઈચ્છકપણું હોય પણ ક્રિયા આદિ આચરણ બરાબર શુદ્ધ ન હોય- વિકળ હોય - ૯૪.

શાસ્ત્ર-યોગ ગુન-ઠાણકો, પુરન વિધિ આચાર;
પદ અતીત અનુભવ કહ્યો, યોગ તૃતીય વિચાર. ૯૫

ગુણઠાણાને યોગ્ય અવિકલ અર્થાત્ પૂર્ણ વિધિઆચારવાળો યોગ હોય તે શાસ્ત્રયોગ કહેવાય છે અને શાસ્ત્રમાં બતાવેલા જે ઉપાયો તેનું અતિક્રમણ કરીને શક્તિના અધિકપણાથી ધર્મવ્યાપારયોગ આદરે તે ત્રીજો સામર્થ્ય નામનો યોગ છે. ૯૫

રહે યથા બલ યોગ મેં, ગ્રહે સકલ નય સાર;
ભાવજૈનતા સો લહે, વહે ન મિથ્યાચાર. ૯૬

યથાશક્તિ યોગબળમાં રહી જે સકલ નયનો સાર ગ્રહણ કરે છે. અર્થાત્ મધ્યસ્થપણું ધારણ કરે છે, તે મિથ્યાચારને ઈચ્છતો નથી અને તે જ ભાવજૈનપણું પામે છે. ૯૬

મારગ-અનુસારી ક્રિયા, છેદે સો મતિહીન;
કપટ-ક્રિયા-બલ જગ ઠગે, સો ભી ભવજલ મીન. ૯૭

મોક્ષમાર્ગને અનુસરનારી જે જે શુભક્રિયાઓ શાસ્ત્રમાં બતાવવામાં આવી છે, તે શુભક્રિયાઓનો જે છેદ કરે છે, તે જીવ મતિહીન જાણવો. તેમજ કપટક્રિયાના બળથી જે જગતને ઠગે છે, તે પણ સંસાર સમુદ્રમાં મત્સ્યની જેમ પરિભ્રમણ કરે છે. ૯૭

નિજ નિજ મતમેં લરિ પરે, નયવાદી બહુ રંગ;
ઉદાસીનતા પરિણમે, જ્ઞાનીકું સરવંગ. ૯૮

એક એક નયનો વાદ કરનારા પોત-પોતાના મતમાં પરસ્પર ખંડન-મંડન કરીને લડી પડે છે. તે નયવાદીઓનો એકબીજાનો ઝઘડો જોઈને જે જ્ઞાની છે તે તો સર્વ રીતિએ ઉદાસીન-મધ્યસ્થભાવમાં લીન રહે છે. ૯૮

દોઉ લરે તિહાં ઈક પરે; દેખનમેં દુ:ખ નાંહિ;
ઉદાસીનતા સુખ - સદન, પર પ્રવૃત્તિ દુ:ખ છાંહિ. ૯૯

બે વાદીઓ લડે તેમાં એક પડે-હારે ત્યાં મધ્યસ્થભાવે રહીને નિરીક્ષણ કરવામાં દુ:ખ નથી પણ તેમાં પ્રવેશ કરી નયવાદથી હઠ-કદાગ્રહ કરવાથી દુ:ખ થાય છે. જ્ઞાની આવું નયવાદીઓનું સ્વરૂપ જાણીને ઉદાસીનભાવે રહે છે. તે ઉદાસીનતા એ સુખનું ઘર છે. પરમાં પ્રવૃત્તિ કરવી તે દુ:ખની છાયા છે, જ્ઞાની પરમાં પ્રવૃત્તિ કરતો નથી. ૯૯

ઉદાસીનતા સુરલતા, સમતારસ ફલ ચાખ;
પર-પેખનમેં મત પરે, નિજગુણ નિજમેં રાખ. ૧૦૦

ઉદાસીનતા એ કલ્પવેલી છે. તેના સમતારસ રૂપ ફળને ચાખો. પોતાના સ્વભાવમાં પોતાના ગુણને પોતામાં રાખી, પર-પદાર્થને જોવામાં પડીશ નહિ. ૧૦૦

ઉદાસીનતા જ્ઞાન-ફલ, પર-પ્રવૃત્તિ હે મોહ;
શુભ જાનો સો આદરો, ઉદિત વિવેક-પ્રરોહ. ૧૦૧

ઉદાસીનતા એ જ્ઞાનનું ફળ છે, અને પરમાં પ્રવૃત્તિ કરવી એ મોહ છે. જેને વિવેકનો પ્રરોહ ઉત્પન્ન થયો છે, એવા હે ભવ્ય જીવો ! જે સારું લાગે તેનો આદર - કરો. ૧૦૧

દોધક શતકે ઉદ્ધર્યું, તંત્ર સમાધિ વિચાર;
ધરો એહ બુધ ! કંઠમેં ભાવરતનકો હાર. ૧૦૨

આ સમાધિના વિચારરૂપી તંત્ર સો દોધકછંદથી ઉદ્ધર્યો - બનાવ્યો હે પંડિતપુરુષો ! ભાવરત્નોનો આ હાર કંઠમાં ધારણ કરો. ૧૦૨

જ્ઞાન વિમાન ચારિત્ર પવિ, નંદન સહજ – સમાધિ;
મુનિ સુરપતિ સમતા શચી, રંગે રમે અગાધિ. ૧૦૩

જ્ઞાનરૂપ વિમાનમાં મુનિરૂપી ઇંદ્ર બેસે છે, હાથમાં ચારિત્રરૂપી વજ્ર ધારણ કરે છે. સહજ - સમાધિરૂપી નંદનવનમાં તે મુનિરૂપી ઇંદ્ર સમતારૂપી ઇંદ્રાણી સાથે અગાધ આનંદ કરે છે. ૧૦૩

કવિ જશવિજયે રચ્યો, દોધક શતક-પ્રમાણ;
એહ ભાવ જો મન ધરે, સો પાવે કલ્યાણ. ૧૦૪

કવિ યશોવિજયે (ઉપાધ્યાયજી મ.) દોધકછંદમાં સો શ્લોક પ્રમાણ આ ગ્રંથ રચ્યો છે. આ ગ્રંથનો ભાવ જે મનમાં ધારણ કરશે તે કલ્યાણને પામશે. ૧૦૪

*

ખાના પીના સોવના, મિલના વચન વિલાસ;
જ્યૌંજ્યૌં પાંચ ઘટાઈયેં, ત્યૌં ત્યૌં આત્મપ્રકાશ.

ખાવાનું, પીવાનું, સુવાનું, હળવા-મળવાનું અને બોલવાનું આ પાંચ વસ્તુ જેમ જેમ ઘટાડીએ તેમ તેમ આત્મપ્રકાશ પ્રાપ્ત થાય. - વાંચનમાંથી તારવેલું.

# વૈરાગ્યશતક (ગુજરાતી)

પ. પૂ. શાસનસમ્રાટ તીર્થોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ વિજય નેમિસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર કવિરત્ન પીયૂષપાણિ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજા એક વિદ્વદ્વર્ય શીઘ્રકવિ આચાર્યદેવ હતા. તેઓશ્રીનું આ ગુજરાતી વૈરાગ્યશતક હું ઘણી વાર (મિત્રાનંદસૂરિ) વાંચી ગયો છું. બાળજીવોને વૈરાગ્યપ્રેરક હોવાથી અહીં એને સ્થાન આપવામાં આવ્યું છે.

**મંગલ**

શ્રીઆદીશ્વર શાન્તિજિનેશ્વર, નેમિપ્રભુ ને પાસ જિણન્દ,
વીરવિભુ એ પાંચ પ્રભુને, છટ્ઠા શ્રી ગુરુ નેમિસૂરીન્દ;
એ સર્વેને પ્રણયે પ્રણમી, સમરી સરસ્વતી માત ઉદાર,
રચું "વૈરાગ્યશતક" આ સુખકર, પ્રાચીન ઉક્તિને અનુસાર. ૧

**ધર્મક્રિયા કરવાની મોસમ**

બહુકાલે બહુવિધ દુઃખ સહેતાં, ધર્મક્રિયા કરવાનો કાલ,
નરભવરૂપે પ્રાપ્ત થયો છે, પુણ્યસંચયથી ચેતન હાલ;
અલ્પકાલસ્થાયી સુખદાયી, સુર સમકિતી જેને ચ્હાય,
દશ દૃષ્ટાન્તે દુર્લભ એને, હારી જઈને જન પસ્તાય. ૨

**દૃષ્ટાંત પહેલું 'ચૂલા'**

ભરતક્ષેત્રમાં ઘર ઘર ભોજન, બ્રાહ્મણને આપે ચક્રીશ,
ચોસઠ સહસ અંતેઉરી જસ નરપતિ સેવે સહસ બત્રીશ;
દૈવયોગથી એક ઘરે તે, બીજી વખતે જમવા જાય,
પણ સુકૃત વિણ ગત નરભવ તે, પાછો ચેતન નહિ જ પમાય. ૩

### ૨. ધાન્ય

ભરતક્ષેત્રનાં સર્વ ધાન્યની દેવેં કીધી ઢગલી એક,
તેમાં પાલી સરસવ નાંખી, લાવ્યો ડોસી વૃદ્ધ જ છેક;
તે વૃદ્ધાથી કદાચ સરસવ, સર્વ ધાન્યથી ભિન્ન કરાય,
પણ સુકૃત વિણ ગત નરભવ તે, પાછો ચેતન નહિ જ પમાય. ૪

### ૩. 'પાસા'

દૈવી દ્યૂતકલાથી જીતી, શ્રીમંતોને વારંવાર,
જે ચાણક્યે ચંદ્રગુપ્ત નૃપનો, ભરપૂર ભર્યો ભંડાર;
માની લે કે તે મંત્રી, વણિકજનોથી પણ જીતાય,
પણ સુકૃત વિણ ગત નરભવ તે, પાછો ચેતન નહિ જ પમાય. ૫

### ૪. 'રાજસભા'

એકહજાર ને આઠ સ્તમ્ભની, શાલા સ્તમ્ભે સ્તમ્ભે હાંસ,
અષ્ટોત્તરશત હાર્યા વિણ તે, સર્વ જીતવા નૃપની પાસ;
એ ઘટનાથી જિતી જનકને, રાજપુત્ર પણ રાજા થાય,
પણ સુકૃત વિણ ગત નરભવ તે, પાછો ચેતન નહિ જ પમાય. ૬

### ૫. 'રત્ન'

દૂરદેશવાસી વણિકોને, શ્રેષ્ઠિસુતોએ આપ્યાં રતન,
પિતૃવચનથી પશ્ચાત્તાપે, તે જ રત્ન મેળવવા યત્ન;
કરતાં કોઈ દિન સર્વ રત્નથી, જનકહૃદય પણ સંતોષાય,
પણ સુકૃત વિણ ગત નરભવ તે, પાછો ચેતન નહિ જ પમાય. ૭

### ૬. 'સ્વપ્ન'

પૂર્ણશશીને સ્વપ્ને દેખી, રાજપુત્રને રંક વિશેષ,
વિવેકવિકલ લહે રંક ક્ષીરને, નૃપસુત પામ્યો રાજ્ય વિશેષ;
એ જ મઠે સૂતાં સ્વપ્નામાં, તેને પૂર્ણેન્દુ ય જણાય,
પણ સુકૃત વિણ ગત નરભવ તે, પાછો ચેતન નહિ જ પમાયં. ૮

### ૭. 'રાધાવેધ'

રાધાનાં મુખ નીચે ચક્રો, સવળાં અવળાં ફરતાં ચાર,
તેલકટાહીમાં પ્રતિબિંબ, નિરખતો ઊભો રાજકુમાર;
તે રાધાનું વામનેત્ર તે, ચપળ વીરથી પણ વીંધાય,
પણ સુકૃત વિણ ગત નરભવ તે પાછો ચેતન નહિ જ પમાય. ૯

### ૮. 'પૂર્ણચંદ્ર દર્શન'

કચ્છપ દેખી પૂર્ણચંદ્રને, દ્રહમાં દૂર થયે સેવાલ,
આનન્દે એ જોણું જોવા, લઈને આવ્યો નિજ પરિવાર;
મળી ગયે સેવાળ સુધાકર, કચ્છપથી ય કદી નિરખાય,
પણ સુકૃત વિણ ગત નરભવ, તે પાછો ચેતન નહિ જ પમાય. ૧૦

### ૯. યુગ અને સમીલા

પૂર્વ પયોધિમાંહે સમોલને, ધોંસરી પશ્ચિમ જલધિમાંય,
દુર્ધર કલ્લોલે ખેંચાતા કોઈક સમયે ભેગા થાય;
વળી સમોલ સ્વયં એ યુગનાં, વિવરવિષે પણ પેસી જાય,
પણ સુકૃત વિણ ગત નરભવ તે પાછો ચેતન નહિ જ પમાય. ૧૧.

### ૧૦. 'મણિસ્તંભ'

કોઈ કુતૂહલી દેવ મણિમય, સ્તમ્ભનું ચૂર્ણ કરીને જાય,
મેરૂશિરે એ ચૂર્ણ નળીમાં, નાંખી સર્વ દિશા વિખરાય;
એ અણુઓને વીણી વીણી, દેવે પાછો સ્તમ્ભ કરાય,
પણ સુકૃત વિણ ગત નરભવ તે પાછો ચેતન નહિ જ પમાય. ૧૨

### પુણ્ય વગર નરજન્મ ન મળે

ઊગે સૂરજ પશ્ચિમમાં ને, પૂર્વદિશામાં અસ્ત જ થાય,
સાગર મર્યાદા મૂકે ને, સિંહ ખડને પણ ખાય;
ચંદ્ર થકી અંગાર ઝરેને, વાસીદે સાંબેલું જાય,
પણ સુકૃત વિણ ગત નરભવ તે, પાંછો ચેતન નહિ જ પમાય. ૧૩

## 'ચેતન ને ચેતવણી'

શાને માન ધરે છે ચેતન, કેમ હસે છે થઈ મસ્તાન,
કનકકામિની ઝંખે શાને, વ્યસનવિષે થઈને ગુલતાન;
મૃત્યુરાક્ષસ જો આ આવે, નરકકૂપમાં નાંખણ કાજ,
ચેત ચેત ચેતન ! આ સમયે નહીંતર તારી જાશે લાજ. ૧૪
જ્યાંની દુર્ગન્ધાંશ થકી પણ, નગરલોકનું મૃત્યુ થાય,
સાગરોપમનાં આયુષ્ય મોટાં છેદ્યાં પણ તે નવ છેદાય;
કરવતથી પણ કઠિન સ્પર્શ, જાણે ભાલાનો માર મરાય,
એ દુઃખ નરકતણાં હે ચેતન ! ક્હેને તુજથી કેમ ખમાય. ૧૫

## - નારકીની ઠંડીનું વર્ણન -

કોઈ સમર્થ લુહારપુત્રથી, પક્ષ દિવસ તક ખૂબ તપાય,
લોઢાનો ગોળો તે લઈને, શીતનરકમાં જો મૂકાય;
નિમેષમાત્રમાં તે ગોળો તે, શૈત્ય થકી ક્ષય પામી જાય,
એ દુઃખથી નરક તણાં હે ચેતન ! કહેને તુજથી કેમ ખમાય. ૧૬

## ગરમીનું વર્ણન

ગ્રીષ્મતાપથી આકુલ વ્યાકુલ, હસ્તી પુષ્કરિણીમાં ન્હાય,
જે શાન્તિનો અનુભવ એને, શીતળ જળમાં ન્હાતાં થાય;
મનુષ્યલોકનાં ઉષ્ણક્ષેત્રમાં, પણ નારકીઓ યું હરખાય,
એ દુઃખ નરકતણાં હે ચેતન ! ક્હેને તુજથી કેમ ખમાય. ૧૭

## વિવિધ દુઃખોનું વર્ણન

સ્વીયમાંસનું ભોજન ને, ઉકળતાં તામ્રરસોનું પાન,
તીવ્રશસ્ત્રથી છેદન ભેદન ને, વૈતરણી માંહે સ્નાન;
દેહ તણાં જ્યાં ખંડ કરીને, તપ્ત તેલમાં ખૂબ તળાય,
એ દુઃખ નરક તણાં હે ચેતન ! ક્હેને તુજથી કેમ ખમાય. ૧૮
કરવતથી કાપે દેવોને વજ્ર પ્રહારે ચૂર્ણ કરાય,
શાલ્મલી વૃક્ષ ઉપર આરોપે ને, કુંભીપાકે પકવાય;

તપ્ત લોહની પુતળી કેરૂં, આલિંગન તે કેમ કરાય,
એ દુઃખ નરકતણાં હે ચેતન ! કહે ને તુજથી કેમ ખમાય. ૧૯
ઉછાળે આકાશે નીચે, નાખી છેદે નાક ને કાન,
શેકે ઊની રેતીમાં, જેને નહીં પરનાં દુઃખનું જ્ઞાન;
આંતરડા ખેંચીને રૌરવ દુઃખ, દીયે તે નૈવ કહાય,
એ દુઃખ નરકતણાં હેચેતન ! કહેને તુજથી કેમ ખમાય. ૨૦
સર્વક્ષેત્રનાં સર્વધાન્યથી, નરકજીવન નવ એક ધરાય,
સર્વસમુદ્રનું જલ પીવે પણ, તૃષા તેહની શાન્ત ન થાય;
ઈર્ષ્યાથી બળતાં એ જીવો, એકબીજાને ખાવા ધાય;
એ દુઃખ નરકતણાં હે ચેતન ! કહેને તુજથી કેમ ખમાય. ૨૧
કેવળજ્ઞાની જિનવરદેવે સર્વ લોકના ભાવ કહાય,
સર્વ સત્ય સદહતો, પણ તું, શાને સંસારે મૂંઝાય ?
દીવો હાથ છતાં પણ અમૃત, શાને ઊંડે કૂપ પડાય ?
એ દુઃખ નરકતણાં હે ચેતન ! કહેને તુજથી કેમ ખમાય. ૨૨

### સ્ત્રીમોહ ત્યાગાધિકાર

સર્વ ચેતનો ભવસાગરમાં, જેને લઈને ડૂબી જાય,
કર્મ નૃપતિએ એમ વિચારી, સુંદર શીલા એક ઘડાય;
સ્ત્રી કામિની સુંદરી, મહિલા એવા એનાં નામ પડાય,
સર્વ દુઃખનું સાધન એવી, સ્ત્રીને ચેતન શાને ચ્હાય. ૨૩

સ્નેહ મનોહર વચન વધૂનાં, હરિણગીતની જેવાં જાણ,
શશીસમ મુખ તે સુખકર નહિ પણ, પતંગ દીપની જેવું માન;
નેત્રબાણ એ બાણ જ, કોમલ હૈયું જેનાથી વીંધાય,
સર્વ દુઃખનું સાધન એવી, સ્ત્રીને ચેતન શાને ચ્હાય. ૨૪

હાવભાવ હસ્તાદિકનો તે, કામપિશાચ તણો આવેશ,
આભરણો છે ભારભૂત ને, ઈન્દ્રજાળ સમો છે વેશ;

ચાલ વગેરે જોતાં જીવો, કૈંક દુઃખને દરિયે જાય,
સર્વ દુઃખનું સાધન એવી, સ્ત્રીને ચેતન ! શાને ચ્હાય. ૨૫

દૂર રહેલી અલ્પમાત્ર, પણ દુર્ગન્ધિ દેખી દુહવાય,
મુખ મરડેને નાસિકાને, ઢાંકી ઝટપટ દૂરે જાય;
તે દુર્ગન્ધિથી જ ભરેલો, શું નવ નારીદેહ જણાય,
સર્વ દુઃખનું સાધન એવી, સ્ત્રીને ચેતન શાને ચ્હાય. ૨૬

અસ્થિ મજજા આંતરડા ને, રૂધિર માંસ તણો ભંડાર,
ચર્મસ્નાયુ,મલમૂત્ર તણી, કોઠીમાં શો લાગે છે સાર;
અશુચિ ને અસ્થિર પદાર્થોના, ફાંસામાં કોણ ફસાય,
સર્વ દુઃખનું સાધન એવી, સ્ત્રીને ચેતન ! શાને ચ્હાય. ૨૭

વિષવલ્લી પણ ભોંય ન ઊગે, સિંહણ પણ ગુફા નહીં ઠામ,
મોટો વ્યાધિ પણ વૈદ્યોનાં શાસ્ત્ર વિષે નહીં એનું નામ;
મેહ વિનાની એહ વીજળી કહો કોણથી જાણી જાય,
સર્વ દુઃખનું સાધન એવી સ્ત્રીને ચેતન ! શાને ચ્હાય. ૨૮

દરમાં નવ રહેતી પણ નાગણ, લોહમયી નહીં પણ તરવાર,
દેખા દે દિનરાત છતાં પણ, રાક્ષસીનો એતો અવતાર;
નહીં પ્રવાહી પણ એ મદિરા, જોવાથી જનો મૂંઝાય,
સર્વ દુઃખનું સાધન એવી, સ્ત્રીને ચેતન ! શાને ચ્હાય. ૨૯

ક્ષણમાં રાગી ક્ષણમાં દ્વેષી, ક્ષણ ક્ષણ જેનું મન પલટાય,
સ્વીયપતિને છંડી સત્વર, અન્ય કને ખંતે જાય;
કામણ ટુંબણ ને દુષ્કર્મો, કાર્યો જેનાં નિત્ય ગણાય,
સર્વ દુઃખનું સાધન એવી, સ્ત્રીને ચેતન ! શાને ચ્હાય. ૩૦

બીકણ થઈને મોટાં મોટાં, સાહસ કાર્યો કરવા જાય,
પતિપુત્ર કે ભાઈબ્હેન પણ, ક્ષણમાં જેનાથી હણાય;

દિવસે કાગ થકી બીવે ને, નિશિએ નદીએ તરવા જાય,
સર્વ દુઃખનું સાધન એવી, સ્ત્રીને ચેતન ! શાને ચ્હાય. ૩૧

મૃષાવાદનું મન્દિર કંઈ બોલે ને, કંઈ કરવાને ચ્હાય,
કપટ પૂતળીનાં મન કેરો, ભાવ ન કોઈ થકીય જણાય;
સુર્યકાન્તા સુકુમાલિકા, જેવાં દૃષ્ટાંતો બહુ સંભળાય,
સર્વ દુઃખનું સાધન એવી, સ્ત્રીને ચેતન ! શાને ચ્હાય. ૩૨

આ ભવમાં પણ સ્ત્રીને યોગે, ચેતન ! ચિંતા અધિકી થાય,
પુત્રાદિકનાં પાલણ - પોષણ, માટે ધંધા કૈંક કરાય;
શાંતિ ને સુખને વેચી, સંતાપ શોક વ્હોરી લેવાય,
સર્વ દુઃખનું સાધન એવી, સ્ત્રીને ચેતન ! શાને ચ્હાય. ૩૩

નેમિનાથજી રાજિમતી, વર્જીને ચાલ્યા શ્રી ગિરનાર,
શાલીભદ્રજી બત્રીશ નારી, છાંડી લેતા સંયમભાર;
મિથિલા નૃપથી એક જ સાથે, એક હજાર ને આઠ તજાય,
સર્વ દુઃખનું સાધન એવી, સ્ત્રીને ચેતન ! શાને ચ્હાય. ૩૪

સુવર્ણવેધકરસને યોગે, લોહ કનકતા પામે જેમ,
જ્ઞાની ભાષિત ભાવનાભાવિત ચેતન નિર્મળ થાયે એમ;
મંત્રપ્રયોગે ઝેરી નાગ તણું, પણ શું નવ ઝેર હણાય,
કઈ વિભાવ રમણતા એવી જે, જિનવચને નષ્ટ ન થાય. ૩૫

## - ભાવના ભવનાશિની -

### ૧. અનિત્યભાવના

આયુ વાયુ તરંગ સમું ને, સંપત્તિ ક્ષણમાં ક્ષીણ થાય,
ઈન્દ્રિયગોચર વિષયો ચંચલ, સંધ્યારંગ સમાન જણાય;
મિત્ર વનિતા સ્વજનસમાગમ, ઈન્દ્રજાલને સ્વપ્ન સમાન,
કઈ વસ્તુ છે સ્થિર આ જગમાં, જેને ઈચ્છે જીવ સુજાણ. ૩૬

### ૨. અશરણભાવના

જે ષટ્ખંડમહીંના જેતા ચૌદ, રત્નના સ્વામી જેહ,
ને જે સાગરોપમના આયુષ્યધારી, સ્વર્ગનિવાસી તેહ;
ક્રૂર કૃતાન્તમુખે ટળવળતાં, શરણ વિનાનાં દુઃખી થાય,
તનધન વનિતા સ્વજનસુતાદિક, કોઈ ન એને શરણું થાય. ૩૭

### ૩. સંસારભાવના

લોભ દાવાનળ લાગ્યો છે, જ્યાં લાભજળે જે શાંત ન થાય,
મૃગતૃષ્ણાસમ ભોગપિપાસાથી, જંતુગણ જ્યાં અકળાય;
એક ચિંતા જ્યાં નાશ ન પામે, ત્યાં તો બીજી ઊભી થાય,
એમ સંસારસ્વરૂપ વિચારી, કોણ ન વૈરાગ્યે રંગાય. ૩૮

### ૪. એકત્વભાવના

જ્ઞાન-દર્શન-ચારિત્રસ્વરૂપી, એક જ આત્મા છે નિઃસંગ,
બાહ્યભાવ છે સઘળાં એમાં, સ્વામીયતાનો નહીં છે રંગ;
જન્મ જરા મૃત્યુને કર્મફળોનો, ભોગવનારો એક,
એમ વિચાર કરતાં જાગ્યો, નમિરાજાને ચિત્તવિવેક. ૩૯

### ૫. અન્યત્વભાવના

જેમ નલિનીમાં જલ નિત્યે ભિન્ન રહે છે આપ સ્વભાવ,
તેમ શરીરે ચેતન રહે છે, અન્યપણું એ રીતે ભાવ;
ભેદજ્ઞાન નિશ્ચળ ઝળહળતું, સર્વભાવથી જ્યારે થાય,
તજી મમતા ગ્રહી સમતા ચેતન, તત્ક્ષણ મુક્તિપુરીમાં જાય. ૪૦

### ૬. અશુચિ ભાવના

છિદ્ર શતાન્વિત ઘટ મદિરાનો, મદ્યબિંદુઓ ઝરતો હોય,
ગંગાજળથી ધોવે તો પણ, શુદ્ધ કરી શકશે શું કોય ?
દેહ અશુચિ છે છિદ્રાન્વિત, મલમૂત્રાદિકનો ભંડાર,
ન્હાવો ધોવો ચંદન ચરચો, તો પણ શુદ્ધ નહીં જ થનાર. ૪૧

### ૭. આશ્રવભાવના

જ્યાં આ જીવ અનુભવી સુખદુ:ખો, કર્માંશને નિર્ઝરે,
ત્યાં તો આશ્રવશત્રુઓ ક્ષણેક્ષણે કર્મો ઘણાએ ભરે;
મિથ્યાત્વાદિક ચાર મુખ્ય રિપુઓ, રોકી શકાયે નહીં;
ને આ ચેતન કર્મભાર ભરિયો, જાયે ન મુક્તિ મહીં. ૪૨

### ૮. સંવરભાવના

સમ્યક્ત્વે મિથ્યાત્વદ્વારને, સંયમથી અવિરતિ રોકાય,
ચિત્તતણી સ્થિરતાની સાથે, આર્તરૌદ્રધ્યાનો નવ થાય;
ક્રોધ ક્ષમાથી માન માર્દવથી, માયા આર્જવથી ઝટ જાય,
સંતોષસેતુ બાંધ્યો લોભસમુદ્ર, કદિ નવ વિકૃત થાય. ૪૩
ગુપ્તિત્રયથી મન વચનને, કાયાના યોગો રૂંધાય,
એમ આશ્રવનાં દ્વારો સઘળાં, સંવરભેદે બંધ જ થાય;
સંવરભાવના ઈણવિધ ભાવી, જો આચાર વિષે ય મૂકાય,
તો શું સઘળાં સંસૃતિનાં, દુ:ખથી આ ચેતન મુક્ત ન થાય. ૪૪

### ૯. નિર્જરાભાવના

તપ્તવહ્નિના તાપ થકી જેમ, સ્વર્ણમેલ તે થાયે દૂર,
દ્વાદશવિધ તપથી આ આત્મા, કર્મવૃન્દ કરે ચકચૂર;
અણિમાદિક લબ્ધિઓ, એનું આનુષંગિક કાર્ય ગણાય,
દૃઢપ્રહારી ચાર મહાહત્યાકારી, પણ મોક્ષે જાય. ૪૫

### ૧૦. ધર્મભાવના

સૂર્ય ચંદ્ર ઊગે ને વરસે જલધર, જગ જળમય નવ થાય,
શ્વાપદ જનસંહાર કરે નહીં, વહ્નિથી નવ વિશ્વ બળાય;
શ્રી જિનભાષિત ધર્મપ્રભાવે ઈષ્ટ, વસ્તુ ક્ષણમાંય પમાય,
કરૂણાકર ભગવંત ધર્મને, કોણ મૂર્ખ મનથી નવ ચ્હાય. ૪૬

## ૧૧. લોકસ્વરૂપભાવના

કટિ પર સ્થાપિત હસ્ત પ્રસારિત, પાદ પુરુષના જેવો જેહ,
ષડ્દ્રવ્યાત્મક લોક અનાદિ, અનંત સ્થિતિ ધરનારો તેહ;
ઉત્પત્તિવ્યય ધ્રૌવ્ય યુક્ત તે, ઊર્ધ્વ અધો ને મધ્ય ગણાય,
લોકસ્વરૂપવિચાર કરતાં, ઉત્તમ જનને કેવલ થાય. ૪૭

## ૧૨. બોધિદુર્લભભાવના

પ્રથમ નિગોદ પછી સ્થાવરતા, ત્રસતા પંચેદ્રિયતા હોય,
મનુષ્યપણું પામીને ધર્મશ્રવણથી, સમક્તિ પામે કોય;
સુરમણિ સુરઘટ સુરતરુ મહિમા, એની પાસે અલ્પ ગણાય,
બોધિરત્નની દુર્લભતા તે, એક જીભથી કેમ કહાય.

## મૈત્રીભાવના

હિતચિંતનથી સર્વ સત્ત્વની સાથે ચેતન મૈત્રી જોડ,
વૈર વિરોધ ખમાવી દઈને, ઈર્ષ્યા અન્ધાપાને છોડ;
માતપિતાને બન્ધુરૂપે, સર્વ જીવ સંસારે હોય,
દ્વેષભાવના વિણ આ જગમાં, સબળો શત્રુ છે નહિ કોય. ૪૯

## પ્રમોદભાવના

જીવ્હા ડાહી થઈને ગુણીના, ગુણનું પ્રેમે કરજે ગાન,
અન્ય કીર્તિને સાંભળવાને, સજ્જ થજો હે બન્ને કાન;
પ્રૌઢ લક્ષ્મી બીજાની નિરખી, નેત્રો તુમ નવ ધરશો રોષ,
પ્રમોદભાવના ભાવિત થાશો, તો મુજને તુમથી સંતોષ. ૫૦

## કરૂણાભાવના

જન્મ જરા મૃત્યુનાં દુઃખો, અહર્નિશ સહેતું વિશ્વ જણાય,
તન ધન વનિતા વ્યાધિની, ચિંતામાં સારો જન્મ ગમાય;
શ્રીવીતરાગ વચન પ્રવહણનો, આશ્રય જો જનથી ય કરાય,
તે દુઃખસાગર પાર જઈને, મુક્તિપુરીમાં સૌખ્ય પમાય. ૫૧

### માધ્યસ્થભાવના

કર્મતણે અનુસારે જીવે, સારાં નરસાં કાર્ય કરાય,
રાગ દ્વેષ સ્તુતિ નિંદા કરવી, તેથી તે નવ યુક્ત ગણાય;
બળાત્કારથી ધર્મપ્રેમ, વીતરાગપ્રભુથી પણ શું થાય,
ઉદાસીનતા અમૃતરસનાં, પાન થકી ભવભ્રાન્તિ જાય. ૫૨

અસાર આ સસારમાં નથી, સૌખ્ય કે શાંતિ જરી,
આધિ ઉપાધિ વ્યાધિઓથી, આ બધી દુનિયા ભરી;
એમ જાણતો પણ જીવ તું, આલસ અરે રે ! કેમ કરે ?
કલ્યાણકારી ધર્મ જિનનો, કેમ તું નવ આદરે ? ૫૩

ધન પુત્ર પ્રભુતા લાડી ગાડી, ચિત્તમાં નિત્ય ચિંતવે,
આજે મળે કાલે મળે એમ, ઊર્મિઓ ઉરમાં ધરે;
પણ અંજલિના જલ પરે જીવ, આયખું તારું ઘટે,
તે કેમ તું જાણે નહીં, ડહાપણ ભરી બુદ્ધિ છતે. ૫૪

જે કાલ કરવું હોય શુભ તે, આજ કર ઉતાવળો,
"શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ" એ, સિદ્ધાંત જાણ ખરેખરો;
નવ સાંજની પણ વાટ જો, કલ્યાણકારી કાર્યમાં,
હે બંધુ, પામર જીવની જેમ, સુખદસમયો હાર મા.૫૫

જોડે રમ્યાં જેની અતિશય, પ્રીતથી જોડે જમ્યાં,
જોડે નિશાળ વિષે જતાં, પરલોકમાં તે પણ ગયાં;
સવારમાં જોયેલ તે પણ, સાંજ નવ દેખાય છે,
હે મિત્ર ! આ સંસારનો, કેવો વિચિત્ર સ્વભાવ છે. ૫૬

આ જાગવાનો સમય છે, ત્હેને વિષે તું ક્યું સુવે,
આ નાસવાના સમયમાં, શાને વળી બેસી રહે;
તુજ જીવનધનને લૂંટવા, ત્રણ તસ્કરો પૂંઠે પડ્યા,
એક રોગ બીજી જરા ત્રીજો, મૃત્યુ એ સૌને નડ્યાં. ૫૭

આ કાળરૂપી રેંટને, શશી સૂર્ય વૃષભો ફેરવે,
દિનરાત રૂપ ઘટમાળથી, તુજ જીવનધનને સંહરે;

પણ પરભવે પાથેય સરખાં, ધર્મને નવ આદરે,
હા હાથ ઘસતો જઈશ ચેતન, મધ તણી માખી પરે. ૫૮

જે શરીરનું સૌંદર્ય નીરખી, ચિત્તમાંહે તું હસે,
ત્હેને જ જ્યારે કાળરૂપી, નાગ ઝેરીલો ડસે;
તે સમે કોઈ કળા નથી કે, કોઈ પણ ઔષધ નથી,
નથી મંત્ર તંત્ર વિજ્ઞાન એવું, થાય રક્ષણ જેહથી. ૫૯

શેષ નાગ એ છે નાળવું ને, પૃથ્વી એ તો પુષ્પ છે,
છે પર્વતો તે કેસરા, સર્વે દિશાઓ પત્ર છે;
માણસરૂપી મકરંદ છે, એને અનાદિકાળથી,
આ કાળભમરો ચૂસતો, સંતોષને ધરતો નથી. ૬૦

દિનરાત છિદ્ર ગવેષતો, છાયા તણે બ્હાને ફરે,
આ કાળરૂપ પિશાચ પાપી, છળ કરીને સંહરે;
એના ઝપાટામાં પડેલો, ઝૂરી ઝૂરીને મરે,
હા હા કરી નહીં ધર્મસિદ્ધિ, એમ પસ્તાવો કરે. ૬૧

ચણી બોર મૂળા મોગરીની, જાતિમાં પણ તું ગયો,
વિષ્ટાતણો કીડો થયો, થઈ શેઠ નોકર પણ થયો;
એમ વિવિધ કર્મવશે કરી, સંસારનાટક સંચર્યો,
હા ! મિત્ર તું પરવશથકી, દુઃખી થયો દુઃખી થયો. ૬૨

માતા પિતાને પુત્ર પુત્રી, બંધુઓ ભાર્યા તથા,
મિત્રો સગાંવ્હાલાં સબંધી, શરીરનાં છે સર્વથા;
સ્મશાનમાં એ દેહને, બાળી રૂવે છે સ્વાર્થને,
આ સ્વાર્થના સંસારમાં શો, સ્નેહ લાગ્યો છે તને. ૬૩

હે મુગ્ધજીવ ! વિચાર આ, સંસારમાં તારું કોણ છે !
સર્વે સગાં તુજને તજી, અથવા તજીને તું જશે;
વીતરાગભાષિત ધર્મ કેવલ, તે સમે સાથે થશે,
દુર્ગતિ કેરા કૂપથી, તત્કાલ તે જ બચાવશે. ૬૪

અડકર્મરૂપી બંધને, બંધાઈ કારાગારમાં,
સંસારમાંહે તું સડે છે, મોહના સામ્રાજ્યમાં;
એ બંધનોને આત્મબળથી, વીર થઈને તોડશે,
તો મુક્તિનાં સામ્રાજ્યને તું, આત્મ સાથે જોડશે. ૬૫

જે લક્ષ્મીમાં લલચાઈને તું, ધર્મકરણી નવ કરે,
ને જે સગાંવ્હાલાં કૃતે તું, શ્વાનવૃત્તિ આદરે;
જે વિષયસુખની લાલચે, લલના સદા ચિત્તે ધરે,
તે સર્વ ક્ષણનાશી ખરેખર, પત્ર જલબિન્દુ પરે. ૬૬

હે વૃદ્ધ ! તુજ યૌવનદશા ને, શક્તિ સઘળી ક્યાં ગઈ,
તુજ અંગની શોભાતણી, હા હા દશા આ શી થઈ ?
લાળા ઝરે તુજ મુખ થકી ને, મશ્કરી લોકો કરે,
તે જોઈને પણ વૃદ્ધ તું, વૈરાગ્યને કેમ નાદરે ? ૬૭

ઘનકર્મરૂપી બન્ધનો, બાંધી અરે દસ્યુ પરે,
ચેતન ! તને આ મોહરાજા, ભવનગરમાં ફેરવે;
વિડમ્બના પામે ઘણીને, વિવિધ દુઃખોને સહે,
નિઃશરણ આ સંસારમાં, શો સાર છે તે તું કહે ? ૬૮

સર્વજ્ઞ કરૂણાગાર પ્રભુએ, લાખ ચોરાશી કહ્યાં,
આ જીવને ઉત્પન્ન થવાનાં, સ્થાન બહુ દુઃખે ભર્યાં;
એ સર્વ સ્થાનોમાં અનંતીવાર, ચેતન આથડ્યો,
કર ધર્મ માનવજન્મહીરો, આજ તુજ હાથે ચડ્યો. ૬૯

બહુ જાતિઓમાં ભ્રમણ કરતાં, સર્વ સંબંધો કર્યા,
માતપિતા બન્ધુપણે તુજ, સર્વ સત્ત્વો સાંપડ્યાં;
પણ કોઈથી અદ્યાપિ તુજ, રક્ષણ કદીએ નવ થયું,
હે જીવ ! તારું જીવન સવિ, એળે ગયું એળે ગયું. ૭૦

જેમ અલ્પજલમાં માછલી, નિઃશરણ થઈને તરફડે,
તેમ જીવન અંતે જીવ આ, પીડાય છે વ્યાધિવડે;

'મા મા' કરે કોઈ કરૂણસ્વરથી, અશ્રુની ધારા વહે,
દેખે સગાંવહાલાં તથાપિ, કોઈ દુઃખ ન સંહરે. ૭૧

આ પુત્ર મુજ સુખહેતુ છે, આ સ્રી સદા સુખદાયિની,
મત જાણજે એમ મન વિષે, એ; બુદ્ધિ છે દુઃખદાયિની;
એમ માનતાં કૈ નારકી, કૈંક તિર્યંચો થયાં,
નરજન્મહીરો હાથથી, હારી ગયાં હારી ગયાં. ૭૨

માતા મરી સ્રી થાય છે ને, સ્રી માતા બને,
થાયે પિતા તે પુત્ર ને જે, પુત્ર તે જ પિતા પણે;
એક જન્મમાં પણ જીવ આ બહુ રંગથી રંગાય છે,
કુબેરસેન પરે અરે, પીડાય છે પીડાય છે. ૭૩
ચોરાશી લાખ યોનિ વિષે નથી, કોઈ યોનિ વિશ્વમાં,
નથી જાતિ કે કોઈ કુળ એવું જીવ ન ગયો જેહમાં;
વળી સ્થાન પણ એવું નથી, આકાશ કે પાતાળમાં,
જ્યાં જન્મમરણો નવ કર્યાં, બહુવાર શ્વાસોચ્છ્વાસમાં. ૭૪

જે વિવિધ વિષયો ભોગવ્યા, બહુવાર ને જે જે વમ્યા,
પરભાવમાં પકડાઈને તે, તે અરે પાછા ગ્રહ્યા;
પણ વિષયસુખની લાલસા, તારી હજીયે નવ મટી,
શું સીંચતા ઘૃતથી, કદીએ અગ્નિની જ્વાલા ઘટી ? ૭૫

છે સ્ત્રી ખરેખર શસ્ત્ર ને આ બન્ધુઓ બન્ધન ખરે;
ને વિષય સુખ છે વિષ સમા, દોલત વળી દોલત અરે
એમ જાણીને હે મિત્ર ! મારા, વિરમ આ સંસારથી
આ લાકડાના લાડવામાં રસ તણો છાંટો નથી. ૭૬
જે કુટુંબને માટે કરે છે, વિવિધ કર્મો હોંશથી,
પણ કર્મને ઉદયે કુટુંબી કોઈ તુજ સાથી નથી;

આવ્યો અરે તું એકલો જઈશ પણ તું એકલો,
ને પરભવે દુઃખી સુખી વા થઈશ પણ તું એકલો. ૭૭
તુજ શત્રુ કે તુજ મિત્ર એવી કોઈ પણ વ્યક્તિ નથી
તારા વિના આ વિશ્વમાં એ કોઈ પણ શક્તિ નથી.
સંસારમાં સંસક્ત એવો તું જ ત્હારો શત્રુ છે
સ્વભાવમાં રમતો ખરેખર તું જ તારો મિત્ર છે. ૭૮
મિથ્યાત્વવિષધર વિષ ચડે છે જે સમે આ આત્મને
શ્રદ્ધાંગ થાય શિથિલને પ્રમાદી તે સમે;
નિન્દે વિશેષે ધર્મિજનને નાસ્તિકોને સંગ્રહે,
ખુલ્લાં કરે મર્મો ગુરુના પાપ પ્રવૃત્તિને વહે.૭૯
જેમ પ્રબલ પવને શાંતજલધિ, પણ અતિશય ખળભળે,
તોફાનમાં આવી તરંગી, પ્રાણને ધન સંહરે;
તેમ ચિત્તજલધિ વિષયવૃત્તિ, વાયુથી ડોળાય છે,
સદબુદ્ધિ નૌકા બહુ ગુણોની, સાથ તળીયે જાય છે. ૮૦

સંધ્યાસમયનાં વાદળાં, સરખી સમૃદ્ધિ જાણવી,
જીવનદશા પણ પાણીના, બુદ્‌બુદસમ નિર્ધારવી;
નદી વેગની જેવી જુવાની, કેટલાં વરસો રહે ?
વિચારીને હે જીવ ? તારું, શ્રેય શેમાં તે કહે ? ૮૧

ગુલાબ કેરું પુષ્પ આ, શુભગંધથી મ્હેકી રહ્યું,
જનચિત્તને ખેંચી રહ્યું, રૂપરંગને રસથી ભર્યું;
સ્પર્શે સુંવાળું પણ અરે, ક્ષણવારમાં પલટાય છે,
જો જીવ ! નેત્રો ખોલીને જે, પગતળે ચગદાય છે. ૮૨

મુક્તિનગરમાં જો જવા, ઈચ્છા હૃદયમાં છે તને,
વિશ્રાંતિ લેતો નવ ઘડીએ, વિષયવિષવૃક્ષો તળે;

છાયા ય તેહની સત્ત્વનાશક, ભ્રાંતિકારક થાય છે,
પછી મુક્તિપંથમાં જીવથી, પગલું ય નવ મુકાય છે. ૮૩

નિર્જનવને નિર્ભય થઈને, વિલસતો સ્વેચ્છા થકી,
ખાવા તરૂનાં કિસલયોને, પાન ઝરણાં જલ થકી;
તે હસ્તી વનનો પણ પ્રહારો, અંકુશોના જે સહે,
સ્પર્શનવશે થઈ રાંકડો, બહુભારને માથે વહે. ૮૪

અતિચપલ ઊંડા જલરૂપી, નિર્ભય ગૃહે વસતો હતો,
સ્વજાતિસંગે રંગથી, રમતો છતો સુખ પામતો;
તે મચ્છ પણ હા ! હૃદયભેદક, રીતથી ય હણાય છે,
જીહ્‌વા વિના એ કષ્ટમાં કહે, કોણ કારક થાય છે. ૮૫

ઝંકારના શબ્દે કરી, દિગ્દેશ જેહ ગજાવતો,
પુષ્પોતણો રસ ચૂસતો, ચાલાક શીઘ્રગતિ છતો;
તે મધુપ બંધન પુષ્પનું, ગજકર્ણની લાતો સહે,
જો નાસિકાને વશ પડીને, ઝૂરી ઝૂરીને મરે. ૮૬

પતંગ પંચરંગી રૂપાળું, ગગનપંથમાં ગાજતું,
આઘાતથી કે સ્પર્શથી, ક્ષણવારમાં ઊડી જતું;
થઈ નયનને વશ તે, બિચારું જ્યોતમાં ઝંપલાય છે,
એમ જાણીને પણ શીદ ચેતન, નયનને વશ થાય છે. ૮૭

રહેવું ગાઢ નિકુંજમાં, વિહરવું નિર્ભીક થઈને વને,
સહેવું ના કદીએ કટુવયણને, ના દેખવું દુષ્ટને;
જેહને તેહ મૃગો ય શ્રોત્રવશ, થઈ ખોવે અરે પ્રાણને,
ને સર્પો ય થઈ સુશબ્દરસિકો, કેવા પડે બંધને. ૮૮

ભયપામીને મૃત્યુ થકી તું, શીદ ગૃહ સંતાય છે,

મૌક્તિપ્રમુખની ભસ્મ શાને, શક્તિ માટે ખાય છે;
ભયભીતને એ મૃત્યુરાક્ષસ, નવ તજે પણ જન્મને,
ને નવ ભજે ત્હેને ત્યજી કર, જન્મનાશક યત્નને. ૮૯

મૃત્યુતણી સાથે નથી, મૈત્રી કરી તેં માનવી,
તેહના ભયથી રક્ષનારી, છે સુરંગો ક્યાં નવી;
નિશ્ચય નથી કીધો મરણના, સમયનો જ્ઞાની કને,
શાથી કહે છે આ સ્થિતિમાં, કાલ કરીશું ધર્મને. ૯૦

જે દિવસ ને જે રાત્રીઓ, તુજ જીવનમાંથી જાય છે,
ક્રોડો ઉપાયે કોઈથી, કદીએ ન એહ પમાય છે;
અપૂર્વ અવસર આ બધો, એળે ગુમાવે શીદને;
નિદ્રા ત્યજીને સ્વસ્થ કર મિત્ર હે, ત્હારા, ચિત્તને. ૯૧

તૃણાગ્રજલબિંદુ સમું છે, જીવન ને આ વૈભવો,
સમુદ્ર જલકલ્લોલ જ્યું, દેખાવ દે છે નવનવો;
પત્ની પ્રમુખ પ્રેમ તે પણ, સ્વપ્નના સમ જાણવો,
સમસ્ત આ સંસાર જાણો, લાકડાનો લાડવો. ૯૨

મોટું મંદિર ને વિનીત તનયો, લક્ષ્મી ન ખૂટે કદી,
ને કલ્યાણ કરી વધૂ વિરહને, મિત્રો શકે ના સહી;
માની વિશ્વ સુરમ્ય એમ, પડતાં સંસારમાં કૈં જનો,
જાણીને ક્ષણનષ્ટ સંગ તજતા, કૈં સંત એ સર્વનો. ૯૩

**કલ્યાણકારી વિચારણાઓ**

સાક્ષાત્ શ્રી જિનદેવને નિરખશું ક્યારે અહો નેત્રથી !
ને વાણી મનોહારી ચિત્ત ધરશું ક્યારે કહો પ્રેમથી !
શ્રદ્ધા નિશ્ચલ ધારશું જિનમતે શ્રેણીકવત્ કે સમે,
ને દેવેન્દ્ર વખાણપાત્ર થઈશું ક્યારે સુપુણ્યે અમે ! ૯૪

ક્યારે દેવ ચલાયમાન કરવા મિથ્યામતિ આવશે,
ને સમ્યક્ત્વ સુરત્નની અમ વિષે સાચી પરીક્ષા થશે,

ક્યારે પૌષધને ગ્રહી પ્રણયથી સદ્ભાવના ભાવશું,
ને રોમાંચિત થઈ તપસ્વીમુનિને ક્યારે પડીલાભશું. ૯૫
સદ્વૈરાગ્યરસે રસિક થઈને દીક્ષેચ્છુ ક્યારે થશું,
ને દીક્ષા ગ્રહવા મુનીશ્વર કને ક્યારે સુભાગ્યે જશું,
સેવા શ્રીગુરુદેવની કરી કદા સિદ્ધાન્તને શીખશું,
ને વ્યાખ્યાનવડે સમસ્ત જનને ક્યારે પ્રતિબોધશું ? ૯૬

ગામે કે વિજને સુરેન્દ્રભવને ને ઝુંપડે ક્યે સમે,
સ્ત્રીમાં ને શબમાં સમાનમતિને ક્યારે ધરીશું અમે;
સર્પે કે મણિમાળમાં કુસુમી શય્યા તથા ધૂળમાં,
ક્યારે તુલ્ય થશું પ્રફુલ્લિત મને શત્રુ અને મિત્રમાં. ૯૭
યોગાભ્યાસરસાયણે હૃદયને રંગી અસંગી બની,
ક્યારે અસ્થિરતા તજી શરીરને વાણી તથા ચિત્તની;
આત્માનન્દ અપૂર્વ અમૃતરસે ન્હાઈ થશું નિર્મળાં,
ને સંસાર સમુદ્રના સમુદ્રના વમળથી ક્યારે થશું વેગળાં. ૯૮

ક્યારે સિદ્ધગિરિ પવિત્ર શિખરે જઈ શાન્તવૃત્તિ સજી;
સિદ્ધોના ગુણનો વિચાર કરશું મિથ્યા વિકલ્પો તજી;
વાસી ચન્દનકલ્પ થઈ પરિસહો સર્વે સહીશું મુદા,
આવી શાન્ત થશે અહો અમુ કને શત્રુસમૂહો કદા. ૯૯
શ્રેણિ ક્ષીણકષાયની ગ્રહી અને ઘાતી હણીશું કદા,
પામી કેવલજ્ઞાન સર્વજનને, દેશું કદા દેશના;
ધારી યોગનિરોધ કોણ સમયે જાશું અહો મોક્ષમાં
એવી નિર્મળભાવના પ્રણયથી ભાવો સદા ચિત્તમાં. ૧૦૦

શ્રીમન્નેમિસૂરીશની, કૃપાદૃષ્ટિથી આજ,
આ વૈરાગ્યશતક રચ્યું, સ્વપરશ્રેયે કાજે. ॥૧॥

■■■

## સ્વાધ્યાય... સ્વાધ્યાય... સ્વાધ્યાય

सज्झायं कुणमाणो खणे खणे जाइ वेरग्गं ।

પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં મગ્ન આત્મા ક્ષણે ક્ષણે વૈરાગ્ય પામતો જાય છે. રાગનું ઝેર ઊતરતું જાય છે. અનંત ઉપકારી શ્રીતીર્થંકરભગવંતોનાં તેમજ પરમઉપકારી શ્રીગણધર ભગવંતોનાં મુખમાંથી નીકળેલાં મંત્રતુલ્ય વચનોમાં રાગદ્વેષનાં ઝેર ઉતારવાનું અજબગજબનું સામર્થ્ય છે. અજ્ઞાનનાં ગાઢ અંધકારમાં અથડાતા આત્માને જ્ઞાનના દિવ્ય પ્રકાશમાં લાવી દેવાની શક્તિ એ વચનોમાં છે. પછી તો આત્મા તપ, ત્યાગ, જપ, ધ્યાન, યોગ, અધ્યાત્મનાં સોપાન ચઢતો ચઢતો સિદ્ધિના શિખરે પહોંચી જાય છે. એ સ્વાધ્યાય પ્રત્યેક સાધકનું કર્તવ્ય છે, અનિવાર્ય કર્તવ્ય છે. એમાં ભવ્ય જીવોએ- મુમુક્ષુ આત્માઓએ લેશમાત્ર પ્રમાદ ન કરાય.

- આ. વિ. મિત્રાનંદસૂરિ

PRINTED BY : DHARNIDHAR PRINTERS, A'BAD. PH. : 6631074